


# જયભિખ્ખુ

## स्मृति-ग्रंथ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ પ્રકાશન

# જયભિખ્ખુ સ્મૃતિ ગ્રંથ

: સંપાદક મંડળ :

ડૉ. ધીરુભાઈ ઠાકર
ડૉ. ચીમનલાલ ત્રિવેદી
પં. રતિલાલ દી. દેસાઈ
પ્રો. નટુભાઈ રાજપરા
પ્રો. શાંતિલાલ જૈન
પ્રો. કુમારપાળ દેસાઈ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
ચંદ્રનગર, અમદાવાદ–૭

પ્રથમ આવૃત્તિ
ડિસેમ્બર ૧૯૭૦.

પ્રકાશક :
કુમારપાળ દેસાઈ
માનાર્હ મંત્રી,
જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ,
ચંદ્રનગર સોસાયટી,
આનંદનગર, અમદાવાદ–૭

મુદ્રક
દિનકરરાય અંબાશંકર ઓઝા
શ્રી અંબિકા પ્રિન્ટરી
કાપડીવાડ, રાયપુર, અમદાવાદ.

ટાયટલ તથા આર્ટ પ્લેટ :
દીપક પ્રિન્ટરી,
રાયપુર દરવાજા પાસે,
અમદાવાદ.

આવરણ ચિત્ર :
'ચંદ્ર' ત્રિવેદી

# સંપાદકીય

આ ગ્રંથ છાપવાનો આરંભ કર્યો ત્યારે તેના સંપાદકોને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે જે લેખકની ષષ્ટિપૂર્તિની સ્મરણિકારૂપે પુસ્તક પ્રગટ કરવાની યોજના હતી તેમનો નિર્દેશ પુસ્તક પ્રગટ કરતી વખતે 'સદ્‌ગત' કે 'સ્વર્ગસ્થ' જેવા વિશેષણથી કરવો પડશે. કાળની વિચિત્રતા એવી છે કે જે ગ્રંથ જયભિખ્ખુ-ની ષષ્ટિપૂર્તિના સમારંભમાં પ્રગટ કરવાનો હતો તે 'સ્મૃતિગ્રંથ' રૂપે તેમની પ્રથમ પુણ્યતિથિએ પ્રગટ થાય છે। શ્રી જયભિખ્ખુની હયાતીમાં પુસ્તક છપાવાનું શરૂ કર્યું, તે દરમ્યાન તેમનું અવસાન થતાં તે કામ વિલંબમાં પડ્યું; તે પછી તેમને અંજલિરૂપે અપાયેલ લખાણો તેમાં ઉમેરાઈને આ ગ્રંથમાં પ્રસિદ્ધ થાય છે.

સ્વ. જયભિખ્ખુની પ્રતિભા બહુમુખી હતી. તેમણે બાળકો અને કિશોરો માટે સુંદર ને પ્રેરક સાહિત્ય આપ્યું છે; જુવાનવર્ગને જિંદાદિલી ને દેશભક્તિ સાથે જીવનનો આનંદ ભોગવતાં શીખવે તેવી વાર્તાઓ ને નવલકથાઓ આપી છે. અને પ્રૌઢોને ધર્મબોધ સાથે જીવનરસ ટકાવી રાખવાનું બળ આપે તેવી નવલકથાઓ આપી છે વળી 'પારકા ઘરની લક્ષ્મી', 'દાસી જનમ જનમની' અને 'કન્યાદાન' જેવી નારીવર્ગને પ્રેરણા આપે તેવી કૃતિઓ પણ આપી છે. આમ આબાલવૃદ્ધ મોટો સમુદાય તેમના સાહિત્યનો ચાહક હતો. તેમની 'ઈંટ અને ઇમારત' તથા 'જાણ્યું છતાં અજાણ્યું' જેવી પત્રકારી કટારોનું પણ અજબ આકર્ષણ હતું. રાજ્ય તરફથી તેમને મળેલાં પારિતોષિકો તેમનાં લખાણોની સાહિત્યિક ગુણવત્તાની ગવાહી પૂરે છે. આમ એક સન્નિષ્ઠ અને લોકપ્રિય લેખક તરીકે રાજ્ય, પ્રજા અને સાહિત્યભોગી વર્ગમાં તેમનું સ્પૃહણીય સ્થાન હતું. તેમના અવસાને આ બહોળા સમુદાયની સંવેદનાને ઉત્તેજી હતી તે આ ગ્રંથમાં મૂકેલી નિવાપાંજલિઓ પરથી જોઈ શકાશે.

ષષ્ટિપૂર્તિ વિભાગમાં મૂકેલા લેખો સ્વ. જયભિખ્ખુના વ્યક્તિત્વ અને સાહિત્યનાં વિવિધ પાસાંને સ્પર્શે છે. નિવાપાંજલિ વિભાગમાં તેમના સૌજન્યની સૌરભ પ્રગટાવતાં સ્મરણો છે. જયભિખ્ખુના સંપર્કમાં આવનાર સૌકોઈને તેમની સુજનતા સ્પર્શ્યા વગર રહેતી નહીં. સર્જકતાના જેટલું જ બલ્કે ક્વચિત્ તો તેનાથીયે વિશેષ તેમની માનવતાનું આકર્ષણ રહ્યું હતું એ પ્રકારનું સંવેદન આ ગ્રંથમાં અનેક સ્થળે પ્રગટ થયેલું પ્રતીત થશે.

તેમની હયાતીમાં કલકત્તા અને મુંબઈ ખાતે ષષ્ટિપૂર્તિ સમારંભો તેમના વિશાળ ચાહકવર્ગ તરફથી યોજાયા હતા. તે પ્રસંગે એમણે ટૂંકમાં એટલું જ કહેલું કે જીવનમાં તેમ સાહિત્યમાં રસ અને કસ બંને જરૂરી છે. વાચકના ધ્યાનને પહેલેથી છેલ્લે સુધી જકડી ન રાખે અને સાથે સાથે તેને કશોક ઉન્નત અનુભવ ન કરાવે તો તે સાહિત્ય નહીં એમ તેઓ માનતા. તેમણે જીવનમાં તેમ સાહિત્યમાં રસિકતા અને ઊર્ધ્વગામિતાનો મેળ સાધવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો હતો. જાહેર સમારંભોથી એ દૂર રહેતા. ચાર સાડા ચાર દાયકા સુધી તેમણે સરસ્વતીની સેવા કરીને જ જીવનસાર્થક્ય સાધ્યું હતું. અનુગામીઓને ઉત્સાહ પ્રેરે તેવો તેમનો સાહિત્યિક પુરુષાર્થ હતો.

તેમના એ સાહિત્યિક પુરુષાર્થની ઝાંખી આ ગ્રંથમાં રજૂ થયેલાં લખાણો કરાવશે. ઉપરાંત માનવતાની મધુર ફોરમ ફોરાવતા તેમના વ્યક્તિત્વનો પણ પરિચય થશે. દેહનો નાશ થયા પછી વ્યક્તિના ગુણ તેનું લક્ષણશરીર બાંધીને તેના પરિચિતોના ચિત્તમાં રહે છે. તેના સાહિત્યમાં તેનું જે કાંઈ ઊર્જિત ને વિભૂતિમત્ હોય છે તે સંઘરાઈ રહે છે. આ દૃષ્ટિએ જયભિખ્ખુ ચિરંજીવ છે.

આ ગ્રંથ પ્રકાશનને અંગે લેખકોએ, કળાકારોએ, મુદ્રકોએ અને અન્ય મિત્રોએ જે કીમતી સહકાર આપ્યો છે તે બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ડિસેંબર, ૧૯૭૦ —સંપાદકો.

# વિદાય સંદેશ

જીવન તો આખરે પૂરું થવાનું છે.

બાસઠ વર્ષનો માણસ–અનેક રોગોથી ભરેલો ને મનસ્વી પુરુષ માગી માગીને કેટલાં વર્ષ માગે ?

જીવ આ જાય ત્યારે કોઈએ શોક કરવો નહિ. કાં તો ગંભીરતા ધારણ કરવી, કાં એકાદ ભજન યા ધૂન ચલાવવી.

નનામીની પ્રથા નછૂટકે અજમાવવી મળી શકે તો બસ. બસ મંગાવી એમાં દેહને લઈ જવો ને અગ્નિસંસ્કાર કરવો.

સ્મશાનમાં કાં ભજન કાં નિવાપાંજલિની સભા ભરવી.

એક જ દિવસે સહુને બોલાવી લેવા. એક જ ટંક રોકવા.

લૌકિકે ખાસ સગાં સિવાય ઝમેલો એકત્ર ન કરવો. વ્યવહારની ક્રિયાઓ ઓછી કરવી. વહાલપની ક્રિયા વધુ થવા દેવી.

બહારગામથી ચૂંટીને પચીસ સગાંને બોલાવવા. સહુને એક ટંક દાળ, ભાત, રોટલી ને શાક ખવડાવવા. ખાકટી કે બીજા રિવાજો છોડવા.

પત્નીએ બંગડીઓ રાખવી. ચાલુ વસ્રો પહેરવાં. ખૂણો ન રાખવો. રોજ બની શકે તો શંખેશ્વર ભગવાનનો ફોટો મૂકી ધ્યાન ધરવું કે સ્તવન ગાવું.

વૈધવ્યના કોઈ ચિહ્ન ન પહેરવાં–પહેરાવવા જે પ્રયત્ન કરે તેને ચાર હત્યા લાગે.

મરણ બાદ કોઈ એ અંગેનો વ્યવહાર ન કરવો. બને તો પ્રભુ ભજન અવારનવાર રાખવાં. નિરાધાર, અશકત, ગરીબને ભોજન આપવું. પારેવાંને દાણા નાખવાં. ગાયને ચાર નાખવી.

બને ત્યારે તીર્થયાત્રા કરવી.

રોવું, કૂટવું, હાય હાય કરવું, સદંતર બંધ કરે. કરાવે તે પાપના ભાગી.

સૌ. જયાએ હિંમતથી વર્તવું. જિંદગી જાત્રા જેવી, રાજા-મહારાજા જેવી, શ્રીમંત શાહુકાર જેવી ગઈ છે. પાછળ તે રીતે હસતે મોઢે રહેવું.

સંસારમાં ઓછાંને મળે તેવો પુત્ર મને મળ્યો છે. તેવી વહુ મળી છે. તેવો દીકરો મળ્યો છે.

સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું.

(શ્રી. જયભિખ્ખુએ ૨૫–૧૧–'૬૯ના રોજ લખેલી રોજનીશીમાંથી)



# અનુક્રમ


| | | |
|---|---|---|
| ચિત્રાવલી | : — | ૧ |
| શ્રી જયભિખ્ખુ ( જીવન–વિલોકન ) | : રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૭ |
| મોરના પિચ્છધરનો વંશજ | : ધીરુભાઈ ઠાકર | ૨૪ |
| જીવનમાંગલ્યના પુરસ્કર્તા | : ચાંપશી વિ. ઉદ્દેશી | ૨૮ |
| સફળ કલમબાજ | : અનંતરાય રાવળ | ૩૦ |
| હૃદય વખાણું તાહરું ! | : દુલાભાઈ કાગ | ૩૨ |
| ગુજરાતનું એક અણમોલ રત્ન | : મહંતશ્રી શાંતિપ્રસાદજી મ. | ૩૩ |
| જીવનસાધક સર્જક | : પીતાંબર પટેલ | ૩૮ |
| જાદુગરના પણ જાદુગર | : ઈશ્વર પેટલીકર | ૪૦ |
| પ્રેમનો ઊભરો | : પન્નાલાલ પટેલ | ૪૩ |
| સાહિત્યકાર જયભિખ્ખુ | : ઈંદ્રવદન કા. દવે | ૪૪ |
| જિંદાદિલ સાહિત્યકાર | : સોમાલાલ શાહ | ૪૬ |
| સરસ્વતીપુત્ર | : મહાસતીજી ધનકુંવરબાઈ | ૪૮ |
| સમન્વયી સાહિત્યકાર | : દક્ષિણકુમાર ગૌરીશંકર જોષી | ૪૯ |
| સંનિષ્ઠ સાહિત્યકાર | : મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી' | ૫૧ |
| 'શારદા'નો સાથી | : રમણીકલાલ જ. દલાલ | ૫૩ |
| કલમનો કળાધર | : અંબાલાલ નૃ. શાહ | ૫૬ |
| ચંદ્રનગર અને બાલાભાઈ | : લાભુભાઈ કે. જોષી | ૬૦ |
| વિશાળ કુટુંબના વડીલ | : જયંત કોઠારી | ૬૫ |
| 'લાખેણી વાતો'ના માનવધર્મી સર્જક | : નટુભાઈ રાજપરા | ૬૭ |
| શ્રી જયભિખ્ખુની ઐતિહાસિક નવલકથાઓ | : સરોજિની શર્મા | ૬૯ |
| યશસ્વી કલમના સ્વામી | : રાજમલ લોઢા | ૭૨ |
| સાત્ત્વિક અને સત્ત્વશીલ સર્જક | : લક્ષ્મીનારાયણ પંડ્યા | ૭૩ |
| 'જયભિખ્ખુ' : વ્યક્તિત્વના ઝરૂખામાંથી | : સરોજિની શર્મા | ૭૪ |
| જીવેત્ શરદઃ શતમ્ | : કસ્તૂરમલ બાંઠિયા | ૭૬ |
| સાહિત્યસર્જક જયભિખ્ખુ | : મૂળજીભાઈ પી. શાહ | ૭૯ |
| વિરલ ઉદારતા | : જયંતિ દલાલ | ૮૧ |
| શ્રી જયભિખ્ખુનો વિજયધ્વજ | : દુલેરાય કારાણી | ૮૨ |
| સંવાદ–સાધના | : પિનાકિન ઠાકોર | ૮૪ |

| | | |
|---|---|---|
| મધુર માનવતાનો આશક | : ન. મૂ. શાહ | ૮૮ |
| પુણ્યતોયા ભાગીરથી | : શાંતિલાલ મ. જૈન | ૯૦ |
| માનવતાની દિલચસ્પી | : જિતેન્દ્ર સી દેસાઈ | ૯૨ |
| જયભિખ્ખુ | : જિતુભાઈ ભગત | ૯૪ |
| જયભિખ્ખુ–જીવનના લેખક | : રમણલાલ સોની | ૯૬ |
| બાલભોગ્ય સાહિત્યના સર્જક | : જતીન્દ્ર આચાર્ય | ૯૭ |
| ગોળ અને ખોળ | : યશવન્ત મહેતા | ૯૯ |
| શબ્દોના શાહ, શૈલીના બાદશાહ | : હરીશ નાયક | ૧૦૧ |
| શુભ્રનિષ્ઠ સારસ્વત | : શાંતિલાલ જી. ગાંધી | ૧૦૩ |
| માનવતાપોષક લેખક | : દલસુખભાઈ માલવણીઆ | ૧૦૫ |
| દંપતી જીવનની હળવી પળો | : કલ્યાણરાય જોષી | ૧૦૮ |
| સ્નેહાળ મિત્ર અને માર્ગદર્શક | : કનુભાઈ દેસાઈ | ૧૧૨ |
| બાળક જૈન બાલાભાઈ | : ઉમાકાન્ત પ્રે. શાહ | ૧૧૪ |
| મારા પરિચયના બાલાભાઈ | : હસિત હ. બૂચ | ૧૧૫ |
| સૌજન્યમૂર્તિ બાલાભાઈ | : છોટાલાલ ત્રિ. જાની | ૧૧૮ |
| જીવનલક્ષી સાહિત્યકાર | : પૂ. શ્રી મોટા | ૧૨૦ |
| પ્રેમોપાસક જયભિખ્ખુ | : ગોસ્વામી મુકુટલાલજી | ૧૨૧ |
| શ્રી જયભિખ્ખુ–એક ઝાંખી | : ઈંદ્ર વસાવડા | ૧૨૩ |
| ખુશબોભર્યા શ્રી બાલાભાઈ | : બાબુભાઈ પ્રા. વૈદ્ય | ૧૨૪ |
| કેટલાંક સ્મરણો | : બિપિન ઝવેરી | ૧૨૭ |
| ઉદારચરિત જયભિખ્ખુ | : અરવિંદ શાસ્ત્રી | ૧૩૦ |
| 'શ્રી જયભિખ્ખુ' મારી નજરે | : ઉષાકાન્ત જે. પંડ્યા | ૧૩૨ |
| શ્રેયસ્કર તત્ત્વોનો સુભગ સમન્વયકાર | : કંચનલાલ પરીખ | ૧૩૪ |
| મારા વિદ્યાર્થી બાલાભાઈ | : ફૂલચંદ હીરચંદ દોશી | ૧૩૫ |
| ટ્રસ્ટનો વિચાર કેમ ઉદ્દભવ્યો | : કાંતિલાલ વોરા | ૧૩૬ |
| અંજલિઓ | : | ૧૩૮ |
| શોક–ઠરાવો | : | ૧૭૭ |
| પત્રો | : | ૧૮૧ |
| શ્રી જયભિખ્ખુની કૃતિઓ | . | ૧૯૧ |



શ્રી 'જયભિખ્ખુ'



શ્રી જયભિખ્ખુનું જન્મસ્થળ, વિંછીયા




પિતાશ્રી વીરચંદભાઈ દેસાઈ




જે શાળામાં શ્રી જયભિખ્ખુએ (વરસોડા)
વિદ્યાભ્યાસ શરૂ કર્યો




યુવાન વયમાં



જુવાન વયમાં ભાઈશ્રી રતિભાઈ સાથે (ઈ.સ.૧૯૩૦)



મદ્રાસ ખાતે શિવપુરીના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ નાટકમાં વિદ્યાર્થી અવસ્થામાં સાધુની ભૂમિકામાં.



શ્રી. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી સુવર્ણચંદ્રક અર્પણ કરતાં શ્રી કૃ. મો. ઝવેરી



જ્ઞાતિ મંડળ તરફથી પં. શ્રી. સુખલાલજીના હસ્તે થયેલ સન્માન



વિસનગરમાં શહીદ ગોવિંદરાવ ઉત્રાણકરની ખાંભીઆગળ



યશોવિજય ગ્રંથમાળાના મુંબઈમાં યોજાયેલ સમારંભ પ્રસંગે



"સવિતા" કાર્યાલય તરફથી સ્વ. પ્રો. રામનારાયણ વિ. પાઠકના
પ્રમુખપદે મુંબઈમાં યોજાયેલ મેળાવડામાં (સને ૧૯૫૫)



શ્રી. દુલા કાગે મજાદરમાં યોજેલ સાહિત્યકારોના સ્નેહમિલન વખતે
શ્રી. 'સોપાન' શ્રી. જ્યોતીન્દ્ર દવે, શ્રી. 'ધૂમકેતુ' અને શ્રી. દુલા કાગ સાથે



કલકત્તામાં યોજાયેલ ષષ્ટિપૂર્તિ સમારંભ પ્રસંગે
મુંબઈની ષષ્ટિપૂર્તિ સંવાહક સમિતિ તરફથી
ફૂલહાર અર્પણ કરતા શ્રી. જયંતીલાલ ર. શાહ



કલકત્તા ખાતે યોજાયેલ ષષ્ટિપૂર્તિ સમારોહ વખતે
સન્માનતા બંગાળી સાહિત્યકાર



કલકત્તા જૈન સંઘના અગ્રણી શ્રી. સવાઈલાલ કે. શાહના હસ્તે
સન્માનપત્રનું અર્પણ

## કલકત્તામાં રવીન્દ્રસદનમાં યોજાયેલ ષષ્ટિપૂર્તિ સમારોહ




ષષ્ટિપૂર્તિ સમારોહ પ્રસંગે શ્રી જયભિખ્ખુ આભારની લાગણી વ્યકત કરે છે.



આત્મીય જનો વચ્ચે



શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત
સન્માન સમારોહ પ્રસંગે પ્રવચન
કરતાં શ્રી ગુલાબદાસ બ્રોકર




મુંબઈમાં ષષ્ટિપૂર્તિ સમારોહ પ્રસંગે
શ્રી મુરલી ઠાકુર




ષષ્ટિપૂર્તિ સમારોહ પ્રસંગે
શ્રી મનસુખલાલ ઝવેરી



ગુજરાતના લેખકો સાથે વિદર્ભના પ્રવાસમાં (૧૯૪૯ના ડિસેંબરમાં)




પૂ. શ્રી કલ્યાણચંદ્રજી બાપા સાથે (સોનગઢ)




કવિશ્રી દુલા કાગ સાથે (મજાદર)



શ્રી ગોવિંદભાઈ શાહ, સ્વ. 'ધૂમકેતુ' શ્રી કનુ દેસાઈ, શ્રી ગોવિંદભાઈ પટેલ તથા શ્રી નાનુભાઈ શાસ્ત્રી સાથે



શ્રી દલસુખભાઈ માલવણિયા સાથે



શ્રી પુનિત મહારાજ સાથે



શ્રી લાલભાઈ શાહ સાથે



જામનગરના અન્નદા આશ્રમના મહંત
શ્રી. પૂ. શાંતિપ્રસાદજીની સાથે




દંપતી




પોતાની પ્રિય બિલાડી સાથે




શ્રી શાંતિલાલ શાહ
(તંત્રી : 'ગુજરાત સમાચાર') સાથે





કલકત્તામાં ઉજવાયેલી ષષ્ટિપૂર્તિના ઉત્સાહી હોદ્દેદારો.


જગવિખ્યાત જાદુગર શ્રી. કે. લાલના અમદાવાદના સન્માન પ્રસંગે અન્ય મિત્રો શ્રી કાંતિલાલ કોરા (મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર) શ્રી નાનુભાઈ શાસ્ત્રી વિ. સાથે



શ્રી જયભિખ્ખુનું કુટુંબ
ચિ. કૌશલ, સૌ. પ્રતિમા, શ્રી જયાબેન, શ્રી જયભિખ્ખુ, શ્રી કુમારપાળ દેસાઈ



અભ્યાસ ખંડમાં, તા. ૨૪-૬-'૬૯ના રોજ



'શ્રી જયભિખ્ખુ
સાહિત્ય ટ્રસ્ટ'નું
ટ્રસ્ટી મંડળ



શ્રી જગુભાઈ પરીખ

શ્રી ભાઈચંદભાઈ શાહ



શ્રી ચંપકલાલ દોશી





ડૉ. ધીરુભાઈ ઠાકર

શ્રી કાંતિલાલ વોરા (કે. લાલ)

# શ્રી. જયભિખ્ખુ

( જીવન–વિલોકન )

રતિલાલ દીપચંદ દેસાઈ

**જિંદાદિલીને** જીવન માનનાર ને માનવતાનો મધુર સંદેશ આપતું સાહિત્ય સર્જનાર શ્રી. જયભિખ્ખુએ વિ. સં. ૨૦૨૩ ને જેઠ વદ તેરસ, તા. ૨૭ જૂન ૧૯૬૭ના રોજ આયુષના સાઠમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

શ્રી. જયભિખ્ખુનું સમગ્ર જીવન કલમના ખોળે વ્યતીત થયું છે. શ્રી. જયભિખ્ખુએ મા ગુર્જરીના ચરણે નાનીમોટી લગભગ અઢીસોથી ત્રણસો કૃતિઓ ભેટ ધરી છે. તેઓને ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી પંદરેક ઈનામો મળેલાં છે. તેમને અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી સ્વ. સાક્ષરવર્ય દી.બ. શ્રી. કૃષ્ણલાલ મો. ઝવેરીના પ્રમુખપદે મુંબઈમાં સુવર્ણચંદ્રક પણ એનાયત થયેલો છે. તેમનું સાહિત્ય તંદુરસ્ત જીવનદૃષ્ટિ પ્રેરે તેવું છે. તેની દ્વારા તેમણે ધર્મ, સમાજ અને દેશની ઉત્તમ સેવા કરી છે.

પ્રાચીન કાળમાં થયેલ મહાન કવિ દંડીએ કહ્યું છે કે : ગદ્યં કવીનાં નિકષં વદન્તિ। ગદ્ય કવિઓની કસોટી છે. સમર્થ ગદ્ય અને પોતાની આગવી મનમોહક શૈલીથી ગુજરાતના એક લોકપ્રિય વાર્તાકાર તરીકે નામના મેળવનાર શ્રી. જયભિખ્ખુ મૂળ સૌરાષ્ટ્રના સાયલા (લાલા ભગતના) ગામના વતની છે. તેમના પિતાશ્રીનું નામ શ્રી. વીરચંદ હેમચંદ દેસાઈ અને માતાનું નામ પાર્વતીબાઈ હતું. તેમનો જન્મ વિ. સં. ૧૯૬૪ ના જેઠ વદ તેરસ ને શુક્રવાર, તા. ૨૬–૬–૧૯૦૮ ના રોજ સવારના સાત વાગે તેમના મોસાળ વીંછિયા (સૌરાષ્ટ્ર)માં થયો હતો. ચાર વર્ષની ઉંમરે તેમની માતા પાર્વતીબેનનું વઢવાણ શહેરખાતે અવસાન થયું હતું.

શ્રી. જયભિખ્ખુનાં ત્રણ નામ છે: કુટુંબમાં તેઓ 'ભીખાલાલ'ના હુલામણા નામથી ઓળખાય છે; સ્નેહીઓમાં તેઓ બાલાભાઈ તરીકે જાણીતા છે અને સાહિત્યકાર તરીકે જનતા તેમને 'જયભિખ્ખુ'-ના તખલ્લુસથી ઓળખે છે.

તેમનાં લગ્ન રાણપુરના શેઠ કુટુંબનાં પુત્રી શ્રી. વિજયાબેન સાથે સને ૧૯૩૦ની તેરમી મે એ–વૈશાખ વદ એકમના રોજ થયાં હતાં. તેમનું તખલ્લુસ તેમના અને તેમની પત્નીના નામના સુમેળથી બન્યું છે. વિજયાબેનમાંથી 'જય' શબ્દ ને ભીખાલાલમાંથી 'ભિખ્ખુ'–એમ મળીને 'જયભિખ્ખુ' બન્યું છે. આ તખલ્લુસ તેમના દાંપત્યનું પ્રતીક છે. તેમનું ગૃહજીવન મધુર આતિથ્ય અને ઉદાત્ત સંસ્કારથી હંમેશાં મહેકી રહ્યું છે. એની પાછળ તેમનાં પત્ની શ્રી જયાબેનનાં પ્રેરણા ને પરિશ્રમ મુખ્ય છે.

બાળપણમાં જ માતા ગુજરી જવાથી શ્રી. જયભિખ્ખુનું બાળપણ તેમના મોસાળ વીંછિયામાં તથા બોટાદમાં મામા ને માસી પાસે વીત્યું હતું. તેમના પિતાશ્રી ઉત્તર ગુજરાતમાં આવેલા મહેસાણા જિલ્લામાં આવેલા જૂના સાબરકાંઠાના વરસોડા રાજ્યના અને પાછલાં વર્ષોમાં નાના ભાયાતોના કારભારી હતા.

પિતાશ્રીએ અભ્યાસ તો ગુજરાતી ચાર ચોપડી સુધી જ કરેલો, પણ તેમનું કાયદાગત લખાણ ભલભલા એલ એલ. બી. વકીલોને આંટે તેવું હતું. એક શક્તિશાળી કારભારી તરીકે તેમણે નામના મેળવી હતી. તેઓ દિલગજાવાળા, નીડર, અતિથિપ્રેમી તથા કુટુંબવત્સલ પુરુષ હતા. પોતાના વખાવાળા કુટુંબની ડગમગી ગયેલી સ્થિતિને તેઓએ ફરી સ્થિર કરી હતી.

પિતાની આ શક્તિઓ શ્રી. જયભિખ્ખુને વારસામાં મળી છે.

શ્રી. જયભિખ્ખુએ પ્રાથમિક અભ્યાસ સૌરાષ્ટ્રમાં આવેલા બોટાદમાં, અને તે પછી ઉત્તર ગુજરાતમાં વીજાપુર પાસે આવેલા વરસોડામાં કરેલો. અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો માધ્યમિક અભ્યાસ અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં કરેલો. પછી તેઓ મુંબઈ ખાતે સ્વ. વિજયધર્મસૂરિજીએ સ્થાપેલ શ્રી. વીરતત્ત્વ પ્રકાશક મંડળ (વીલેપારલે)માં દાખલ થયા હતા.

આ સંસ્થાએ સ્થાપકના અવસાન બાદ સ્થાનફેર કર્યું ત્યારે તેઓ તેની સાથે સાથે કાશી અભ્યાસ કરવા ગયા. ત્યાંથી આગ્રા અને છેવટે ગ્વાલિયર રાજ્યમાંના વનશ્રીથી ભરપૂર શિવપુરીમાં સંસ્થા સ્થિર થતાં ત્યાં ગુરુકુળમાં રહી, આઠ–નવ વર્ષ સુધી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો.

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન દર્શનનું અધ્યાપન એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો. જૈન દર્શનનો અભ્યાસ કરીને તેમણે કલકત્તા સંસ્કૃત એસોસીએશનની 'ન્યાયતીર્થ'ની અને ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવીઓ પ્રાપ્ત કરી. સંસ્કૃત કાવ્યો અને નાટકોનો અભ્યાસ પણ આ સમયે જ કર્યો.

ગુરુકુળમાં યુરોપીય વિદ્વાનો અભ્યાસ અને નિરીક્ષણ માટે આવતા. ડૉ. ક્રાઉઝે નામનાં વિદુષી જર્મન બેન વર્ષો સુધી આ સંસ્થામાં રહેલાં. આ બધા વિદ્વાનોના સમાગમને કારણે પરદેશી સાહિત્ય ને સંસ્કારના સહજ પરિચયમાં આવવાનું બન્યું. એ રીતે દૃષ્ટિને વિશાળતા લાધી.

ગુરુકુળના સ્થાપકનો ઉદ્દેશ ધર્મપ્રચાર માટે વિદ્વાનો તૈયાર કરવાનો અને તેમાંથી કેટલાકને યુરોપમાં વ્યાખ્યાતાઓ ને ઉપદેશકો તરીકે મોકલવાનો હતો. આ માટે શ્રી જયભિખ્ખુને મોકલવાની તૈયારીઓ ચાલતી હતી, પણ પાછળથી મતભેદને કારણે વાત અડધે રસ્તે રહી ગઈ.

કથા–વાર્તાઓ વાંચવાનો શ્રી. જયભિખ્ખુને બાળપણથી જ ભારે રસ. અભ્યાસનું પુસ્તક વાંચવું ભલે પડ્યું રહે, પણ વાર્તાની કોઈ નવી ચોપડી હાથ પડી કે એને પૂરી કર્યે જ છૂટકો. દર્શનશાસ્ત્રનો માથાફોડિયો અભ્યાસ ચાલતો હોય કે ન્યાયતીર્થની પરીક્ષાની તૈયારી કરવાની હોય, પણ એમનો આ રસ કદી ઓછો ન થાય–ગમે ત્યાંથી સમય 'ચોરી' ને આ રસનું પાન કરે ત્યારે જ એમને તૃપ્તિ થાય.

કેવળ આવું મનગમતું સાહિત્ય વાંચવાથી જ સંતોષ માને એવું પણ નહીં. એ વાંચતાં વાંચતાં જે નોંધવા જેવું લાગે તેની નોંધ પણ કરી જ લે. આવી નોંધોની એમની પાસે નોટોની નોટો ભરેલી છે. બાર–તેર વર્ષની કુમળી વયે તો એમણે 'સરસ્વતીચંદ્ર' એક કરતાં વધુ વાર વાંચી લીધેલો અને એનાં પાત્રો સાથે તો એમણે જાણે એ બધાં સ્વજનો જ હોય, એવું તાદાત્મ્ય સાધેલું. આ સરસ્વતીચંદ્રના ચાર ભાગ મેળવવા એમણે એક સાધુપુરુષનું ચરિત્ર લખવાનું સ્વીકારેલું ને એ રીતે ગ્રંથો મેળવેલા. આમ 'સરસ્વતીચંદ્ર' એ એમનો પ્રિય ગ્રંથ છે, અને સાહિત્યકાર તરીકેનો તેમનો આદર્શ પણ સ્વ. સાક્ષરવર્ય શ્રી. ગોવર્ધનરામ ત્રિપાઠીના જીવનમાંથી લીધેલો છે.

બાળપણ વીંછિયાના, કિશોર અવસ્થા વરસોડા (ગુજરાત)ના, (જેને જર્મન બહેન ડૉ. ક્રાઉઝેએ પોતાની મુલાકાતમાં હોલીવુડ જેવું કહેલું) અને વિદ્યાર્થી અવસ્થા શિવપુરી (સી. પી.)ના કુદરતના સૌંદર્યથી ભર્યાભર્યા મુક્ત વાતાવરણમાં પસાર થયું હોવાથી શ્રી. જયભિખ્ખુને જીવનમાં એક પ્રકારની મસ્તી ને સાહસિકતા સાંપડી છે. ગમે તેવી ચિંતાજનક પરિસ્થિતિમાં પણ તેઓ આનંદી રહે છે, અને પોતાની આસપાસના વાતાવરણને આનંદથી મઘમઘતું રાખે છે. એમની આ મસ્તીની છાપ એમના સાહિત્યસર્જનમાં પણ સ્પષ્ટ વરતાય છે.

પોતાના ઘડતરમાં, તેઓ માને છે કે, ભણતર કરતાં ગુરુજનોની સેવા ને બદલામાં મળેલી પ્રેમાશિષ, વાચન કરતાં વિશાળ દુનિયા સાથેનો જીવંત સંપર્ક અને પુસ્તક કરતાં પ્રકૃતિ દ્વારા મળેલી પ્રેરણા વધુ કાર્યક્ષમ નીવડી છે.

શ્રી. જયભિખ્ખુની સૌથી પહેલી નાની સરખી

સાહિત્યકૃતિ 'ભિક્ષુ સાયલાકર'ના તખલ્લુસથી ઈ. સ. ૧૯૨૯માં લખાયેલી. પોતાના ગુરુ સ્વ૦ શ્રી. વિજયધર્મસૂરિજીનું જીવનચરિત્ર તેમાં આલેખ્યું હતું. ગુરુ-ચરણે સમર્પણ કરીને ચાલુ કરેલી એમની કલમને સાચે જ ગુરુના અમોઘ આશીર્વાદ લાધી ગયા. અને સંસ્કૃત ભાષા તથા દર્શનશાસ્ત્રનો વિદ્વાન બનીને બહાર પડનાર યુવાન 'પંડિત' કે 'માસ્તર'ના રસહીન અને કસહીન જીવનમાં સપડાઈ જવાને બદલે ગુર્જર ભાષાને સમૃદ્ધ બનાવનાર રસકસભર્યા સાહિત્યના સર્જક બની ગયા.

શ્રી. જયભિખ્ખુના જીવનમાં આ વખતે એક બનાવ બન્યો. તેઓ 'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપવા કલકત્તા આવ્યા અને કેનીંગ સ્ટ્રીટમાં ઊતર્યા. આ વખતે અભ્યાસ પૂરો થતો હોવાથી અને ભાવિ જીવનનો વિચાર કરતાં તેમણે ત્રણ નિર્ણયો લીધા :

૧. નોકરી કરવી નહીં.

૨. પૈતૃક સંપત્તિ લેવી નહીં.

૩. કલમના આશરે જીવવું.

એ યાદ આપવું જરૂરી નથી કે સ્વ. ગોવર્ધનરામે પણ આવા જ નિર્ણયો અભ્યાસ પૂરો કર્યા પછી કરેલા.

આ ત્રણ નિર્ણયોએ સ્વ. ગોવર્ધનરામની માફક એમની પણ કસોટી કરી. અને બીજી પ્રતિજ્ઞા સાચવવા જતાં પહેલી પ્રતિજ્ઞાને સાત–આઠ વર્ષ ઢીલી પણ કરવી પડી. આ નિર્ણયોએ એમના ખમીરની કસોટી કરી, સાથે એમના જીવનમાં પ્રાણ પણ રેડ્યો.

આપકમાઈ અને આપમહેનતથી આજીવિકા રળવાની તમન્ના શ્રી. જયભિખ્ખુના દિલમાં આ રીતે ઘર કરી રહી. 'તું તારો દીવો થા!' એ સૂત્રનું જીવન જીવવાના એ રસિયા હતા, અને ૨૪–૨૫ વર્ષની યુવાન વયે આજીવિકાનો પંથ નક્કી કર્યા વગર છૂટકો ન હતો.

વૈશ્યપુત્ર સહેલાઈથી વેપાર તરફ ખેંચાઈ જાય, રજવાડી વાતાવરણ રાજની નોકરીમાં ખેંચે, ગુરુકુળનું શિક્ષણ પાઠશાળાનો નિરુપદ્રવી જીવ (માસ્તર) બનવા પ્રેરે, પણ મા શારદાની સેવા–ઉપાસનાનું જીવન જીવવાની જયભિખ્ખુમાં દૃઢ નિષ્ઠા હતી. સ્વમાન, સાહસ અને શ્રમની તમન્ના તેમના સ્વભાવમાં મૂળથી જ ઉત્કટ રીતે ભરેલાં હતાં : એટલે અસ્થિર આવકવાળી લેખકની સ્વતંત્ર કારકિર્દી તેમણે પસંદ કરી.

કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે લૂખું-સૂકું આપે તેથી જીવનનિર્વાહ કરવાનો શ્રી. જયભિખ્ખુએ નિર્ણય કર્યો, તે સાલ સને ૧૯૩૩ ની. આ વખતે શ્રી. જયભિખ્ખુ અમદાવાદ આવ્યા હતા, ને સ્થિર થવાનો પ્રયત્ન કરતા હતા. માત્ર લેખકનો ધંધો લેવાથી જે કષ્ટ સહન કરવાનું આવે છે, તેનો ઠીક ઠીક અનુભવ થઈ ગયો. તેમનું લેખક–જીવન એકધારી તપશ્ચર્યારૂપ નીવડ્યું છે, એમ કહી શકાય. એ વખતે માત્ર કલમ પર નિર્વાહ કરવાનું સાહસ ગુજરાતમાં ભલભલા કરી શકતા નહિ. માત્ર કલમજીવી લેખક શોધવો મુશ્કેલ હતો.

શ્રી. જયભિખ્ખુ કહે છે કે ઉખર જમીનમાં જે વૃક્ષ વાવ્યું, તેને ઉછેરતાં કાળી કસોટી થઈ, પણ અંતે તેના પર રંગબેરંગી ફૂલ આવ્યાં. એની રૂપ–સુગંધથી મન મહેંકી રહ્યું, ને લાંબે ગાળે સુસ્વાદુ ફળ પણ બેઠાં.

સતત ચાલીસ વર્ષની કલમની ઉપાસનાએ એમની કીર્તિને ઉજાળી છે, અને એમના જીવનને સતત વિકાસશીલ બનાવ્યું છે. સરસ્વતીને ખોળે માથું મૂકનાર જો થોડોક સંતોષી અને સહનશીલ હોય તો માતા સરસ્વતી એની પૂરેપૂરી ભાળ રાખ્યા વિના રહેતી નથી, એ વાતની શ્રી જયભિખ્ખુનું જીવન ગવાહી પૂરે છે.

શ્રી. જયભિખ્ખુએ સાહિત્યના ઘણા પ્રકાર ખેડ્યા છે. પત્રકાર તરીકે કારકિર્દીનો આરંભ કરી એમણે ઐતિહાસિક, સામાજિક અને પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ, સાહસકથાઓ, નાટિકાઓ ને મોટાં–નાનાં અનેક જીવનચરિત્રો લખ્યાં છે, અને તેનો નાનો–મોટો આંકડો ત્રણસો સુધી પહોંચ્યો છે.

પોતાના લખાણનું વસ્તુ પસંદ કરવામાં શ્રી. જયભિખ્ખુ મુખ્યત્વે બે વાતનો વિચાર કરે છે : એક તો એમાં રસને ઝીલવાનું કેટલું બળ છે તે. અને

બીજું, એમાં માનવતાનું દર્શન કેટલે અંશે થાય છે.

આ બે તત્ત્વો મળ્યાં, પછી એ કથા રસભર અને હૃદયસ્પર્શી બની જ સમજો. કેવળ શ્રદ્ધાને બળે જ ગળે ઊતરી શકે એવા પૌરાણિક કથાપ્રસંગોને હૃદયસ્પર્શી અને બુદ્ધિગમ્ય ઢબે રજૂ કરવાની શ્રી જયભિખ્ખુની રીત સાવ અનોખી છે. મતલબ કે કથાવસ્તુ કે કથાપ્રસંગ કદાચ નાનો કે નજીવો હોય, પણ જો એમાં માનવતાનું તત્ત્વ ભર્યું હોય તો તેઓ સહજ રીતે વામનમાંથી વિરાટ સર્જન કરી દે છે.

જયભિખ્ખુના વિશાળ વાચક વર્ગમાં જૈનો સાથે જૈનેતરો પણ છે, તેનું ખાસ કારણ એ છે કે એમનાં લખાણોમાં ક્યાંય સાંપ્રદાયિક અભિનિવેશ જોવા મળતો નથી; તેઓ જૈન, બૌદ્ધ ને બ્રાહ્મણ ધર્મને આર્ય સંસ્કૃતિનાં સમાન અંગ માને છે.

શ્રી જયભિખ્ખુ લેખકોમાં પોતાનું સ્થાન નક્કી કરાવવાના ઝઘડામાં કદી નથી ઊતર્યા. કોઈ પણ જુનવાણી કે અદ્યતન સરસ્વતીપુત્રને સન્માનવામાં એ પોતાનું ગૌરવ માને છે. પ્રતિષ્ઠા ઝઘડાથી નહીં, પણ શ્રમથી મળે છે, તેમ તેઓ માને છે. અને પ્રેરણા તો પ્રભુદીધી હોય છે.

શ્રી જયભિખ્ખુનું પ્રારંભિક જીવન પત્રકાર તરીકે પસાર થયું છે. વર્ષો લગી એમની વેધક કલમે 'જૈન જ્યોતિ' તથા 'વિદ્યાર્થી' સાપ્તાહિકમાં સમાજ અને આવતી કાલની આશા સમા નાગરિકો માટે પોતાની તેજસ્વી કલમ દ્વારા નવા વિચારો પીરસ્યા. મુંબઈના 'રવિવાર' અઠવાડિકમાં એમની સંપાદકીય નોંધોએ અને વાર્તાઓએ પણ એમને આમ જનતામાં લોકપ્રિય બનાવવામાં ઠીક ઠીક ફાળો આપ્યો એમ નોંધવું જોઈએ.

આ ઉપરાંત ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં ખૂબ ખ્યાતિ પામેલ 'ઈંટ અને ઇમારત'ની કટારે જનતાની ખૂબ ચાહના મેળવી આપી છે. જીવનને પ્રેરે તેવી એક વાર્તા કે લેખ, સાદી રીતે, કથા દ્વારા રાજકારણની ચર્ચા અને ઉર્દૂ શેરની વાનગી એ તે કૉલમની વિશિષ્ટતા છે.

'ગુજરાત સમાચાર' સંસ્થાના વિખ્યાત બાલસાપ્તાહિક 'ઝગમગ'માં પણ તેઓ વર્ષોથી લખે છે; ને મુખ્યત્વે પહેલું પાનું તેમના નામથી અંકિત હોય છે. સૌરાષ્ટ્રનાં માતબર દૈનિકો 'જયહિંદ' અને 'ફૂલછાબ'માં તેમ જ અન્ય માસિકોમાં તેમની ધારાવાહી નવલકથાઓ પ્રગટ થયેલી છે. સામયિકોમાં પણ (જેવાં કે 'અખંડ આનંદ', 'જનકલ્યાણ'), યથાશક્ય લખ્યા કરે છે. નડિયાદથી પ્રગટ થતા પ્રસિદ્ધ સાપ્તાહિક 'ગુજરાત ટાઈમ્સ'માં એમની 'ન ફૂલ–ન કાંટા' કટાર પણ વાંચકો પર કામણ કરનાર નીવડી છે.

બીજું એક નામ પણ અહીં ખાસ ભારપૂર્વક નોંધવું જોઈએ. ગુજરાતની પ્રસિદ્ધ પ્રકાશનસંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય સાથે શ્રી જયભિખ્ખુને પ્રારંભથી સંબંધ બંધાયો, અને લગભગ મોટા ભાગનાં તેમનાં પુસ્તકો તેઓએ પ્રગટ કર્યાં છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રેસ શારદા મુદ્રણાલયનું પણ તેઓએ આંખોમાં તકલીફ ઊભી થઈ ત્યાં સુધી કુશળતાથી સંચાલન કર્યું છે. કલમના આ કસબી મુદ્રણકલાના પણ નિષ્ણાત છે.

શ્રી. જયભિખ્ખુ ડાયરાના માણસ છે; ને એમનો ડાયરો વખાણાય છે. પદ્મશ્રી દુલા કાગ, સ્વ. સાક્ષરવર્ય શ્રી ધૂમકેતુ, સ્વ. શ્રી. ગુણવંતરાય આચાર્ય, શ્રી કનુભાઈ દેસાઈ, ડૉ. ધીરુભાઈ ઠાકર, પં. રતિલાલ દેસાઈ, ગુ. વિદ્યાપીઠવાળા શ્રી. શાંતિલાલ શાહ, શ્રી. ર. જ. દલાલ, શ્રી. ગોવિંદભાઈ પટેલ, દીપક પ્રિન્ટરીના સંચાલક બંધુઓ, ચિત્રકાર શ્રી ચંદ્ર, સોમાલાલ શાહ વગેરે એના વણનોંધ્યા સભ્યો હતા. આ ડાયરાનાં અનેક સુફળો પ્રાપ્ત થયાં છે. એવું એક સુફળ તે શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ. એ ડાયરામાં એક વખતે સરસ્વતીચાહક શ્રેષ્ઠિવર્ય શ્રી લાલભાઈ મણિલાલ શાહ હાજર હતા. ને શ્રી જયભિખ્ખુએ રસભરી, નીતિપોષક ને સસ્તી વાચનમાળાનો વિચાર રજૂ કર્યો. પૂર્વસંસ્કાર હશે, કે એ વિચારબીજે શ્રી. લાલભાઈના હૃદયમાં અંકુર પ્રગટાવ્યા. ને શ્રી. જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટનો જન્મ થયો. આજે એક દશકો પૂરો થયો છે. ને આ વાચનમાળાએ અનેક સુંદર લખાણવાળાં રૂપરંગ–

મઢ્યાં પુસ્તકો સમાજને ચરણે ભેટ ધર્યાં છે.

શ્રી. જયભિખ્ખુ પોતાના જીવનના એક બનાવની ખૂબ રસભેર નોંધ કરે છે અને તે ગુજરાતના મશહૂર ચિત્રકાર શ્રી. કનુભાઈ દેસાઈ સાથેની મૈત્રી. આ મૈત્રીએ મુદ્રણકલા તરફ શ્રી. જયભિખ્ખુને પ્રેર્યા. પેપર કંટ્રોલ આવતાં આ કલા તેમના માટે ખૂબ મહત્ત્વની બની ગઈ.

શ્રી. કનુભાઈ દેસાઈએ ફિલ્મી જગતમાં કલાકાર તરીકે પ્રવેશ કર્યો ત્યારે તેમના આ મિત્રે 'પ્રેમભક્ત કવિ જયદેવ' નામની નવલકથા લખી. શ્રી. કનુભાઈએ એ કથા પરથી 'ગીત ગોવિંદ' નામનું ચિત્રપટ પણ તૈયાર કર્યું હતું.

શ્રી. જયભિખ્ખુનું ઘડતર મધ્યપ્રદેશમાં થયું હોવાથી હિંદી ભાષા પર તેમને એ વખતે સારો કાબૂ હતો. મુંબઈના ફિલ્મ જગતમાં સ્થાન મળી જાય તેવી શકયતા પણ હતી, પણ ગુરુકુળના એકાંતપ્રિય આત્માને ધમાલિયું જીવન ન રુચ્યું.

શ્રી. જયભિખ્ખુએ પોતાની કલમને સાંપ્રદાયિક અભિનિવેશ માટે નહિ, પણ માનવતાના મુક્ત વાતાવરણને બહેલાવવામાં વાપરી છે. 'કામવિજેતા' અને 'સંસારસેતુ' બે પ્રારંભિક પુસ્તકો એનાં જીવંત ઉદાહરણો છે. એ પુસ્તકો પ્રગટ થયાં ત્યારે પ્રો. રવિશંકર જોશી અને શ્રી. સુંદરમ્ જેવા રસજ્ઞોએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

જૈન કથાઓ એટલે મોટે ભાગે અંધશ્રદ્ધાથી વાંચી શકાય એવી ચમત્કારભરી વાતો અથવા કેવળ શુષ્ક વૈરાગ્ય અને ત્યાગની જ વાતો, એવી સામાન્ય જનતામાં વર્ષોથી ઘર કરી બેસેલી લાગણીઓનું પરિમાર્જન કરીને શ્રી. જયભિખ્ખુએ જૈન કથાઓને ઘેર ઘેર–શિક્ષિતો અને સામાન્ય જનતા બંનેમાં વંચાતી કરી દીધી છે.

શ્રી. જયભિખ્ખુએ સહેજ પણ સાંપ્રદાયિકતા વગર પોતાનું સાહિત્ય સર્જી, સમાજને એ બતાવ્યું છે કે જેમ હિંદુ સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય કે અન્ય સાહિત્ય છે, તેમ જૈન સાહિત્ય પણ પોતાની ખૂબીઓ સાથે મૌજુદ છે. એનો અભ્યાસ કરતાં સહેજ પણ આભડછેટ રાખવાની જરૂર નથી. આર્ય સંસ્કૃતિનાં એ એકમેકનાં પૂરક અંગો છે.

શ્રી જયભિખ્ખુને કિશોર વયમાં સાહિત્યનો શોખ લગાડનાર અને લેખનની પ્રેરણા આપનાર એક બહેન હતાં, જેમનું ઋણ તેઓ અવારનવાર યાદ કરે છે. બીજું, તેમને સાહસ ને જિંદાદિલીનો રસકટોરો પાનાર તેમના જાનિસાર દોસ્ત પઠાણ ખાન શાહઝરીન હતા. તેમણે લખેલી 'ગઈ ગુજરી', 'એક કદમ આગે', 'હિંમતે મર્દા', 'માઈનો લાલ' વગેરે જવાંમર્દ શ્રેણીની સાહસકથાઓમાં તેમના એ પ્રકારના અનુભવોનું સચોટ નિરૂપણ છે. કિશોરોને મસ્ત જીવનરસ પાય તેવી આ પ્રેરક કથાઓ તેમનું મહત્ત્વનું સાહિત્યિક અર્પણ છે. એ જ રીતે તેમણે પંચતંત્ર શૈલીમાં લખેલી હિંદુ, બૌદ્ધ, જૈન વગેરે ધર્મોની પ્રાણીકથાઓ તેમની વાર્તાકલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે,

નવલકથાના ખેડાણે તેમનો સાહિત્યક્ષેત્રે વ્યવસ્થિત પ્રવેશ કરાવ્યો એમ કહી શકાય. 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ', 'નરકેશ્વરી વા નરકેસરી', 'સંસારસેતુ', 'કામવિજેતા', 'પ્રેમનું મંદિર', 'પ્રેમાવતાર' વગેરે તેમની નવલકથાઓ છે.

તેમણે સજીવ શૈલીમાં કેટલાંક ચરિત્રો લખ્યાં છે. 'વિદ્યાર્થી વાચનમાળા'માં આપેલાં ટૂંકાં પણ પ્રમાણભૂત અને પ્રેરક ચરિત્રો ઉપરાંત તેમણે શ્રીચારિત્રવિજય, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વર તથા 'નિર્ગ્રંથ ભગવાન મહાવીર'નાં બૃહત્ ચરિત્રો પણ આપ્યાં છે.

જયભિખ્ખુની કથનશૈલી હમેશાં સચોટ અને સરસ હોય છે, એટલે કશું શુષ્ક રહેતું નથી. જે વસ્તુ ઉત્કૃષ્ટ નિરૂપણ પ્રેરતું ન હોય તે વસ્તુ તેમને આકર્ષતું નથી. આથી તેમની કલમનો સંસ્પર્શ પામે કે તરત જ કથા રસસંભૃત બની શકે છે.

તેઓની નવલો જૈનોમાં આદર પામી, તે પહેલાં જૈનેતરોમાં પૂરતો આદર પામી ચૂકી હતી. તેમની એક નવલકથા પંદર કે વીસ વખત વાંચનારા પણ આજે મળી આવે તેમ છે.

શ્રી. જયભિખ્ખુને પોતાનો આગવો વાચકવર્ગ છે, જે પુસ્તક માગીને નહીં, પણ ખરીદીને વાંચે છે. શ્રી જયભિખ્ખુનું 'જૈન' સાહિત્ય કહેવાને બદલે આમસમુદાયનું સાહિત્ય કહેવું જોઈએ. તેમનો અભ્યાસ તેમને જૈન ને જૈનેતર બંને સાહિત્યમાં આગળ લઈ જાય તેમ છે. 'માદરે વતન,' 'યાદવાસ્થળી,' વગેરે પુસ્તકો એનાં દૃષ્ટાંતો છે.

અમદાવાદ ખાતે શ્રી. પુનિત મહારાજ દ્વારા સંચાલિત 'જનકલ્યાણ' પત્રની સમિતિમાં તેમનું સ્થાન અને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પ્રગટ થતા 'અખંડાનંદ'માં તેમની વાર્તાઓ એમનો સર્વધર્મપ્રેમ બતાવે છે.

શ્રી. જયભિખ્ખુની કથાઓ હિન્દીભાષી પ્રદેશમાં પણ લોકપ્રિય બનતી જાય છે. રાષ્ટ્રભાષામાં તેમના કેટલાક કથાસંગ્રહના તથા એક નવલકથાના તેમજ એક ચરિત્રકથાના અનુવાદો પ્રગટ થયા છે. આમાંના એક પુસ્તકને ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવાએ પ્રસ્તાવનાથી વધાવ્યું છે. એમની એક નવલકથા સસ્તા સાહિત્ય તરફથી અનુવાદિત થઈને 'જાગે તભી સબેરા' નામે પ્રગટ થઈ છે. પાંચેક પુસ્તકો પ્રગટ થઈ ગયાં છે. શ્રી. જયભિખ્ખુ પાસે જેમ એમના વિચારો અને ઊર્મિઓને વાચા આપી શકે એવી ભાષા છે તેમ એ ભાષાને સુરેખ રૂપમાં લિપિબદ્ધ કરી શકે એવી મોતીના દાણા જેવા અક્ષરો પાડવાની હથોટી છે. લખવાની લીટી પણ એવી કે જાણે છાપેલી જ! અહીં એ જાણવું રસપ્રદ થઈ પડશે કે આજના ફાઉન્ટન પેનના યુગમાં પણ તેઓ હોલ્ડર અને ખડિયામાં રસ ધરાવે છે!

શ્રી જયભિખ્ખુ પોતાની નાની–મોટી કૃતિઓમાં ભારત સરકાર કે ગુજરાત સરકારનું ઈનામ મેળવનાર કદાચ અગ્રગણ્ય લેખક હશે. તેરથી પંદર કૃતિઓ પુરસ્કારને પાત્ર ઠરી છે. 'દિલના દીવા' નામના એક ૪૮ પાનાના પુસ્તકને પ્રૌઢ, બાલ અને અંગ્રેજી અનુવાદ–ત્રણેમાં થઈને રૂ. ૧૬૦૦ નાં પારિતોષિક મળ્યાં હતાં.

પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓનાં સરકાર માન્ય પાઠ્યપુસ્તકોમાં પણ શ્રી, જયભિખ્ખુનું કર્તૃત્વ છે. તેઓશ્રીએ પોતાના ગાઢ મિત્ર ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે 'આનંદ વાચનમાળા' ને 'સાહિત્યકિરણાવલી' રચી છે.

શ્રી. જયભિખ્ખુએ સારી નાટિકાઓ પણ લખી છે. તેમની 'રસિયો વાલમ' નામની નાટિકા દિલ્હી ખાતે યુથ ફેસ્ટીવલમાં પુરસ્કાર પામી હતી: ને 'ગીત ગોવિંદનો ગાયક' નાટિકા અમદાવાદ રેડિયોઘરે દશ્ય રીતે ભજવી હતી ને વિખ્યાત કલાકાર શ્રી જયશંકર સુંદરીએ તેનું દિગ્દર્શન કર્યું હતું. શ્રી. જયભિખ્ખુની નાટિકાઓ શાળા–કોલેજોમાં ખૂબ ભજવાય છે.

ગુજરાતના સ્વર્ગસ્થ વડાપ્રધાન બળવંતરાય મહેતાના વખતમાં 'ગુજરાત ગેઝેટિયર'ની સમિતિમાં પણ તેમને નિયુક્ત કરવામાં આવ્યા હતા. રેડિયોઘર ને યુનિવર્સિટીની વકતૃત્વ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે વર્ષો સુધી કામ કરતા રહ્યા હતા. જ્ઞાન–વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રે શ્રી. જયભિખ્ખુએ કાર્ય કર્યું છે.

સાધુ અને સંતોના પણ તેઓ સ્નેહભાજન છે. મુનિ શ્રી ચિત્રભાનુ, મહંતશ્રી શાંતિપ્રસાદજી, ગોસ્વામી મુગટલાલજી, મહાસતી ધનકુંવરબાઈ વગેરેની ગાઢ પ્રીતિ તેઓએ પ્રાપ્ત કરેલી છે. પૂ શ્રી. મોટાના તો અનેકવાર આશીર્વાદ પ્રાપ્ત થયા છે.

વિધાતા કેટલીક વાર કેટલાક મેળ મેળવે છે. એવો મેળ મહાન જાદુકલાવિદ શ્રી. કે. લાલ અને શ્રી. જયભિખ્ખુનો છે. શ્રી. કે. લાલે શ્રી. જયભિખ્ખુને આકર્ષ્યા, ને બંને વચ્ચે એટલો ગાઢ આત્મીય સંબંધ સ્થાપિત થઈ ગયો કે જેની ચર્ચા કરવી અહીં અસ્થાને છે. શ્રી. જયભિખ્ખુ ભાવનગરની યશોવિજય ગ્રંથમાળાના મંત્રી છે. તે સંસ્થાને તેઓએ શ્રી. કે. લાલની વિદ્યાકળા દ્વારા રૂા. પચાસ હજાર જેટલી રકમ અપાવી પુનર્જીવન આપ્યું અને પ્રગતિના પંથે મૂકી છે.

શ્રી. કે. લાલ જ અત્યારના આ ષષ્ટિપૂર્તિ નિમિત્તે ટ્રસ્ટના પ્રથમ પુરસ્કર્તા છે: ને તેમના અને જયભિખ્ખુના સંબંધની ચર્ચા સૂર્યને દર્શાવવા કોડિયું ધરવા બરાબર થશે.

શ્રી. જયભિખ્ખુના બંને ચક્ષુદીપ છેલ્લાં કેટલાક

વર્ષથી કાળા મોતિયાના કારણે ઝંખવાયા હતા. શસ્ત્ર-ક્રિયામાં પૂરું જોખમ હતું, પણ સીતાપુરની મશહૂર આંખની હૉસ્પિટલમાં સારવાર કરાવતાં એક આંખ સાવ નરવી થઈ ગઈ છે. શસ્ત્રક્રિયા કરનાર ડૉ. પાહવા પ્રેમધર્મી દાક્તર છે. તેઓ દરદીના મિત્ર બની રહ્યા. દવાખાનાએ શ્રી. જયભિખ્ખુને દેશસેવા કરનાર લેખક તરીકે માન આપી, સન્માન્ય અતિથિ તરીકે ફ્રી સારવાર કરી હતી. શ્રી. જયભિખ્ખુએ સીતાપુરથી આવી ત્યાંની સેવાભાવી સંસ્થા ને પ્રેમ-ધર્મી દાક્તરો વિષે ત્રણ–ચાર લેખ લખતાં ગુજરાતની જનતાએ રૂા. બે લાખનું દાન કર્યું, જેને પરિણામે સીતાપુરમાં ગુજરાત સ્પેશિયલ વોર્ડની રચના થઈ છે.

છેવટે એક વાતનો ઉલ્લેખ બસ થશે. આપણે ત્યાં કહેવત છે કે દીવે દીવો પેટાય : એ રીતે શ્રી. જયભિખ્ખુના પુત્ર શ્રી. કુમારપાળ કૉલેજના પ્રોફેસર હોવા સાથે લેખક તરીકે સારી નામના મેળવી છે અને ગુજરાત સરકારે ગયા વર્ષની કૃતિ ‘ લાલ ગુલાબ’ અને આ વર્ષની કૃતિ ‘ ડાહ્યા ડમરા ’ને ઈનામ આપી તેમને વધાવી લીધા છે. શ્રી. કુમારપાળ દેસાઈ ક્રિકેટ તેમજ બીજી સ્પર્ધાઓના વિવેચક તરીકે વિશ્રુત છે. શ્રી. કુમાર-પાળ દેસાઈનાં પત્ની સૌ. પ્રતિમા પણ ગ્રેજ્યુએટ છે: ને પુત્રપાલન ને ઘરકામમાંથી નિવૃત્તિ મળતાં યથા-શક્ય લેખનકાર્ય પણ કરે છે.

શ્રી. જયભિખ્ખુના હૃદયમાં ગુજરાત અને ભારત દેશ માટે ઉત્કટ પ્રેમ છે. તેમના સાહિત્યમાં એમની આ વતનપરસ્તી પ્રતીત થયા વિના રહેતી નથી. ગુજરાતી ભાષાને અને તેની દ્વારા મા ભારતીને તેમની પ્રતિભાનો ઉજ્જ્વલ પ્રકાશ ચિરકાળ મળ્યા કરે એવું નિરામય દીર્ઘાયુષ તેમને પ્રાપ્ત થાઓ.



‘ **બાદશાહ !** જીવ તો નથી હિંદુ–નથી મુસલમાન. સાગરનું પાણી બધે સમાન છે. જે ઘડામાં એ ભર્યું એ ઘડાથી એનું નામ જુદું પડ્યું. કોઈ કહે આ પિત્તળના ઘડાનું પાણી, કોઈ કહે આ માટીના ઘડાનું પાણી. કોઈ કહે હિંદુના ઘરનું જળ, કોઈ કહે મુસ્લિમના ઘરનું સંદલ ! એમ નામરૂપ જૂજવાં થયાં, પણ વસ્તુ એકની એક રહી. એમ માણસનો આત્મા જે ભૂમિ પર પેદા થયો, જે ઘરમાં ખોળિયું ધર્યું, એ એનું વતન, એ એનો ધર્મ.’

**‘દિલ્હીશ્વર ’માંથી**

# મોરના પિચ્છધરનો વંશજ

**ધીરુભાઈ ઠાકર**

**જય**ભિખ્ખુ નામ મેં પહેલવહેલું સાંભળ્યું ત્યારે બીજા અનેકોની જેમ મને પણ ભ્રમ થયેલો કે આ કોઈ જુનવાણી સાધુ હશે. પછી તેમનું એક પુસ્તક હાથમાં આવ્યું, પ્રેમભક્ત કવિ જયદેવ.

પુસ્તક વાંચતો ગયો તેમ પેલો ભ્રમ ભાંગતો ગયો. વાચનને અંતે ખાતરી થઈ કે આટલી રસિક બાની કોઈ સાધુની હોય નહીં, અને જૈન સાધુની તો બચિત નહીં જ.

શૃંગારની છોળો ઉડાડીને પ્રેમરસ પાનારો આ લેખક તો પેલા મોરના પિચ્છધરનો જ વંશજ, પૂરો ગૃહસ્થી હોવો જોઈએ એમ મનમાં દૃઢ બેસી ગયું.

૧૯૪૬ના જુલાઈ કે ઑગસ્ટમાં જયભિખ્ખુની પહેલીવાર ઓચિંતી મુલાકાત થઈ. શારદા પ્રેસમાં એક ચોપડી છપાતી હતી. તે નિમિત્તે ત્યાં ગયો, તો પ્રેસ–મૅનેજરની ખુરશી ઉપર બેઠેલ એક ભાઈ જોશીલી જબાનમાં કોઈની સાથે વાત કરી રહ્યા હતા, માંડીને વાર્તા કહેતા હોય તેમ.

સાંભળનારા પણ વાર્તારસમાં ડૂબી ગયા હતા. વાત પૂરી થયા પછી એમની મને ઓળખાણ કરાવવામાં આવી, બાલાભાઈ દેસાઈ–જયભિખ્ખુ તરીકે.

સહેજ આંચકા સાથે એમનો પહેલો પરિચય થયો. દસ મિનિટમાં જ મારા મને તાળો મેળવી લીધો કે જયભિખ્ખુ રંગીલા લેખક છે, સંસારમાં માત્ર ઊંડા ઊતરેલા જ નહીં, તેના રસકસના જાણતલ શોખીન જીવ છે.

છેલ્લાં બાવીસ વર્ષમાં હું તેમના ઠીક ઠીક નિકટ સંપર્કમાં આવ્યો છું. એ દરમ્યાન એમની નરવી રસિકતાનો મને અનેકવાર પરિચય થયો છે. એમના તખલ્લુસનો ઇતિહાસ જાણ્યો ત્યારે ખબર પડી કે સિક્કાની બીજી બાજુ રોમાંચક છે. એ નામ પાર્વતી–પરમેશ્વરની માફક એમના દામ્પત્યના અદ્વૈતનું પ્રતીક છે.

નામની માફક તેમનો દેખાવ પણ છેતરામણો છે. સાદો પોષાક અને શરમાળ કે સંકોચશીલ દેખાતો ચહેરો. તમે નજીક જાઓ, બે દિવસ સાથે રહો કે સાથે પ્રવાસ કરો ત્યારે ખબર પડે કે ખાનપાન, વસ્ત્રાભૂષણ અને રહેણીકરણીમાં બાદશાહી ઠાઠ એમને જોઈએ.

એક વાર પરિચય થયા પછી તમારા ઉપર તેમના પ્રેમ ને મમત્વનો પ્રવાહ એવો ચાલે કે તમને એમાં વારંવાર સ્નાન કરવાનું મન થાય. સાહસ, જિંદાદિલી, નેકી અને વફાદારીની વાતો એમની પાસેથી કદી ખૂટે નહીં. લોહચુંબકની જેમ તમે એમનાથી ખેંચાયા વિના રહો જ નહીં. તેમના વ્યક્તિત્વનો પ્રભાવ એવો છે કે રાય અને રંક સૌને તે પોતાનાં કરી શકે છે.

ભાવનગરના સદ્ગત મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી અને ચંદ્રનગર સોસાયટીનો બચુ પગી બંનેના મનમાં જયભિખ્ખુની પ્રેમાર્દ્ર છબી ઉઠેલી હોય. સામેના માણસના પદને કારણે તેની સાથેના વ્યવહારમાં ભેદ કરવાનું એ શીખ્યા નથી.

સાચદિલ, નિખાલસ મિત્ર ને માર્ગદર્શક તરીકે સ્નેહીમંડળમાં તેમનું સ્થાન હમેશાં ઊંચું રહે છે.

જયભિખ્ખુનું સ્નેહીમંડળ ઘણું બહોળું છે

ગુજરાતમાં અને ગુજરાત બહાર લેખક તરીકે તેમણે જે લોકપ્રિયતા હાંસલ કરી છે, તે અસાધારણ છે. પણ સ્નેહાળ સ્વજન તરીકે તેમણે નાનામોટા સૌનો જે પ્રેમાદર સંપાદન કર્યો છે તે તો વિરલ જ છે.

તેમને આ વર્ષે ( વિ. સં. ૨૦૨૪ ) સાઠ વર્ષ પૂરાં થાય છે. તે નિમિત્તે કશુંક આનંદ–સ્મરણરૂપે કરવાનો વિચાર કેટલાક મિત્રોને આવ્યો. અને રમતાં રમતાં એ વિચાર વહેતો થયો. તેમાં આપસ્ફુરણા અને ઉમળકાથી ગુજરાતનાં વિવિધ સ્થળોએ અને ગુજરાત બહાર વસતી ગુજરાતી પ્રજાએ જે જવાબ વાળ્યો છે તે એમની લોકપ્રિયતાનું જ્વલંત ઉદાહરણ છે. કલકત્તા જેટલે દૂર વસતા ગુજરાતી સમાજમાં તેમને સન્માનવાનો સમારંભ કરવાની ભાવના જાગે અને "નવરોઝ" જેવા પત્રને એમનું યત્કિંચિત્ બહુમાન કરવાની ઇચ્છા થાય તે તેમની લેખક અને વ્યક્તિ તરીકેની સુવાસની વ્યાપકતા દર્શાવે છે.

આજના જમાનામાં દીવો લઈ ને શોધવા જવા પડે તેવા બે ગુણ જયભિખ્ખુની આ સર્વપ્રિયતાના મૂળમાં પડેલા મને દેખાયા છે: એક તેમનો પરગજુ સ્વભાવ અને બીજો મનની નિર્મળતા.

જેની સાથે માત્ર બે આંખ મળ્યાનો સંબંધ થયો હોય તેને માટે પણ કશુંક કરી છૂટવું એવી એમની સદ્ભાવના હમેશાં રહેલી છે. દુઃખિયાનાં આંસુ લૂછવાનું તેમને વ્યસન થઈ પડયું છે, એમ કહીએ તો પણ ચાલે. વિવિધ વ્યવસાયના માણસો સાથેનો સંબંધ, એ માણસો પરસ્પર સહાયભૂત થાય તે રીતે તેઓ ખીલવે છે.

જયભિખ્ખુની યોજક–શક્તિ પણ અજબ છે. તેનો ઉપયોગ બીજાને લાભકારી થાય તે રીતે તેઓ કરે છે. શરીર અશક્ત હોય, આંખો કામ કરતી ન હોય, છતાં કોઈનું કામ થતું હોય તો પોતે કષ્ટ વેઠવામાં આનંદ માને. તેમના આ સ્વભાવને કારણે તેમને આંગણે તેમની સલાહ સૂચના કે મદદને માટે અનેક નાની મોટી તકલીફોવાળાં માણસોનો પ્રવાહ સતત જોવા મળવાનો. ચંદનની સુવાસ એ રીતે ઘસાઈને વાતાવરણને પવિત્ર રાખે છે.

બીજું તેમનો સ્વભાવ બાળકના જેવો નિર્મળ છે. સાચાદિલી અને સાફદિલી નાના પ્રસંગમાં પણ તેમના વર્તનમાં પ્રગટ્યા વગર રહેતી નથી. કહેવું કાંઈ અને કરવું કાંઈ એવી નીતિ પ્રત્યે તેમને નફરત છે. સાચું લાગ્યું તે પરખાવી દેવાની ટેવને કારણે ક્વચિત્ કોઈનો અણગમો પણ વહોરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હશે, પણ તેનાથી તે સત્યની વિડંબના કરશે નહીં. કશું છુપાવવાપણું ન હોવાને કારણે મનમાં કશી ગડભાંજ ભાગ્યે જ રહે છે. આથી ગાંધીજીની માફક ઇચ્છા પ્રમાણે તે ઊંઘ લઈ શકે છે.

જયભિખ્ખુનું આતિથ્ય કહેવતરૂપ બની ગયેલ છે. પોતાને ત્યાં આવેલ અતિથિને કોઈ રીતે તકલીફ ન પડે, એટલું જ નહીં, શક્ય તેટલી ઉત્તમ પ્રકારની ખાતરબરદાસ્ત કરવાનું આર્ય ભાવનાનું ઉજ્જવલ દૃષ્ટાંત તેમના ઘરમાં જોવા મળે છે.

સર્વશ્રી ધૂમકેતુ, ગુણવંતરાય આચાર્ય, કલાકાર કનુ દેસાઈ, મનુભાઈ જોધાણી, મધુસૂદન મોદી, અનંતરાય રાવળ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સંચાલક બંધુઓ સ્વ. શંભુભાઈ અને સ્વ. ગોવિંદભાઈ વગેરેનો ડાયરો શારદા પ્રેસમાં જામતો. તેમાં અલકમલકની વાતો થતી અને આત્મીય ભાવે સૌ નિઃસંકોચપણે ડાયરામાં ભાગ લેતા. એ ડાયરો સંજોગોવશાત્ ધીમે ધીમે વિખેરાયો. તે છતાં આજે ય તેમના ઘેર કલાકારો, લેખકો, સામાજિક કાર્યકરો, મુદ્રણકળાના કારીગરો, પત્રકારો અને શિક્ષકોમાંથી કોઈ ને કોઈ એકઠા મળીને આનંદપ્રમોદ કરતા જ હોય છે.

આનંદ–કિલ્લોલની સાથે કામ કરતા રહેવું અને ગમે તેવા કપરા સંજોગોમાં પણ જીવનના રસકસ ટકાવી રાખવા એ તેમનો ઉદ્દેશ છે, ને એ દિશામાં તેમનો પ્રશસ્ય પુરુષાર્થ પણ છે.

ઉપર વર્ણવેલ વ્યક્તિત્વનું સીધું પ્રક્ષેપણ તેમનાં લખાણોમાં જોવા મળે છે. રસપૂર્ણ પણ ગંભીર સાહિત્ય પીરસવાનો તેમનો ઉદ્દેશ હંમેશાં રહેલો છે. અભિવ્યક્તિ સચોટ હોવી જ જોઈએ, પણ સાથે સાથે ઉત્કૃષ્ટ જીવનભાવનાનું લક્ષ્ય પણ સધાવું જોઈએ એમ તેઓ માને છે. આ લક્ષ્યને સિદ્ધ કરવા માટે

જ પોતે સાહિત્યિક કામગીરી બજાવી છે એમ તેમનું કહેવું છે.

નવલકથા, ટૂંકી વાર્તા, નાટક અને ચરિત્ર ઉપરાંત બાળસાહિત્યનું પણ તેમણે સુપેરે સર્જન કરેલું છે. પત્રકાર અને કટારલેખક તરીકે પણ તેમણે સારી ચાહના મેળવી છે. તેમણે જૈન ગુરુકુળમાં ધાર્મિક શિક્ષણ લીધું હતું. મધ્યભારતનાં જંગલો અને પ્રકૃતિના સૌન્દર્યનાં ધામોમાં કરેલો રઝળપાટ તેમની લેખન–પ્રવૃત્તિનું એક અગત્યનું પ્રેરણાસ્થાન ગણાય. સાહસ અને કુરબાની સાથે સદાચાર, નેકી અને વફાદારી વિશે તેમને અસાધારણ પક્ષપાત હોવાથી તે ગુણોને ચરિતાર્થ કરતી ઘટનાઓ ને પાત્રાદિ સામગ્રીનો ઉપયોગ તેમની નવલો ને ટૂંકી વાર્તાઓમાં ખાસ જોવા મળે છે. તેમના સમગ્ર સાહિત્યને સાહસ, સદાચરણ અને કુરબાનીના સાહિત્ય તરીકે કોઈ ઓળખાવે તો તે યોગ્ય લેખાશે.

જૈન ધર્મકથાસાહિત્યમાંથી વસ્તુ લઈને સર્વભોગ્ય નવલકથા લખનાર શ્રી. જયભિખ્ખુ કદાચ પહેલા જ ગુજરાતી લેખક છે.

ધર્મ જીવનવ્યાપી હવા છે. તેને કલાની મોરલીમાંથી ફૂંકવાની ફાવટ બહુ થોડા લેખકોમાં હોય છે. શ્રી. જયભિખ્ખુ એ કાર્ય પ્રશસ્ય રીતે બજાવી શક્યા છે. પ્રાચીન ધર્મકથાને નવીન રસસંભૃત નવલકથારૂપે આસાનીથી યોજી બતાવીને એ દિશામાં તેમણે આદરણીય પહેલ કરી છે. તેમણે લખેલી ' ભગવાન ઋષભદેવ, ' 'ચક્રવર્તી ભરતદેવ ', 'નરકેશ્વરી યા નરકેસરી ', 'સંસારસેતુ', 'કામવિજેતા સ્થૂલિભદ્ર', ' પ્રેમનું મંદિર ', 'લોખંડી ખાખનાં ફૂલ ', અને 'પ્રેમાવતાર ' જેવી ઐતિહાસિક તથા પૌરાણિક વસ્તુ પર આધારિત નવલકથાઓએ જૈન સમાજ ઉપરાંત જૈનેતર સમાજનો પણ સારો ચાહ મેળવ્યો છે.

તેઓ જૈન કથાવસ્તુમાંથી સાંપ્રદાયિક તત્ત્વને ગાળી નાંખીને તેને માનવતાની સર્વસામાન્ય ભૂમિકા ઉપર સ્થાપી બતાવે છે. અનેક સાંપ્રદાયિક સંકેતોને તેમણે પોતાની સૂઝથી બુદ્ધિગમ્ય બનાવી આપ્યા છે. ધર્મકથાના ખોખામાંથી લેખકની દીપ્તિમંત સૌષ્ઠવભરી કલ્પના માનવવૃત્તિઓના સંઘર્ષથી ભરપૂર, પ્રાણવંતી વાર્તા સર્જે છે અને વિવિધરંગી પાત્રસૃષ્ટિ ઊભી કરે છે. આમ કરવામાં તેમની વેગીલી ને ચિત્રાત્મક શૈલી પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

જયભિખ્ખુની શૈલી સંસ્કૃત સાહિત્યના અભ્યાસથી ઘડાયેલી હોઈ આલંકારિક સુશોભનવાળી હોય છે, પણ તેનામાં નૈસર્ગિક ચેતના છે જે તેને જૂની ઘરેડમાં લુપ્ત થતી બચાવે છે. શિષ્ટતા અને સરસતા તેમના મુખ્ય ગુણો છે. આપણું ધર્મકથાસાહિત્ય પ્રેરક અને રસિક નવલકથા માટે કેટલા મોટા પ્રમાણમાં કાચો માલ આપી શકે તેમ છે તેનું નિદર્શન શ્રી જયભિખ્ખુની નવલકથાઓ દ્વારા થાય છે.

તેમણે લખેલી ' વિક્રમાદિત્ય હેમુ ', ' ભાગ્યવિધાતા ', ' દિલ્હીશ્વર ' વગેરે છએક ઐતિહાસિક નવલોમાં વખણાયેલી નવલ ' પ્રેમભક્ત કવિ જયદેવ ' છે. વૈષ્ણવ સંપ્રદાયને બાધક ન નીવડે અને પ્રેમલક્ષણા ભક્તિને પૂરો ન્યાય મળે એ દૃષ્ટિએ કવિ જયદેવનું પાત્ર તેમણે આલેખ્યું છે. જયદેવ અને પદ્માના પ્રેમનું તેમણે કરેલું નિરૂપણ ચિરસ્મરણીય છે.

' માદરે વતન ', ' કંચન અને કામિની ', ' યાદવાસ્થળી ', ' પારકા ઘરની લક્ષ્મી ', ' અંગના ', ' પ્રેમપંથ પાવકની જ્વાલા ', ' કાજળ અને અરીસો ', ' કન્યાદાન ', ' મનઝરૂખો ', ' સૂલી પર સેજ હમારી ' અને ' પગનું ઝાંઝર ' વગેરે તેમના ટૂંકી વાર્તાના સંગ્રહો છે.

ટૂંકી વાર્તા લખવાની તેમની પદ્ધતિ સીધી, સચોટ અને કથનપ્રધાન હોય છે. પ્રસંગકથન દ્વારા કોઈ ને કોઈ તત્ત્વ ઉપસાવી આપવાનું પ્રયોજન ટૂંકી વાર્તા લખતી વખતે તેમની સમક્ષ હોય છે. એટલે બોધકતા તેમાં આવી જાય છે, જે જૂની શૈલીનું સાતત્ય દર્શાવે છે. ' પારકા ઘરની લક્ષ્મી ' તેમનો સૌથી વિશેષ લોકપ્રિય નીવડેલો વાર્તાસંગ્રહ છે.

વાર્તાકાર તરીકે તેમની ખરી વિશિષ્ટતા જૂની પંચતંત્ર શૈલીમાં તેમણે લખેલી જૈન, બૌદ્ધ અને હિંદુધર્મની પ્રાણીકથાઓમાં પ્રતીત થાય છે. ઉપરાંત બાળકો અને પ્રૌઢો માટે લખેલી દીપકશ્રેણી,

ફૂલશ્રેણી અને રત્નશ્રેણીની પુસ્તિકાઓ ઘણી વંચાય છે.

બાળસાહિત્યના અગ્રણી લેખક તરીકે શ્રી જયભિખ્ખુએ છેલ્લાં દસ પંદર વર્ષ દરમિયાન સરકાર અને પ્રજા બંને પાસેથી ઉત્તમ પ્રતિષ્ઠા મેળવી છે.

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તેની પહેલાં પુસ્તકોને સરકાર તરફથી પારિતોષિક આપવાની યોજના થઈ હતી. ત્યારથી આજ સુધીમાં ભાગ્યે જ એવું કોઈ વર્ષ ગયું હશે જેમાં શ્રી જયભિખ્ખુને ઈનામ નહીં મળ્યું હોય. કિશોરોને સાહસ કરવા પ્રેરે તેવી વાર્તાઓ તેમણે 'જવાંમર્દ શ્રેણી'માં આપેલી છે.

તેમણે લખેલાં નાટકો 'ગીત ગોવિંદનો ગાયક' તથા 'રસિયો વાલમ' સચોટ સંવાદો, સુંદર તખ્તાલાયકી અને ઉચ્ચ ભાવનાદર્શનને કારણે રેડિયો અને રંગભૂમિ પર સફળ પ્રયોગ પામેલ છે.

શ્રમણ ભગવાન મહાવીરનું તેમણે આલેખેલું 'નિર્ગ્રંથ ભગવાન મહાવીર' નામનું ચરિત્ર શ્રી ગોપાળદાસ પટેલે આપેલી 'મહાવીર કથા' પછી ગુજરાતીમાં લખાયેલું બીજું સળંગ મહાવીર ચરિત છે. શૈલીની સરળતા, વિગતોની પ્રમાણભૂતતા અને વસ્તુની ભવ્યોદાત્ત પ્રેરકતાને કારણે એનું સાહિત્યિક મૂલ્ય ઊંચું છે.

આમ શ્રી જયભિખ્ખુનું સાહિત્ય સંગીન અને માતબર છે.

તેઓ સફળ પત્રકાર છે. 'ગુજરાત સમાચાર'માં વર્ષોથી તેઓ 'ઈંટ અને ઇમારત'ની કટાર લખે છે. તેનાથી તેમને વિશાળ વાચક સમુદાય મળેલો છે. ભૂતકાળની માફક વર્તમાનકાળની ઘટનાઓને સાહિત્યિક આકૃતિમાં ઢાળવાની તેમને નૈસર્ગિક ફાવટ છે. છેક નજીકના વર્તમાનનું વસ્તુ પણ તેમની સચોટ શૈલી અને પ્રગલ્ભ કલ્પનાના સ્પર્શથી સાહિત્યિક અપાર્થિવતા ધારણ કરી શકે છે. શ્રી જયભિખ્ખુની સર્જક પત્રકાર તરીકે આ વિશિષ્ટ સિદ્ધિ છે. આ દૃષ્ટિએ તેમને 'ક્લાસ'ના કરતાં 'માસના' લેખક વિશેષ કહી શકાય.

પણ લેખકોના મૂલ્યાંકન માટે તેમના પ્રગતિશીલ અને રૂઢિચુસ્ત, સુધારક અને સંરક્ષક, શિષ્ટ અને મસ્ત, પ્રૌઢ અને છીછરા એવા ભેદ પાડવા તે ખુદ સરસ્વતીની અવહેલના કરવા બરાબર ગણાય. જ્યાં અને જ્યારે સર્જન થાય ત્યાં અને ત્યારે તે જીવનના સંવેદનની સોડમ પ્રગટ કરે અને એ અભિવ્યક્તિમાં તાજગીનો હૃદયને અનુભવ થાય તે જ મહત્ત્વનું છે. પછી જૂના–નવાના લેબલનો કશો અર્થ રહે નહીં. સંદેશો, શૈલી, લઢણ, વલણ વગેરેને એક બાજુએ મૂકીને સર્જનને જીવનના આવિષ્કાર તરીકે જ જોઈએ– મુલવીએ તો પણ તે કસોટીમાં શ્રી જયભિખ્ખુની અનેક કૃતિઓ ટકી શકે તેમ છે.

ટી. એસ. એલિયટે એક ઠેકાણે કહ્યું છે કે કોઈ કૃતિને મહાન કલાકૃતિ તરીકે મુલવવી હોય તો તેની કલાની દૃષ્ટિએ કસણી કરવી ઘટે, પણ જો તેને મહાન કૃતિ તરીકે જોવી હોય તો તેમાંથી પ્રગટ થતી જીવનભાવનાની દૃષ્ટિએ તેની પરીક્ષા કરવી જોઈએ. આ ધોરણે તપાસતાં અવેર, સંપ, સત્ય, પ્રેમ, અહિંસા વગેરેનો સંદેશો લઈને આવતી જયભિખ્ખુની અનેક કૃતિઓ પવિત્ર આનંદ અને સંતોષનો અનુભવ કરાવે તેમ છે.

તેમની ષષ્ટિપૂર્તિ નિમિત્તે સ્થપાયેલું શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ પણ તેમના જ આદર્શ અનુસાર તેમના સાહિત્યનું તેમ તે પ્રકારના અન્ય સાહિત્યનું પ્રકાશન કરશે. એ પણ તેમની તંદુરસ્ત અને પ્રેરક જીવનદૃષ્ટિ ઘડી આપે તેવું સાહિત્ય આપવાની ભાવનાને અનુરૂપ છે.

ગુજરાતી–ભાષી જનતાને તેમની શક્તિઓનું ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત થાઓ. અને તે માટે ઈશ્વર તેમને તંદુરસ્તીભર્યું દીર્ઘ આયુષ્ય આપો.

# જીવનમાંગલ્યના પુરસ્કર્તા

ચાંપશી વિ. ઉદ્દેશી

**પ્રભુએ** જ્યારે માનવીને માનવજીવન આપ્યું છે ત્યારે માનવીએ કેવળ પોતાના સાહિત્યસર્જનમાં જ નહિ પણ પોતાના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવનમાંગલ્યની જ દૃષ્ટિ રાખવી ઘટે છે.

માનવઅવતાર મોંઘો લેખાય છે. એ અવતાર કેવળ તર્ક, વિતર્ક, કુતર્ક કે બુદ્ધિના ગમે તેવા આડાઅવળા કે સીધાઊંધા આટાપાટા ખેલવામાં વીતી જાય એ ઇષ્ટ નથી. માનવીનો ધર્મ, માનવતા, ક્ષણમાત્ર માટે પણ માનવીની નજર સમક્ષથી ખસવી જોઈએ નહિ. સાહિત્યસર્જક કાજે તો આવી દૃષ્ટિ સવિશેષ આવશ્યક છે.

ગુજરાતી સાહિત્યસર્જકોમાં જીવનમાંગલ્યના પુરસ્કર્તા જે થોડાક સાહિત્યકારો અત્યારે નજરે પડે છે તેમાં 'જયભિખ્ખુ' (બાલાભાઈ વીરચંદ દેસાઈ) નું સ્થાન અનિવાર્ય રીતે ઉલ્લેખનીય છે, કેમ કે તેમણે આજ સુધીમાં સર્જેલી નાનીમોટી ૩૦૦ કૃતિઓમાંની એક પણ કૃતિ જીવનમાંગલ્યવિહોણી નથી! પ્રજાને ગલગલિયાં કરાવનારું કે પ્રજાને બગાડનારું સાહિત્ય એમણે કદીય આપ્યું નથી. અને છતાં આશ્ચર્ય અને આનંદનો વિષય તો એ છે કે તેઓ જીવનભર કલમજીવી જ રહ્યા છે અને કલમ દ્વારા એમણે ઠીક ઠીક અર્થોપાર્જન પણ કર્યું છે. 'શ્રેય' અને 'પ્રેય' બેઉને એકી સાથે સાધનારા કોઈક કીમિયાગર તરીકે એમને ઓળખાવી શકાય.

ચોવીશ વર્ષની વયે કલમને ખોળે માથું મૂકનાર આ સાહિત્યસેવકે લેખનના ધંધામાં–એને ધંધો કહી શકાતો હોય તો–સહન કરવાં પડતાં કષ્ટોનો સારો સરખો અનુભવ કર્યો છે. અને છતાં એમણે તારવી બતાવ્યું છે કે લેખકજીવનમાં જો તમે ખંત, સંતોષ, ધીરજ અને સાતત્ય એકધારી રીતે જાળવી શકો તો એવું જીવન જીવ્યાનો પશ્ચાત્તાપ કરવાનો સમય મોટે ભાગે નહિ જ આવે. માત્ર તમારી નિષ્ઠા શુદ્ધ અને તમારું સર્જનધ્યેય જીવનમાંગલ્યકર હોવાં જોઈએ.

જૈન સાહિત્યની ગણનાપાત્ર સેવા તો એમણે કરી જ છે. એ માટે એમને 'સ્વ. બુદ્ધિસાગરસૂરિ સુવર્ણચન્દ્રક' પણ મળ્યો છે. પરંતુ જૈનેતર સાહિત્યનું એમનું પ્રદાનેય કંઈ નાનુંસૂનું નથી.

એમનાં સર્જનોમાં બે વિશિષ્ટતાઓ ખાસ આગળ તરી આવે છેઃ એક તો એ કે લખવા માટે કોઈ પણ વિષય, કોઈ પણ કથાવસ્તુ કે કોઈ પણ ચરિત્રનિરૂપણ તેઓ એવું પસંદ નથી કરતા, જે આદર્શ ન હોય, પ્રજાઘડતરમાં ઉપયોગી બને એવું ન હોય કે જીવનોત્થાનમાં ઓછો વત્તો ભાગ ભજવે એવું ન હોય.

બીજી વિશિષ્ટતા તે એમની 'આગવી' શૈલી. શબ્દોની ફૂલગૂંથણી કોઈ અજબ અને અનોખી રીતે તેઓ કરી શકે છે. કોઈક નાના સુંદર સુવિચારને કે પ્રસંગને તેઓ પોતાની એવી વિશિષ્ટ શૈલીથી સુપેરે બહેલાવી શકે છે. કોઈક કોઈક વાર એ શૈલી 'દીર્ઘસૂત્રી' બની જાય છે ખરી, છતાં નવાઈ જેવું તો એ છે કે એ શૈલી કદીય 'ક્લિષ્ટ' બનતી નથી.

જીવનભાવનાનું, આદર્શનું કે સુવિચારનું કોઈક એવું બળ એ શૈલીમાં પ્રાણ પૂરતું હોય છે કે એ શૈલી સદાય સજીવ અને બળવત્તર જ લાગે છે. કોઈક નિરાળા પ્રકારની રસાળતા એમાં જડી આવે છે. વળી એ શૈલી એમની પોતીકી જ છે અને મહદ્ અંશે મૌલિક છે.

બીજી એક વાત. ગુજરાતી સાહિત્યમાં અત્યારે એક મોટું ભયસ્થાન ઊભું થયું છે, એ છે અગમ્યતા દ્વારા વિદ્વત્તા દર્શાવવાનો દંભ. સાહિત્યસર્જન જેટલું જટિલ એટલું ઊંચી કોટિનું એવી ભ્રામક માન્યતાનો ભોગ અત્યારના આપણા કેટલાક લેખકો જ નહિ પણ દુર્ભાગ્યે વિવેચકોયે થઈ પડ્યા છે!

'આપણે શા માટે અને કોને માટે લખીએ છીએ' એ અંગેનો તાત્ત્વિક અને મૂળભૂત હેતુ જ હવે ભુલાઈ ગયો છે! પણ શ્રીયુત 'જયભિખ્ખુ'એ કદી ય અગમ્યતાના અંચળા હેઠળ પોતાની વિદ્વત્તા દર્શાવવાનો યત્ન કર્યો નથી. સાહિત્ય આમ જનતાના ઉત્થાન માટે છે, જીવનઘડતર માટે છે તથા જીવનમાંગલ્ય માટે છે એ સત્ય સદૈવ એમણે પોતાની નજર સમક્ષ રાખ્યું છે. એમનું સમગ્ર સાહિત્ય સ્વચ્છ, નિર્મળ, જીવનાનુરૂપ અને માંગલ્યકર છે.

હવે એમના વ્યક્તિત્વ વિશે. એમના ગાઢ પરિચયમાં આવવાનું સૌભાગ્ય તો મને સાંપડ્યું નથી, પણ જે થોડોઘણો પરિચય મને એમનો થયો છે તે પરથી એમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓ આલેખવાનો અત્રે યત્ન કરું છું.

સાહિત્યને જીવનનિર્વાહના સાધન તરીકે સ્વીકારીને આપબળે આગળ વધેલા આ સજ્જને મધ્યમ વર્ગના વિશાળ કૌટુંબિક જીવનનો અને જીવનની તડકીછાંયડીનો સારો સરખો અનુભવ પામીને પોતાનું જીવન ઘડ્યું છે.

આદર્શવાદી હોવા છતાં તેઓ એટલા જ વ્યવહારુ પણ છે. આદર્શ અને વ્યવહારનું સુભગ મિશ્રણ એમના રોજિંદા વ્યવહારમાં નજરે પડે છે. તેઓ જેમ અંધ આદર્શવાદી નથી તેમ જડ અને નિષ્ઠુર વ્યવહારવાદી પણ નથી. વ્યવહારમાં સદાય સાવચેત, સૂક્ષ્મ દૃષ્ટિવાળા અને સમાધાનકારી વૃત્તિ ધરાવનારા રહ્યા છે.

ચતુર મુત્સદ્દીગીરીનો થોડોક અંશ પણ એમનામાં ખરો. પણ એ મુત્સદ્દીગીરીને તેઓ સદાય સ્વરક્ષણની ઢાલ રૂપે જ વાપરતા રહ્યા છે. એ મુત્સદ્દીગીરી આક્રમક, વિનાશક કે અનિષ્ટ તત્ત્વો ધરાવનારી નથી. એમનામાં રહેલી સાવચેતીની પ્રચુર માત્રાનો જ એક અંશ એ મુત્સદ્દીગીરી છે એમ કહી શકાય.

મિષ્ટભાષી, સૌજન્યશીલ અને સૌમ્ય આ સજ્જન સાથે વાતચીત કરતાં મોટે ભાગે તમે પ્રસન્ન જ થાઓ. કડુ સત્યને પણ કટુતા વિના રજૂ કરવાની કલા એમને વરી છે.

પણ એમના વ્યક્તિત્વ વિશે સૌથી વધુ માન ઉપજાવનારું તો એમનું ચારિત્ર્ય જ છે. આજે જ્યારે સુંદર વિચારો પ્રજાને આપનારા અને 'મહાન' તથા 'પ્રતિષ્ઠિત' લેખાતા લેખકોમાંના કેટલાક જ્યારે ચારિત્ર્યહીનતાથી કલુષિત થયેલા નજરે પડે છે ત્યારે આ સજ્જનની ચારિત્ર્યશીલતા, ચારિત્ર્યદૃઢતા અને ધર્મભાવના વંદનીય છે. સાદા પણ એટલા જ. વિલાસ એમને સ્પર્શવાની હિંમત કરી શક્યો નથી.

એમણે પોતાનું સ્વાસ્થ્ય પણ ઠીક ઠીક જાળવી રાખ્યું છે અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની પ્રાપ્તિ માટે શારીરિક સંપત્તિ પણ એક મહત્ત્વનું સાધન છે એ સત્ય તેઓ સુપેરે સમજ્યા છે, કેમ કે તેઓ સાદું, પવિત્ર, પરિશ્રમી અને પ્રેમાળ કૌટુંબિક જીવન ગાળવામાં માને છે,

એમનો સ્નેહીવર્ગ વિશાળ છે. આનું કારણ કેવળ એમની મિષ્ટભાષિતા કે વ્યવહારપટુતા જ નથી, પણ અંગ્રેજીમાં જેને obliging nature કહી શકીએ એવા એ સજ્જન છે.

પ્રભુ એમને દીર્ઘાયુ આપો ને એમનો જીવનપંથ સદાય મંગલમય બની રહો!

# સફળ કલમબાજ

*

**શ્રી. અનંતરાય રાવળ**

**શ્રી.** બાલાભાઈ દેસાઈના 'જયભિખ્ખુ' એ ઉપનામથી મારા જેવા ઘણાઓને એ કોઈ જૈન સાધુ હશે એવો વહેમ આવ્યો હશે, જે એમને પહેરણ, બંડી અને સફેદ ટોપીના ગૃહસ્થવેશમાં પ્રત્યક્ષ જોયા પછી જ દૂર થયો હશે.

શ્રી. જયભિખ્ખુ સાધુશાઈ ઉપનામ એકલું જ નહિ, એમની ઘણી કથાઓનું જૈન પુરાણકથાઓ અને ધર્મકથાઓનું વસ્તુ પણ આને માટે જવાબદાર ગણાય. 'ઉપવન' અને 'વીર ધર્મની વાતો' તથા ભગવાન ઋષભદેવ, ભરત–બાહુબલિ, શ્રેણિક, સ્થૂલિભદ્ર, મેતારજ આદિ પુરુષ-વિશેષોને નાયક બનાવતી એમની નવલકથાઓ દ્વારા જૈન ધર્મનું મર્મ–પ્રકાશન, બિનસાંપ્રદાયિક રજૂઆત અને અર્વાચીન ઢબની રસાળ સાહિત્યિક લખાવટથી આજની પેઢીના જૈન તેમજ જૈનેતર વાચકવર્ગને કરાવીને 'જયભિખ્ખુ'એ જૈન ધર્મની વ્યાપક ભૂમિકા પર નોંધપાત્ર સેવા બજાવી છે.

જૈન ધર્મ અને સમાજની આવી સેવા બજાવનાર 'જયભિખ્ખુ'એ સાધન કલમનું પકડયું છે અને વૃત્તિ સાહિત્યલેખનની રાખી છે, કારણ તેમની પ્રકૃતિ સાહિત્યસર્જકની છે. આણે તેમના રસ અને વિષય–વસ્તુનો પટ વિશાળ બનાવ્યાં છે. એથી જૈન ધર્મપુરુષો અને તેમને લગતી કથાઓના સીમિત વર્તુળની બહાર જઈ તેમણે અકબર, હેમુ અને બહેરામખાન વિશે ત્રણ ઐતિહાસિક નવલકથાઓ અને 'ગીત ગોવિંદ'ના અમર ગાયક જયદેવ ઉપર એક નવલકથા લખી છે.

જૈન ધર્મના જેટલી હિંદુ પુરાણો, ભાગવત, રામાયણાદિ અને 'ગીત ગોવિંદ' જેવી કૃતિઓની તેમની જાણકારી આમાં તેમને ઘણી કામ લાગી છે. 'યાદવાસ્થળી' જેવા પુસ્તકમાંની પૌરાણિક–ઐતિહાસિક વાર્તાઓ તથા સિદ્ધરાજ જયસિંહ પરનું પુસ્તક ભારતીય અને ગુજરાતના ઇતિહાસમાંથી પોતાના પ્રયોજનને પોષક વસ્તુ ઉપાડી તેને રોચક સ્વાંગમાં રજૂ કરવાની 'જયભિખ્ખુ'ની કુશળતા દેખાડી આપે છે.

આ સાથે સાંપ્રત સમાજ અને જીવન ઉપર દૃષ્ટિ રાખતા રહી તેમણે તેમાંથી પણ પોતાની ઘણી સામાજિક વાર્તાઓનું વસ્તુ ઉપાડયું છે. એમનાં 'પારકા ઘરની લક્ષ્મી' અને 'ઝાંસીની રાણી' જેવાં પુસ્તકો એમની સ્ત્રીઓની વિટંબણા પ્રત્યેની હમદર્દી અને નારી માટેનો આદરભાવ દેખાડે છે. પણ 'જયભિખ્ખુ'ને સ્ત્રીઓના સમભાવી વીરા કરતાં કિશોર–તરુણ વિદ્યાર્થીવર્ગના વત્સલ મિત્ર અને પ્રેરણાશિક્ષકનું કામ વિશેષ ગમ્યું અને ફાવ્યું છે. 'વિદ્યાર્થી વાચનમાળા'ની એમની સંખ્યાબંધ પુસ્તિકાઓ, તરુણોને સાહસ અને વીરતાની પ્રેરણા આપતી એમની 'જવાંમર્દ' શ્રેણીની કથાઓ, અને બાળકોને મનોરંજન સાથે નીતિ, દેશભક્તિ ઇત્યાદિના સારા સંસ્કાર આપવા મથતું તેમણે ઠીક પ્રમાણમાં લખેલા બાળસાહિત્યે 'જયભિખ્ખુ'ને છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાતના એક ગણનાપાત્ર બાળ–કિશોર–તરુણ સાહિત્યના લેખકનો યશ ગાંઠે બંધાવ્યો છે. 'ઝગમગ'ના એક ચાલુ લેખક તરીકે પોતાની સેવા ગુજરાતનાં બાળ–વાચકોને તે અત્યારે પણ અર્પી રહ્યા છે.

કલમ ઉપર–લેખન ઉપર, હવે જીવી શકાય છે એ સિદ્ધ કરવા અત્યારે જે કેટલાક લેખકોનાં નામ દાખલા તરીકે આપી શકાય તેમાં 'જયભિખ્ખુ'નું પણ ખુશીથી મૂકી શકાય. એ સફળ કલમબાજ છે. ઝમકદાર, રસાળ, પ્રવાહી ગદ્યશૈલી કેળવી લઈ તેમણે પોતાનો વાચકવર્ગ ઊભો કરી દીધો છે. એમની કલમ 'ગુજરાત સમાચાર' દૈનિકના વાચકોની સેવામાં દર સપ્તાહે 'ઈંટ અને ઇમારત' તથા 'જાણ્યું છતાં અજાણ્યું' એ બે શીર્ષકોનાં કૉલમોમાં કશીક મનોરંજક તથા ઉપયોગી સામગ્રી લઈને હાજર થાય છે. એમાંની પહેલી લેખમાળાનું ચોકઠું સૌને તેના પર નજર ફેરવી જવા લલચાવતું આવ્યું છે. બીજી લેખમાળા ચમત્કારો, સિદ્ધિઓ, અગમ્યવાદ, ભૂતપ્રેતાદિ યોનિઓ, વગેરે વિશેનો એમનો રસ બતાવી એમના એક બીજા જ પાસાનો પરિચય કરાવે છે.

એવા એમના વ્યક્તિત્વનું એક બીજું પાસું તે કલાત્મક છાપકામ, ટાઈપો, ચિત્રોના રંગ, બ્લૉકની ગોઠવણી ઈ. વિશેની એમની જાણકારી અને દૃષ્ટિ. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શારદા મુદ્રણાલયના વ્યવસ્થાપક તરીકેના અનુભવે અને કામગીરીએ તેમજ શ્રી. કનુભાઈ દેસાઈ, શ્રી 'ચંદ્ર' આદિ ચિત્રકાર મિત્રોના સંપર્કે તેમની આ વિષયની કુશળતા અને નજરને કેળવી તેમજ વધારી આપી ગણાય.

વ્યક્તિ તરીકે શ્રી. બાલાભાઈ સ્નેહાળ, મળતાવડા, વ્યવહારદક્ષ, મિત્રો કરવામાં અને મૈત્રી નભાવી રાખવામાં કુશળ અને સૌ કોઈનું કામ કરી છૂટે એવા છે. એમની આ ગુણસંપત્તિએ એમને બહોળું મિત્રમંડળ સંપડાવ્યું છે, જે એમની ષષ્ટિપૂર્તિ લાગણી અને ઉત્સાહથી ઊજવી રહ્યું છે.

એમના આ ષષ્ટિપૂર્તિ પ્રસંગે લેખક અને વ્યક્તિ તરીકે એમની શક્તિ અને ગુણો પ્રત્યે મારો સદ્ભાવ પ્રગટ કરી, પરમાત્મા એમની હવે પછીની જીવનયાત્રાને નિરાપદ અને ઓર સુફલા બનાવો એમ પ્રાર્થું છું.



'**તમારો** દેહ નહિ, પણ એ દેહની અંદર સૂતેલો આત્મા જાગ્રત કરીશ. તમારા આત્માને જાગ્રત કરવા માટે અંતરની ભાવનાને, અતીન્દ્રિય શક્તિને આવાહન આપ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. એ અતીન્દ્રિય શક્તિથી તમારા અને તમારા પ્રતિસ્પર્ધી આત્માને જાગ્રત કરીશ, એની મોહનિદ્રા ઉડાડીશ, પૃથ્વીના કટકા પાછળ આત્માના ટુકડા કરવા તૈયાર થયેલા તમારા મનને વારીશ. મન સમજ્યું એટલે તમે સમજ્યા જ છો. તનની લડાઈ ભયંકર નથી, મનની લડાઈ જ ભયંકર હોય છે.'

**'ચક્રવર્તી ભરતદેવ'માંથી**

# હૃદય વખાણું તાહરું !

ભક્તકવિ શ્રી. દુલાભાઈ 'કાગ' પદ્મશ્રી

ભાઈઓ,

ગૂર્જર શારદાના સુપુત્ર શ્રી બાલાભાઈની ષષ્ટિપૂર્તિ આપ ઉજવી રહ્યા છો, એ માટે હજારો ધન્યવાદ સાથે આશીર્વાદ.

આ ગૌરવ આપણુ સહુનું છે.

'જયભિખ્ખુ' એ શબ્દ માત્ર બોલવામાં જ નહિ પણ મૂર્તિમાન બન્યો છે દિલમાં.

બાલાભાઈ (જયભિખ્ખુ)ના લેખની એક લીટી વર્ષો પહેલાં છાપામાં વાંચી, હું ઘાયલ બનેલો. એ લીટી તે એ કે–

કાળ ભગવાન શ્રીરામને કહે છે,

'હે રામ! નાટક પૂરું થયા પછી પાત્ર એનો એ વેશ પહેરી રાખે તો બહુ જ ભૂંડો લાગે.'

મેં પત્ર લખ્યો કે આપ મજાદર મારે ત્યાં આવો અથવા હું ત્યાં મળવા આવું.

તેમનો ઉત્તર આવ્યો કે નાગરવેલને આંબો નોતરે, એવું આ નોતરું ઝીલી હું જ મજાદર આવું છું.

આ વિનય, સહૃદયતા અને પવિત્ર ભાવના બાલાભાઈમાં જે છે તે મેં હજુ સુધી કયાંય દીઠી નથી. તેમનામાં રહેલી માનવતા એ અદ્દભુત વસ્તુ છે. તેમની લેખણ પર માતા સરસ્વતીના ખમકારા થાય છે. તેમનું આતિથ્ય નહેડાંને પણ શરમાવે તેવું છે.

મોટું મન અને લાંબા હાથ એવાં ધર્મપત્ની જયાબહેન મળવાં તે ભગવાનની આગવી કૃપાનું ફળ છે.

'પેટકી પવિત્રતા પ્રસિદ્ધ હોત પુત્રમેં.' ચિ. કુમાર એ એના હૃદયની પવિત્રતાની પ્રતિમા જેવો છે. મારા જેવા અલગારી માનવી પણ એવા વિચાર કરે છે કે સાવ ઘડપણ આવે ત્યારે બાલાભાઈના ઘેર સેવા–ચાકરી માટે જાઉં. આ શ્રદ્ધાને પામવું એ નાનીસૂની વાત નથી.

બીજી વાત કહ્યા વિના રહી શકતો નથી કે જગત ભક્ત બને પણ કુટુંબ તો દ્વેષ કરે, અને કાં ઉદાસીન રહે. પણ બાલાભાઈના પુણ્યનો પાર નથી. શ્રી રતિભાઈ (ર. દી. દેસાઈ) તથા છબીલભાઈ, જયંતીભાઈ આદિ જેવા ભાઈઓ તથા ચંપકભાઈ દોશી અને રસિકભાઈ વકીલ જેવાના મામા થવાનું સુભાગ્ય એમને મળ્યું છે.

શ્રી. ચંપકભાઈ તથા રસિકભાઈ–આ બંને ભાઈઓની બાલાભાઈમાં ફક્ત એટલી જ ભક્તિ છે કે જેટલી શ્રી રામમાં હનુમાનને હતી.

આજે મુંબઈ અને ગુજરાત પોતાના એક સાક્ષરનું બહુમાન કરી કૃતાર્થ બને છે; મજાદર બેઠાં પણ હું તેમાં ભાગ લઉં છું.

બાલાભાઈ આરોગ્યસહિત સો વર્ષ જીવે ને અમારું ઘડપણ પાળે એ આશીર્વાદ.

ચારણ કવિ પાસે આશીર્વાદ વિના બીજું શું હોય? આ સંદેશો લખતાં મારું હૈયું ભરાઈ આવે છે. હરિ ઓમ્.

'વાત વખાણું વાણિયા કે કલમ વખાણું ભાઈ?
'હૃદય વખાણું તાહરું, ભવ ભવ બાલાભાઈ.'

શુભેચ્છક

'કાગ'ના આશીર્વાદ

મજાદર

તા. ૨૫–૬–૬૮

# ગુજરાતનું એક અણમોલ રત્ન

*

મહંતશ્રી શાન્તિપ્રસાદજી મ. વેદાંતાચાર્ય, અન્નદપીઠાધીશ

**સાક્ષરવર્ય** વિનયવિવેકમૂર્તિ, ઉદારચેતા શ્રીમાન બાલાભાઈ 'જયભિખ્ખુ' ને સાઠ વર્ષ પૂરાં થયાં છે.

ષષ્ટિપૂર્તિ સમારોહનો મહાન ઉત્સવ અને તેની સ્મૃતિ કાયમ રહે તે હેતુથી તેમના અતિ નિકટના સ્નેહી, સજ્જન આપ્તમંડલે શ્રી 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ'ની એક પુનિત યોજના ઘડી કાઢી છે. આ યોજનામાં જેનાથી જેવી રીતે સહયોગ અપાય તેમ આપવા માટે સૌને સદ્વિચાર સૂઝ્યો છે. તે રીતે મને પણ જાણ થતાં મારા હૃદયમાં પણ બે અક્ષર લખવા માટે ઊર્મિ જાગી.

જો કે હું બહુ લેખો લખતો નથી, તેમ જ તેમાં બહુ રસ પણ નથી ધરાવતો : અને મારો માર્ગ અને ધ્યેય પણ જુદું છે. તથાપિ આવી એક સહૃદય વ્યક્તિ માટે અંતરનું આકર્ષણ જાગેલું હોઈ બે શબ્દ લખવા પ્રેરાયો છું.

શ્રી 'જયભિખ્ખુ'ભાઈ માટે કયા શબ્દોમાં તેમનો આદરસત્કાર કરવો અને સન્માનવા તે એક મૂંઝવતો પ્રશ્ન છે, અને તેમાંયે મારા માટે. ગુજરાતનું એક વિદ્દરત્ન આવી અપૂર્વ યોગ્યતા આત્મપુરુષાર્થથી પ્રાપ્ત કરે, અને ભારતમાં લબ્ધ-પ્રતિષ્ઠિત બની સાહિત્યની અપૂર્વ સેવા બજાવે, ગુજ-રાતની જનતાને અપૂર્વ જ્ઞાનનિધિની ભેટ આપે અને તે ભેટ આબાલ–વૃદ્ધ–યુવાનને એકસરખા રીતે મળી શકે—જેમાં ધર્મભેદ ન પડે તેવી શુભદૃષ્ટિ વાપરે, તે આભિજાત્ય જેવું તેવું નથી.

શ્રી. જયભિખ્ખુભાઈએ લેખો દ્વારા, પુસ્તકો દ્વારા, બાલસાહિત્ય દ્વારા, નવલિકાસંગ્રહ દ્વારા, સદ્વાચનગ્રન્થમાળા દ્વારા, વિદ્યાર્થીઓને બોધ-શિક્ષણ દ્વારા, ઉત્તમ મહાપુરુષોનાં જીવનચરિત્રોના ચિત્રણ દ્વારા. અનેક પ્રકારની ભિન્નભિન્ન ગ્રન્થકૃતિ-ઓથી, માસિક, સાપ્તાહિક, પાક્ષિક અને દૈનિક વર્તમાનપત્રો દ્વારા પણ આજ સુધી અવિરત, અખંડ, એકધારા રૂપે અનેક પ્રકારનું સાહિત્ય ગુજરાતની જનતા સમક્ષ પીરસ્યુ છે અને હજી પણ પીરસી રહ્યા છે, તે વસ્તુ સાક્ષર જનતાને સુવિદિત છે. આ એક તેમનો સતત ચાલતો મહાન જ્ઞાનયજ્ઞ છે.

શ્રી. જયભિખ્ખુએ પોતાના જીવનનો મુખ્ય હિસ્સો સાહિત્યસેવામાં વિતાવ્યો છે. આપબળે આગળ વધ્યા છે. સખ્ત પરિશ્રમ અને તપ દ્વારા વિદ્યોપાર્જન કર્યું છે. ન્યાય, સાહિત્ય, નીતિ વગેરેના સંસ્કૃત સાહિત્યમાં પણ પૂર્ણ પરિશ્રમ કરી ઉત્તમ જ્ઞાન સંપ્રાપ્ત કર્યું છે.

સુવર્ણમાં સુગંધની જેમ પિતૃસંપત્તિ દાયભાગ તરીકે પ્રાપ્ત થતી હોવા છતાં તેનો સર્વથા ત્યાગ કરી પોતાના આત્મબળ અને બાહુબળ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખ્યો છે.

સરસ્વતી દેવીની કૃપામાં પૂર્ણ શ્રદ્ધા હોઈ 'તે દેવી મારા જીવનવ્યવહાર સાથે મારી જીવનનૌકા પાર ઉતારશે' તેવી દૃઢ ભાવના સાથે પૂર્ણ કષ્ટ વેઠીને સાહિત્યસેવાને વધાવી લીધી છે, અને પછી તો તેઓએ અનેક પ્રકારના અનુભવો મેળવી ભિન્ન ભિન્ન રૂપે સાહિત્યસેવા કરી છે અને સ્વતંત્ર ગ્રન્થો અને વાર્તાઓના લેખનમાં સર્વથા રત બની પૂર્ણ યશ પ્રાપ્ત કર્યો છે.

તેઓ દ્વારા મને ઘણાં પુસ્તકો ભેટરૂપે મળેલાં છે, અને તેમાંનાં મેં ઘણાંખરા અવલોકર્યાં પણ છે.

હવે જો આ લેખમાં તેનાં નામ લખવા બેસું તો આખી એક સૂચિ થઈ જાય. એટલે તે ગ્રન્થો પૈકી મારા હૃદયને જેણે અસર કરી છે તે થોડાંક નામોનો અહીં ઉલ્લેખ કરીશ. 'પ્રેમભક્ત કવિ જયદેવ', 'કામવિજેતા', 'મનઝરૂખો', 'શૂલી પર સેજ હમારી', વગેરે પુસ્તકોએ મારું ચિત્ત ખૂબ ખેંચ્યું છે.

મને એ વાતની પ્રતીતિ થઈ છે કે જ્યારે જે પ્રસંગે જે રસની જરૂરિયાત દેખાણી છે તે રસને પૂર્ણ મર્યાદામાં રહીને ન્યૂનાધિક માત્રા ન થાય તે ધ્યાનમાં રાખી, ગ્રન્થોમાં ગુંફન કરેલ છે. જ્યાં જેટલી શૃંગાર-રસની જરૂર છે તેટલો જ શૃંગાર રસ વાપર્યો છે, જ્યાં કરુણ રસની જરૂર છે ત્યાં કરુણ રસ અને જ્યાં વીરરસની જરૂર ત્યાં વીરરસનું નિષ્પાદન કર્યું છે, અને જ્યાં શાન્ત રસની જરૂરિયાત સંપ્રાપ્ત થઈ છે ત્યાં શાન્ત રસ પૂર્ણ રૂપે પીરસ્યો છે. પ્રાયઃ તેમના લેખો અને ગ્રન્થોમાં શાન્તરસનું પૂર્ણ પ્રાબલ્ય જોવામાં આવે છે, અને તેનું જ નામ ભક્તિરસ છે, તેનું બીજું નામ પ્રેમરસ છે: અને તે રસમાં ધર્મ, નીતિ અને સદાચારનું આપોઆપ પૂર્ણ રીતે પ્રતિપાદન થઈ જાય છે.

શાન્તરસ અને કરુણ રસ બન્ને રસો એકબીજાના સહૃદયી છે. તે રસો 'પ્રેમભક્ત કવિ જયદેવ', 'કામ-વિજેતા' અને અન્યાન્ય ગ્રન્થોમાં ખૂબ જોવા-અનુભવવા મળે છે. કેવળ ગ્રન્થોમાં નહીં, કિન્તુ તેમનાં જીવન, વ્યવહાર ને વર્તનમાં પણ તે રસનાં પ્રત્યક્ષ દર્શનનો અનુભવ થાય છે.

એમનું જીવન સર્વથા શાન્ત, કરુણાર્દ્ર, મિત્ર-પ્રેમથી ઝળહળતું, નિરભિમાની હોવા છતાં પૂર્ણ સ્વમાની, વિકટ સ્થિતિમાં પણ બીજાની પાસે લાંબો હાથ ન કરવાની દૃઢ ભાવનાસેવી છે. એકધારું સાહિત્ય-સેવામાં જીવન પસાર થયું અને હજી પણ પૂર્ણ થશે.

આ લોકોપકારક સાહિત્યસેવાના પુણ્ય પ્રતાપે ભગવતી સરસ્વતીની અનુકંપાથી નેત્રજ્યોતિ પુનઃ પ્રાપ્ત થઈ. કારણ કે જે નેત્રજ્યોતિના પ્રકાશના અભાવે કેટલીક લખવા-વાંચવામાં વિડમ્બના પડતી હતી તે ટળી. અને હજી પણ લાખો સાહિત્યરસિકોનાં હૃદયની શુભેચ્છા, શુભ લાગણી અને આશીર્વાદના પ્રતાપે તેઓ સૌના વહાલા લાડીલા લેખક શ્રી 'જય-ભિખ્ખુ'ભાઈનું બીજું નેત્ર પણ પૂર્ણ જ્યોતિપ્રકાશથી ભરપૂર બનશે અને પ્રકાશપુંજથી ઝળહળી સાહિત્યસેવામાં અપૂર્વ યોગપ્રદ બનશે.

મારો ને તેઓનો પરિચય ક્યારે ને કેવી રીતે થયો? ષષ્ટિપૂર્તિ સમારોહ પ્રસંગની વિચારણા કેમ ઉદ્ભવી? ક્યારે અને કોને? આ બે વાતો અહીં કહેવા મારું મન થાય છે.

સં. ૨૦૧૭માં હું ઝાલાવાડમાં મારી સંસ્થાના સોની સેવકભાઈઓના આગ્રહથી ફરવા નીકળ્યો ત્યારે બોટાદ મુકામે મૂળ ખોડુ (વઢવાણ)ના અને બોટાદના જમાઈ અને હાલ અમદાવાદ રહેતા મારા પ્રિય સેવક સોની શ્રી ગાંડાલાલ પોપટલાલે મને રાત્રે દશ વાગ્યે ચાલુ સભા ને ચાલુ વ્યાખ્યાને આવેલા શ્રી બાલાભાઈ 'જયભિખ્ખુ'ભાઈનો પરિચય કરાવ્યો. સોની શ્રી ગાંડાલાલભાઈ શ્રી 'જયભિખ્ખુ'ભાઈના પૂર્વપરિચિત સ્નેહી મિત્ર છે: ને વર્ષો સુધી એક-બીજાની પડોશમાં રહ્યા છે.

ચાલુ વ્યાખ્યાને અમે રાતે દશ વાગ્યે મળ્યા. પછી તો ધર્મશાળામાં વ્યાખ્યાન પૂરું થયે અમે કલાક-અર્ધો કલાક બેઠા, વાતચીત થઈ, અને ત્યારથી જ અમારા પરસ્પરના પરિચયના મૂળમાં ઊંડો સ્નેહ અને જ્ઞાનરૂપી વારિનું સિંચન શરૂ થઈ ગયું, અને સંબંધનું મૂળ પાંગર્યું. પછી તો એને પાંદડાં આવ્યાં. પાંદડાં મોટાં થયાં, પછી તો ફૂલ લાગ્યાં અને તેની મહેક પ્રસરવા માંડી. અને શુદ્ધ સત્સંગ-જ્ઞાનરૂપી ઉત્તમ જળથી વૃક્ષ ખૂબ મોટું થયું, પાંગર્યું, ફૂલ્યું, ફળ્યું અને હવે તો સ્વાદુ સુગંધી ઉત્તમ મિષ્ટ ફલ પણ લાગ્યાં છે અને તે ફલાસ્વાદનો અમે પરસ્પર અનુભવ પણ કરી રહ્યા છીએ.

ત્યારબાદ પત્રવ્યવહાર ચાલુ થયો. એક-બે વખત અમુક સ્થળોએ મળવાનું થયું. અને તેઓએ પોતાનાં અમૂલ્ય ઉત્તમ ગ્રંથરત્નોની મને ભેટ અર્પણ કરી. મારો પૂર્ણ આદર-સત્કાર કર્યો. તેમની તે કિંમતી ભેટો મેં ખૂબ પ્રેમથી સાદર સ્વીકારી અને તે પૈકી ઘણા ગ્રન્થો જોયા, વાંચ્યા, વિચાર્યા, અને તેના

હોહનરૂપે મેં પૂર્વમાં લખ્યું તેમ તે ગ્રન્થોએ મને પૂર્ણ અસર કરી અને તેમાં તેઓનું સંસ્કૃત સાહિત્ય, લોકસાહિત્ય, બાલસાહિત્ય અંગેનું પૂર્ણજ્ઞાન–અનુભવ અને વ્યવહારનું પણ અપૂર્વ જ્ઞાન ધરાવે છે તે બધું અનુભવાયું અને અમે બહુ નજીક આવ્યા.

તે અરસામાં તેઓએ મને અમદાવાદ બોલાવ્યો અને હું ત્યાં અમુક કાર્યપ્રસંગે ગયેલો તેઓને મળ્યો. ત્યાં તેમની સાથે તેમના અનન્ય અનુરાગી અને એક સજ્જન પુરુષનો અપૂર્વ મેળાપ થયો. તે સજ્જન પુરુષનું નામ શ્રી ઇન્દ્રવદન (નાનુભાઈ) નારાયણશંકર વૈદ્યશાસ્ત્રી. શ્રી. જયભિખ્ખુભાઈએ નાનુભાઈનો મને પરિચય કરાવ્યો. પછી તો પૂર્વ-જન્મના કોઈ ઋણાનુબંધ સંબંધે શ્રી નાનુભાઈ મારામાં એવા ઓતપ્રોત થઈ ગયા કે મણકામાં જેમ સૂત્ર પરોવાય તેમ મારામાં એકરૂપ થયા. અર્થાત્ તેઓ મારા બની ગયા. દીવે દીવો પેટાય તે આનું નામ. આજે પણ તેઓ એકરૂપ એકરસ અખંડ પ્રેમશ્રદ્ધા મારામાં રાખી રહ્યા છે. પછી તો, ઉપરોક્ત ત્રિપુટીદ્વારા મને બીજો જે લાભ થયો અને સજ્જનોનો પરિચય વધ્યો તે બધો અવર્ણનીય આનંદનો વિષય છે.

મેં શ્રી 'જયભિખ્ખુ'ભાઈને જામનગર આમંત્ર્યા. તેઓ સૌ (ત્રિપુટી) અહીં આવ્યા એટલું જ નહીં, પરંતુ સૌરાષ્ટ્રના ખ્યાતનામા પ્રસિદ્ધ ગ્રન્થવિક્રેતા (બુકસેલર) શ્રી ફૂલચંદ દામોદર મહેતાવાળા પરમ વિવેકી વિનયમૂર્તિ સૌજન્યધન્ય પ્રિય ભાઈ શ્રી રસિકભાઈ તેમ જ પ્રિય ભાઈશ્રી છોટુભાઈ તથા તેઓના અત્યંત નજીકના સંબંધી શ્રીમાન પ્રિય ભાઈશ્રી કાન્તિભાઈ મોતીચંદ, તેમ જ શ્રીમાન શેઠ શ્રી મણિલાલભાઈ તલકચંદ શેઠ અને તેઓનું કુટુંબ, સાથે શ્રી નાનુભાઈનાં બહેન–બનેવી વગેરેનું કુટુંબ, શ્રી બાલાભાઈ દ્વારા પરિચયમાં આવ્યું: અને સત્સંગ દ્વારા ખૂબ આત્મીય બન્યું. અને તે પરંપરા–પ્રતિ વર્ષ ઉનાળાના વેકેશનમાં અહીં આવવા–જવાની પ્રથા ચાલુ થઈ, જે આજ પાંચ–સાત વર્ષથી અવિરત અબાધિત રીતે ચાલુ છે. ઉત્તરોત્તર ઈશ્વરકૃપાથી શુદ્ધ સ્નેહસદ્‌ભાવની સરવાણીઓ પરસ્પર વહ્યા જ કરે છે.

ઉપરોક્ત સૌ ભાઈઓમાં મોટો ભાગ શ્રી જૈન-ધર્માવલંબી હોવા છતાં, મારો કોઈ શેષ અદૃષ્ટ ઋણાનુ-બંધ સંબંધ બાકી હશે તો જ આવો ઉત્તરોત્તર શુદ્ધ સાત્ત્વિક દૃઢ અનુરાગ સાથે તેઓનું સમસ્ત કુટુંબ મારા પ્રત્યે ને આ સંસ્થા પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા-સ્નેહ ધરાવે છે. શુદ્ધ સ્નેહ અને સમન્વયશીલ ધર્મપ્રીતિ અમારા સત્સંગી જીવનનો સાર ભાગ છે. કોઈ કોઈને પરાયા કે પરધર્મી કદી લાગ્યા નથી, એ ચિત્તનું ઉદારતત્ત્વ છે.

રાજકોટ અને અમદાવાદમાં આ સંસ્થા અને આ શરીર પ્રત્યે પૂર્ણ સ્નેહસદ્‌ભાવ ધરાવનાર અન્ય પરિચિત ભક્તો, સેવકો, ગૃહસ્થો અને સ્નેહીઓ વિપુલ પ્રમાણમાં હોવા છતાં અને તેઓને ત્યાં વર્ષોથી ઊતરતો હોવા છતાં છેલ્લાં પાંચ વર્ષથી આ કુટુંબમાં જ હું રાજકોટ અને અમદાવાદ ઊતરું છું, ત્યાં જ રહું છું અને તેઓની ભક્તિ–શ્રદ્ધા–પ્રેમ સાથેની નિરભિમાનિતાપૂર્વક મારા પ્રત્યેનો જે અનુ-રાગ હું અનુભવું છું તેનો આનંદ હું જ જાણી શકું છું.

અહીં કોઈ જૈનધર્મી કે વૈદિકધર્મી કે સનાતની કે અન્ય સંપ્રદાયનો ઝગડો કે મતમતાંતર કે રાગદ્વેષ તેમ જ સ્તુતિ–નિંદાને અવકાશ નથી. અમે સૌ જ્યારે શાન્ત, એકાન્ત, સત્સંગમય વાતાવરણમાં કલાકો સુધી બેસીએ છીએ ત્યારે દરેક ધર્મના સમન્વય સાથે પોતપોતાના સિદ્ધાન્તબિન્દુને દૃષ્ટિ સમક્ષ રાખી વિશિષ્ટ તત્ત્વો ને રહસ્યો—ક્યાં કેવી રીતે છુપાયેલું પડ્યું છે, કેવી રીતે તેને પ્રાપ્ત કરવું, અને પરમાર્થ વસ્તુ શું છે, શું હેય છે, શું કર્તવ્ય છે, શું ઉપાદેય છે, શું ગ્રાહ્ય છે, શું પરિહાર્ય છે, શું કર્તવ્ય છે અને શું અવશેષ રહ્યું, આવી વાતોના વિચાર–પરામર્શ દ્વારા સદ્‌ગ્રન્થોના પરિશીલનપૂર્વક અપૂર્વ સત્સંગનો આનંદાતિરેક અનુભવીએ છીએ

આ સમય દરમ્યાન વિશ્વમાં જેણે પોતાની કીર્તિપતાકા ફરકાવી છે તેવા આપણા સૌરાષ્ટ્રના

લાડીલા, બગસરાના નિવાસી, હાલ કલકત્તામાં પોતાનો વ્યાપારધંધો ચાલતો હોવા છતાં, ભારતની ઇતિહાસ-પ્રસિદ્ધ શાસ્ત્રસિદ્ધ ઇન્દ્રજાળ (જાદુ) વિદ્યામાં પૂર્ણ રસ ધરાવનાર સૌમ્યમૂર્તિ માયિકવિદ્યાકળાપારંગત શ્રી. કે. લાલ મહાશયનો પરિચય થયો. અને તે પરિચય કરાવનાર સાક્ષરવર્ય શ્રી. 'જયભિખ્ખુ'ભાઈ હતા.

જામનગરમાં સર્વપ્રથમ શ્રી. કે. લાલનો જાદુની માયાજાળનો કાર્યક્રમ રખાયેલો હતો, તે પ્રસંગે શ્રી. 'જયભિખ્ખુ' ભાઈના આગ્રહથી શ્રી. કે. લાલ મને મળવા આવેલા અને મેં તેઓનો ઐન્દ્રજાલિક પ્રયોગ જોયો. જોઈ ને મારા ચિત્તમાં અતિ આનંદ–સંતોષ ઉદ્‌ભવ્યો. એક વેપારી બંધુએ પોતાના વેપાર–વાણિજ્યના ધંધાને ગૌણ કરી આ કલા–વિદ્યાના સર્વથા પરિશ્રમસાધ્ય વિષયમાં આટલી બહોળી પ્રવૃત્તિ સાધી ભારતની શાસ્ત્રપ્રસિદ્ધ આ વિદ્યાને વિકસાવી જનતાને તેનાં દર્શન કરાવી પોતાની વિદ્યાના જ્ઞાનનો અનુભવ આપી પ્રાચીન વિદ્યાનું ગૌરવ વધાર્યું છે, એમ મને લાગ્યું.

શ્રી. કે. લાલ, હું, શ્રી. નાનુભાઈ અને રાજકોટના પ્રકાશક મિત્ર શ્રી. રસિકભાઈ એક રાત્રે એટલે કે ચિ. બહેન શ્રી. પલ્લુબહેનના પવિત્ર મંગલમય લગ્નની રાત્રિએ એકત્ર થયેલા.

લગભગ અગિયાર વાગ્યા હશે. શ્રી. 'જયભિખ્ખુ'ભાઈ લગ્નની ધમાલ–પ્રવૃત્તિથી થાકી ગયેલા હોઈ નિદ્રાનો મીઠો આનંદ–અનુભવ લઈ રહ્યા હતા. તે વખતે અમે સૌ એકત્રિત થયા શ્રી. જયભિખ્ખુભાઈને સાઠ વર્ષ નજીકમાં પૂરાં થતા હોવાથી, ષષ્ટિપૂર્તિસમારોહનો મંગલસંકલ્પ તેમની સાહિત્યસેવાને લક્ષમાં રાખી કરવાનો નિર્ણય કર્યો. વાત્તનું મંગલાચરણ શ્રી. કે. લાલે અમારી સમક્ષ વિદિત કર્યું.

તેઓએ કહ્યું કે શ્રી. 'જયભિખ્ખુ' ભાઈ ને આજે સાઠ વર્ષ થાય છે. આ વર્ષમાં તેઓ સાઠમા વર્ષમાં પ્રવેશ કરે છે, તો તેઓના શુભેચ્છકો, સ્નેહીઓ, મિત્રો ને પરિચિત વર્ગે તેઓની સાહિત્યસેવાને લક્ષમાં લઈ આજીવન તપશ્ચર્યા ને ત્યાગને સન્માની એક થેલી અર્પણ કરવી જોઈએ, અને તે થેલી કમથી કમ પચાસ હજાર અને બને તો એક લાખની ભેગી કરવી. તેમને અંગત રીતે આપવી, જેથી તેઓ પોતાનું શેષ જીવન સાહિત્યસેવામાં નિશ્ચિન્તપણે ગાળી શકે અને જનતાને અપૂર્વ સાહિત્ય સાથે તેમના અનુભવપૂર્ણ જીવનનો લાભ મળ્યા કરે. તેઓએ કોઈના ઉપર આજ સુધી અવલંબન રાખ્યું નથી, સ્વતંત્ર જીવન ગાળ્યું છે : ને હવે ઉત્તરાવસ્થામાં કોઈના પર અવલંબનની આશા ન કરવી પડે તે હેતુથી આમ કરીએ તો કેવું ?

અમારો સૌનો મત લીધો. સૌએ તે વાતને હર્ષભેર વધાવી, આનંદ જાહેર કર્યો.

પરંતુ તેઓ સૌ જયભિખ્ખુભાઈના સ્વમાની સ્વભાવ અને પ્રકૃતિથી પરિચિત હોઈ શંકા કરી કે આ વાતને તેઓ પાસે કરવી કેમ? તેઓ આ વાતને સ્વીકારશે કે નહીં ? પ્રથમ તો સ્વીકારશે જ નહીં, માટે આ વાત કોણ કરે અને કોણ સમજાવે ?

સૌની વિડમ્બના, ચિન્તામય સ્થિતિ જોઈ મેં કહ્યું કે 'તે વાત હું કરીશ અને હું શ્રી. 'જયભિખ્ખુ' ભાઈ ને બરોબર સમજાવીશ અને તેઓ અવશ્ય સ્વીકારશે.'

આટલું કહેતાં સૌ આનંદિત થયા અને સૌની ઇચ્છા આજે અત્યારે જ મંગલ તિથિ હોઈ આ વાત કરવી તેવો નિર્ણય કર્યો. ને શ્રી. 'જયભિખ્ખુ' ભાઈ ને ઉઠાડ્યા. તેઓને આશ્ચર્ય થયું કે મને ભરઊંઘમાંથી કેમ ઉઠાડ્યો ? અને પછી તો ઉપરોક્ત બધી વાત શાન્તિથી કહી સંભળાવી.

શરૂઆતમાં તો તેઓ આ વાત સાંભળીને ડઘાઈ ગયા, આનાકાની કરવા લાગ્યા : પરંતુ આગ્રહ અને સમજાવટથી તેઓએ આખરે હા તો ભણી. છતાં આ વાતને કેવી રીતે સ્વીકારવી–અસ્વીકારવી તે હું નિશ્ચય કરી સવારે આપ સૌને વિદિત કરીશ તેમ કહ્યું.

બીજે દિવસે જે વાતનો નિર્ણય થયો, જે વિચાર કર્યો તે શ્રી 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ'રૂપે

વિચાર જાહેર થયો.

શ્રી. જયભિખ્ખુએ સ્પષ્ટ કર્યું કે ટ્રસ્ટમાં જે કાંઈ આવક થાય તે રકમમાંથી એક પૈસો પણ મારા અંગત ઉપયોગમાં ન લેતાં સાહિત્યસેવાના પ્રચાર અર્થે એક ટ્રસ્ટ બનાવી તે રકમ તેને સુપ્રત કરવી અને તેમાંથી મારું સાહિત્ય અને મારું પ્રિય સાહિત્ય પ્રગટ થયા કરે.

આજે ટ્રસ્ટ થઈ ગયું છે અને તે જ ટ્રસ્ટની પૂર્તિ માટે આજે આપણે સૌ તેઓનો ઉત્સવ–સમારોહ ઊજવવા માટે પ્રયત્નશીલ છીએ.

કલકત્તાએ ઉત્સવની પહેલ કરી છે: અને મુંબઈએ પણ પોતાની મહાનુભાવતા દાખવી છે. અમદાવાદ અને બીજાં સ્થળે ગમે ત્યારે દેશકાળ અને સૌ વ્યક્તિઓની અનુકૂળતા પ્રમાણે વિવિધ સમારંભો યોજી, લોકમાન્ય પ્રમુખ વ્યક્તિઓની સન્નિધિમાં, સાહિત્ય તરફ, તેમની વિદ્યા તરફ, તેમના ગુણો તરફ અને તેમનાં આચરણો તરફ આદર દાખવી ચારિત્ર્યમય જીવન, ત્યાગ અને તપ આદિ ગુણોનું સન્માન કરવું જોઈએ. તેમાં રસ ધરાવતાં સજ્જનવૃન્દ યથાયોગ્ય પૂર્ણ સહકાર આપી આદરસત્કારપૂર્વક પૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પશે અને સાથોસાથ તેઓના આરોગ્યપૂર્ણ નિરામય દીર્ઘજીવન માટે સૌ કોઈની શુભેચ્છા પ્રગટ થાય તેવી ભાવના સાથે હું મારા અંતરના શુભાશીર્વાદ શ્રી 'જયભિખ્ખુ'ભાઈને આપી, અંતરમાં ઉત્પન્ન થતી અનેક ભાવનાઓને લેખવિસ્તારના ભયથી શાન્ત રાખી તેઓનું સર્વવિધ મંગલ થાય તેમ શુભ કામના કરી આ લેખનકાર્યથી વિરમું છું.



'**નક્ષત્ર**, આ દેહને કેટલા વખતથી ખવરાવતા આવ્યા છીએ? ઘર છોડ્યાં, બાર છોડ્યાં, ત્રિયા છોડી, તલવાર છોડી; વિલેપન–વિહાર છોડ્યા, છતાં પેટ ન છૂટ્યું. માગીને પણ પેટને પાળ્યું, પિંડને પોષ્યો. સંસારની દોલતને લાત મારીને પણ ટુકડા રોટલા માટે ઘેર ઘેર ભીખ માંગી. એ બધું શા કાજે? આ દેહને પોષવા? એને પોષીને વર્ષો સુધી જાળવ્યો, ને આજ ખરે ટાણે દગો દે એ કાંઈ ચાલે? માણસ ધન શા માટે જાળવે છે? અણીને વખતે ઉપયોગમાં લેવા. લોકો ઘોડાને શા માટે તાજોમાજો રાખે છે? ભીડને વખતે રણખેલ ખેલવા. આપણે આ દેહને શા માટે પોષીએ છીએ? કર્તવ્યની પળે કામ આપવા માટે. અને એ વખતે જો એ દેહ કામ ન આપે તો શા ખપનો? ધિક્ક છે એને ખવરાવ્યું! માટે નક્ષત્ર! તું એની ચિંતા મૂકી દે. એ તો એક જશે, તો એકવીસ આવશે. જો ને, સંસારમાં માનવી ક્યાંય માય છે! એક જાય છે તો એકવીસ આવે છે. નક્ષત્ર, ઊઠ, મારી સામે સ્વસ્થ થઈને બેસ ને કપરું કાર્ય દેહાર્પણથી સંપૂર્ણ કર.'

**'ભાગ્યનિર્માણ' માંથી**

# જીવનસાધક સર્જક

શ્રી. પીતાંબર પટેલ

'**જયભિખ્ખુ** નામે લખે છે એ ભાઈ જૈન સાધુ છે?'

'ના, જયભિખ્ખુ એ તેમનું તખલ્લુસ છે અને તેમનું નામ તો બાલાભાઈ દેસાઈ છે.'

'તમે એમને ઓળખો છો?'

'તેમને તો ઓળખતો નથી, પણ તેમના સાહિત્યને ઓળખું છું.'

'અહીં, મુંબઇ આવે તો લેખક મિલનમાં તેમને બોલાવો, તો સૌને મળવાનો લહાવો મળે.'

'હું પણ તેમને મળવા અને સાંભળવા ઉત્સુક છું. એમને મુંબઈ આવવાનું થાય તો જાણ કરે એમ તેમને લખીશ.'

પણ મુંબઈ રહ્યો ત્યાં સુધી સુપ્રસિદ્ધ અને લોકપ્રિય લેખક શ્રી. જયભિખ્ખુને મળવાનું થયેલું નહિ. આકાશવાણી પર નોકરી મળતાં અમદાવાદ આવવાનું થયું ત્યારે જ તેમનો મિલનયોગ થયો.

બરાબર યાદ છે. ગુર્જરના શારદા પ્રિન્ટીંગ પ્રેસમાં તેમને પ્રથમવાર મળેલો. એ પ્રથમ મિલનમાં જ મને તેમની નિખાલસતા, સરળતા, સૌજન્યશીલતા અને આભિજાત્ય સ્પર્શી ગયેલાં, પછી તો ફરી ફરી મળવાનો ક્રમ વધતો જ ગયો અને જયભિખ્ખુ આત્મીય બનતા ગયા.

'જયભિખ્ખુ'ની શારદા પ્રેસની એ બેઠક મજલિસ જેવી બની રહેતી. જ્યારે જઈએ ત્યારે એક બે લેખકો બેઠા હોય. ક્યારેક ગોષ્ઠી ચાલતી હોય, ક્યારેક પ્રકાશનની વાત ચાલતી હોય. મસાલાવાળી ચા આવે. પછી સોપારી કાતરીને આપે. સોપારી ચવાતી જાય, વાતો થતી જાય અને રંગત જામતી જાય. આવી રંગતો ઘણીવાર તેમની મજલિસમાં મ્હાણવા મળેલી. ક્યારેક તો મુ. ધૂમકેતુ સાહેબ પણ હોય. સાથી મિત્રો પન્નાલાલ અને પેટલીકર તો હોય જ. બીજા પણ એક બે લેખકો બેઠેલા હોય. એ સાંજની રંગત તો યાદગાર બની રહેશે. મજલિસ જમાવવી, મિત્રોને ભેગા કરવા એ શ્રી. જયભિખ્ખુનો રસનો વિષય છે.

શ્રી. જયભિખ્ખુની ગોષ્ઠીમાં એ જોયું કે એ કદી નિંદામાં કે કુથલીમાં રસ લેતા નથી. તેમના સાહિત્યની પેઠે તે વાતચીતમાં અને વ્યવહારમાં પણ જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા જાળવવા સભાન પ્રયત્નશીલ રહે છે. થઈ શકાય તો કોઈકને ઉપયોગી થવું, માગે તેને સાચી સલાહ આપવી, ઝગડો હોય ત્યાં સમાધાન કરાવવું, ગેરસમજ હોય તો દૂર કરાવવી. પોતાથી કોઈને યે નુકસાન ન થાય, ક્યારેય અભદ્ર કાર્ય ન થઈ જાય, જાણે અજાણે પણ કોઈ વ્યક્તિ કે સંસ્થાનીયે લાગણી ન દુભાય તેની સભાન જાગૃતિ તેમને માટે સ્વાભાવિક બની ગયેલી દેખાય છે. ત્યારે એ વાતની પણ દૃઢ પ્રતીતિ થઈ કે તેમના સાહિત્યમાં જીવનમાંગલ્ય અને ધર્મપરાયણ નીતિમત્તાનો આગ્રહ અત્તરની ખુશ્બૂની પેઠે ફોરાઈ રહે છે, આના મૂળમાં તેમની વૈયક્તિક જીવનસાધના રહેલી છે.

જયભિખ્ખુએ દીક્ષા લીધી નથી કે સાધુ થયા નથી તેટલું જ, બાકી તે સાધુચરિત જીવન જીવતા જીવનના પરમ સાધક છે.

શ્રી. જયભિખ્ખુના સાહિત્યસર્જનની સરવાણી ધર્મગ્રંથો અને જીવનમૂલક ચિંતનમાંથી વહેતી હોય એમ લાગે છે. એથી તેમના સાહિત્યમાં શુચિતા, નિર્મળતા અને શરદની ચંદ્રિકા જેવી શીતળ, પ્રાસા-

દિક મુદિતાનો અનુભવ થાય છે. તેમનું ચિંતન અને અનુભૂતિ હરિયાળી ધરતીની પેઠે જીવનની કુમાશ અને આંતર સૌન્દર્ય પ્રગટાવી જાય છે. વાર્તા હોય, નવલકથા હોય, જીવનચરિત્ર હોય કે પ્રેરક–બોધક પ્રસંગો હોય; તે સર્વમાં તેમની અનુભૂતિનો સ્પર્શ શૈલી અને નિરૂપણ ઉભયમાં વર્તાઈ આપે છે. સર્જક તરીકેની તેમની મુદ્રા ભક્તકવિની, ભક્તસર્જકની ખાલી ઊઠે છે.શ્રી. જયભિખ્ખુએ તેમની કેટલીકકથાઓમાં કથાવસ્તુઓ માટે જૈન કથાઓ, પરંપરાઓ કે કિંવદંતીઓનો સહારો લીધો છે. પણ તેમનું સર્જન સંપ્રદાયની સીમાઓ વીંધીને જીવનસ્પર્શી સાહિત્ય બની રહે છે, તેનું રહસ્ય તેમની ચરમ જીવનસાધનામાં ગોપાયેલું છે.

શ્રી. જયભિખ્ખુ માનવીના જીવનની શ્રદ્ધાના લેખક છે. માનવજાત માટેનો અસીમ પ્રેમ અને જીવન-માંગલ્ય માટેની શ્રદ્ધા તેમના વિપુલ સાહિત્યમાં તુલસી-ક્યારામાં મૂકેલા ઘીના દીવડાની પેઠે પ્રગટી રહે છે.

શ્રી. જયભિખ્ખુ પ્રયોગશીલતા કે અદ્યતનતા કે નાવીન્યના આગ્રહોથી કે પ્રલોભનોથી અસ્પૃષ્ટ રહ્યા છે. પોતે માનેલા નીતિધર્મ અને સાહિત્યધર્મને પ્રમાણિકપણે અદા કરવાનો પુરુષાર્થ એ કરતા રહ્યા છે. શ્રી. જયભિખ્ખુ જનસમૂહના, લોકજીવનના લેખક છે. બહુજનસમાજને કંઈક આપવું છે, કંઈક કહેવું છે, પોતે જે કંઈ પામ્યા છે તે બતાવવું છે એવો સર્જકધર્મ સમજીને એ લખે છે. અત્યારે જ્યારે જીવનનાં નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, વ્યવહાર અને આચારમાં અપ્રમાણિકતા, અનીતિ, ભ્રષ્ટાચાર ઘર કરતો જાય છે અને માનવસંબંધોની સચ્ચાઈ પણ માઝા મૂકી રહી છે ત્યારે આ લેખક પલાંઠી વાળીને જીવનનું પરમ મંગલ ગીત કલમમાંથી વહેતું રાખે છે. નીતિપરાયણતા અને સદાચાર એ જ માનવીના કલ્યાણના રાજમાર્ગો છે, એ બતાવવા તેમની કલમ વણથંભી ચાલ્યે જ જાય છે. તેમની શ્રદ્ધાનો આ અખંડિત જલતો દીવડો અનેક વાચકોના અંતરમાં અજવાળાં પ્રગટાવી રહ્યો છે. તેમના સાહિત્યની સૌરભ વસંતના વાયરાની પેઠે દૂર, સુદૂર સુધી ગુજરાતી વાચકોનાં ઘરોમાં પ્રસરતી મહેંકી રહી છે. તેમનો મિત્રવર્ગ, પ્રશંસકવર્ગ ઘણો મોટો છે. કદાચ શ્રી. જયભિખ્ખુ સાહિત્યજગતના અજાતશત્રુ લેખક હશે. એ સૌના મિત્ર છે અને પરિચયમાં આવનાર પર એ તેમના નિર્મળ સ્મિતની અને સૌજન્યની ભુરકી નાખી મિત્ર બનાવી જાણે છે. મિત્રો બનાવવાની કળામાં શ્રી. જયભિખ્ખુ ભારે કુશળ સાબિત થયા છે. આ ષષ્ટિપૂર્તિ સમારોહની પાછળ પણ આવા વિશાળ મિત્રવર્તુલના પ્રેમનો જ પડઘો પડી રહેલો દેખાય છે.

હું રાજકારણમાં પડ્યો. શ્રી. જયભિખ્ખુ પણ આંખોના કારણે શારદા પ્રેસમાંથી નિવૃત્ત થયા. એ ઘેરથી બહાર નીકળે નહિ. આંખની તકલીફના કારણે જાહેર સમારંભોમાં પણ ભાગ્યે જ દેખાય. મારે ગામડે જવાનું થાય, એથી મળવાનું લગભગ છૂટી ગયું. છતાં તેમના ભર્યા ભર્યા હૃદયની હૂંફ એવી કે નથી મળ્યા એવું ન લાગે કે મૈત્રીમાં ઓટ આવી છે એવો યે ભાસ ન થાય.

હું ચૂંટણીમાં પડ્યો. કોંગ્રેસની ટિકિટ પર વિધાનસભાની બેઠકનો ઉમેદવાર હતો. ચૂંટણી–પ્રચારમાં લેખકોને બોલાવવાનું નક્કી કર્યું. થોડાક આત્મીય મિત્રોને ખાસ યાદ કર્યા. શ્રી. જયભિખ્ખુને પત્ર લખ્યો.

હું તો ગામડે જ હતો. મને ખબર નહિ કે તેમની આંખે મોતિયો ઊતર્યો છે, રાતના દેખાતું નથી. સ્વાસ્થ્ય પણ બરાબર રહેતું નથી. છતાં, પત્ર મળતાં જ, તે ભાઈ પેટલીકર અને પન્નાલાલ સાથે મારા ચૂંટણીપ્રચારમાં દોડી આવ્યા. ગામડાના ધૂળિયા રસ્તા, રોજની છ થી સાત સભાઓ, આરામ ન મળે અને જીપની કંટાળાજનક મુસાફરી : છતાં તેમણે પ્રેમથી જવાબદારી અદા કરી.

મિત્રોને, પરિચિતોને, કોઈકને, જનસમૂહને ઉપયોગી થઈ પડવું એ તેમનો કાયમનો ગુણ છે. એના કારણે તબિયતના ભોગે પણ તે કોઈને ના પાડતા નથી. આ ઉંમરે પણ કંઈક કરી છૂટવાનો તેમનો ઉત્સાહ એવો ને એવો ટકી રહ્યો છે.

આવા જીવનસાધક સાહિત્યસર્જકની ષષ્ટિપૂર્તિ ઉજવાય છે તેમાં મારો અંતરનો સૂર પુરાવું છું. પ્રભુ તેમને ચિરંતન સર્જન કરવા માટે તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

દિક મુદિતાનો અનુભવ થાય છે. તેમનું ચિંતન અને અનુભૂતિ હરિયાળી ધરતીની પેઠે જીવનની કુમાશ અને આંતર સૌન્દર્ય પ્રગટાવી જાય છે. વાર્તા હોય, નવલકથા હોય, જીવનચરિત્ર હોય કે પ્રેરક–બોધક પ્રસંગો હોય; તે સર્વમાં તેમની અનુભૂતિનો સ્પર્શ શૈલી અને નિરૂપણ ઉભયમાં વર્તાઈ આપે છે. સર્જક તરીકેની તેમની મુદ્રા ભક્તકવિની, ભક્તસર્જકની ખીલી ઊઠે છે. શ્રી. જયભિખ્ખુએ તેમની કેટલીક કથાઓમાં કથાવસ્તુઓ માટે જૈન કથાઓ, પરંપરાઓ કે કિંવદંતીઓનો સહારો લીધો છે. પણ તેમનું સર્જન સંપ્રદાયની સીમાઓ વીંધીને જીવનસ્પર્શી સાહિત્ય બની રહે છે, તેનું રહસ્ય તેમની ચરમ જીવનસાધનામાં ગોપાયેલું છે.

શ્રી. જયભિખ્ખુ માનવીના જીવનની શ્રદ્ધાના લેખક છે. માનવજાત માટેનો અસીમ પ્રેમ અને જીવન-માંગલ્ય માટેની શ્રદ્ધા તેમના વિપુલ સાહિત્યમાં તુલસી-ક્યારામાં મૂકેલા ઘીના દીવડાની પેઠે પ્રગટી રહે છે.

શ્રી. જયભિખ્ખુ પ્રયોગશીલતા કે અદ્યતનતા કે નાવીન્યના આગ્રહોથી કે પ્રલોભનોથી અસ્પૃષ્ટ રહ્યા છે. પોતે માનેલા નીતિધર્મ અને સાહિત્યધર્મને પ્રમાણિકપણે અદા કરવાનો પુરુષાર્થ એ કરતા રહ્યા છે. શ્રી. જયભિખ્ખુ જનસમૂહના, લોકજીવનના લેખક છે. બહુજનસમાજને કંઈક આપવું છે, કંઈક કહેવું છે, પોતે જે કંઈ પામ્યા છે તે બતાવવું છે એવો સર્જકધર્મ સમજીને એ લખે છે. અત્યારે જ્યારે જીવનનાં નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, વ્યવહાર અને આચારમાં અપ્રમાણિકતા, અનીતિ, ભ્રષ્ટાચાર ઘર કરતો જાય છે અને માનવસંબંધોની સચ્ચાઈ પણ માઝા મૂકી રહી છે ત્યારે આ લેખક પલાંઠી વાળીને જીવનનું પરમ મંગલ ગીત કલમમાંથી વહેતું રાખે છે. નીતિપરાયણતા અને સદાચાર એ જ માનવીના કલ્યાણના રાજમાર્ગો છે, એ બતાવવા તેમની કલમ વણથંભી ચાલ્યે જ જાય છે. તેમની શ્રદ્ધાનો આ અખંડિત જલતો દીવડો અનેક વાચકોના અંતરમાં અજવાળાં પ્રગટાવી રહ્યો છે. તેમના સાહિત્યની સૌરભ વસંતના વાયરાની પેઠે દૂર, સુદૂર સુધી ગુજરાતી વાચકોનાં ઘરોમાં પ્રસરતી મહેંકી રહી છે. તેમનો મિત્રવર્ગ, પ્રશંસકવર્ગ ઘણો મોટો છે. કદાચ શ્રી. જયભિખ્ખુ સાહિત્યજગતના અજાતશત્રુ લેખક હશે. એ સૌના મિત્ર છે અને પરિચયમાં આવનાર પર એ તેમના નિર્મળ સ્મિતની અને સૌજન્યની ભુરકી નાખી મિત્ર બનાવી જાણે છે. મિત્રો બનાવવાની કળામાં શ્રી. જયભિખ્ખુ ભારે કુશળ સાબિત થયા છે. આ ષષ્ટિપૂર્તિ સમારોહની પાછળ પણ આવા વિશાળ મિત્રવર્તુલના પ્રેમનો જ પડઘો પડી રહેલો દેખાય છે.

હું રાજકારણમાં પડ્યો. શ્રી. જયભિખ્ખુ પણ આંખોના કારણે શારદા પ્રેસમાંથી નિવૃત્ત થયા. એ ઘેરથી બહાર નીકળે નહિ. આંખની તકલીફના કારણે જાહેર સમારંભોમાં પણ ભાગ્યે જ દેખાય. મારે ગામડે જવાનું થાય, એથી મળવાનું લગભગ છૂટી ગયું. છતાં તેમના ભર્યા ભર્યા હૃદયની હૂંફ એવી કે નથી મળ્યા એવું ન લાગે કે મૈત્રીમાં ઓટ આવી છે એવો યે ભાસ ન થાય.

હું ચૂંટણીમાં પડ્યો. કોંગ્રેસની ટિકિટ પર વિધાનસભાની બેઠકનો ઉમેદવાર હતો. ચૂંટણી–પ્રચારમાં લેખકોને બોલાવવાનું નક્કી કર્યું. થોડાક આત્મીય મિત્રોને ખાસ યાદ કર્યા. શ્રી. જયભિખ્ખુને પત્ર લખ્યો.

હું તો ગામડે જ હતો. મને ખબર નહિ કે તેમની આંખે મોતિયો ઊતર્યો છે, રાતના દેખાતું નથી. સ્વાસ્થ્ય પણ બરાબર રહેતું નથી. છતાં, પત્ર મળતાં જ, તે ભાઈ પેટલીકર અને પન્નાલાલ સાથે મારા ચૂંટણીપ્રચારમાં દોડી આવ્યા. ગામડાના ધૂળિયા રસ્તા, રોજની ૭ થી સાત સભાઓ, આરામ ન મળે અને જીપની કંટાળાજનક મુસાફરી : છતાં તેમણે પ્રેમથી જવાબદારી અદા કરી.

મિત્રોને, પરિચિતોને, કોઈકને, જનસમૂહને ઉપયોગી થઈ પડવું એ તેમનો કાયમનો ગુણ છે. એના કારણે તબિયતના ભોગે પણ તે કોઈને ના પાડતા નથી. આ ઉંમરે પણ કંઈક કરી છૂટવાનો તેમનો ઉત્સાહ એવો ને એવો ટકી રહ્યો છે.

આવા જીવનસાધક સાહિત્યસર્જકની ષષ્ટિપૂર્તિ ઉજવાય છે તેમાં મારો અંતરનો સૂર પુરાવું છું. પ્રભુ તેમને ચિરંતન સર્જન કરવા માટે તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

# જાદુગરના પણ જાદુગર

**શ્રી. ઇશ્વર પેટલીકર**

**જુવાન** વાચકને એના પ્રિય લેખકને નજરે જોવાનું અને સાંભળવાનું કુતૂહલ સવિશેષ હોય છે. એ જ રીતે જુવાન લેખકને બીજા લેખકોનો પરિચય કેળવવાનો અને પ્રોત્સાહન મેળવવાનો એવો જ ઉત્સાહ હોય છે.

'૪૪ માં મારાં પ્રથમ બે પુસ્તકો પ્રગટ થયાં અને એને સાહિત્યજગત તરફથી આવકાર મળ્યો તેથી હું લેખકની નાતનો સત્તાવાર પોતાને સભ્ય માનતો થયો. અને '૫૦ સુધીના છ વર્ષના ગાળામાં કોઈ સભા કે સંમેલન પ્રસંગે જાણીતા ગણાતા બધા લેખકોનો પરિચય કેળવવાનું ચૂક્યો ન હતો. છતાં શ્રી. જયભિખ્ખુને મળવાનું બન્યું ન હતું એટલું જ નહિ, પરંતુ એ કોઈ સભામાં જોવા સુદ્ધાં મળ્યા ન હતા !

કોઈ લેખક સાથે અંગત પરિચય કેળવાયો ન હોય ત્યાં સુધી એમને ઘેર જઈને મળવાનું મને બળ મળતું નથી, કારણ કે કોઈને એ વિક્ષેપરૂપ સાલવાનો સંભવ રહેતો હોય, તો કોઈની પ્રકૃતિ વિના કારણ મળવાનું ઇચ્છતી ન હોય: આથી કોઈને અંગત ઓળખ્યા વિના પોતાના ઉત્સાહને વશ થઈ મળવા જવામાં કેટલો વિવેક ગણાય, એ મૂંઝવણ મને રહેતી હોય છે. તેમાંય શ્રી જયભિખ્ખુ જેવા લેખકોના મિલનમાં કે સાહિત્યમાં ખાસ જતા ન હોય અને તેનાથી અલિપ્ત રહેવાની પ્રકૃતિ ધરાવતા હોય ત્યારે એમને સામે ચાલીને વગર પરિચયે ઘેર મળવા જવામાં ઔચિત્ય ગણાય કે નહિ, તે વસવસાને કારણે તેમની સાથે ઘણો મોડો પરિચય થયો હતો.

ગુજરાતી સાહિત્યની અગ્રગણ્ય પેઢી ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલયનો આત્મીય સંબંધ એના લેખકો સાથે રહેલો છે. એ કારણે શ્રી ધૂમકેતુની ષષ્ઠિપૂર્તિ મહોત્સવ એણે અંતરના ઉમળકાથી ઉજવ્યો હતો. શ્રી. જયભિખ્ખુ પણ એવા જ લેખક અને ઉપરાંત એમના પ્રકાશનની છપાઈ વ્યવસ્થા સંભાળનાર એક કાર્યકર એટલે એ ષષ્ઠિપૂર્તિ સમારંભથી દૂર રહી શકે શી રીતે? એમને શ્રી ધૂમકેતુ પ્રત્યે લેખક ઉપરાંત મુરબ્બી જેવો આદરભાવ અને યજમાન ગૂર્જરના એ પણ એક અંગ એટલે સમારંભના યજમાન પણ ખરા. તેથી એ પ્રસંગે તેમના પરિચયમાં આવવાનું બન્યું હતું.

આમ શ્રી જયભિખ્ખુ સાથે પરિચય ઘણો મોડો થયો, પરંતુ તે પછી જોયું કે એ એકાંતવાસી ન હતા કે સમૂહથી દૂર રહેનારા પણ ન હતા. માણસમાં જે સામાજિક પ્રાણીની પ્રકૃતિ છે તે એમનામાં પણ ઓછી ન હતી. પરંતુ બીજામાં અને એમનામાં જે ફેર છે તે એટલો કે બીજા પોતાની પ્રકૃતિને વશ થઈ સમાજ પાસે જતા હોય છે, જ્યારે શ્રી જયભિખ્ખુ જ્યાં બેઠા હોય છે ત્યાં સમાજ ઊભો થતો હોય છે.

અમદાવાદના ગાંધીરોડના પાનકોર નાકા ઉપર ગુર્જરનું શારદા મુદ્રણાલય આવેલું છે, તેમાં શ્રી જયભિખ્ખુના ડાયરાનો જેને અનુભવ થયો છે તે ઉપરોક્ત કથનને ટેકો આપ્યા વિના નહિ રહે. ગુર્જરના કાર્યાલયમાં પ્રારંભમાં લેખકોનો ડાયરો જામતો હતો અને તેને 'ચા ઘર' તરીકે એ લેખકોએ પોતાની કૃતિઓના પ્રકાશનથી જાણીતો કરેલો છે. એ ડાયરો તે પછી વિખરાઈ ગયો હતો. એનો પુનર્જન્મ ગુર્જ-

રના પ્રેસમાં થયેલો કહી શકાય. વળી શ્રી જયભિખ્ખુનો એ ડાયરો કેવળ લેખકોનો રહ્યો ન હતો, પણ ભિન્નભિન્ન પ્રકારની વ્યક્તિઓથી ગુંજતો અને મહેંકતો જોવા મળતો હતો. શ્રી જયભિખ્ખુ સાથે પરિચય થયા પછી અવારનવાર હું, ભાઈ પીતાંબર પટેલ અને ભાઈ પન્નાલાલ પટેલ એ ડાયરામાં જઈને કેફ ન કરી આવીએ તો ચેન ન પડે તેવું વ્યસન એમના સ્વભાવને લીધે, વ્યસનથી દૂર રહેનારા અમને એ વળગાડી શક્યા હતા : તે એમના સ્વભાવનો જાદુ કહી શકાય.

અમારી ઉપર જાદુ કરી જાય એમાં તો નવાઈ નથી, પરંતુ ભારતને અને ભારત બહાર પરદેશો સુધી પોતાનો જાદુ ફેલાવનાર શ્રી કે. લાલ ઉપર એમણે જે જાદુ કર્યો છે એનો હું પ્રત્યક્ષ સાક્ષી છું. આમ શ્રી જયભિખ્ખુ જાદુગરના પણ જાદુગર છે! આ જાદુની શક્તિ એમના સ્વભાવમાં રહેલી છે. એમને સામાજિક પ્રાણી તરીકે સમાજમાં ભળવાનો રસ છે, પરંતુ એ સંબંધ કેવળ લાંબો વિસ્તરે અને ઉપલકો રહે તેનો એમને રસ નથી. સંબંધ નાના માણસો સાથે થાય કે મોટા માણસો સાથે થાય તેને એ ગૌણ ગણે છે, પરંતુ જેની સાથે થાય તેની સાથે ઊંડો આત્મીય થવો જોઈએ. અને એ લાગણીને વશ થઈએ પોતાના સ્નેહીજનોને મદદરૂપ થવાની તત્પરતા રાખે છે.

શ્રી કે. લાલની કીર્તિની ઈર્ષ્યા હરીફોને જાગી અને તેમની મંડળીના માણસોને તોડી પાડી એમના હાથપગ કાપી નાખવાનો પ્રયત્ન થયો ત્યારે એ કટોકટીમાં જયભિખ્ખુ એમને સાથ આપીને પડખે ઊભા રહ્યા હતા તે જોઈએ તો કોઈ અજાણ્યાને તો એમજ લાગે કે જયભિખ્ખુ એમના ભાગીદાર હોવા જોઈએ. જાદુના ક્ષેત્રને અને તેમના કાર્યને સંબંધ નહિ એટલે સહધંધાદારી જે પ્રકારે ઉપયોગી થઈ શકે તેવું શ્રી જયભિખ્ખુને થવું સુગમ ન ગણાય. પરંતુ આત્મીય લાગણીને લીધે એ એથીય વધુ સહાયરૂપ થઈ શક્યા તે એમની સામાજિક પ્રાણીની વિશિષ્ટતા છે.

આમ એ સ્નેહીઓને પડખે ઊભા રહેવામાં શૂરા છે, તેમ પડોશીઓના પડખે ઊભા રહેવામાં એવા જ ભડ છે. પાલડી વિસ્તારમાં નદી નજીક એકલી પડી જતી ચંદ્રનગર સોસાયટીમાં એમનો વસવાટ ન હોત તો એના રહેવાસીઓ ઓથ વિનાના બની ગયા હોત. એ સોસાયટીના મોટાભાગના માલિકો ત્યાં વસવા ગયા નહિ અને પોતાનાં મકાનો ભાડે આપી દીધાં. તેથી કોઈ કોઈ મકાનમાં અસામાજિક તત્ત્વોના અડ્ડા ઊભા થયા. એ તત્ત્વો પોલીસ ખાતાની મીઠી નજરને લીધે એટલાં માથાભારે હોય છે કે એનો સામનો કરવો જોખમ મનાય છે. એ જોખમ ન લેવાની સલાહ પણ તેમને તેમના હિતેચ્છુઓ તરફથી મળી હતી, પરંતુ કેવળ ભયને કારણે એ બી જાય તેવા ઢીલી દાળ ખાનાર વાણિયાની જે ઉક્તિ પ્રચલિત છે તેવા વાણિયા એ ન હતા. તે અડ્ડાઓ સોસાયટીમાંથી દૂર કરાવીને જ જંપ્યા.

વળી એમની આંખ નબળી છે, છતાં રાત્રે ચોરની કે બીજા ભયની સોસાયટીમાં બૂમ પડે ત્યારે એમની આંખમાં મર્દાનગીનું તેજ ચમકી ગયા વિના રહેતું નથી. ઠેઠ નદીના કિનારા સુધી ચોરની પાછળ દોડવામાં એ જુવાન ને આંખે દેખતા પડોશીઓ કરતાં પાછળ હોતા નથી.

શ્રી જયભિખ્ખુ ધર્મે જૈન હોવાથી એ ધર્મના ઊંડા અભ્યાસી છે, છતાં તેમનામાં સાંપ્રદાયિકતા નથી અને જૈન ધર્મની આચારપરંપરા જે સંકુચિત અને માનવતાવિરોધી લાગે તેનું ખંડન કરવા એ તૈયાર રહે છે. આથી એ સુધારક જૈન સમાજની જેમ ચાહના મેળવી શક્યા છે તેમ રૂઢિચુસ્ત વર્ગની ટીકા પણ સહેતા હોય છે. પરંતુ એમનું એ સાહિત્ય રૂઢિચુસ્ત વર્ગ પણ વાંચ્યા વગર રહેતો નથી, એ તેમના લખાણનો જાદુ છે. એમના સુધારક વિચારો સાથે સંમત ન થનાર વર્ગ પણ એમનો વિરોધી નથી તે એમના ષષ્ટિપૂર્તિ સમારોહ પ્રસંગે જે થેલી એમને અર્પણ થનારી છે, તેમાં સાથ મળી રહ્યો છે, તે પુરવાર કરી આપે છે.

શ્રી જયભિખ્ખુના ષષ્ટિ સમારોહ અગાઉ એમના કરતાં મોટા લેખકો અને સાક્ષરોના સમારોહો થયેલા છે. કોઈ કોઈનાં સ્મારક ફંડો તેમના અવસાન

પછી થયેલાં છે, પરંતુ જે રકમ તેના યોજકોએ નક્કી કરી હતી ત્યાં સુધી પહોંચાવાનું મુશ્કેલ બન્યું છે. જ્યારે શ્રી જયભિખ્ખુ માટે રૂપિયા એક લાખની થેલી અર્પણ કરવાનું યોજકોએ નક્કી કર્યું હતું, પણ એનો પ્રવાહ જોતાં રકમ સવાઈ ઉપરાંત થઈ જાય તો નવાઈ નહિ. આનો યશ જેમ એમના ધાર્મિક સાહિત્યને ફાળે જાય છે, તેના યોજકોના ફાળે જાય છે, તેમ જૈન સમાજની એમણે મેળવેલી ચાહનાને ફાળે પણ એટલો જ જાય છે.

એમના ધાર્મિક સાહિત્યમાં જોવા મળતા પ્રવાહની ગંગોત્રી એમના જીવનમાં રહેલી છે. વાણિયાનો દીકરો વેપારને ખોળે માથું મૂકતો સદા જોવા મળે છે, પરંતુ શ્રી જયભિખ્ખુએ કલમને ખોળે માથું મૂકવાનો સંકલ્પ કર્યો હતો એટલું જ નહિ, પણ પિતાની મિલકતનો વારસો પણ ન લેવાનો સંકલ્પ કર્યો હતો. ભાઈઓ નાની કે મોટી મિલકત માટે લડતા-ઝઘડતા શોધવા દૂર જવું પડતું નથી. કોઈ કજિયાનું મોં કાળું એમ માનીને પોતાનો ન્યાયી હિસ્સો જતો કરનાર પણ જોવા મળે છે. પરંતુ ભાઈઓ વચ્ચે એવો કલહ ન હોય, મનમેળ અને સ્નેહભાવ હોય, છતાં સ્વેચ્છાએ પોતાના સંકલ્પને વશ થઈ મિલકતમાં ભાગ ન લેનાર શ્રી જયભિખ્ખુ જેવા ભાઈ દુર્લભ હોયછે. જેમણે વારસાની હક્કની મિલકત લીધી નથી તે એમને અર્પણ થનાર સમારોહની થેલીની રકમ લેવા શી રીતે તૈયાર થાય ?

યોજકોની ઇચ્છા એવી હતી કે તે આંખની નબળાઇને લીધે નિવૃત્ત થયા છે ત્યારે એમની પાછલી અવસ્થામાં એમને આ રકમ ઉપયોગી થાય તે માટે એનો સ્વીકાર કરે; પરંતુ એવી જો એમને પોતાની આજીવિકાની ચિંતા સતાવી શકી હોત તો એ કલમને ખોળે માથું મૂકવાની હિંમત બતાવી શકયા ન હોત. વળી એ હિંમત બતાવી ત્યારે એમને ખબર પણ નહોતી કે ખાસ્સી એક પેઢી સુધી ગુર્જર અને તેમની વચ્ચે એકબીજાને ઉપકારક નાતો બંધાશે અને કલમને ખોળે માથું મૂકવાનો ટેક જળવાઈ રહેશે. ગુર્જરની છપાઈ વ્યવસ્થામાં સાથ આપવાની તેમણે જવાબદારી લીધી તેથી એનાં પ્રકાશનોને સુઘડતા અને સુરુચિનો લાભ થયો હતો, એ જ રીતે શ્રી જયભિખ્ખુનાં પુસ્તકોને પોતાનાં ગણી પ્રકાશન કરવાની ગુર્જરે મમતા બતાવી તેથી તેમને પોતાનાં પુસ્તકોનાં પ્રકાશનો અંગે નચિંતતા રહી હતી. આમ કલમને ખોળે માથું મૂકી જેમણે ષષ્ટિ વટાવી હોય તે નિવૃત્તિથી બી જાય એમ શી રીતે બને ? એમને ભૂતકાળનો અનુભવ બળ આપ્યા વિના કેમ રહે ?

આંખની એમની તકલીફ એ એમના જીવન માટે દુઃખદ ગણાય, છતાં તે બીજી રીતે સુખદ નીવડયાનું કહી શકાય. ઉત્તર પ્રદેશમાં આવેલા સીતાપુર શહેરમાં ભારતની ઉત્તમોત્તમ આંખની હૉસ્પિટલ છે. તે તરફ ગુજરાતનું સૌથી વિશેષ ધ્યાન એ ત્યાં જઈને આંખનું ઑપરેશન કરાવી આવ્યા, તેને લીધે ગયું. એમનામાં અષાઢના મેઘની માફક મુશળધાર વરસવાનો ગુણ છે. આથી ગુજરાત સમાચારની એમની લોકપ્રિય કટાર 'ઈંટ અને ઇમારત'માં એમણે સીતાપુરની આંખની હૉસ્પિટલ અને ત્યાંના દેવદૂત જેવા ડૉ. પાહવા વિષે ચારેક લેખની વૃષ્ટિ કરી હતી. ડૉ. પાહવા અમદાવાદમાં આવ્યા અને એ સંસ્થાની સેવાને ગુજરાત તરફથી પ્રોત્સાહનરૂપ સહાય પણ મળી. બે લાખ ઉપરની એ એ રકમ જેમ એ હૉસ્પિટલને ઉપયોગી થશે તેમ એમાં ગુજરાત ભવનનો વિભાગ શરૂ થતાં અહીંથી જનાર દર્દીઓ અને તેમના શુશ્રૂષોને રહેવાની અનુકૂળતા પૂરી પાડશે.

આમ જ્યાં જ્યાં શ્રી જયભિખ્ખુનો સામાજિક નાતો બંધાયો છે ત્યાં ત્યાં એ આત્મીય અને ફળદાયી બન્યા વિના રહ્યો નથી. આથી આ એમના ષષ્ટિ સમારોહ નિમિત્તે જે થેલી અર્પણ થશે અને જેનો હેતુ એમની ભાવના પ્રમાણે જીવનમાંગલ્યને પ્રેરતા સાહિત્યને પ્રગટ કરીને બીજા લેખકોને પ્રોત્સાહન આપવાનો છે, તે પણ ફળદાયી બન્યા વિના નહિ રહે.

એક મુરબ્બી મિત્રના ષષ્ટિ સમારોહ પ્રસંગે તેમનું જીવન તંદુરસ્ત અને સુદીર્ઘ નીવડે તેવી શુભેચ્છાનો ઉમળકો અંતરમાં ઉભરાય તે સ્વાભાવિક છે. મારા પ્રત્યેની મમતા અખંડ રહે તેમ હું ઇચ્છું છું, તેમ એમના સૌ ચાહકો પણ ઇચ્છયા વિના નહિ રહે તેની મને શ્રદ્ધા છે. આ સમારોહ પ્રસંગે મુરબ્બી શ્રી. જયભિખ્ખુને નમસ્કાર !

# પ્રેમનો ઊભરો

**શ્રી પન્નાલાલ પટેલ**

**સાહિત્યની** ઉપાસના કરવા છતાંય ઘણા બધા સારસ્વતોથી હું આજે પણ અપરિચિત ખરો. સમયનો અભાવ–મિલનસાર સ્વભાવ ઊણો ને એમાં વળી શ્રવણેન્દ્રિય ખોટકાતાં સાંભળવાનું બંધ થયું !

છતાંય હું એવો બધો એકાંગી તો નો'તો જ કે શ્રી જયભિખ્ખુ જેવા સાહિત્યકારનું નામ મેં સાંભળ્યું ન હોય ! મલવાની ઇચ્છા પણ ખરી.

ને દસેક વર્ષ ઉપર અમદાવાદ રહેવાનું થતાં એક મિત્ર મારફત શારદા પ્રેસમાં પહેલી જ વાર મેં એમનાં દર્શન કર્યાં.

ઓળખાણ–વિધિ થતાં પહેલી જ મારી એમના વિશે છાપ હોય તો—પ્રેમનો ઊભરો.

જયભિખ્ખુ એ ઉપનામ છે, ને મૂળ નામ બાલાભાઈ છે, એ વાતની પણ એ વખતે પહેલી જ વાર મને ખબર પડી.

પછી તો ગુજરાતનાં વિકાસકાર્યો જોવા માટે સરકાર તરફથી લેખક–પત્રકારોનું એક દસેક દિવસનું પર્યટન હતું. એ વખતે એમનો મને વિશેષ પરિચય થયો.

કહેવત છે કે સોનું લો કસી ને માણસ જુઓ વસી ! પરંતુ આ દસેક દિવસ દરમિયાન મને તો બાલાભાઈ બસ પ્રેમનો ઊભરો જ લાગ્યા કર્યા–મારા પ્રત્યે જ નહિ,દરેકના પ્રત્યે.

અમારા એક મિત્ર એમને મજાકમાં મહંત કહે છે, પણ આ દિવસોમાં મેં જોયું તો ન તો એમનામાં મહંતાઈનો કોઈ ભાર હતો, ન કોઈ આગવો એવો ઓકો હતો. સહુથી હળતા મળતા ને સદાય બસ આનંદ ઉભરાવ્યા કરતા.

આ વખતે મને વિચાર પણ આવેલો કે શા માટે આ મિત્રે મહંત નામ આપ્યું હશે ? ત્યાં જ મને ખબર પડી.

સફરમાં એકાએક મને શરદી વગેરે થઈ આવેલું. બાલાભાઈને ખબર પડતાં જ એ મને એમની રૂમમાં લઈ ગયા, ને બેગમાંના નાનકડા એમના દવાખાનામાંથી બે–ત્રણ જાતની દવાઓ આપી. કેટલીક શિખામણ અને સૂચના આપી. શરીર–સંભાળ માટે કરામત પણ શિખવાડી...

આ પછી એમણે આખીય સફર દરમિયાન મારી સંભાળ લીધા કરેલી. મેં જોયું તો મારી જ નહિ, જેની જેની તબિયતમાં વાંધો આવતો એ દરેકની એ મમતાપૂર્વક ખબર રાખતા. આ ઉપરાંત વાતો પણ એમની એવી કે જ્યાં જુઓ ત્યાં એમની આસપાસ અમારા બધાનું ટોળું જ હોય !...પછી તો મને સમજાઈ ગયું કે બાલાભાઈ એટલે અનુભવોનો પણ ખજાનો.

અને મને થયું. મિત્રે એમને મહંતનું ઉપનામ યથાર્થ જ આપ્યું છે. આપણા બધામાં એ અનુભવે વૃદ્ધ છે, તો દરેકના ઉપર વર્ષો રહેલો એમનો પ્રેમ પણ એક વડીલને છાજે એ રીતનો નિર્મળ, નિર્મોહ અને નિસ્વાર્થ પણ એટલો જ છે...

આવા આપણા જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિ ગુજરાત જે પ્રેમથી ઊજવે છે એ જ દેખાડી આપે છે કે ગુજરાત જયભિખ્ખુમાં રહેલા સર્જકનો જ નહિ, પ્રેમાળ એવા વ્યક્તિત્વનો આદર કરે છે.

ભગવાનને પ્રાર્થીએ કે આપણે બધા આથીય અદકી રીતે એમની શતાબ્દી ઊજવીએ ને એ દરમ્યાન જયભિખ્ખુ એમના સર્જન દ્વારા તો બાલાભાઈ પોતાના વ્યક્તિ વાટે ગુજરાતમાં ને બહોળા એવા એમના મિત્રમંડળમાં પ્રેમનો ઊભરો ઠાલવ્યા કરે તંદુરસ્ત રહીને.

# સાહિત્યકાર જયભિખ્ખુ

ડૉ. ઇન્દ્રવદન કા દવે

**સાહિત્યકારની** પાસે મનોહર ભાષા અને હૃદયંગમ શૈલી તો હોય જ, પણ એની સાથે સાથે તેની પાસે જીવનને જોવાની, જીવનને મૂલવવાની અને પોતાની વાચન–અનુભવ–અવલોકનની સૂક્ષ્મ તથા વિશાળ સમૃદ્ધિમાંથી આગવું રહસ્ય તારવવાની સંગીન મૂડી હોય તે અત્યંત આવશ્યક છે. હા, પોતાના જીવનદર્શન કે અનુભવને સૌન્દર્યમય આકારમાં સુસ્થિર કરવાની કલા તો તેને વરેલી હોવી જ જોઈએ.

શ્રી જયભિખ્ખુનું સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી સાહિત્યનું વાચન વિશાળ છે. જૈન ધર્મના સાહિત્યનું તેમનુ મનન ઊંડુ છે. એમનું મિત્રવર્તુલ બહોળું છે.

કિશોરાવસ્થા અને યુવાનીમાં અનેક વિષમ પરિસ્થિતિઓ અને આંતરબાહ્ય સંઘર્ષોના ઘા તેમણે ઝીલ્યા છે. એમનું હૃદય જેટલું લાગણીથી સભર છે તેટલું દિલાવર અને મસ્ત છે. ગુલાબી હૈયાની મસ્તી અને ત્યાગી પુરુષાર્થી મનની અમીરીનો સથવારો સદા તે શોધે છે.

ભારતની મધ્યકાલીન અને પ્રાચીન સંસ્કૃતિની ભવ્ય ગાથાઓનું તેમને સતત આકર્ષણ રહ્યા કર્યું છે. જોગી હોય કે ભોગી, રાજા હોય કે રંક, માનિની હોય કે મુગ્ધા, શૃંગારી હોય કે વૈરાગી, સર્વનાં વૃત્તિ–વ્યવહાર કે ભાવનામાં રહેલાં ઉદાત્ત તત્ત્વોને ઉમંગભેર અર્ઘ્ય આપવામાં પાછીપાની કરે તેવું તેમનું માનસ નથી. અને આજ કારણે તેમના સમગ્ર સાહિત્યમાં કંઈ ને કંઈ રહસ્યનું સૌંદર્ય અને સૌંદર્યનું રહસ્ય પ્રગટતું રહે છે.

તેમણે ધારણ કરેલું 'જયભિખ્ખુ' તખલ્લુસ બતાવે છે કે તેમની દૃષ્ટિમાં ધર્મ અને નીતિ, સાધુતા અને નિઃસ્પૃહતાની ફરફર છે. તે શૃંગારની વાત કરતા હોય કે શૌર્યની ત્યાગની કરતા હોય કે નેક ટેક ને ઔદાર્યની–સર્વમાં ભારતીય સંસ્કૃતિની પરંપરામાંથી વહેતી આવેલી વિશાળ ધાર્મિકતાનાં રંગછાંટણાં થતાં હોય છે. એમની દૃષ્ટિ સાંપ્રદાયિક હશે પણ સાંકડી નથી; જીવનના અને સંસ્કૃતિના ઉદાત્ત ગુણોની પૂજા તેમના સાહિત્યનું સર્વમાન્ય લક્ષણ છે. તે મુસ્લિમ સમયનું શબ્દચિત્ર આલેખતા હોય કે બુદ્ધ સમયનું પ્રસંગદર્શન કરાવતા હોય; કોઈ નર્તકીની મિજલસનું વાતાવરણ સર્જતા હોય કે જૈન સાધુનાં તપ–તિતિક્ષાનું ગદ્યકાવ્ય પીરસતા હોય–સર્વત્ર એમની દૃષ્ટિ સાત્ત્વિક હોય છે.

અને આમ છતાં તેમણે ધાર્મિક, સાંપ્રદાયિક, ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક પ્રસંગકથાઓ, ચરિત્રકથાઓ કે ઘટનાઓને બીબાંઢાળ બનાવી દીધી નથી. એમના આદિ, મધ્ય અને અંત ક્યાં તો ચિત્રાત્મક હોય છે, ક્યાં તો નાટ્યાત્મક.

શબ્દો એમની મોટી મૂડી છે. ઉર્દૂ, તળપદા, સાંપ્રદાયિક કે સંસ્કૃત શબ્દોની પાસે એ વિષય કે વાતાવરણ ઉચિત ઠરે તેવું કામ લે છે અને એવા શબ્દોના સાથિયા પૂરી તેઓ પોતાની દૃષ્ટિને સિદ્ધ કરે તેવી રંગીન રચના કરે છે.

રંગીન ? હા રંગીન. વાત ભલે સાધુના જીવનની હોય, જયભિખ્ખુની શૈલી તો રંગીન જ રહેવાની. જયભિખ્ખુ જાતે જેમ જીવનમાં અલ્પ સાધનોમાં પણ વૈભવ માણવાની મસ્તી બતાવે છે તેમ તેમની

ભાષાશૈલી પણ વસ્તુ ભલે સાદું હોય કે અમથું હોય પણ પોતાની વૈભવયુક્ત સામગ્રીથી તેને રંગભરપૂર બનાવી દે છે. પત્રકારોની શૈલીમાં કેટલીકવાર આવી રંગીનતા જોવા મળે છે પણ ઘણીવાર પત્રકારોનો બાર ખાલી જાય છે, ત્યારે જયભિખ્ખુનો બાર સોંસરો ઊતરતો હોય છે. 'નરી સરલતા કોણ પૂજશે ?' એ કવિશ્રી ન્હાનાલાલનો મંત્ર જયભિખ્ખુનું પણ જેમ છે. એમના કોઈ પ્રસંગ, કોઈ વાત, કોઈ વૃત્તાંત કે કોઈ શબ્દચિત્ર શણગાર્યા વિનાનાં હોતાં નથી. આથી તેમની રજૂઆત રોચક બને છે, ખુશબોદાર બને છે અને શબ્દોના તથા કથનના અત્તરથી વાતાવરણ સુગંધિત કરી મૂકે છે.

જયભિખ્ખુની ગૂંથણીમાં સૂક્ષ્મતા કે સંકુલતા નહિ હોય, પણ વ્યાપકતા ને રસિકતા ઘણાં છે. ગુણવંતરાય આચાર્ય–સંપ્રદાયના જયભિખ્ખુ વાર્તાકાર છે. એમની વાર્તાપદ્ધતિ સીધી અને કથનપ્રધાન છે; પણ એમની શૈલી અલંકારપ્રધાન અને શબ્દપ્રધાન છે.

અમુક મધ્યકાલીન ભાવનાના દોરાયા તે પ્રસંગો રચે છે, અને પ્રસંગનિરૂપણ વખતે વાતાવરણને લડાવે છે, રમાડે છે. કેટલીકવાર અમુક ઘટનાઓના કેન્દ્રમાં કશીક વિશાલ ભાવના કે ઊંડી લાગણીઓનો અનુભવ કરે છે અને અનુભવ વ્યક્ત થાય એ રીતે ઘટનાને શણગારીને અભિવ્યક્ત કરે છે. પ્રસંગનો વિકાસ કરવા તે લક્ષ આપતા નથી પણ પ્રસંગને શબ્દો, અલંકારોથી શણગારી એમાંથી પોતાને અભિપ્રેત રહસ્યની રજૂઆત બાદશાહના ઠાઠથી તે કરે છે.

જયભિખ્ખુનાં પાત્રો ગુણવંતરાય આચાર્યનાં પાત્રોની યાદ આપે છે. પાત્રો તેમની વિષમ પરિસ્થિઓમાં જીવનની ઉદાત્ત પ્રવૃત્તિઓ અને વ્યવહારો પ્રગટ કરે છે ત્યારે મુગ્ધ વાચકોને મહાન લાગે છે. એમની પાત્રસૃષ્ટિ વિવિધરંગી છે, પણ એમાંના ગુણો એકસરખા છે. એમની પરિસ્થિતિઓમાં વૈવિધ્ય હશે પણ તેમના ભાવનાવ્યવહારો લગભગ સમાન છે. દિલાવરી, અમીરી, શૌર્ય, નેક, ટેક, ત્યાગ, સ્વાર્થ, શહીદીની મસ્તી અને ભાવના તથા રસિકતાના કસુંબા એમનાં પાત્રો ઘૂંટતાં રહે છે.

પણ શ્રી જયભિખ્ખુની સાહિત્યદૃષ્ટિ અને સાહિત્યશૈલીની એક વિશિષ્ટતા છે. માનવતાની વિશાળ દૃષ્ટિથી એમનું સમગ્ર સાહિત્ય રંગાએલું છે. ભારતીય મધ્યકાલીન પરંપરાની ભાવનાઓની સાંપ્રદાયિકતા એમના સાહિત્યમાં ઠેરઠેર જણાય છે ખરી પણ એ માનવતાવિહોણી નથી. એમની પાત્રસૃષ્ટિ અમુક કર્મઠ કર્મકાંડના નીતિનિયમો જાળવે છે પણ જીવનનો ઉલ્લાસ તે ગુમાવા દેતી નથી. આનું કારણ શ્રી જયભિખ્ખુની રસિક જીવનદૃષ્ટિ છે. ધર્મની શુષ્કતાને તેમણે તેમનાં પાત્રોમાંથી ઓગાળી નાખી છે, અને માનવતા અને જીવનના શુદ્ધ આનંદનો રંગ એમને લગાડ્યો છે. અને એમની સાહિત્યશૈલી આલંકારિક છે, શબ્દોના ઠાઠમાઠવાળી છે. આથી જ એમની કેટલીક ધર્મકથાઓ રસિક નવલકથાઓનો આસ્વાદ કરાવે છે.

શ્રી જયભિખ્ખુ લોકભોગ્ય સાહિત્યકાર છે. તેમનું બાળસાહિત્ય, પ્રાણીકથાઓનું સાહિત્ય ગુજરાતી શિક્ષણસાહિત્યનું અણમોલ ધન છે. તેમનું કથાસાહિત્ય મુગ્ધ તરુણોને ખૂબ આકર્ષે છે. તેમનું ધર્મકથાનું અને ચરિત્રનું સાહિત્ય ધાર્મિક વૃત્તિવાળા માનસને પરિતૃપ્ત કરે છે. અને તેમની કથનશૈલી તથા ભાવનાદૃષ્ટિ સૌને સંતોષે છે, પણ મને તો ગમે છે સાહિત્યમાં વ્યક્ત થતો એમનો મિઝાજ.

# જિંદાદિલ સાહિત્યકાર

**ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ**

**ભાઈ** શ્રી બાલાભાઈ (જયભિખ્ખુ) ના પરિચયમાં જ્યારથી હું આવ્યો છું ત્યારથી મને સૌજન્ય, ડહાપણ અને સરસતાની મૂર્તિ લાગ્યા છે.

તેમની વિદ્વત્તા વિશે મારે કંઈ કહેવાનું ન હોય કારણ કે દર વર્ષે પોતાની કૃતિઓ માટે સરકાર તરફથી અપાતાં પારિતોષિકો મેળવનાર બાલાભાઈના સાહિત્યનું હું મૂલ્યાંકન ન કરું તે જ સારું. 'विशेषतः सर्वविदांसमाजे विभूषणं मौनम् पंडितानाम्' તે ભર્તૃહરિએ પૂર્વે ઠીક કહ્યું છે. તે માટે તો કોઈ સિદ્ધહસ્ત સાહિત્યકાર જોઈએ.

જયભિખ્ખુનાં પુસ્તકો મેં જ્યાં સુધી વાંચ્યાં નહોતાં ત્યારે મનમાં એક બીક હતી કે તેમનાં પુસ્તકો શુદ્ધ સાહિત્યને બદલે ધર્મ અને પંથ વગેરેની અસરથી રંગાયેલાં હશે. પરંતુ વાંચ્યા પછી લાગ્યું કે એ ભ્રમ ખોટો હતો ને શુદ્ધ સાહિત્યનાં બધાંય સત્ત્વોથી તેમનું લખાણ સભર ભરેલું હતું.

આટલું બધું વૈવિધ્યવાળું વિપુલ લખાણ વાંચ્યા પછી આપણને કદાચ લાગે કે તેમનો મધ્યાહ્ન આવી ગયો છે, પરંતુ તેમ નથી. હજીયે તેઓ વૈવિધ્ય અને સરસતાનાં એક પછી એક શિખરો વટાવતા જાય છે ને સમાજને નિત્યનૂતન સાહિત્યનો થાળ પીરસે જાય છે.

આ બધા પાછળનું રહસ્ય મને એ લાગ્યું છે કે તેઓ જે જીવન જીવે છે તેમાં તેમનો રસ અને પોતાના મિત્રમંડળ તેમજ સંબંધીઓ માટેની લાગણીભરી શુભેચ્છાઓ ને તેમના માટે કંઈક કરી છૂટવાની તમન્ના આ બધું તેમના જીવનના ઊંડાણમાં જવાની તક આપે છે, જે તેમના સાહિત્યનાં પાત્રોની સૃષ્ટિમાં દૃષ્ટિગોચર થાય છે

દરેક મનુષ્ય એક એક વાર્તા કે નવલકથા હોય છે. ભાઈ બાલાભાઈનું પરિચિત વર્તુળ સમાજના દરેક થરને અડતું હોય છે. તેઓ જેના સંસર્ગમાં આવે છે તેનામાં ઊંડો રસ લઈ માણસાઈભરી લાગણીથી તેમનું જીવન જોઈને સાહિત્યકારની તટસ્થ ન્યાયવૃત્તિ દાખવીને તેનું સુંદર આલેખન કરે છે.

બહુજનસમાજનો સંસર્ગ તેમની કૃતિઓમાં વૈવિધ્ય અને સરસતા આપે છે.

તેમની બાલ્યાવસ્થા અને યૌવનનો સમય પણ અત્યાર કરતાં જરાય ઓછો તેજસ્વી ન હતો. યૌવનને શોભતી હિંમત, સત્યપ્રિયતા અને સાહસ તેમનામાં પુષ્કળ હતાં ને જ્યાં જ્યાં યુવાનીને સાદ પડતો દેખાય ત્યાં તેઓ અચૂક ઝંપલાવતા ને અનુભવ ને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાની આવડતથી સફળ થતા ને તેમના જ્ઞાનભાથામાં થોડોક ઉમેરો કરતા રહેતા.

તેમના અનુભવો ને સાહસોની કથા અત્યારની તેમની પીઢ બાનીમાં તેમના સ્વમુખે સાંભળવી તે એક આનંદદાયી લહાવો છે. મેં કેટલીક સાંભળી છે ને વધુ સાંભળવાની સગવડ ન મળી તેનું દુઃખ રહી ગયું છે.

માણસો ઓળખવાની તેમનામાં પ્રબળ શક્તિ છે. તેઓ ઓળખે છે ને સાથે સાથે તેની કદર કરી શકે છે. આ વસ્તુ બહુ થોડાને સાધ્ય છે. ઘણાખરા તો આવી બાબતમાં તટસ્થ રહે છે. આ સમજવાની શક્તિ ઘણાના અંતસ્થલમાં પ્રવેશ અપાવે છે જેથી તેમનાં સાહિત્યનાં પાત્રો જીવનનાં જુદાં જુદાં પાસાં

જીવતાં છતાં ઉચ્ચ જીવન તરફના તલસાટવાળાં ને લાગણીનાં સ્પંદનોવાળાં હોય છે. આ બધું વાંચકો જ્યારે વાંચે છે ત્યારે તે પાત્રો પોતાનું જ જીવન જીવતાં હોય તેવું અનુભવે છે, ને તેમાં તદ્રૂપ થઈ જાય છે. આ તેમની સિદ્ધિની ને સફળતાની ચાવી છે.

ઘણાય મિત્રોને તેમની આવડત અને હૈયાઉકલતના જ્ઞાનનો લાભ મળ્યો છે ને મળ્યા કરે છે. તેઓ સારા સાહિત્યકાર ઉપરાંત સાચા મિત્ર છે કે જેની સુવાસ દૂર ને નજીક ફેલાય છે ને સમાજ તેમજ મિત્રમંડળને અને બહાર આપે છે.

આવા સજ્જન મિત્ર દીર્ઘાયુષી થાઓ અને વધુ સમાજની ને મિત્રોની સેવા કરતા રહી સુખસંપત્તિ પ્રાપ્ત કરો.



**રાજા** રામ, ભગવાન વૃષભધ્વજ અને બાદશાહ નૌશેરવાન જેવાએ રચેલું, પવિત્ર મંદિર ને પવિત્ર મસ્જિદ જેવું રાજકાજનું મંદિર, હલકા લોકોને પ્રતાપે બૂરોદેવળ બની બેઠું. ઋષિઓ જે શાસનનું અરણ્યમાં રહી સંચાલન કરતા : જે ખલિફાઓ રાજના તેલનો બચાવ કરવા પોતાના દીવાઓ પણ બીજો વખત બાળતાં ડરતા : એ ખજાનાની એક પાઈનો પણ પોતાને કાજે ખોટો ખર્ચ કરતાં ડરનારા ક્યાં, ને એક રાતના એશઆરામ પાછળ દેશની આખા વર્ષની મૂડી ખર્ચનારા એમના નબીરાઓ ક્યાં ? એક દુષ્પ્રાપ્ય મહત્ત્વાકાંક્ષાની પૂર્તિ કરવા હજારો માઈના લાલને રણાંગણમાં હોંશે માથું કપાવવા મોકલી શકે એટલો જબરો એ દેવનો મહિમા છે ચાર ખૂંટા જમીન માટે હજારો નરબંકાઓની કબરો ચણાવી શકે, એવો એ જાદુગર છે.

માણસોએ પોતાને કાજે જેને દેવળમાં પધરાવ્યો એ દેવ પ્રતિષ્ઠા પામીને ઉપાસકોનો ભોગ માગતો બન્યો. એને દેવ બનાવનાર માનવી તો મગતરાંથીય હલકો લેખાવા લાગ્યો. આ કથા રાજકારણી દેવળની છે.

**'બૂરો દેવળ'માંથી**

# સરસ્વતીપુત્ર

**પૂ૦ ધનકુંવરબાઈ મહાસતીજી**

**સાહિત્યના** શિરોમણિ, સરસ્વતીપુત્રસમા શ્રીયુત બાલાભાઈ દેસાઈ (જયભિખ્ખુ) ૫મી જુલાઈ, ૧૯૬૭ના રોજ સાઠમા વર્ષમાં પ્રવેશતાં તેમની મૂક સેવાને લક્ષમાં લઈ એક સાહિત્ય ટ્રસ્ટની યોજના આકાર પામી રહી છે, તે આનંદની વાત છે. જ્યારે શ્રી જયભિખ્ખુનું સન્માન કરી તેમને એક થેલી અર્પણ કરવાની વાત થઈ ત્યારે આવી રકમ પોતા માટે ન રાખતાં સમાજને ચરણે ધરવાનું તેમણે કહ્યું: ત્યારે આ સરસ્વતીપુત્ર 'જયભિખ્ખુ'ના જીવન વિશે કંઈક લખવા માટે મારા હૃદયની ઊર્મિઓ થનગની ઊઠી.

મારી કલમમાંથી લેખકરત્ન જયભિખ્ખુ માટે શબ્દોનો સ્રોત નૈસર્ગિક રીતે ઊછળી પડે છે;

" શ્રી જયભિખ્ખુના જીવનનો અનેરો રંગ છે,
જેમને સદાય ધર્મતણો સત્સંગ છે,
કલમે ટપકતો નિત્ય નવો રંગ છે,
હૃદયે સદાય માનવ કલ્યાણ તણો ઉમંગ છે."

ફક્ત દિલના જ દીપક નહીં, પરંતુ માણસાઈના દીપક, જન્મે વૈશ્ય પરંતુ ટેકમાં ક્ષત્રિય અને સાહિત્યજીવનના ભિક્ષુક.

હરિયાળા હૈયાવાળો ને દર્દીલા કંઠવાળો કળાકાર જ્યારે સંગીત છેડે છે ત્યારે શ્રોતા ડોલી ઊઠે છે, કારણ તેના ભાવોની છાપ પડે જ છે, ભાષાનો પડઘો નહિ. વિપત્તિના વા–વંટોળિયાઓમાંથી પણ તેઓશ્રી ખેર...જેને ઝબકવું જ છે તે તો વાદળ વીંધીને ઝબકશે જ. તેઓ સાહિત્યની આંખો છે અને તેમની કૃતિઓ સાહિત્ય અને જગતની કડી સમાન છે. જેવી રીતે ધૂપસળી બળીને પણ અન્ય માનવીને પોતાની સુગંધની આહ્લાદક આનંદ અને જીવનને પ્રેરણા આપે છે, તેવી જ રીતે, તેમના અંતરની સુગંધ શબ્દરૂપે લાખો મનુષ્યને જીવનનું પાથેય આપે છે. પિતાની મિલકત જતી કરનાર, રજવાડી નોકરીની પણ લાલચ ન રાખનાર પરંતુ 'કલમ તારે જ ખોળે છું' તેમ માનનાર જયભિખ્ખુની કલમ સદાય ન્યાયથી સભર છે. જેમ સાગર પાણીથી ઘૂઘવે છે તેમ તેમનું અંતર સદ્‌ગુણરૂપી વારિથી ઘૂઘવે છે.

આજે જ્યારે વીસમી સદીના ભારતના માનવીમાંથી માનવતાનો દીપ વિદાય પામતો દેખાય છે, માનવ–ધર્મ તરફની દૃષ્ટિ અને શ્રદ્ધા તે ખોઈ બેઠો છે, કાં તો આંધળો બનીને અણસમજના તોડફોડના માર્ગે ધસડાય છે, અથવા તો લાચાર બની પાશવી બળોને માથે ચડાવે છે ત્યારે તેઓશ્રી માનવતાના પૂજારી બનીને પોતાની કૃતિઓ દ્વારા આવા મૂર્છા પામેલ માનવીને સ્વસ્થ બનાવી તેના અંતરાત્મામાં ફરી માનવતાનો દીપ પ્રગટાવે છે. ધર્મનું સત્ય સમજવામાં તેમનું સાહિત્ય પ્રેરણારૂપ નીવડ્યું છે.

પોતે મહાન હોવું ઉત્તમ છે, પરંતુ બીજાને મહાન બનાવવા તે ઉત્તમોત્તમ છે. અનેક ઊગતા સાહિત્યકારોને પ્રેરણાની શાખ આપનાર જયભિખ્ખુ છે. તેમના સાહિત્યકાર જીવનની અભ્યર્થના, અભિલાષા અને આકાંક્ષા અનેક ઊગતા સાહિત્યકારોને પ્રેરણામય નીવડી છે. તેમણે પોતાનાથી સવાયો એવો પુત્ર 'કુમારપાળ' મા ગુર્જરીને ચરણે આપ્યો છે.

" શ્રી જયભિખ્ખુ જગતમાં મશહૂર છે,
સદા તેના કાર્યમાં ચકચૂર છે,
સાહિત્ય જગતનું તેઓ નૂર છે,
કૃતિઓમાં સદાય માનવતાનો સૂર છે."

# સમન્વયી સાહિત્યકાર

દક્ષિણકુમાર ગૌરીશંકર જોશી.

**કેટલાક** મનુષ્યોમાં સ્વભાવની મીઠાશ, એમના જીવનના એક ભાગ જેવી નૈસર્ગિક રહેલી હોય છે. એવા માણસોના જીવનવ્યવહારમાં તમને ક્યાંય કટુતા, વ્યગ્રતા જોવા નહીં મળે. આ જાતના ચારિત્ર્ય–ગુણને લીધે આવા માણસો એમના સંસર્ગમાં આવતા બીજાઓ ઉપર પોતાનો પ્રભાવ સારી રીતે પાડી શકે છે.

મારા બાપુ (ધૂમકેતુ)ના સાહિત્યજીવનમાં થોડાક સાહિત્યકારોના પરિચયનો અમને લાભ મળેલો. અસલી કાઠિયાવાડી "ડાયરામલ" જેવા સ્વ. મેઘાણી અને સ્વ રાયચુરામાં જીવનનો આ પરિચય સારા પ્રમાણમાં જોયેલો.

પાણીના ભરેલા પ્યાલામાં એક લીંબુનો રસ નીચોવી નાંખીએ : લીંબુનો રસ ભળી જાય છે, પાણી કરતાં અનેકગણો ઓછો એ લીંબુનો રસ પાણીને "લીંબુનું પાણી" જ કહેવરાવે છે તેમ, આવા મનુષ્યો એમના સ્વભાવગત ગુણને લીધે ઘણું મેળવી જાય છે. એમને ખોવાનું કાંઈ હોતું નથી, જ્યારે અનેકગણો–નાનાં–મોટાં–સહુનો પ્રેમ સંપાદન કરી શકે છે. શ્રી બાલાભાઈના જીવનનું પણ એવું જ છે.

બાપુએ આવા સ્વભાવના માણસો માટે એક સુંદર લાક્ષણિક ગુણ દર્શાવતો શબ્દ યોજેલો—નગદ રૂપિયો !

હવે તો નગદ રૂપિયો, કાગળનું ચલણ આવ્યા પછી ભૂતકાળની વાત બની ગઈ છે. પહેલાં રૂપિયાના, આઠ આનીના, પાવલીના સિક્કાઓમાં ચાંદીનું પ્રમાણ સારા પ્રમાણમાં હતું ત્યારે ટકોરો મારીને નાણાંની પરીક્ષા થતી. જે નાણું ટકોરામાં અસલી રણકાર ઉઠાવે તે નગદ નાણું. મનુષ્યજીવનનું પણ એવું જ છે. જીવનનો અસલી રણકાર ઉઠાવે તે નગદ–બાકીનું ખોટું ।



નગદ ચલણની જેમ, શ્રી બાલાભાઈના નગદ સ્વભાવનો વિશેષ પરિચય બાપુની ષષ્ટિપૂર્તિ ૧૯૫૩માં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયની બંધુબેલડી–સ્વ. શંભુભાઈ તથા સ્વ. ગોવિંદભાઈએ ઉજવેલી તે સમયે થયો હતો. તે સમયે આવો સમારંભ ગૌરવભરી રીતે ઉજવાય, બાપુના સ્વભાવની ઉપરવટ જઈને તેમની પૂરેપૂરી સંમતિ મેળવી લેવી એ બધા પાછળની શ્રી બાલાભાઈની કુનેહ વરતાઈ આવે છે. લેખક–પ્રકાશકના કડીબદ્ધ સંબંધની અતૂટ સાંકળ જેવો આ પ્રસંગ બની ગયો હતો.

બાપુ તે સમયે, સમારંભ ઊજવવાનો હતો તેના અઠવાડિયા પહેલાં સૌરાષ્ટ્રમાં લગ્નપ્રસંગે ગયા હતા. બાપુની અમદાવાદથી ગેરહાજરીનો પૂરો લાભ ઉઠાવીને બધી તૈયારીઓ આદરી દીધી હતી. સુંદર ચાંદીના રુદ્રમાળના પ્રતીક જેવાં આમંત્રણપત્રો પણ છપાવી દીધાં હતાં. એ સમયે હું શારદા પ્રેસમાં જઈ ચડયો ત્યારે શ્રી બાલાભાઈએ કહ્યું : "જુઓ ! આ બધી તૈયારી હવે પૂરી થઈ ગઈ છે. હવે સાહેબ ગોંડલથી આવે પછી એમની 'હા' મેળવવાનું કામ તમારે કરવાનું છે."

હું તો આભો જ બની ગયો !

બીજી ક્ષણે વિચાર આવ્યો કે આ બધાની પાછળ શ્રી શંભુભાઈ, શ્રી ગોવિંદભાઈ, શ્રી બાલાભાઈ–મનુભાઈનું પીઠબળ છે એટલે આ વાતમાં હું એકલો તો નથી પડી ગયો, તેની હૂંફ મળી ગઈ! મને તો જરાક શિષ્ટાચાર ખાતર વાત કરી હશે!

બાપુ બહારગામથી આવ્યા ત્યારે સહુ મિત્રો એમને મળવા આવેલા. બાપુને થોડીઘણી આ વાતની ગંધ પણ આવી ગયેલી. એટલે એમણે તો પોતાની લાક્ષણિક ઢબે હસીને ઉત્તર આપેલો :

" હવે ભાઈ! રહેવા દ્યો ને! તમે તો તમારી જોડે દક્ષિણને ભેળવીને ઘર ફૂટ્યે ઘર જાય એવો ઘાટ ઘડ્યો છે! તમે તો વાત એટલી બધી આગળ વધારી દીધી છે કે હવે આટલી બધી તમારી ઉત્સાહથી થયેલી તૈયારીને જાણે હું થંભાવી દઉં એવો મને નગુણો–લાગણીશૂન્ય ધારો છો કે શું ? "

પછી આખો સમારંભ ઘણી જ સુંદર રીતે ઉજવાયેલો.

એક સારા લેખક તરીકે શ્રી બાલાભાઈ સહુના પરિચિત તો છે જ. શ્રી બાલાભાઈ મુદ્રણકલાના એક અચ્છા નિષ્ણાત છે, મુદ્રણકળાની પાછળ કળાદૃષ્ટિના ચોક્કસ હિમાયતી છે તે વાત પણ જાણવા જેવી છે. આવી કલાદૃષ્ટિ, શ્રી બાલાભાઈને શ્રી કનુ દેસાઈ તથા શ્રી ચન્દ્ર જેવા મિત્રોના સતત સહવાસથી મળેલી હોવી જોઈએ.

એક વખત, બાપુ સાથે ભક્તકવિ દુલાભાઈ કાગે મજાદરને આંગણે ગોઠવેલ સાહિત્ય–સમારોહમાં જવાનું થયેલું. ત્યાં જવા માટે બાપુને 'હા' પડાવવામાં પણ શ્રી બાલાભાઈએ આગળ પડતો ભાગ ભજવેલો. બાપુ તો લખવાની ધૂણી ધખાવીને બેઠા હોય તેમાંથી તેમને ચલાયમાન કરવા એ ઘણું મુશ્કેલ કામ! તે સમયે શ્રી બાલાભાઈએ અજમાવેલી કુનેહ ધાર્યું કામ કરી શકેલી. આ એમની કુનેહનો એક વિશેષ પરિચય ગણાવી શકાય.

મજાદરમાં એક દિવસે લેખક–મિલનનો ચારેક કલાકનો સમારંભ હતો, ત્યારે સહુ લેખકોએ પોતાનો પરિચય આપવાનો હતો. તે સમયની એક વાત યાદ આવે છે.

શ્રી જ્યોતીન્દ્રભાઈએ પોતાની લાક્ષણિક રમૂજી શૈલીમાં કહેલું : " અર્ધનારીશ્વર સ્વરૂપની જેમ બાલાભાઈ નામમાં " બાળા " અને " ભાઈ " નો એવો સમન્વય સધાયો કે એમણે પોતાનું બીજું નામ પસંદ કર્યું તેમાં પણ આ વાતનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે. એક ડગલું આગળ વધીને રખેને પોતાની પત્નીને ખોટું ન લાગે માટે એમણે ધારણ કરેલ તખલ્લુસ–" જયભિખ્ખુ "માં એમનાં પત્ની જયાબહેન અને પોતાનું નાનપણનું નામ બે ભેગાં કરીને જયભિખ્ખુ બની ગયા! "

સહુ શ્રોતાજનો પેટ પકડીને હસી પડ્યા!

આ વાત યાદ કરું છું ત્યારે મને શ્રી બાલાભાઈના સાહિત્યમાં શીલ, સૌંદર્ય અને માંગલ્યનો ગુણ જણાયો છે, તેથી પોતાના નામ પ્રમાણે શ્રી બાલાભાઈને જીવન–સમન્વયી સાહિત્યકાર કહીએ તો યોગ્ય જ છે.

આજનો સાહિત્યકાર, જીવનને ત્રિભેટે ઊભેલો, એક જાતની દ્વિધા અનુભવી રહ્યો છે. એવી પલટાયેલી પરિસ્થિતિમાં શ્રી બાલાભાઈ જેવાનું સાહિત્ય જે ચોક્કસ ધ્યેયને વરેલું છે એ જીવનનાં સનાતન મૂલ્યો જે કોઈ કાળે અને સમયે બદલાતાં નથી તેને સ્થાપિત કરવામાં અગત્યનું પ્રદાન કરી રહેલ છે.

આજે એમની ષષ્ટિપૂર્તિ સમયે, એમને પોતાને આંખોનું નવું તેજ પ્રાપ્ત થયું છે, તે સમયે એમ કહેવું ઉચિત થઈ પડશે કે આજના જીવનની અફાટ દોડને સમયે, પોતે જે જીવનનિષ્ઠા—જીવનધ્યેયને વરેલા છે તે દિશામાં નવું સર્જન કરીને વધુ ઉજ્જવળ સાહિત્ય પ્રગટાવે.

# સંનિષ્ઠ સાહિત્યકાર

ડૉ. મધુસૂદન પારેખ 'પ્રિયદર્શી'

'તમે શ્રી બાલાભાઈ દેસાઈને ઓળખો ? સાહિત્યજગતમાં જૂના જોગી છે.'

'ના ભાઈ, એ કોણ ? આજે જ નામ સાંભળ્યું.'

'ઠીક, તમે જયભિખ્ખુને ઓળખો ?'

'હાસ્તો. વર્ષોથી સારી પેઠે. ઈંટ અને ઇમારતવાળા જ ને.'

વાત સાચી છે અને મઝાની છે. 'જયભિખ્ખુ' નું તખલ્લુસ સાહિત્યના એક વિશાળ વાચકવર્ગને એવું જીભે ચડી ગયું છે કે હવે એ જ એમનું સાચું નામ બની રહ્યું છે. એમનું 'બાલાભાઈ' નામ ઘણાને જાણીતું નહિ હોય. સાહિત્યની દુનિયામાં 'જયભિખ્ખુ' ને સહુ ઓળખે

એમની સાથે સીધા પરિચયમાં આવવાનું મારે બહુ નથી બન્યું. પરંતુ એમની કેટલીક કૃતિઓ રસથી મેં વાંચેલી અને વર્ષોથી એક સન્નિષ્ઠ અને પીઢ લેખક તરીકે તેમને પરોક્ષ રીતે ઓળખતો હતો.

શારદા મુદ્રણાલયમાં એમને બે ચાર વાર મળેલો ત્યારે એમની સ્નેહાળ, સૌજન્યશીલ અને સેવાભાવી પ્રકૃતિનો સુખદ પરિચય પામ્યો હતો. એમની આંખો ખૂબ નબળી. આંખો ખેંચી ખેંચીને ચોપડીઓ છેક આંખ પાસે રાખીને વાંચે અને નિયમિત લેખનકાર્ય કરે. એમની આંખો ભલે નબળી છે પણ એમની 'દૃષ્ટિ' વિશાળ છે. એમની કેટલીક કૃતિઓમાં એમની જીવનદૃષ્ટિનો પરિચય થશે.

જૈન ધર્મના ઊંડા સંસ્કાર એ પામ્યા છે. 'જયભિખ્ખુ' એ તખલ્લુસ પણ એ ધર્મના ઊંડા સંસ્કારમાંથી મળેલું હોય. પરંતુ એમની દૃષ્ટિ સાંપ્રદાયિક નથી. એમણે જૈનધર્મમાંથી કથાવસ્તુ લઈને અનેક નવલકથાઓ રચી છે, પરંતુ એ રચનાઓની વિશેષતા એ છે કે તે માત્ર જૈનસમાજ પૂરતી જ સીમિત બની રહી નથી, જૈનેતર વિશાળ સમાજમાં પણ તેમની ખ્યાતિ પ્રસરી છે.

જયભિખ્ખુ ધર્મજિજ્ઞાસુ છે, ધર્મનિષ્ઠ પણ છે પરંતુ એમની ધર્મશ્રદ્ધા ક્યારેય જડ બની દેખાતી નથી. ખરું જોતાં 'માનવધર્મ' નો જ એમણે પુરસ્કાર કર્યો છે એમ કહી શકાય. એમની જીવનભાવના ઉદાત્ત છે. એમનું જીવનસાહિત્ય પણ જીવનવિકાસક છે. એમની વાર્તાઓમાં ધાર્મિકતા એવી ઓતપ્રોત બની ગઈ હોય છે કે તે વાર્તાઓ રસાનંદ તેમ જ ઉચ્ચ જીવનની પ્રેરણા આપનારી બની રહે છે. ધર્મની ઊંડી ભાવના એમની રગેરગમાં એવી પ્રસરેલી છે કે એમનું સાહિત્ય અનાયાસે નીતિપ્રેરક બની રહ્યું છે. એમનું સાહિત્ય વાંચીને એમ ચોક્કસ કહી શકાય કે અમુક નિશ્ચિત પ્રકારનું નિશ્ચિત કક્ષાનું લેખનકાર્ય તેમને માફક આવી ગયું છે. તેમને એક ચોક્કસ પ્રકારનું સાહિત્ય રચવાની હથોટી બેસી ગઈ છે.

એમની કૃતિઓમાં એમને મળેલા ધર્મસંસ્કાર એ જેમ પ્રેરકબળ છે, તેમ તેમણે કરેલું પરિભ્રમણ એ પણ એક પરિબળ છે. પ્રકૃતિનો રસાસ્વાદ પામીને તેમનો જીવ કોળ્યો છે. તેમનામાં 'રોમેન્ટિસિઝમ' દેખાય છે, તે ખીલવવામાં આ પ્રકૃતિદર્શનનો પણ ફાળો હશે. એમનો જીવ કવિનો છે. એ શાયર થયા નથી પણ શાયરીનો એમનો શોખ 'ઈંટ અને ઇમારત' વાંચનારા વર્ગને અજાણ્યો નથી જ. આ શાયરીઓ પણ એમની રોમેન્ટિક પ્રકૃતિનું ફળ છે.

જયભિખ્ખુની કલમમાં વેગ છે, ઓજસ પણ છે અને રંગદર્શી તો એ છે જ. એમના વાર્તાવિષયોની પસંદગી જોઈએ તો તે પણ એમની રંગદર્શી પ્રકૃતિને અનુકૂળ જણાશે. પ્રેમ, સાહસ ધર્મ અને ઇતિહાસકથાઓ એ એમના મુખ્ય વિષય છે. પરંતુ એમની કલમમાં કશું હીણું —પ્રેમને નામે કે ધર્મને નામે— ભાગ્યે જ પ્રગટ થયું છે.

જયભિખ્ખુ આપણા સાહિત્યમાં એક પીઢ લેખક છે. કેટલાંય વર્ષોથી એમની લેખનપ્રવૃત્તિ એકધારી ચાલતી રહી છે અને હજી પણ એ કલમમાંથી સાહિત્ય સર્યા જ કરે છે. તેમણે નવલકથાઓમાં કદાચ વિશેષ સિદ્ધિ દાખવી છે. તેમ છતાં તેમની ટૂંકી વાર્તાઓનો વાચક વર્ગ ઓછો વિશાળ નથી અને કિશોરસાહિત્ય બાલસાહિત્ય જે સામયિકો–વર્તમાનપત્રોમાં તેમ જ પુસ્તકોરૂપે પ્રગટ થતું જ રહ્યું છે તેણે તો બાલજગતમાં અનેરું આકર્ષણ જમાવ્યું છે.

‘ ઈંટ અને ઇમારત ’માં પણ તેમના અભ્યાસ અને અનુભવના પડઘા સંભળાયા કરે છે.

તેમની નવલકથા, ટૂંકી વાર્તા તેમજ અન્ય બાલ-સાહિત્ય, ચરિત્ર, નાટક વગેરેની યાદી કરીએ તો ખાસી લાંબી થઈ જાય. પરંતુ, ‘ સંસારસેતુ ’, ‘ નરકેસરી ’, ‘ પ્રેમનું મંદિર ’ વગેરે નવલકથાઓનું સ્મરણ કરવું જ પડે.

જયભિખ્ખુનું સાહિત્ય આમ વિપુલ છે, પરંતુ એમને ધજાગરા બાંધવાની ટેવ લાગતી નથી શાંત-પણે સ્વસ્થ ચિત્તે એ લખ્યા જ કરે છે. સંપત્તિ, કીર્તિ સભા–મેળાવડા એ બધાં પ્રલોભનથી એ દૂર જ રહ્યા છે. એમને એનો સંકોચ છે.

આવા એક સન્નિષ્ઠ લેખકની ષષ્ટિપૂર્તિ ઉજવાય છે તે સર્વથા યોગ્ય છે. જિંદગીમાં સાઠ વર્ષ પૂરાં થાય એ મહત્ત્વની વાત નથી. મનુષ્ય જિંદગી કેવી રીતે જીવ્યો એ મહત્ત્વની વાત છે શ્રી જયભિખ્ખુ પાસેથી વિશાળ વાચક વર્ગને પ્રેરણાદાયી નીવડે તેવી કૃતિઓ મળ્યા કરો અને એ સારુ તેમને પ્રભુ દીર્ઘાયુ કરો એવી પ્રાર્થના કરીએ.



‘**ફાલ્ગુની !** તું ક્યાં ભૂલી ? સૂરજ ગમે તેવો પવિત્ર હશે, પણ એની પૂજા કરનારો એટલો પવિત્ર હોય પણ ખરો, ન પણ હોય. અને પવિત્ર પવિત્રને શું કામ ભજે ? પાપી જ પવિત્રને ભજે–પવિત્ર થવા. ફાલ્ગુની, એ મારા ઇષ્ટદેવને એકવાર તો નીરખ. એના અંતરમાં સળગતો પ્રેમાગ્નિ ગમે તેવાને પવિત્ર થવા પ્રેરે છે. એની અજબ ધ્યાનશક્તિ પાસે ભૂખ–તરસ, ટાઢ–તડકો, શોક–હર્ષ પોતાના સ્વભાવ ભૂલી જાય છે. સંસારમાં એને કોઈ શત્રુ નથી, એને કોઈ દ્વેષી નથી. એને કોઈ જીવ તરફ વેર કે પક્ષપાત નથી. એના અંતરાત્માની ઝળહળતી જ્યોતનાં દર્શનમાં જ આપણાં તન, મન અને વાણી તમામ લીન થઈ જાય છે. એ પ્રેમસાગરને એકવાર તો નયને નિહાળ, રે સખા !’

**‘ શત્રુ કે અજાતશત્રુ ’માંથી**

# 'શારદા'નો સાથી

શ્રી રમણીકલાલ જયચંદભાઈ દલાલ, વકીલ.

**ઈસ્વી**સન ૧૯૪૨ની એ સાલ. શ્રી ખડાયતા જ્ઞાતિના ઉપેક્ષિત રાસકવિ ને સાહિત્યકાર શ્રી કેશવલાલ હરગોવિંદદાસ શેઠ ત્યારે પોતાનું ખડાયતા મુદ્રણ કલામંદિર નામનું છાપખાનું ચલાવે. ત્યારે મને મારો કાવ્યગ્રંથ પ્રગટ કરવાના કોડ થયા.

શ્રી કેશવ હ. શેઠે પ્રોત્સાહન આપ્યું એટલું જ નહિ પણ કાવ્યોની શબ્દચાલવણી કરી પોતાના પ્રેસમાં છાપવા પણ માંડ્યું. પુસ્તકપ્રકાશકો ને વિક્રેતાઓ કોઈ કાવ્યગ્રંથને અડે નહિ સિવાય કે એને પાઠ્યપુસ્તક બનાવવાની તમારામાં હામ હોય!

પરંતુ શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયવાળા શ્રી શંભુભાઈ જગશીભાઈ શાહ મારા જૂના સંબંધી ને પ્રકાશક. એટલે એમણે 'પરિમલ'ના વેચાણના સોલ એજન્ટ થવાનું સ્વીકાર્યું ને પુસ્તક આકર્ષક બને તે માટે પહેલાં ચાર પાનાં ને પૂઠું સોહામણું બનાવવા સૂચના કરી.

સૂર્યપ્રકાશ પ્રેસવાળા શ્રી મૂળચંદભાઈને ત્યાં મારાં પુસ્તકો છપાયેલાં એટલે એમની એડવાન્સ પ્રિન્ટરી (પાંચકૂવા)માં હું ગયો. પ્રવેશ કરતાં શ્રી મૂળચંદભાઈના ટેબલના ડાબા હાથે એક કેબીન છે, જ્યાં એડવાન્સ પ્રિન્ટરીના મેનેજર બેસે છે, ત્યાં જવા અંગુલિનિર્દેશ થયો.

એકંદર બહુ ઊંચા નહિ, બહુ નીચા નહિ એવા બાંધી દડીના એક સજ્જન ધોતિયું—ખમીસ પહેરી બેઠેલા હતા. જાડાં ચશ્માંમાં ચમકતી મીઠી આંખો કાર્યરત હતી. એમણે મને આવકાર્યો ને મારું કામ સારી રીતે પાર પાડવાનું માથે લીધું. 'જેકેટ' માટે એમણે ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈ સાથે બારોબાર જ વ્યવસ્થા કરી લીધી. 'પરિમલ'નાં પહેલાં ચાર પાનાં ને પૂંઠું ધારણા મુજબ આકર્ષક બન્યાં ને મારો કાવ્યગ્રંથ પ્રગટ થયો. એ સાથ આપનાર સજ્જન હતા શ્રી બાલાભાઈ દેસાઈ.

એજ અરસામાં શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી મારો 'મુક્તિદ્વાર' નામનો વાર્તાસંગ્રહ છપાઈ રહ્યો હતો. શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પોતાના પ્રુફ રીડરો છે. લેખક પ્રુફ તપાસે. એ ઉપરાંત એમના પ્રુફ રીડર પણ તપાસે. ત્યારે શ્રી બાલાભાઈ એ કામ કરતા.

'મુક્તિદ્વાર'ની કેટલીક વાર્તાઓમાં થોડાક મનોરમ ફેરફારો થતા મેં જોયેલા પરંતુ ઘણી મોડી ખબર પડેલી કે એ કારવાઈ પણ ભાઈશ્રી બાલાભાઈની જ હતી.

ત્યાર પછી શ્રી બાલાભાઈ અને શ્રી રતિભાઈએ મારા દરેક પુસ્તકનાં પ્રુફ તપાસ્યાં છે એટલું જ નહિ પણ પોતાના જ્ઞાનનો પૂરો લાભ આપી મને સાથ આપેલો જ છે. અને મારે કહેવું જોઈએ કે મારાં પુસ્તકો જે સ્વરૂપે પ્રગટ થતાં રહ્યાં છે એનાં વસ્તુ, છાપકામ, રૂપરંગ વગેરેમાં ભાઈશ્રી બાલાભાઈ અને ભાઈશ્રી રતિભાઈનો ફાળો ઓછો નથી જ.

પછી તો શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિકોએ શારદા મુદ્રણાલય ખરીદ્યું. શ્રી બાલાભાઈને એના સંચાલક તરીકે બેસાડી દીધા ને શ્રી બાલાભાઈના સંપર્કમાં આવેલા કેટલાક કસબી કારીગરો પણ શારદા મુદ્રણાલયમાં આવ્યા. અને મુદ્રણકલાની એક નવી જ દુનિયા અમદાવાદને જોવા મળી. અદ્યતન

ટાઇપો વસાવવામાં આવ્યા. પ્રકાશનને અલંકૃત કરવા ખાસ સુશોભનો ને ચિત્રો બનાવવાની પ્રથા અપનાવાઈ. શ્રી પ્રભાત પ્રોસેસ સ્ટુડિઓવાળા શ્રી ગોવિંદભાઈ સાથે મૈત્રી સંબંધ વધ્યો. શ્રી કનુ દેસાઈ તો હતા જ. ઉપરાંત શ્રી ચંદ્ર ત્રિવેદી શ્રી શારદા મુદ્રણાલયના રોજિંદા મુલાકાતી બની ગયા. ચિત્રકાર શિવ, રજની અને પ્રમોદભાઈ પણ આવ્યા. પુસ્તક છપાતું હોય એ લેખકો આવે, એને શણગારતા ચિત્રકારો આવે ને શ્રી ગોવિંદભાઈ વિના તો ચાલે જ નહિ.

આમ શ્રી બાલાભાઈના આકર્ષણ અને આવકારથી રોજ સાંજે શારદા મુદ્રણાલયમાં મહેફિલ જામવા માંડી. શ્રી ધૂમકેતુ આવે, શ્રી ગુણવંતરાય આચાર્ય આવે, શ્રી ધીરુભાઈ ઠાકર ને શ્રી મધુસૂદન મોદી પણ ખરા. અલકમલકની વાતો ચાલે. સાહિત્યચર્ચાઓ થાય. શ્રી ગુણવંતરાયની 'રસવંતી' આવે—ભજિયાં જલેબી આવે. પુસ્તકલેખન ને પ્રકાશનની નવી નવી યોજનાઓ ઘડાય. એમાં યોગ્ય વ્યક્તિનો સુયોગ્ય સાથ પણ લેવાય. આમ 'ચાધર'ના સપ્તર્ષિમંડળે કરેલી નાનકડી શરૂઆતનું 'શારદા મુદ્રણાલય'માં વિરાટ સ્વરૂપ જોવા મળ્યું. પરિણામે 'શારદા મુદ્રણાલય'ની મુદ્રણકલા ને ગૂર્જરગ્રંથરત્નની પ્રકાશનસિદ્ધિ પરાકાષ્ઠાએ પહોંચી.

શ્રી. જયભિખ્ખુથી આકર્ષાઈ 'પુનિત મહારાજ' આવ્યા ને 'પુનિત આશ્રમ'માં પ્રથમ સાહિત્યમેળો યોજાયો. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, શ્રી ધૂમકેતુ, શ્રી કરસનદાસ માણેક, શ્રી જ્યોતીન્દ્ર દવે વગેરે સાહિત્યકારોએ એકલા ભક્તિમાર્ગીય જીવોને સાહિત્યનો પણ ચમકાર બતાવ્યો. ત્રણ ત્રણ દિવસ સુધી પુનિત આશ્રમનું પ્રાંગણ સાહિત્યપ્રવૃત્તિથી ધમધમી રહ્યું. અને 'જનકલ્યાણ'ની કાયા પલટાઈ ગઈ.

ત્યાં શ્રી કનૈયાલાલ મુનશીનો ષષ્ટિપૂર્તિ મહોત્સવ આવ્યો. શ્રી કનૈયાલાલ મુનશીનાં પુસ્તકોના મુખ્ય વિક્રેતા શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. એટલે શ્રી બાલાભાઈ ને થયું કે એ મહોત્સવ અમદાવાદમાં પણ ઊજવવો જ જોઈએ. વિચારબીજ ઊગે કે એનો વિકાસ થતાં વાર ન લાગે ને તાબડતોબ યોજના થઈ ગઈ. 'વાહ રે મેં વાહ' છપાઈ ગયું ને મહોત્સવ પણ અમદાવાદના શ્રી પ્રેમાભાઈ હૉલમાં રંગેચંગે ઉજવાઈ ગયો. મોડો તો મોડો પણ ઉજવાયો તો ખરો જ.

શ્રી કનૈયાલાલ મુનશી મુંબઈના છતાં એમનો મહોત્સવ અમદાવાદમાં ઉજવાય તો અમદાવાદના શ્રી ધૂમકેતુ કાંઈ બાકી રહી જાય? એમનાં પુસ્તકના પણ મુખ્ય વિક્રેતા શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, વળી શ્રી શારદા મુદ્રણાલયના ડાયરાના શ્રી ધૂમકેતુ તો એક આધારસ્તંભ. એમનો ષષ્ટિપૂર્તિ મહોત્સવ પણ એટલા જ ઉમંગથી ઉજવાઈ ગયો. રુદ્રમાળનાં આમંત્રણથી સોલંકી યુગની કીર્તિકથાઓ અમર થઈ ગઈ.

પછી આવ્યા કવિ શ્રી દુલા કાગ ને રતિકુમાર વ્યાસ. કવિ પરમાનંદ ત્રાપજકર પણ આવ્યા. કવિ શ્રી દુલા કાગની ભાવના ને સાહિત્યસ્વામીઓના સત્કારની ઊંડી ઝંખનાને શ્રી બાલાભાઈએ મૂર્તિસ્વરૂપ આપ્યું ને મજાદરના મહેફિલ યોજાઈ. કવિ શ્રી દુલા કાગને આંગણે ગુજરાતના સાહિત્યકારોએ ત્રણ ત્રણ દિવસ મહેમાનગતિ માણી. સાહિત્યની મહેફિલ ને લોકસાહિત્યના ડાયરાની રસછોળો ઊડી. કવિ શ્રી દુલા કાગે સોએક સાહિત્યકારોને મન મૂકીને શાલ–દુશાલાથી સન્માન્યા ને મજાદરનો એ મંગલ પ્રસંગ 'ન ભૂતો ન ભવિષ્યતિ' બની ગયો. સાહિત્યકારો ને આમજનતાનો સુમેળ સધાયો એ તો નફામાં.

શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિક શ્રી ગોવિંદભાઈના પુત્ર શ્રી કાંતિભાઈ ને લગ્ન પ્રસંગ તો શ્રી. બાલાભાઈના ઘરઆંગણનો પ્રસંગ. શ્રી શંભુભાઈ અને શ્રી ગોવિંદ ભાઈ એ પણ આ પ્રસંગે સાહિત્યકારોને સન્માનવા વિચાર્યું ને અમદાવાદથી સીધા ભૂજ સ્પેશિયલ ડબામાં સોએક સાહિત્યકારોને સાથે લઈ ભાઈ કાન્તિની જાન ઊપડી. ભૂજમાં આટલા ગુજરાતી સાહિત્યકારો એકઠા મળવાનો મનોરમ પ્રસંગ યોજાયો. ભૂજના સાહિત્યકારોએ સૌને વધાવી લીધા. શ્રી

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે સાહિત્યકારોને એકલા ભૂજની જ નહિ પણ શ્રી ભદ્રેશ્વરની પણ યાત્રા કરાવી. લગ્ન મહોત્સવ સાથે કચ્છદર્શન ને સાહિત્ય-સંગમનોય યોગ સધાયો.

આમ પચ્ચીસ પચ્ચાસ વર્ષના સ્નેહભીના સાથમાં શ્રી બાલાભાઈએ શ્રી ગુર્જર ગ્રંથરત્ન સાથેના પોતાના અમોલા સંપર્કને સુવર્ણો ઓપ આપ્યો. જગતમાં એક હાથે કદીયે તાલી પડતી નથી. શ્રી શંભુભાઈ ને ગોવિંદભાઈ ને શ્રી બાલાભાઈ ને શ્રી રતિભાઈનો સાથ મળ્યો. શ્રી ધૂમકેતુ, શ્રી ગુણવંતરાય આચાર્ય જેવા સ્વીકૃત સાહિત્યકારો એમની પડખે રહ્યા. એમના સાહિત્ય ઉપરાંત બાલાભાઈ અને શ્રી રતિભાઈએ જૈન સાહિત્ય ઉજમાળ્યું ને શ્રી લાલભાઈ મણિલાલ શાહની 'જીવનમણિ ગ્રંથમાલા' અમર બની ગઈ.

આ સૌના મીઠા સાથ ને સંબંધથી ઈસ્વીસન ૧૯૪૫થી ઈસ્વીસન ૧૯૬૦ સુધીનાં વર્ષોમાં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે સૌ કોઈની આંખમાં આવે એવી જાહોજલાલી જોઈ નાખી, એટલું જ નહિ પણ પુસ્તકવિક્રેતાના ધંધા ઉપરાંત સુંદર ને આકર્ષક સાહિત્યપ્રકાશન ને મનોરમ મુદ્રણકલાનાં ગુજરાતને દર્શન કરાવ્યાં. પ્રમાણિકતા ને સહકારથી નાણાંનું ઉપાર્જન થયું ને સમભાવ ને દિલની ઉદારતાથી નાણાંનું વિસર્જન થયું, પૈસા કમાયા પણ ખરા ને ખર્ચી પણ જાણ્યા.

ગુર્જરના પૈસા ને શ્રી બાલાભાઈના વહીવટમાં લેખક પ્રકાશકના મીઠા સંબંધની ઉજમાળી બાજુ સૌ કોઈએ જોઈ, પરંતુ સૂર્ય કાંઈ સદૈવ મધ્યાહ્ન તપે છે? સમય પાક્યો ને શ્રી ધૂમકેતુ ગયા. શ્રી ગુણવંતરાયે પણ વિદાય લીધી. શ્રી મનુભાઈ જોધાણી પણ પોતાની આગવી કારવાઈ લઈ બેઠા. શ્રી ગોવિંદભાઈની તબિયત લથડી. શ્રી શંભુભાઈનો ઉત્સાહ ઓસર્યો, છતાં બુઝાતા દીપકની પેઠે એક વાર એ અનોખી સાહિત્યજ્યોત છેવટે પણ ઝબકી ગઈ.

શ્રી ધૂમકેતુની છેલ્લી નવલકથા 'ધ્રુવદેવી' અને ભાઈ કુમારપાલના 'લાલ ગુલાબ'નો પ્રાકટ્ય-વિધિ શ્રી હરિવલ્લભદાસ કાલિદાસ વિનયન વિદ્યાલયના રંગભવનમાં ઉજવાયો. શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પોતાના બે સાહિત્યસ્તંભો શ્રી ધૂમકેતુ ને શ્રી 'જયભિખ્ખુ'ની પ્રવૃત્તિઓને જાહેરમાં અંજલિ આપી ઋણમુક્તિ અનુભવી.

ભગવદ્‌ગીતાના ગાયક શ્રીકૃષ્ણ અને પાંડવોના સેનાપતિ અર્જુન એકઠા મળ્યા તો મહાભારત ઉકેલાયું ને જગતને ભગવદ્‌ગીતા મળી તેમ પુસ્તક-પ્રકાશક ને વિક્રેતા શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને તેના લેખકમંડળ ને શ્રી શારદા મુદ્રણાલયના સુકાની તરીકે શ્રી બાલાભાઈ જેવા સારથિ મળી ગયા તો ગુજરાતે અવનવા સાહિત્ય પ્રકાશનની પચ્ચીસીનો યશોજ્જ્વલ ગાળો માણ્યો. કદી ન ભૂલાય એવી રીતે ગાળ્યો ને અમર બનાવ્યો.

અમદાવાદના ઇતિહાસમાં આ એક અવનવી સહકાર ઘટના બની ગઈ. રસના રંગછાંટણાં તો વિરલ જ હોય ને!

*

'**આજની** મારી એષણાઓ અનેરી છે. ભરતભૂમિ કહો, આર્યાવર્ત કહો કે હિંદુસ્તાન કહો : એમાં જે આવ્યા, વસ્યા, વસીને એને માટે આત્મભોગ આપ્યો; એ સહુ એનાં. કોઈ વહાલાં કે દવલાં નહિ. હિમાદ્રિ સહુને નવનિધિ આપે, ચંદ્ર સહુને અમૃત આપે, સૂર્ય સહુને તેજ આપે, ધેનુઓ સહુને ઘૃત આપે, ક્ષેત્ર સહુને ધાન્ય આપે, રાજ સહુને રક્ષણ આપે, ધર્મ સહુને શાંતિ આપે.'

**'વિક્રમાદિત્ય હેમુ'માંથી**

# કલમનો કળાધર

અંબાલાલ નૃ. શાહ

'ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય' વાળા શંભુભાઈ સાથે જે સંબંધ બંધાયો તેમાં બીજા મિત્રો કારણભૂત છે ખરા; પરંતુ મિતભાષી તથા પ્રભાવશાળી એવા બાલાભાઈ દેસાઈનું ચિત્ર ક્યારેય દૂર થયું નથી. તેમણે જ્યારથી 'શારદા પ્રેસ' માં કામ સંભાળ્યું ત્યારથી પ્રેસ તથા ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય સાથેનો સંબંધ વજ્રલેપ કરવામાં એમનો ઘણો ભારે હિસ્સો છે.

મારા વકીલબન્ધુ ભાઈશ્રી રમણીકલાલ દલાલને કોર્ટથી પાછા ફરતાં શારદા પ્રેસમાં એમની પાસે કાયમ બેઠેલા મેં જોયા છે. તેમનાં ઠીક ઠીક પુસ્તકો ગૂર્જરે બહાર પાડેલાં છે, તેમાં કારણભૂત બાલાભાઈ એટલે 'જયભિખ્ખુ'ને ગણીએ તો કશું જ ખોટું નથી

અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં હું ૧૯૪૦માં જોડાયો ત્યારથી આ સંબંધ વધી ઘણો પરિપક્વ થતો ગયો હતો. હું જ્યારે પણ શારદા પ્રેસમાં ગયો હોઉં ત્યારે મેં તેમની આસપાસ સાક્ષરો અને લેખકોને વીંટળાયેલા જોયા છે. તેમની વિદ્યાભિરુચિ, કલાપ્રિયતા તથા જૈન ધર્મ અને અન્ય ધર્મોના અભ્યાસની તત્પરતાથી તેમણે સર્વપ્રિયતા પ્રાપ્ત કરવા માંડી હતી.

કોઈનીય પાસે તેમને મધ દેખાય કે તરત જ તે તેના પિપાસુ અને ભિક્ષુ બની જતા. પોતાને તેમણે હમેશાં ગૌણસ્થાને રાખ્યા છે. તેમણે સભાઓમાં જવાનો પ્રસંગ આવ્યો હશે તો તે ટાળ્યો હશે તો પણ તે પ્રત્યે મમતા નહોતી એવું તો નહોતું જ—નથી. એક વસ્તુ સાચી છે કે એમણે આવી સભાઓમાં હોદ્દાઓનું ભાગ્યે જ મન કર્યું છે. તેમણે તેથી અલિપ્ત રહેવાનું જ હમેશાં પસંદ કર્યું છે. એ બાબતમાં શ્રી ધૂમકેતુ અને શ્રી જયભિખ્ખુ બંનેને હું સમાન કક્ષાએ મૂકું છું.

શ્રી જયભિખ્ખુની પોતાની જ નિરાળી લેખનશૈલી છે અને તેણે જનતાને આકર્ષણ કર્યું છે. એમણે સ્વમુખે એવું કદી કહ્યું નથી કે તેઓ પોતે લેખક કે વિદ્વાન છે. તેમણે બીજાઓને આવું માન પ્રાપ્ત થાય, તે માટે વિચાર્યું છે; પરંતુ તેમને જેટલું લેખન–કાર્ય રુચતું એથી વિશેષ બીજું કંઈ જ ગમતું નહિ. એને કારણે તેમની આંખોને ભારે નસ્યત થઈ; પરંતુ સીતાપુર જઈને આંખોનું નૂર પુનરપિ પ્રાપ્ત કરી ઝંપ્યા નથી. તેમણે બીજાઓની આંખોની પણ ચિંતા કરી અને આખરે તેમણે જે પુણ્ય કાર્ય કર્યું તે તેમની જ્ઞાનપ્રિયતાની સાથે ઊંડે ઊંડે રહેલી સહૃદયતાને લઈ ગુજરાતની જનતાની આંખોનું નૂર મેળવી શકાય તે સારુ પણ પ્રયત્ન કર્યા અને કંઈક અંશે તે ફળ્યા પણ છે.

તેમને ભાષણો કરવાનો શોખ નથી. રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘ તરફથી એક પ્રસંગે તેમને ભાષણ આપવા આમંત્રણ મળ્યું. તેમણે તેના કાર્યકરોને સમજ આપી અને આખરે એમની ઇચ્છાને માન આપી ભાષણ આપ્યું ત્યારે એટલી સ્પષ્ટતા કરી જ હતી.

એમના ભાષણમાં અને લેખનમાં ભાગ્યે જ કશો તફાવત પડે છે. તેમની વાર્તાશૈલી કે કથનશૈલીની જે પ્રતિભા છે તેનાં દર્શન દરેક પ્રસંગે થાય છે જ. તેમની શૈલી સચોટ, માર્ગદર્શન કરાવતી તથા વાર્તા-

રૂપે કહેવાની હકીકત એવી રીતે વણીને મૂકે છે કે તે સીધી જ હૃદયમાં સોંસરી ઊતરી જાય છે.

એમનું વાચન ઘણું વિશાળ છે અને તે અદ્યતન રહે તે માટે જેટલું શક્ય થાય તેટલું સાહિત્ય વાંચવાનો શોખ પણ એટલો જ તલસ્પર્શી છે–ઉપરછલ્લો કદી નથી. તેમના સંપર્કમાં ઘણી ઘણી અજબ ભેજાંઓની વ્યક્તિઓ આવી ગયેલી છે તે તમામને માપી લેવાની કળા એમને સુસાધ્ય છે. એને કારણે બહુવિધ લોકોની પામર વાતો ય તેમણે સાંભળી છે. એમાંથી પોતે તારવવાનો અર્થ તારવી લે છે અને માત્ર નવનીતનો જ આસ્વાદ કરવામાં એ પાવરધા છે.

એ બોલે છે ઓછું છતાંય ઘણું કહી શકે છે. એમની બોલવાની અને કહેવાની ઢબ અનોખી છે. એ બહુ નથી બોલતા પણ આંખથી ઘણીવાર ઘણું કહી દે છે. આટલું છતાં કોઈનાય પ્રત્યે તેમણે અણગમો સેવ્યો નથી.

તેમના આલેખનની ભાષા ટૂંકાક્ષરી અને સ્પષ્ટ અર્થ ઉપજાવનારી છે. એમની વાક્યરચના સરળ પૂરો અર્થબોધ કરાવનાર હોય છે–છતાં એમાંય તેઓ પોતે તત્ત્વબોધદર્શન એટલી જ મધુરતાથી કરાવે છે. તેમનો વાચકવર્ગ વિશાળ છે.

અમદાવાદના દૈનિક પત્ર 'ગુજરાત સમાચાર' માં દર ગુરુવારે રજૂ થતા 'ઈંટ અને ઇમારત'માંની હકીકતોની ભવ્ય મહોલત જોઈને ઘણાને હર્ષ થતો અનુભવ્યો છે. વિશેષમાં તેમણે 'મુનીન્દ્ર' ના તખલ્લુસથી જે અનોખી વાતો–ભૂત, વર્તમાન અને ભવિષ્યને સ્પર્શતી–રજૂ કરવા માંડી છે તેમાં ઘણાને ગમતી અને અણગમતી વાતો પણ છે. અગમ્ય વાતો આપણે માનતા નથી, એ આપણો આજ સુધીનો અનુભવ છે; પરંતુ દુનિયા એક પ્રકારની નથી–તેને ઘણાં પાસાં છે અને તે માન્યા સિવાય ચાલે એમ પણ નથી. આ વાત સીધી રીતે કહેવાને બદલે એમની ટેવ પ્રમાણે દૃષ્ટાન્તો અને સાચી હકીકતો આપી કે મેળવીને પોતાની વાત કેટલી વજૂદભરી છે, એ એમણે સિદ્ધ કરી આપ્યું છે.



મ. ગાંધીજીએ પણ વારંવાર કહેલું છે, તે તેમણે આ રીતે પ્રતિપાદિત કર્યું છે કે પ્રાર્થનામાં–સાચી હૃદયગત પ્રાર્થનામાં ઘણું કૌવત રહેલું છે. ભલભલાં દર્દો પણ એના બળથી હઠાવી શકાય છે. આ વાત આપણે જ્યારે એમની રીતે આલેખાયેલી વાંચીએ છીએ ત્યારે એમના ઊંડા અભ્યાસ અને કલમની મનોહરતાની ભારે પ્રશંસા કરવાનું મન થઈ જાય છે.

તેમની પ્રાસાદિક શૈલીમાં ઇતિહાસ, પુરાણ સમાજ તથા લોકસંપર્કની કથયિતવ્ય વસ્તુ એવી મઝાની રીતે રજૂ કરે છે કે એમાં કંઈયે કર્કશતા કે ડંખનાં દર્શન જ થતાં નથી. આથી તે સર્વધર્મપ્રિય બની શક્યા છે.

ધર્મે પોતે જૈન છે અને જૈનધર્મનો સારો અભ્યાસ હોય એ તેમના જેવાને માટે અત્યંત જરૂરી પણ છે. તેમણે સાહિત્યસંગમનો પ્રયોગ પણ જૈન સાહિત્યના સંપર્કથી કર્યો છે અને તે રીતે તેમાંથી તેમને જે કંઈ મોતી લાધ્યાં તે ધીરે ધીરે વીણવા માંડ્યાં અને એ વીણેલાં મોતી ખજાનામાં ભરાતાં ગયાં તેમ તેમ તે તેમની રુચિનો સ્પંદ પ્રાપ્ત કરી વધુ તેજસ્વી સ્વરૂપે પ્રકાશિત થતાં ગયાં. એ તમામ ભાષામૌક્તિકો જૈનધર્મની જેમ અન્ય ધર્મમાંથી પણ હવે અવતરવા લાગ્યાં છે અને તેથી એકબીજાને અલભ્ય લાભ થયો છે.

ગાયત્રી મંત્ર तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धीयो यो नः प्रचोदयात्– માં શો ચમત્કાર છે, એ બ્રાહ્મણો પોતે પણ પૂરો સમજતા નથી. આ મંત્રનો જાપ મારા માટે કોલેજ–જીવનથી જ એક વ્યસનરૂપ બની ગયેલ છે. હું હમેશાં સ્નાન કરવાના સમયે તેનો જાપ કરું છું. એથી મને સંતોષ રહે છે. તદુપરાંત નવગ્રહ–સ્તોત્રનો પણ હું પાઠ કરું છું.

વર્ષો પૂર્વે મારાં ધર્મપત્નીને હિસ્ટિરિયાનું દરદ લાગુ પડેલું. હું પોતે ભૂતપ્રેતમાં માનતો જ નહિ. એક સમયે બધાંની હાજરીમાં મારાં પત્નીની સંભ્રમ સ્થિતિમાં તેમણે જે ઉચ્ચાર કર્યો તેથી મારા આશ્ચર્યને કોઈ જ સીમા રહી નહિ. કહ્યું કે– 'હું આ દિવાળી પૂર્વે મારી પત્નીના પ્રાણ છીનવીને જ

કંપીશ ! ' તેના અવાજમાં રુદ્રતા અને કર્કશતા હતી. મને આશ્ચર્ય એ થયું કે લોકોની માન્યતા સાચી કે મારી માન્યતા સાચી ?

એક એવો જ બીજો પ્રસંગ ઉપસ્થિત થયો. મારે મુંબઈ જવું હતું. ત્યાં એકાએક રાતના સમયે અમે બે એકલાં જ હતાં ત્યારે તેણે તેના ઉપર ભૂતનું આક્રમણ થયું હોય તે રીતે ભયાનક આંખની ચકળ-વકળ સાથે જે બોલવા માંડયું તેથી હું જ ડઘાઈ ગયો.

ત્યારે મેં કંઈક અન્યમનસ્ક ભાવે કહેલું તે બરાબર યાદ છે. ' તો તમે તેના શરીરનો કબજો શા માટે લો છો ? આવો, હિંમત હોય તો મારા શરીરમાં પ્રવેશ કરો !'

તેણે કહ્યું,

' તે મારાથી બની શકે એમ નથી, કારણ કે તમે અમારી યોનિમાં માનતા નથી.'

આટલા શબ્દોના ઉચ્ચાર સાથે મને થયું કે ચોક્કસ એના શરીરમાં એ પોતે નથી–બીજી કોઈક વ્યક્તિ છે, જે આ બધું બોલે છે.

આ પ્રસંગે હું વિચલિત થઈ ગયો હતો. મેં તરત જ ગાયત્રી મંત્રનો મૂક જાપ શરૂ કરી દીધો અને મને તે રીતે જે સાન્તવન સાંપડ્યું તે સાચે જ અદ્ભુત હતું.

ભાઈ શ્રી ' જયભિખ્ખુ ' કહો કે ' મુનીન્દ્ર ' કહો–મને તેમના આ પ્રકારના લેખો વાંચવા મળ્યા તેની જ સાથે મારા ભૂતકાળના ઉપરના અને બીજા પ્રસંગો યાદ આવી ગયા અને મારી માન્યતામાં ફેર તો પડવા જ લાગ્યો.

મને તેમણે સાચું જ્ઞાન કરાવ્યું–મને તેમણે વિચાર કરતો કરી મૂકયો અને આપણાં શાસ્ત્રોમાં કેવો અનર્ગળ ખજાનો ભરેલો પડેલો છે, તેનું દર્શન થયું. આવા પ્રસંગો એક બે નહિ પણ થોકબંધ તેમણે આલેખવા માંડ્યા છે; છતાં તેમની ભાષાનો પ્રસાદ અપરિપકવ, ઉતાવળિયો કે અસંનિષ્ઠ છે એમ મને કે કોઈનેય ખ્યાલ આવ્યો નથી.

શ્રી જયભિખ્ખુ કયારેય અપ્રાસંગિક નથી. પ્રસં-ગોચિત કથિતવ્ય રજૂ કરવામાં એમની દૃષ્ટિ સાચેજ પાવરધી છે.

' ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય ' ના એ નિકટતમ સભ્ય અને એ રીતે શ્રી ધૂમકેતુથી માંડીને તેમના મિત્રોનું વર્તુળ સાહિત્યસમીક્ષા કરવામાં પાવરધુ ગણાતું. અહીં જે સમીક્ષા થતી તે પ્રસિદ્ધ થતી નહિ, પણ કયા પ્રકારનાં પ્રકાશનો તૈયાર કરવાં તેની વિશદ ચર્ચા થતી.

હું ૧૯૪૭ માં મ્યુનિસિપાલિટીમાં જોડાયો તેની પૂર્વે અમદાવાદમાં મારી બે હાઈસ્કૂલો હતી; પ્રોગ્રેસીવ હાઈસ્કૂલ તથા પોપ્યુલર હાઈસ્કૂલ; આને અંગે મને માધ્યમિક શાળાનાં ધોરણ ૪–૫–૬ માટે પાઠ્ય-પુસ્તકો તૈયાર કરવાની પ્રેરણા મળી. ત્યારનાં ૪–૫ ૬ એટલે આજનાં ધોરણ ૮–૯–૧૦.

તે રીતે મેં સાહિત્યદર્શન ભાગ ૧–૨–૩ તૈયાર કરેલાં. તેને મુંબઈ સરકારની ટેકસબૂક કમિટીએ મંજૂર પણ કરેલ; પરંતુ તેના રીતસર પુસ્તકવિક્રેતાની મને જરૂર હતી. મેં તેના હક અમુક રોયલ્ટી નક્કી કરી ' ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય ' ને સોંપી દીધા. આ રીતે મારે આ પુસ્તકવિક્રેતાના બે માલિકો શ્રી શંભુભાઈ જગસી શાહ તથા શ્રી ગોવિંદભાઈ સાથે સંબંધ થયો.

એ સંબંધમાંથી આ ઘરના મિત્રોની મીઠી હૂંફ મને સાંપડી. વારંવાર ચર્ચા–વિચારણા થતી. રસ પડતો અને મ્યુ. કોરપોરેશનમાંથી શ્રીરામજીની શેરી ખાડિયાવાળા મારા ભાડાના મકાને પાછો વળું તે પહેલાં શારદા પ્રેસમાં આ મિત્રમંડળીને મળવાનો મનસૂબો રહેતો.

આના સંપાદક–મંડળના સભ્યોમાંથી ઘણાનો પરિચય મને આજ રીતે સાંપડેલો અને તે આજે પણ એટલો જ સ્નેહાળ અને ધીરગંભીર રહ્યા કર્યો છે.

' સંભારણું ' માં રજૂ કરી શકાય તેવું મારું પોતાનું સંભારણું પણ એટલું જ વૈવિધ્યપૂર્ણ છે; પરંતુ એ બધા પ્રસંગો કરતાં જે થોડાક નોંધપાત્ર લાગ્યા તેટલા જ અહીં આપ્યા છે.

શ્રી ધૂમકેતુ એટલે જોષીસાહેબની નવી નવલોની

વસ્તુ–ચર્ચા પણ અહીં થતી, અને કયાં રૂપરંગ ઠીક લાગશે તથા તેના ઐતિહાસિક પ્રસંગોનું નિરૂપણ શી રીતે યથોચિત સ્વરૂપ ધારણ કરે એની મર્મજ્ઞ વિચારણા થતી, તેનો હું એક સાક્ષી છું.

ભાઈશ્રી બાલાભાઈ દેસાઈ આ બધું કહેતા તે માત્ર શિષ્યભાવે કહેતા. એમણે કદી પણ પોતે સમર્થ સાહિત્યકાર છે એવો હુંકાર કર્યો નથી–અંતરમાં એવી અપેક્ષા પણ રાખેલી નથી.

એમણે ઘણાં માસિકોનાં સંપાદન–કાર્ય સ્વીકારી તે માસિકોને ઊભાં કર્યાં છે–તેજસ્વી બનાવ્યાં છે–લોકપ્રિય બનાવ્યાં છે. શ્રી પુનિત મહારાજે એક સમયે તમામ સાહિત્યકારોને મણિનગરના પુરાતન નિવાસ પર આમંત્રી જે રીતે આદર કર્યો તેમાં હું હતો. અને તે પ્રસંગે સારી એવી દષ્ટિ શ્રી બાલાભાઈ દેસાઈએ પૂરી પાડેલી છતાં તેનો ઉલ્લેખ તેમણે થવા દીધો નથી.

તેમણે આ રીતે ઉગતાં સામયિકોને તેમની સંપાદન કળાથી પ્રકાશિત કર્યાં છે અને તેમના વિશાળ લેખકમિત્રોના પરિચયથી ઇચ્છિત રસથાળ પીરસી શકવામાં એમની શક્તિ અજોડ રહેતી.

શ્રી. 'કે. લાલ' કલકત્તાવાળાને યથાર્થ સ્વરૂપ આપવામાં એમની કલમે જાદુ કરેલ છે. હજાર જાહેર-ખબરો જે કામ ન કરી શકત તે તેમની કલમે કર્યું છે. એ એક હકીકત છે.

'ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયે' મારી નવલકથા 'નિર્વાસિતા' પ્રસિદ્ધ કરી પરંતુ તેના ફ્લેપ ઉપર જે સંક્ષિપ્ત માહિતી લેખક તરીકે મારે માટે મૂકી છે તે મેં અત્યાર સુધી કહેલી વાતનો પુરાવો છે.

અર્થબોધ કરાવવામાં શબ્દાળુતા કંઈયે નથી. શબ્દબાહુલ્ય કરતાં શબ્દોનો સચોટ પ્રયોગ જે રીતે થાય અને કથન–ભાવ સ્પષ્ટપણે દીપી ઊઠે એ જ એમની કલમની કળા છે. એમનામાં હૈયાની સૂઝ તથા વસ્તુની પારખ સચોટ તથા વાસ્તવદર્શી છે.

દૈનિક પત્રો કે બીજે સામયિકોમાં એમનું લેખન-કાર્ય વિપુલ છે. ઘણી ભાતનાં ઘણાં પુસ્તકો કે પુસ્તિકાઓ તેમણે પ્રકાશિત કરી છે અને કર્યે જ જાય છે. આટલું છતાં એમાંની વસ્તુને પ્રસંગોચિત રંગ કે વળાંક આપવામાં એમનું બુદ્ધિકૌશલ્ય ભરાવદાર કામ કરે છે.

એ મધપૂડા જેવા છે. એમણે જે મધુસંચય કર્યો છે તેને મેળવવા એમને થોડાક જ યાદ કરવા પડે છે. મધપૂડાની આસપાસ ભ્રમરો વળગેલા જ હોય, એ સ્વાભાવિક છે.

જો એ મધપૂડાનો સમયસર ઉપયોગ કરવામાં ન આવે તો તેને વળગેલી મધમાખો પાછો બધો જ રસ ચૂસી લે અને મધપુડો મધવિહીન બની જાય. એટલે તો તેનો સદુપયોગ કરવા–મેળવવા ધુમાડો કોઈક કરે છે, તો કોઈક વધુ સરળ માર્ગ અપનાવે છે.

આપણા બાલાભાઈ લગભગ આવા જ છે. એમની સંસિદ્ધિ મધપૂડા જેવી છે. એમાંથી મધ જ ટપકે છે. એને સહેજ નીચોવો કે દબાવો એટલે તેમાંથી બીજી કોઈ વસ્તુ હાથ નહિ આવે–માત્ર મધ જ હાથ આવશે.

સાઠ વર્ષ તેમને પૂરાં થયાં છે અને વધુ વર્ષો તેઓ પૂરાં કરશે, એમાં શંકા નથી. એમણે એમના પુત્રને આ જ માર્ગે વાળી સાહિત્યની ઓજસ્વિતાના દીપકો પ્રગટાવવા જે મનોરથો સેવ્યા છે તે આ વિચારો તથા ભાવનાના અનુસંધાનમાં જ છે. તેઓ બોલે છે ત્યારે આચરણની વાત ખ્યાલમાં રાખતા નથી–એવું નથી.

ઘર, કુટુંબ, ધર્મ, સમાજ, ભાષા, રાષ્ટ્ર તથા '**સાંગોપાંગ સુરંગ વ્યંગ અતિશે ધારો ગિરા ગુર્જરી**'ના પૂજક બની, એમણે એમની રીતે સ્વતંત્ર વાગ્વ્યવહાર–પ્રવાહ વહેતો કર્યો છે.

ટૂંકાં વાકયો, ટૂંકા શબ્દો અને છતાં અર્થગંભીર ભાષાને જોમ આપે એવી ઓજસ્વિની બનાવવા તેમણે હમેશાં ચીવટ રાખી છે.

તેઓ શત શરદો જીવો તથા યાવચ્ચંદ્રદિવાકરૌ જેવું ભાષાના મમત્વવાળું ગુજરાતી સાહિત્ય પ્રગટાવ્યા જ કરે એટલી પ્રકટ આશા સાથે તેમના પ્રેમનો સ્વીકાર કરી અહીં વિરમું છું.



# ચંદ્રનગર અને બાલાભાઈ

લાભુભાઈ કે. જોષી, તંત્રી : જ્ઞાતિસેવા

**શ્રી બાલાભાઈના** જીવનવિકાસમાં બીજાં મૂલ્યોની પેઠે સ્થળોનું પણ આગવું મૂલ્ય છે.

જન્મસ્થળ તરીકે વીંછિયા ( જસદણ ), પિતૃસ્થળ, તરીકે ભગતનું સાયલા, બાલ્યાવસ્થાનું વરસોડા, કિશોર અવસ્થાનું મુંબઈ અને મધ્ય હિંદનું ગ્વાલિયર સ્ટેટનું સૌંદર્યધામ શિવપુરીઃ આ બધાં સ્થળો તેમના જીવનઘડતરમાં નોંધપાત્ર બન્યાં છે. વળી તેમની નવલકથાઓ અને નવલકિઓમાં સાકાર પણ થયાં છે. આ રીતે જ તેમની કારકીર્દિ અને સાક્ષર જીવનનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં જીવનનાં પાછલાં વર્ષો જ્યાં વીત્યાં છે તેવું–સ્થળોના શિરમોરસમું ચંદ્રનગર પણ ગણનાપાત્ર છે અને ઉલ્લેખનીય છે.

શ્રી બાલાભાઈના ચંદ્રનગર સોસાયટીમાંના વસવાટને ઉલ્લેખનીય એટલા માટે ગણી શકાય કે તેઓ અમદાવાદના પરા એલિસબ્રીજ માદલપુર જેવા વસ્તીવાળા વસવાટને છોડીને શહેરના બીજા વિસ્તારમાં સાધનસગવડવાળી નવી સોસાયટીઓમાં વસવાટ મેળવવાને શક્તિમાન હતા, પરંતુ એલિસબ્રીજ વિસ્તારના દક્ષિણ છેડે આવેલી સરખેજ માર્ગ પરની સાબર નદીના કાંઠાની સોસાયટી પસંદ કરી. અહીં ગટરપાણી ને વાહનની સગવડ નહોતી. સર્પ–રાજોની અવરજવર અને રાતદિન શિયાળવાંના અવાજો આવ્યા જ કરતા. કાંટાળા ઘાસથી છવાયેલી જમીનની કેડી પર થઈને મુખ્ય ધોરીમાર્ગ ઉપર જઈ શકાતું. આવી અઢાર બંગલાઓની બનેલી નાનકડી ચંદ્રનગર સોસાયટીમાં તેઓએ નિવાસ કર્યો, આ હકીકત ઉલ્લેખનીય છે.

આ સોસાયટીના અઢાર બંગલાઓના માલિકોમાંથી એકાદ બે સિવાય કોઈ મકાનમાલિક આ સ્થળે રહેવાની હિંમત કરતું નહિ. વળી કોઈ કોઈ તો થોડા દિવસ વસવાટ કર્યા પછી ઉનાળાનો ઊનો શેક આપતા વાયુની સાથે આવતા તીક્ષ્ણ દંતુશળવાળા મચ્છરોના મોટા ટોળાઓના ત્રાસથી કંટાળીને શહેરમાં રહેવા ચાલ્યા ગયેલા. અનેક અગવડોની વચ્ચે આ એકાંત સ્થળની પસંદગી કરવામાં આપણને શ્રી.જયભિખ્ખુમાં તેમના પિતા તરફથી વારસામાં મળેલા સાહસિક, નીડર અને હિંમતભરપૂર સ્વભાવનું દર્શન થાય છે.

આ સ્થળ નિર્જન એકાંત હોવાથી અહીં માથાભારે તત્ત્વોનો પણ નિવાસ હતો. તેમની વચ્ચે પોતાના એકના એક પુત્ર અને પત્નીને દિવસભર એકલાં છોડી શહેરમાં પોતાનાં રોજિંદાં કાર્યો માટે જવાનું અને રાત્રે અંધારામાં નાની કેડી પર રાહ શોધતાં ઘેર પાછા આવવાનું કોઈપણ સુખા શ્રાવકશ્રેષ્ઠિ પસંદ કરે જ નહિ. આવી મુશ્કેલીઓ અને અગવડો હોવા છતાં શ્રી બાલાભાઈએ બહુ જ ધીરજથી, શ્રદ્ધાથી અને હિંમતથી આ સ્થળનો પોતાનો વસવાટ સ્થિર કર્યો. મુશ્કેલીથી મૂંઝાતા એ કદી શીખ્યા નથી.

શ્રી બાલાભાઈ અને તેમનાં પત્ની જયાબેનના પરગજુ અને હેતાળ સ્વભાવથી સોસાયટીના રહેવાસીઓમાં તેઓ ખૂબ પ્રિય અને મુરબ્બી સમા બની રહ્યા. શ્રી બાલાભાઈ એટલે ડાયરાના જીવ. એમના ડાયરામલ સ્વભાવ મુજબ તેઓ સોસાયટીના નિવાસીઓની સાથે બેસીને, કક્ષાભેદ રાખ્યા વિના વાર્તા-

વિનોદ, ભજનો, ચોપાટની રમતો રમવા બેસી જતા. આવા પ્રસંગોએ કદીય તેમના વર્તનમાં કે વ્યવહારમાં પોતે ઉચ્ચ કક્ષાના સાક્ષર કે શ્રેષ્ઠીપુત્ર છે તેવો અહંભાવ જોવા મળ્યો નથી. સમાજમાં બહુ જ ઓછી વ્યક્તિઓ આવું નિરાભિમાનીપણું જીવનમાં ઉતારી શકે છે.

પોતે જૈનધર્મી હોવા છતાં અન્ય ધર્મોના ઉત્સવો પ્રત્યે પણ તેમનો ઉત્સાહ અનેરો રહે છે. નવરાત્રિના ગરબા ચંદ્રનગરની તે વખતની આગવી વિશિષ્ટતા લેખાતી, અને જન્માષ્ટમીને દિવસે કૃષ્ણજન્મનો ઉત્સવ ઉજવવા સોસાયટીના નિવાસીઓની સાથે પોતે અંગત શ્રમ લઈને શહેરના જાણીતા ચિત્રકારો શ્રી સી. નરેન અને શ્રી શિવ પાસે દૃશ્ય અને રંગોળીઓની સજાવટ કરાવતા.

એ પુનિત પ્રસંગ યાદ આવે છે. શ્રીકૃષ્ણજન્મના દૃશ્ય માટે ઓરડાને શણગારવા તેમના નાનાભાઈ અને ગૌતમ સ્ટોર્સના માલિક શ્રી છબીલભાઈ કાપડના તાકાઓ લઈને જાતે શ્રમ વેઠીને ઓરડાની સજાવટ કરતા. આ કૃષ્ણજન્મના દૃશ્યના ફોટાઓ લેવા પ્રભાત પ્રોસેસ સ્ટુડીઓના માલિક શ્રી ગોવિંદભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. આ રીતે સોસાયટીના નિવાસીઓની સાથે અન્ય ધર્મોના પ્રસંગોની ઉજવણીમાં શ્રી બાલાભાઈ હંમેશાં રસતરબોળ બની રહે છે.

પડોશીઓ માટે બધું જ કરી છૂટવાની ભાવના તેમનામાં ઉત્કટ રીતે પડેલી છે. આવા પ્રસંગોએ પોતાની જિંદગીને હોડમાં મૂકતાં તેઓ કદી અચકાયા નથી.

એકાદ પ્રસંગ અહીં ટાંકવો ઉચિત થશે. કેલીકો મિલના એક અધિકારી મદ્રાસી સદ્‌ગૃહસ્થ શ્રી નેથનીયલ તેમની બાજુના બંગલામાં રહેતા હતા. એક વહેલી સવારે શ્રી નેથનીયલ સામેના અંગત વૈરભાવના કારણે બદલો લેવા માટે બે ખડતલ પુરુષો રામપુરી ચપ્પાં અને કિરપાણો સાથે શ્રી નેથનીયલના બંગલામાં ઘુસીને ચોકમાં સંતાઈ ઊભા.

શ્રી નેથનીયલ શૌચ માટે જાજરૂમાં ગયા કે તરત જ એક પુરુષ ખુલ્લા ચપ્પા સાથે ત્યાં દરવાજે ઊભો રહ્યો, બીજો અંદર ઘુસીને કબાટોમાંથી ચીજો ભેગી કરવા લાગ્યો. આ ખખડાટથી પલંગની મચ્છરદાનીમાંથી શ્રીમતી નેથનીયલે કોણ છે તેમ પૂછતાં કિરપાણથી તેમની મચ્છરદાની ચીરી નાખીને તેણીના ગળા પાસે કિરપાણ તાકીને તે શખ્સ ઊભો રહ્યો.

શ્રીમતી નેથનીયલે બહુ જ હિંમતપૂર્વક કીરપાણને હાથથી પકડી લીધી અને 'કાકા બચાવો, કાકા બચાવો'ની બૂમો પાડવા માંડી. આ દંપતિ બાલાભાઈને કાકાના નામથી સંબોધતું. આ બૂમો શ્રી બાલાભાઈના કાને પડતાં જ ચા–નાસ્તાની ડીશને હડસેલીને ખુલ્લા શરીરે અને ઉઘાડા પગે તરત જ તેઓ બાજુના બંગલામાં દોડયા. જોયું તો બન્ને પુરુષો બહાર નીકળી નદી તરફના રસ્તે દોડતા જતા હતા. તેમની પાછળ શ્રી બાલાભાઈએ દોટ મૂકી.

આ દોડધામ થતી જોઈને હું, બાલાભાઈનો પુત્ર કુમાર તથા સોસાયટીના પગી તથા બીજા બે ત્રણ ભાઈઓ પણ નદી તરફ ઝડપથી દોડયા. પેલા બન્ને સખ્સો નદીમાં પડીને સામા કાંઠાની સુએઝ ફાર્મના ટેકરાવાળી ઝાડીમાં સંતાયા.

શ્રી બાલાભાઈએ તેમનો છેક સુધી પીછો કર્યો. માર્ગમાં નદીના કાદવમાં તથા ટેકરાના કાંટાળા માર્ગમાં ખુલ્લા પગે દોડયા જ કર્યું. એમાંથી એક પકડાયો. તેને સોસાયટીમાં લાવ્યા. પોલીસ આવી ને કેસ થયો. આ પછી પેલા બે જુવાનોના સાગરીતો રાત્રે હથિયારો સાથે સોસાયટીની આજુબાજુ દશવીસના ટોળામાં ફરવા લાગ્યા.

પગી બચુભાઈ હિંમતવાળા હોવા છતાં સામે મોટી સંખ્યા અને પોતે એકલા હોવાથી થોડા અકળાયા. શ્રી બાલાભાઈ અને સોસાયટીના નિવાસીઓએ પગીની સાથે બબ્બે જણાએ રાત્રે પહેરો ભરવાનું ઠરાવ્યું. આમાં પણ શ્રી બાલાભાઈ મોખરેજ! તેમણે રાત્રીના બે વાગ્યાથી સવાર સુધીનો સમય પહેરો ભરવાનું માથે રાખેલું. આ રીતે શ્રી નેથનીયલના કુટુંબને રક્ષણ આપવામાં હિંમતપૂર્વક બધી જ મદદ કરી.

પોલીસમાં રજુઆત કરવામાં તેઓ પગીની સાથે જ કોર્ટકચેરીમાં જતા અને પેલા જુવાનોના કોઈ સાગરીતો પગી ઉપર હુમલો ન કરે તેની તકેદારી રાખતા. આમાં તેમને સહેજ પણ ગભરાયેલા કે મૂંઝાયેલા અમે જોયા નથી. કેવળ પડોશી ધર્મથી પ્રેરાઈને પોતાના તથા કુટુંબ ઉપર આફત અને જોખમ વહોરી લેવાના આવા પ્રયત્નો કરનાર અને લાગણી દર્શાવનાર શ્રી બાલાભાઈ જેવા બહુ જ ઓછા વિરલ પુરુષો જોવા મળે છે.

ચંદ્રનગરના રહેવાસીઓમાં શ્રી બાલાભાઈ ઓતપ્રોત છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. કારણ કે ચંદ્રનગર સોસાયટી તરફ તેમને એટલી પ્રીત છે કે જ્યારે જ્યારે તેમને મિત્રો અને સ્નેહીઓ તરફથી બીજે વસવાટ કરવાનો આગ્રહ થતો ત્યારે ત્યારે તેઓ નમ્રતાથી તેને ટાળી દેતા. તેમને આ એકાંત અરણ્યવાસ તરફ ભરતજીના મૃગલા જેવી પ્રીત બંધાઈ ગઈ છે, તેનાથી વિખુટા પડવાનું કોઈનું પણ સૂચન હજી સુધી તેમણે મન ઉપર લીધું નથી. આ સ્થળ તરફ આટલી તીવ્ર લાગણી અને પ્રેમ હોવાથી તેનો બહુવિધ વિકાસ કઈ કઈ રીતે શક્ય થાય તે બધા જ પ્રયત્નો કરવામાં શ્રી બાલાભાઈએ પોતાનાં સુખ, સગવડ અને સમયનો ભોગ આપવામાં પીછેહઠ કરી નથી. સોસાયટીના વિકાસ માટે તેમણે પોતાની અંગત ઓળખાણો અને પરિચયોનો લાભ પણ સોસાયટીને મેળવી આપ્યો છે. આ સ્થળના વિકાસમાં જે જે અવરોધો હતા અને ઊભા થયેલા તે તમામને હઠાવી દેવામાં તેમના પ્રયત્નોએ ખૂબ અગ્રભાગ ભજવ્યો છે તે હકીકત છે.

તેમણે આવા અવરોધો હઠાવવામાં જાનનું પણ જોખમ વહોરેલું છે. ચંદ્રનગર સોસાયટીની બાજુમાં એક મકાનમાં શહેરના ખૂબ જ માથાભારે તત્ત્વોનો અડ્ડો જામેલો. રાત્રે ત્યાં રૂપબજાર ભરાતો ને મહેફિલો જામતી અને મોજીલાંઓની મોટરો અને સ્કુટરોની વણઝાર લાગતી. મકાનની અંદર શરાબની સરવાણીઓ વહેતી. લાયસન્સ વિનાનાં હથિયારો મકાનમાં સારી રીતે રાખવામાં આવતાં. ગમે તે હથિયારનો ઉપયોગ ગમે તેના ઉપર ક્યારે થશે તે કહેવું અનિશ્ચિત હતું.

આજુબાજુના રહેવાસીઓ આનાથી ત્રાસી ઉઠેલા હતા. અડ્ડાના સહેલાણીઓ રસ્તા વચ્ચે ગાળો બોલતા પણ તેમને રોકવાની કે ટોકવાની કોઈ હિંમત કરી શકતું નહિ. આ સહેલાણીઓ બિલકુલ નિરંકુશ હતા. આજુબાજુની સ્ત્રીઓને રાત્રે ત્યાંથી પસાર થવું સલામતી ભરેલું ગણાતું નહિ, પરંતુ સાપના રાફડામાં કોણ હાથ નાંખે! શ્રી બાલાભાઈ ઉપર આ અંગે પ્રયત્નો કરવા આગ્રહપૂર્વક લોકોનું દબાણ આવ્યું.

પરગજુ સ્વભાવના શ્રી બાલાભાઈને આ જોખમમાં નાખ્યા. તેમને મિત્રોએ આવા જોખમમાં નહિ પડવા કહ્યું છતાં ગભરાટથી પાછા પડે તો તે બાલાભાઈ નહિ! હિંમતપૂર્વક તેમણે પ્રયત્નો આરંભ્યા. આજુબાજુના લોકોની મુશ્કેલીએ શ્રી બાલાભાઈના સંવેદનશીલ આત્માને હલાવી નાખ્યો. તેમની સામે ધમકીઓ આવી, એસીડ નાખવાના પ્રયત્નો થયા. ચપ્પાની અણીઓ ક્યારે સામે આવીને દેખાશે તેનો કોઈ ભરોસો નહોતો. પોતાને શહેરમાં જવાનું અને એકલો પુત્ર તથા પત્ની સોસાયટીમાં હોય. રાત્રે પાછા ફરવાનો રસ્તો પણ આ અડ્ડાવાળા સ્થળ પાસેથી જ પસાર થાય. આવાં જોખમો છતાં પણ તેઓ આ ત્રાસનો ઉકેલ કરીને જ જંપ્યા. આવા આવા ઘણા જ પ્રસંગો વચ્ચે જીવન જીવીને પણ તેમણે આ ચંદ્રનગરનો વસવાટ આજની ઘડી સુધી તજ્યો નથી તેમજ તજવાનો વિચાર સરખોય કર્યો નથી.

રાજ્ય સરકાર તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામે ગુજરાત સમાચારની પોતાની 'ઈંટ અને ઈમારત'ની કોલમમાં આ વિસ્તારની મુશ્કેલીઓ માટે બહુ સ્પષ્ટ અને જોરદાર રજુઆત કરીને આ વિસ્તારના વિકાસ માટે સતત અને સક્રિય પ્રયત્નો કર્યા છે. ધીમે ધીમે બસવ્યવહાર, ગટર, પાણી, લાઈટ, રસ્તા વગેરેના સગવડો ચંદ્રનગર અને તેની આજુબાજુના વિસ્તારમાં મુકાવવા માટે અન્ય પ્રયત્નોની સાથે શ્રી

બાલાભાઈએ હંમેશાં પોતાનો સૂર પુરાવ્યો છે. શ્રી ચદ્રશેખરભાઈ યોદ્ધા, શ્રી ચારુમતીબેન યોદ્ધા અને શ્રી હિંમતભાઈ વૈદ્યની સ્થાપેલી આ ચંદ્રનગર સોસાયટીને વિકસિત કરીને નંદનવન જેવી બનાવવામાં શ્રી બાલાભાઈનો ફાળો મોટો છે. તેમણે પોતાના જીવનરસનું આ સોસાયટીના વિકાસમાં સિંચન કર્યું છે એમ કહી શકાય.

જેમ ધરતીપુત્ર ખેડૂત ધરતી માતાની સેવા–માવજત કરે છે અને ધરતી માતા તેના પાલન–પોષણ માટે ધાન્યના ઢગલાથી અમીસિંચન કરે છે તેમ જ શ્રી બાલાભાઈએ ચંદ્રનગર સોસાયટીની માવજત અને વિકાસના કરેલા પ્રયત્નોના પરિપાક રૂપે ચંદ્રનગરની આ પુણ્યભૂમિમાં તેમના અહીંના વસવાટ પછી તેઓ પોતાની સાક્ષર તરીકેની સિદ્ધિઓનાં એક પછી એક શિખરો સર કરી રહ્યા છે. ચંદ્રનગરની ભૂમિમાતાએ તેમનું પણ એટલું જ જતન અને ઉત્કર્ષ કર્યાં છે. પ્રથમ ગુજરાત સમાચાર સાથે સંબંધ બંધાયો, બીજું ભારત સરકાર તરફથી પારિતોષિકની પ્રાપ્તિ, ત્રીજું ગુજરાત રાજ્ય સરકાર તરફથી પારિતોષિકની પ્રાપ્તિઓ; ભક્ત કવિશ્રી દુલા કાગની મિત્રતા–સ્નેહભરી આત્મીયતા–વિશ્વવિખ્યાત જાદુકલાવિદ્ શ્રીયુત કે. લાલનો આદરભાવ અને પ્રેમભક્તિ–આ ઉપરાંત ગૃહજીવનના લક્ષ્યાંકોમાં પણ ઉત્તરોઉત્તર પ્રગતિની પ્રાપ્તિ થયેલી છે.

ચિ. કુમારપાળની એમ. એ.ની ઉપાધિપ્રાપ્તિ, સફળ લેખનપ્રવૃત્તિ અને કૉલેજમાં પ્રોફેસર પદે નિયુક્તિ તથા એ લાડીલા પુત્રનાં રસવૈભવભર્યાં લગ્ન અને પૌત્ર–પ્રાપ્તિ–આવાં અનેક પ્રદાનો ચંદ્રનગરની આ ભૂમિએ આપીને આ સારસ્વત પુત્રને લાડ લડાવ્યાં છે.

ચંદ્રનગર અને શ્રી બાલાભાઈ આ બન્ને નામો એકબીજાનાં પુરક છે. ચંદ્રનગર શ્રી બાલાભાઈથી વિખ્યાત છે અને શ્રી બાલાભાઈ ચંદ્રનગરમાં આવ્યા પછી વિખ્યાત છે, એમ ચંદ્રનગર અને શ્રી બાલાભાઈ પર્યાયો બની રહ્યા છે. તેમની ષષ્ટિપૂર્તિના પવિત્ર પ્રસંગે તેમના જીવનમાં જે સ્થળે પોતાનો આગવો મહિમા પેદા કર્યો છે તેનો ઉલ્લેખ તેટલા માટે જ અનિવાર્ય છે.

શ્રી ચંદ્રનગર સોસાયટીના પ્રારંભના મંત્રી શ્રી હિંમતભાઈ વૈદ્ય હતા. એ પછી શ્રી બાલાભાઈ દેસાઈ ચૂંટાયા. તેમણે પોતાના મંત્રીપદ દરમ્યાન સોસાયટીને દેવામાંથી બહાર કાઢી, વ્યવસ્થિત કરી ને નમૂનેદાર બનાવી.

ટૂંકમાં આ માટે આ સોસાયટીને જ્યારથી–બ વર્ગમાંથી અ વર્ગમાં મૂકી ત્યારથી–સરકારી ઓડીટરોએ પોતે જે શેરા માર્યા છે, તેના પર એક નજર નાખવાથી તમામ વાતની પ્રતીતિ થઈ જાય તેમ છે.

ઑડીટરની નોંધઃ

“મંડળીનો વહીવટ સહકાર અને સમજપૂર્વક ચાલે છે. મકાનમાં રહેતા ભાડુઆતો તથા સભ્યોનો ઉત્કર્ષ થાય તેવા સાંસ્કારિક અને સામાજિક સંબંધો મંડળીમાં પ્રવર્તે છે તે જોતાં–આ મંડળીના સેક્રેટરી શ્રી બાલાભાઈ દેસાઈ તથા કમિટિ અભિનંદનને પાત્ર છે. તથા આનો વહીવટ આદર્શ તરીકે બીજી મંડળીઓ સ્વીકારે વગેરે લક્ષમાં લઈ મંડળીને, અ વર્ગ–પહેલો વર્ગ–આપવામાં આવે છે.”

(ઓડિટ સમય ૧–૭–૬૨ થી ૩૦–૬–૬૩)

*

“સામાન્ય રીતે જોતાં મંડળીનો વહીવટ સહૃદયતાથી અને કરકસરથી ચાલે છે. હિસાબો ઘણા જ વ્યવસ્થિત રખાય છે. સભ્યો સાથેનો વ્યવહાર પણ સહકારી છે. આ જોતાં આ વર્ષે પણ મંડળીનો “અ” વર્ગ ચાલુ રાખવામાં આવે છે.”

(ઓડિટ સમય ૧–૭–૬૩ થી ૩૦–૬–૬૪.)

*

૧. મંડળીનો વહીવટ, સરળતાથી સહૃદયતાથી તથા કરકસરથી ચલાવવામાં આવે છે.

૨. હિસાબો ઘણા વ્યવસ્થિત રાખવામાં આવે છે.

૩. સભ્યોમાં સહકારની ભાવના સચવાઈ રહી છે.

૪. સભ્યોએ જે શ્રદ્ધાથી હોદ્દેદારોની વરણી કરી છે તે પ્રમાણે હોદ્દેદારો મંડળીના વિકાસના

કામકાજમાં ઊંડો રસ લઈ કામ કરી રહ્યા છે. તેમાંય માનદ મંત્રીશ્રી બાલાભાઈ દેસાઈ મંડળીના નાના મોટા દરેક કામકાજમાં અંગત રસ લઈ, પોતાની લાગવગથી પણ, દરેક કામોનો મંડળીના હિતમાં નિકાલ લાવી આપે છે. તે મંડળીના તેમજ તેના સભાસદોને માટે આશીર્વાદરૂપ ગણી શકાય તેમ છે.

૫. મંડળીના કામકાજ સર્વાનુમતે થઈ શકે છે અને સહકારની ભાવના દરેક સભ્યોમાં જળવાઈ રહી છે.

મંડળીને ચાલુ વર્ષે અ વર્ગ આપવામાં આવે છે.

(ઓડિટ સમય :- ૧-૭-૬૪ થી ૩૦-૬-૧૯૬૫)

*

મંડળીની વ્યવસ્થાપક કમિટિ, માનદ મંત્રીશ્રી બાલાભાઈ દેસાઈ અને હિસાબનીસે મંડળીના તેમજ સભાસદોનાં નાનાંમોટાં દરેક કામકાજમાં અંગત રસ લઇ ખંત તેમ જ સાચા હૃદયથી સહકારી ભાવના સાથે કામકાજ કરી મંડળીના વિકાસનો વેગ વધારવા આદર્શ પ્રયત્નો કરેલા છે. વિશેષ કરીને મંડળીના માનદ સેક્રેટરી શ્રી બાલાભાઈ દેસાઈ (જયભિખ્ખુ)એ તેમના કિમતી સમયનો સારો એવો ભોગ આપી નિઃસ્વાર્થ પરિશ્રમ ઉઠાવેલ છે તે મંડળીને તેના સંપૂર્ણ ધ્યેયપ્રાપ્તિ તરફ લઈ જશે તેમાં શંકાને સ્થાન નથી. આમ એકંદરે મંડળીની નાણાકીય સ્થિતિ અને હિસાબી તેમજ વહીવટી કામકાજ સંતોષકારક અને પ્રશંસનીય જણાઈ આવેલ છે તેથી મંડળીનો અ વર્ગ ચાલુ રાખવામાં આવે છે.

(ઓડિટ સમય :- ૧-૭-૬૫ થી ૩૦-૬-૬૬)

"મંડળીની નાણાંકીય સ્થિતિ દર્શાવતું તા. ૨૦–૬–૬૮ના રોજનું સરવૈયું આ સાથે સામેલ છે, જે જોતાં તેની આર્થિક સ્થિતિ સંતોષકારક છે. મંડળીમાં ઉપસ્થિત થતા નાનામોટા દરેક પ્રશ્નો પ્રત્યે સજાગ રહી મંડળીના માનદ મંત્રીશ્રી બાલાભાઈ દેસાઈ તેમના કિંમતી સમયનો ભોગ આપી જે રીતે નિકાલ લાવે છે તે તેમની સાચી નિષ્ઠા, ખંત,અને સહકારી ભાવના અને માનવફરજના નમૂનારૂપ છે. મંડળીના સદ્ભાગ્ય કે તેને શ્રી બાલાભાઈ દેસાઈ (જયભિખ્ખુ) જેવા નીડર, લોકસેવક અને માનવતાવાદી મંત્રી મળેલ છે. આશા છે કે મંડળી તેઓશ્રીની રાહબરી હેઠળ દિનપ્રતિદિન તેના ધ્યેયની તરફ આગળ ને આગળ વધતી રહેશે.

(૧–૭–૬૬ થી ૩૦–૬–૬૭)

*

સદ્ભાગ્ય છે કે મંડળીને 'જયભિખ્ખુ' જેવા નીડર, નિઃસ્વાર્થ અને માનવસેવામાં રાચનારા માનદ મંત્રીશ્રી મળેલ છે. મંડળીમાં માનદ મંત્રીશ્રીની કાર્યકુશળતા, ચાણક્ય બુદ્ધિ અને સહકારી ભાવનાના લીધે આજદિન સુધી કોઈ સભ્ય સામે કાયદેસરનાં આગળનાં પગલાં લેવાનો એક પણ પ્રસંગ ઉપસ્થિત થયેલ નથી. અને તેઓશ્રીની તેજસ્વી રાહબરી હેઠળ મંડળી તેની કૂચમાં આગળ અને આગળ પ્રગતિ કરી રહેલ છે."

(સમય. ૧–૭–૬૭ થી ૩૦–૬–૬૮)

આપણે પણ પ્રભુને પ્રાર્થના કરીએ કે શ્રી ચંદ્રનગર અને શ્રી બાલાભાઈ–બન્નેનો ખૂબ ખૂબ ઉત્કર્ષ થાઓ. અહો બાલાભાઈ! અહો ચંદ્રનગર!

*

'**શાણા** થઈને વીસરશો નહિ. ઈશ્વરે મુસલમાન કે હિંદુ એવા ભેદ નથી કર્યા. ન્યાયી અને અન્યાયીના જ ભેદ છે. શિવાજી મુસલમાન સામે નથી લડતો; અન્યાય સામે લડે છે. પોતાના ભાઈઓ પાસે પોતાનાં ઘર, પોતાનો ઈમાન, પોતાની ઈજ્જત સલામત રહે તે માટે લડે છે. મા પાસે બેટા રહે, ઓરતો પાસે શીલ રહે, ઈન્સાન પાસે એનો ધર્મ રહે, એ ખાતર એ લડે છે.'

**'માદરે વતન'માંથી**

# વિશાળ કુટુંબના વડીલ

પ્રાધ્યા૦ જયંત કોઠારી

૧૯૫૯–૬૦ની વાત છે. અમદાવાદમાં ચંદ્રનગર સોસાયટી ત્યારે ચંદ્રલોક જેવી સુદૂર લાગતી. શહેરથી સારી પેઠે દૂર. કલાક બે કલાકે બસ મળે. આજુબાજુ ઝાડીઝાડવાં અને વેરાન પટ. મચ્છરોનો ત્રાસ હજુ પણ ક્યાં નથી ? પણ ચંદ્રનગરના ચાર માસ જિંદગીભર ચાલે એટલી સુવાસ મૂકી ગયા છે! એવું લાગતું હતું કે ચંદ્રનગર સોસાયટી એ સોસાયટી નથી પણ એક કુટુંબ છે. એ કુટુંબનાં વડીલો તે શ્રી બાલાભાઈ અને સૌ. જયાબહેન.

અમે તો એ વખતે અમદાવાદમાં નવુંસવું જ ઘર વસાવેલું. પણ શ્રી બાલાભાઈની પડોશમાં અમારા ઘરમાં કોઈ સાધન–સગવડ નથી કે કોઈ ચીજ વિના અમે અટકી પડયા છીએ એવું કદી અનુભવ્યું નહોતું. પડોશમાં મહેમાન આવ્યો હોય કે કોઈ પ્રસંગ હોય, બાલાભાઈને અને જયાબહેનને જાણ થવાની જ જરૂર, પછી તમારો ભાર આપોઆપ હળવો થઈ જાય.

એ દંપતીની છાયામાં ચંદ્રનગર સ્નેહભર્યાં કુટુંબજીવનનાં સુખો અનુભવતું હતું.

પછી તો મેં જોયું કે બાલાભાઈનું કુટુંબ ચંદ્રનગર સોસાયટીમાંયે સીમિત નથી. એ તો આખા અમદાવાદમાં, ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ પથરાયેલું છે. મિત્રો, સ્નેહીઓનો આવડો મોટો વર્ગ હોવો અને એ સાચવવો એ કંઈ જેવી તેવી વાત નથી. એ માટે મન મોટું જોઈએ અને ઘસાઈ છૂટવાની તત્પરતા જોઈએ. એ બન્ને ગુણો શ્રી બાલાભાઈ અને જયાબહેનમાં છે. એમાં જ એમણે જીવનનો એક મોટો આનંદ માન્યો છે.

માત્ર મિત્રો કે સ્નેહીઓને જ નહિ પણ સૌ કોઈને સહાયરૂપ થવાનું શ્રી બાલાભાઈના સ્વભાવમાં છે. એમ કહેવાય કે સહાયવૃત્તિ એ એમનો જીવનમંત્ર છે. ઘરે બેઠા હોય કે પ્રેસમાં, એ મિત્રો અને સ્નેહીઓથી વીંટળાયેલા હોય જ, પણ એમની સામે એક માણસ તો એવો બેઠેલો હોય કે જે પોતાનો કોઈક કોયડો લઈને આવેલો હોય અને બાલાભાઈ એને એ ઉકેલવાનો રસ્તો બતાવતા હોય. પ્રેસના કારીગરના જીવનમાં અને એના ઉત્કર્ષમાંયે બાલાભાઈ રસ લે. વણમાગી સલાહ પણ આપે. બાલાભાઈની સલાહથી અને સહાયથી ઉપકૃત થયેલા ઘણા માણસો મેં જોયા છે.

શ્રી બાલાભાઈનું વિશિષ્ટ રીતે સામાજિક વ્યક્તિત્વ છે. એમને મિત્રો, સ્નેહીઓ અને ચાહકોથી વીંટળાયેલા રહેવું ગમે છે અને એ વસ્તુ એમને ઘણાં બધાં કર્તવ્યોમાં પ્રેરે છે.

શ્રી બાલાભાઈથી હું થોડો દૂર રહ્યો છું— મારા સ્વભાવની કંઈક મર્યાદાને કારણે. પણ એથી એમનો મારા પ્રત્યેનો આત્મીયભાવ મેં કંઈ ઓછો અનુભવ્યો નથી. ભાઈ કુમારપાળની અભ્યાસવૃત્તિએ, એમના વિદ્યાર્થી કાળમાં અને પછી પણ,એમની સાથે ચર્ચાવિચારણા કરવા મને ઘણીવાર ઉત્તેજ્યો છે. એક અધ્યાપક–જીવ, કોઈ જિજ્ઞાસુ મળે તો પોતાનો સ્વભાવ પ્રગટ કર્યા વિના કેમ રહી શકે ? પણ આ નાની વાતનું ઘણું મૂલ્ય આંકતા મેં શ્રી બાલાભાઈને જોયા છે. આમાં એમની હૃદયની ઉદારતા દેખાઈ આવે છે.

શ્રી બાલાભાઈની સાહિત્યસેવા વિષે હું શું લખું ? એનો અભ્યાસ કરવાની તક મને મળી નથી, પણ એમનાં સાહિત્ય અને શૈલીનો એક મોટો ચાહક વર્ગ છે તે હું જાણું છું. એમણે જૈન કથાઓનો પુનરુદ્ધાર કરીને મહત્ત્વની સાંસ્કૃતિક અને સાહિત્યિક સેવા કરી છે એમ કહી શકાય. એ કથાઓમાંના મૂળભૂત જીવનવિધાયક તત્ત્વને અને માનવીય પરિબળોને એમણે ઉઠાવ આપ્યો છે અને સાંપ્રદાયિકતામાં એ અટવાયા નથી. તેથી જ વિશાળ વાચકવર્ગ સુધી તેઓ પહોંચી શક્યા છે.

આજ સુધી આપણા શિષ્ટ સાહિત્યમાં જૈન કથાઓનો સર્જનાત્મક ઉપયોગ કરવા તરફ આપણી નજર નથી ગઈ. શ્રી બાલાભાઈએ એ માટે સામગ્રી પૂરી પાડી છે અને દિશા ખોલી આપી છે.

શ્રી બાલાભાઈનો જીવનપ્રવાહ સાઠ વર્ષ સુધી ભૂમિને આર્દ્ર કરતો જે રીતે વહ્યા કર્યો છે એ જ રીતે હજુયે વહ્યા કરશે એવી શ્રદ્ધા છે. એમના નિરામય દીર્ઘ આયુ માટે ઈશ્વરને પ્રાર્થીએ.

"આર્ય કાલકના જીવનમાં એક વાત પદે પદે દેખાય છે, કર્તવ્યપાલન માટે સતત આગ્રહ. કર્તવ્યની વેદી પર શહીદ થઈ જવું એમને માટે સહેલું છે પણ કર્તવ્યની જરા પણ ઉપેક્ષા થતી હોય એ એમને માટે અસહ્ય બની જાય છે. કર્તવ્યહીનતાનો ભાર એ વેઠી ન શકતા. જ્યારે પણ અંતરમાંથી કર્તવ્યનો સાદ ઊઠતો ત્યારે કોઈની પણ સહાયની આશા કે અપેક્ષા રાખ્યા સિવાય, તેઓ ચાલી નીકળતા. એ જ કર્તવ્યભાનથી પ્રેરાઈને તેઓ ગર્દભિલ્લ જેવા માંત્રિક, તાંત્રિક અને શક્તિના પુંજ સમા રાજવીની સામે થયા. ન કોઈ સાથી, ન કોઈ સંગી ! પોતાનાં પોતાનાં નહિ, ને ધર્મપાલકોને ધર્મની ખેવના નહિ. આવા રેઢિયાળ યુગમાં ધર્મ પ્રત્યેની આટલી કડક કર્તવ્યભાવના ખરેખર ધન્યવચન માગી લે છે.

"સાધુ માટે રાજનીતિમાં પડવાનો નિષેધ છે; પણ ધર્મરક્ષા માટે કોઈક સાધુપુરુષને ક્યારેક રાજનીતિના અગ્નિ પર ચાલવું અનિવાર્ય બની જાય છે."

'લોખંડી આખનાં ફૂલમાં'થી

# "લાખેણી વાતો"ના માનવધર્મી સર્જક

પ્રાધ્યા૦ નટુભાઈ રાજપરા

"નથી મેં કોઇની પાસે વાંછ્યું પ્રેમ વિના કંઈ,
નથી કે કોઈમાં જોયું વિના સૌંદર્ય કૈં અહીં."

શ્રી બાલાભાઈ દેસાઈ–'જયભિખ્ખુ'ના વ્યક્તિત્વ વિશે, એમની જીવનભાવના વિશે, સંક્ષેપમાં નિર્દેશ કરવો હોય, તો શ્રી ઉમાશંકરભાઈનું ઉપર ટાંકેલું મુક્તક ખૂબ જ સૂચક નીવડે તેમ છે.

યુવાનીમાં તેમ પ્રૌઢાવસ્થામાં શ્રી બાલાભાઈએ ઠીક ઠીક પ્રવાસ કર્યો છે. અનેકવિધ વ્યક્તિઓના સંપર્કમાં એ આવ્યા છે. પણ બધો વખત પોતાની અસલિયત જાળવીને એમણે સામા પાસેથી મેળવવા જેવું શક્ય તેટલું મેળવ્યું છે; ભરપૂર પ્રેમ આપ્યો છે અને એટલો જ, બલકે એથી વિશેષ મેળવ્યો છે. એમની ગુણગ્રાહિતાએ, એમના પ્રસન્નમધુર વ્યક્તિત્વે એમને પ્રમાણમાં વિશાળ મિત્રમંડળ મેળવી આપ્યું છે. એમના સાહિત્યનો ઉપરટપકે પરિચય મેળવનારને શ્રી બાલાભાઈ જૈનધર્મનું સાહિત્ય આપનાર કદાચ લાગે, પણ હકીકતે શ્રી બાલાભાઈ સંપ્રદાયના કે બીજા કોઈ પ્રકારના વાડામાં બંધાયા વિના વિશાળ અર્થમાં માનવધર્મી સાહિત્યકાર બની રહ્યા છે. એમનો માનવધર્મ એમના સાહિત્યથી માંડી એમના સમગ્ર જીવનવ્યવહાર પર્યન્ત વિસ્તર્યો છે.

અંતરંગ મિત્રો સાથે આનંદવિનોદ કરતાં શ્રી બાલાભાઈને સાંભળવા એ એક લહાવો છે. અમદાવાદમાં નવો નવો આવેલો; હું મારી અધ્યાપનની કામગીરીને અંગે સાહિત્યજગતમાં સૌપ્રથમ ઓળખતો થયો શ્રી રાવળ સાહેબને અને મુ. ધીરુભાઈ ઠાકરને.

મુ. ધીરુભાઈ અવારનવાર શારદા મુદ્રણાલયમાં શ્રી બાલાભાઈના 'દરબાર'માં જાય. મનેય ક્યારેક સાથે લેતા જાય. ત્યાં સુધીમાં શ્રી બાલાભાઈનું થોડુંક વાર્તાસાહિત્ય મેં છૂટક છૂટક વાંચેલું પણ પ્રત્યક્ષ તો શારદા મુદ્રણાલયમાં જ એમને જોયા. થોડો પરિચય થયો. પણ વધુ નિકટ અવાયું ૧૯૫૯ના જૂન–જુલાઈમાં. ભાઈ શ્રી કુમારપાળ ત્યારે ગુજરાત કૉલેજમાં પ્રથમ વર્ષ વિનયનમાં અભ્યાસ કરે. લખેલું કંઈક દેખાડવા આવેલા. હું મકાનની શોધમાં હતો તે તેમણે જાણ્યું. અને થોડા દિવસમાં એમના અને શ્રી બાલાભાઈના પ્રયત્નથી હુંય 'ચંદ્રનગર'ના નાના પણ હૂંફાળા પ્રેમભર્યા વાતાવરણથી ધબકતા કુટુંબનો સભ્ય બન્યો.

લગભગ બે વર્ષ હું સકુટુંબ ચન્દ્રનગર સોસાયટીમાં રહ્યો. તે દરમિયાન શ્રી બાલાભાઈએ— એમના સમગ્ર કુટુંબે અમને જે આત્મીયતાનો અનુભવ કરાવ્યો તે અમે આજેય ભૂલ્યાં નથી. ત્યાંના વસવાટે જ સમજાયું કે શ્રી બાલાભાઈના વ્યક્તિત્વના ઘડતરમાં એમના કુટુંબસંસ્કાર, એમની વિદ્યોપાસના અને સાહિત્યપ્રીતિનો જેટલો ફાળો છે તેટલો જ એમનાં પત્ની અ. સૌ. જયાબહેનનો પણ છે. એમનું પ્રસન્નમંગલ દાંપત્ય જોઈને સદ્ગત કવિવર ન્હાનાલાલ અને માણેકબાના અભિજાત અને પ્રસન્ન દાંપત્ય વિશે વાંચેલું–સાંભળેલું યાદ આવતું. અતિથિ–માત્રને સહૃદયતાભર્યો ઉજળો આદર અને સંપર્કમાં આવનાર સૌ કોઈને યથાશક્ય સહાયરૂપ થવું એ શ્રી બાલાભાઈના, એમના કુટુંબના દરેક સભ્યના સ્વભાવનો એક સ્વાભાવિક

અંશ છે.

શ્રી બાલાભાઈના વ્યક્તિત્વનો મને સૌથી વધુ આકર્ષી ગયેલો અંશ છે એમની જિંદાદિલી. શૌર્ય, સાહસ અને શહાદતની અનેક વાતો લખનારા શ્રી બાલાભાઈ જીવનમાંય એવા જિંદાદિલ રહ્યા છે. અનેક મૂંઝવતા પ્રશ્નો વચ્ચેય મેં એમને સ્વસ્થ અને પ્રસન્ન રહેતા જોયા છે. શરીર પ્રમાણમાં કસાયેલું અને ખડતલ, અને હૃદય ખૂબ કોમળ. સામા માણસે નાનો અમથો ગુણ કર્યો, હોય તોય ઓછા ઓછા થઈ જાય.

લેખકો ઘણા હોય છે, પણ વાતડાહ્યા કહી શકાય એવા થોડા હોય છે. શ્રી બાલાભાઈમાં એ વાતડાહ્યાપણું તમને તરત અનુભવવા મળે. પણ વાતડાહ્યા માણસમાં જે ભારેખમપણું અને મુરબ્બીવટ ક્યારેક અનુભવાય છે તે શ્રી બાલાભાઈમાં મુદ્દલ ન મળે. નાના સાથે કે મોટા સાથે એ રીતે બોલે કે વર્તે તેમાં નરી સ્વાભાવિકતા દેખાઈ આવે. નિકટ આવેલાઓમાંથી કોઈમાં હીર દેખે, તો તેને પોરસ ચડાવી, વિકાસોન્મુખ કરવામાં સહેજે કસર ન રહેવા દે. પણ સૌને એમ લાગે કે કંઈક પાયાનું તત્ત્વ ખૂટે છે. શ્રી બાલાભાઈ આવે ને વાતાવરણમાં જાણે બહાર આવી જાય. તરેહ તરેહની વાતોમાં પોતે રસ લઈ શકે.

એમની હાજરીથી જ વાતાવરણ હળવું બની જાય અને નરવા વિનોદના ફુવારા ઊડ્યા કરે. ભિન્નરુચિ મિત્રોને એકસૂત્રે સાંકળી રાખવામાં શ્રી બાલાભાઈના ઉદ્દામ વ્યક્તિનો ફાળો ઓછો નથી.

એમની આંખો કંઈક નબળી છે, પણ માણસને પારખવામાં એમની આંખે ભાગ્યે જ ભૂલ કરી હશે.

શ્રી બાલાભાઈનું સાહિત્ય એમના વ્યક્તિત્વનું દ્યોતક રહ્યું છે. જીવનધર્મી સાહિત્યકાર તરીકે એમણે હમેશાં કલમ ચલાવી છે. કોઈ વાદ કે વાડાનું અનુસરણ કરવું એ એમના સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવમાં જ નથી. કલાના ધોરણે એમના સાહિત્યનું મૂલ્યાંકન કરનારને અહીંતહીં કહેવાપણું મળી આવે એ સંભવિત છે, પણ મંગલ તત્ત્વના ઉપાસક તરીકે 'જીવન ખાતર કલા'નું સૂત્ર સ્વીકારીને પ્રવર્તનાર શ્રી બાલાભાઈની અનેક નવલકથાઓ, નવલિકાઓ, ચરિત્રો, રેખાચિત્રો પ્રસંગકથાઓ ખરેખર 'લાખેણી વાતો' બની રહી છે.

શ્રી બાલાભાઈનું મિત્રમંડળ મોટું છે, એમના પ્રશંસકો અને ચાહકોનો વર્ગ વિશાળ છે; શ્રી બાલાભાઈની હૃદયવાડીને લીલી રાખવામાં એ સૌએ ખૂબ ફાળો આપ્યો છે.

"**નારીએ** જાણે પોતાની રૂપસુંદર કાયાના મદમાં પોતાનું ગુણજ્ઞ હૃદય ખોઈ દીધું હતું! નારીના જીવનનો ટૂંક સમયમાં થયેલો વિપર્યાસ સહુને પીડી રહ્યો. સ્ત્રીઓએ કેશગૂંફનકળાનો વિકાસ કર્યો, પણ અંતરમાં તો કેવળ વિષયની ગાંઠો જ રાખી!

"સ્ત્રીઓએ માણસને વીંધી નાખે એ રીતે પયોધરોને શણગાર્યા, પણ માણસને પોતાનો બનાવી નાખે એવું હૃદયામૃત સૂકવી નાખ્યું.

"સ્ત્રીઓએ ઓષ્ઠને આકર્ષક રીતે રક્તરંજિત કર્યા, પણ પારકાની સહાનુભૂતિ માટે ખળભળી ઊઠનારું લાગણીનું રક્ત ખોઈ દીધું.

"કોમળ સ્ત્રી સૂર્યનો તાપ ન સહેવાય માટે માથે અવગુંઠન–ઓઢણ નાખતી. હવે સ્ત્રીઓએ ઓઢણને પણ પોતાનાં રૂપાળાં અંગોને નિર્લજ્જ રીતે ધૂપ–છાયાની જેમ પ્રગટ ને અપ્રગટ કરનારું આકર્ષક સાધન બનાવ્યું!

"સૌંદર્યની સર્વ કલા સ્ત્રીઓએ વિસ્તારી, પણ જીવનની મહત્તમ કલાઓનો હ્રાસ કર્યો."

**'ભરત બાહુબલી'માંથી**

# શ્રી જયભિખ્ખુની ઐતિહાસિક નવલકથાઓ

ડૉ. કુમારી સરોજિની શર્મા, આગ્રા

**ગુજરાતી** ભાષામાં ઐતિહાસિક નવલકથાઓની ૧૦૦ વર્ષ કરતાં પણ વધારે લાંબી પરંપરા છે. ગુજરાતની પહેલી નવકથા 'કરણઘેલો' (૧૮૬૬) ઐતિહાસિક જ છે.

'કરણઘેલો'થી લઈ ને કનૈયાલાલ મા. મુનશીના સાહિત્યક્ષેત્રમાંના આગમન સુધી ગુજરાતી ઐતિહાસિક નવલકથાઓ તેમની જૂની પરંપરાને અનુસરતી રહી. શ્રી મુનશીએ તેને નવું મૂલ્ય અર્પી નવી દિશા ચીંધી, અને ગાંધીયુગ સમાપ્ત થતાં થતાં તો ગુજરાતી ઐતિહાસિક નવલકથાએ વિષય, વસ્તુ, ઈતિહાસ, દૃષ્ટિકોણ તેમ જ ટેક્નિકની દૃષ્ટિએ બહુમુખી વિકાસ સાધ્યો. શ્રી બાલાભાઈ વી. દેસાઈ 'જયભિખ્ખુ' ૧૯૩૫ પછી પ્રકાશમાં આવ્યા. તે એવા નવલકથાકારોમાંના એક છે કે જેમણે પોતાની ઐતિહાસિક નવલકથાઓમાં પૂર્વપરંપરા કરતાં તદ્દન નવીન અને વિશિષ્ટ પ્રદાન કર્યું છે.

શ્રી જયભિખ્ખુના સંસ્કાર આશ્રમમાં પોષાયા છે. જૈન ધર્મ ઉપર તેમને અપાર આસ્થા છે. તેમણે જૈન ધર્મગ્રન્થો તેમ જ સાહિત્યનું ઊંડું અધ્યયન કર્યું છે. એના આધારે તેમણે પોતાની અનેક નવલકથાઓની રચના કરી છે. જો કે મુગલોના આક્રમણ અને મુગલ તેમ જ રજપૂત કાળ ઉપર પણ તેમણે સફળ કૃતિઓ આપી છે, છતાં જૈનધર્મના પ્રાણસમ અહિંસા અને શાન્તિ એ તેમની નવલકથાઓનો મૂળ સ્વર છે.

ઐતિહાસિક નવલકથાઓનું વસ્તુ કાલ્પનિક હોય કે ઐતિહાસિક તથ્યો ઉપર અવલંબિત, પરંતુ તે કોઈ ને કોઈ ઐતિહાસિક યુગની સાથે સંબંધ ધરાવે છે. શ્રી જયભિખ્ખુની ઐતિહાસિક નવલકથાઓના કથાવસ્તુનો સંબંધ ઇતિહાસના કાલક્રમ પ્રમાણે નીચેના યુગો સાથે છે:

क બુદ્ધકાળ, મૌર્યકાળ તેમ જ ગુપ્તયુગ પૂર્વેના ઇતિહાસની સાથે સંબંધ ધરાવતી નવલકથાઓ (૬ઠ્ઠી સદી ઈ. પૂ. થી ૨૫૦ ઈ. સુધી)

| | |
|---|---|
| ૧. કામવિજેતા સ્થૂલિભદ્ર | (૧૯૪૦) |
| ૨. મહર્ષિ મેતારજ | (૧૯૪૧) |
| ૩. નિર્ગ્રન્થ ભગવાન મહાવીર | |
| ૪. શત્રુ કે અજાતશત્રુ | (૧૯૬૧) |

ख રાજપૂતકાલીન નવલકથાઓ (૬૪૭ થી ૧૨૦૬)

| | |
|---|---|
| ૧. પ્રેમભક્ત કવિ જયદેવ | (૧૯૪૫) |
| ૨. સિદ્ધરાજ જયસિંહ | (૧૯૬૧) |

ग મુગલ સામ્રાજ્યના ઇતિહાસ સાથે સંબંધ ધરાવતી નવલકથાઓ. (૧૫૨૬ થી ૧૭૫૬)

| | |
|---|---|
| ૧. વિક્રમાદિત્ય હેમુ | (૧૯૪૪) |
| ૨. ભાગ્યનિર્માણ | (૧૯૪૮) |
| ૩. દિલ્હીશ્વર | (૧૯૫૯) |

ઇતિહાસના લેખકોની જેમ નવલકથાના લેખકોનું ધ્યેય માત્ર ભૂતકાળનું વર્ણન કરવા પૂરતું જ નથી હોતું, તેમ જ તે તથ્યોના બાહ્ય આવરણ ઉપર જ મર્યાદિત નથી હોતું. નવલકથાકાર તો ઇતિહાસનાં તથ્યોની ભીતર રહેલા સૂક્ષ્મ અવ્યક્ત ...ર્યમાં અવગાહન કરે છે. તેથી જ તો ઐતિહાસિક

તેને માટે બંધન ન રહેતાં પોષાક તત્ત્વ બની રહે છે.

નવલકથાકાર માનવીય તથ્યોની શોધ અને સ્થાપનામાં ઐતિહાસિક તથ્યોની ઉપેક્ષા પણ કરી શકે છે. તે સિવાય ઐતિહાસિક નવલકથાકાર કથાવસ્તુની એકસૂત્રતા જાળવવા અને એક સાંકળમાં ગોઠવવા એવી લોકકથાઓ, દંતકથાઓ, કિંવદન્તીઓ અને તત્કાલીન સાહિત્યનો પણ આશરો લે છે, જેનું ક્યારેક ઇતિહાસમાં ખાસ મહત્ત્વ નથી હોતું.

ઇતિહાસકારના લક્ષ્ય કરતાં નવલકથાકારનું લક્ષ્ય જુદું જ હોવાથી તે આ ઉપાદાનોનો ઉપયોગ કરે છે. ઇતિહાસનું સત્યસંભૂત (જેવું થયું છે તેવું) સત્ય છે, નવલકથાકારનું સંભાવ્ય સત્ય છે. ઇતિહાસનું લક્ષ્ય માત્ર સત્ય છે, તો નવલકથાકારનું સત્ય શિવમ્ અને સુન્દરમ્ છે. પરંતુ નવલકથાકાર મનમાની રીતે આલેખન ન કરી શકે; બીજા પ્રકારની નવલકથાઓના આલેખન કરતાં ઐતિહાસિક નવલકથાનું આલેખન વધારે કઠોર કર્મ છે. કથાવસ્તુની ઘટનાઓ અને કથાઓનું નિર્માણ ઐતિહાસિક કાળવિશેષની પરિસ્થિતિને અનુકૂળ કરવું એમાં જ નવલકથાકારની પ્રતિભાની કસોટી છે. કાલ્પનિક પ્રસંગોમાં પણ નવલકથાકારે પોતાની વાત એવી રીતે કહેવાની હોય છે કે જાણે તે પોતે એ યુગનું જીવન જીવ્યો હોય. ઘટનાઓનો કાર્યકારણ–સંબંધ જોડવા અને તેમની વચ્ચે એકસૂત્રતા સ્થાપવા જો તે એ યુગનું ચિત્ર ઉપસાવી શકયો તો સમજવું કે તે એક સફળ ઐતિહાસિક નવલકથાકાર છે.

શ્રી જયભિખ્ખુની નવલકથાઓ જો ઉપર્યુક્ત કસોટી ઉપર કસવામાં આવે તો કથાવસ્તુની દૃષ્ટિએ એમ નિઃસંકોચ કહી શકાય કે તેમની જે નવલકથાઓ શાન્ત, મધુર અને કોમળ ભાવના સાથે સંબંધ ધરાવે છે તે સંપૂર્ણ રીતે સફળ જ નહિ, પરંતુ ઉત્તમ કોટિની નવલકથાઓ છે. ઐતિહાસિક કાળની દૃષ્ટિએ એ નવલકથાઓ ગુપ્તકાળ પહેલાંના ઇતિહાસમાં સમાવેશ પામે છે. તેમની નવલકથાઓમાં જૈનધર્મ અને પ્રબંધોમાં આવતી પરંપરાઓ અને આખ્યાનોને ઘણું મહત્ત્વ મળ્યું છે.

પોતે જૈન હોવા છતાં શ્રી જયભિખ્ખુની નવલકથાઓની એ ખાસિયત છે કે તેમણે અહિંસા અને સંયમ જેવાં જૈનધર્મનાં તત્ત્વોનું પ્રતિપાદન માનવતાની સર્વમાન્ય ભૂમિકા ઉપર કર્યું છે, જેથી ક્યાંયે પણ તેમની નવલકથાઓ સામ્પ્રદાયિકતાની સંકુચિત સીમામાં ગૂંચવાઈ નથી. તેમની બધી નવલકથાઓ પ્રેમ, ત્યાગ, કરુણા અને વૈરાગ્યના મધુર વાતાવરણનું સર્જન કરે છે, અથવા એમ કહી શકાય કે તેઓ આવા પ્રકારના વાતાવરણના નિર્માણમાં સફળ થયા છે.

નવલકથાઓમાં ઘટનાઓનું સંકલન ઐતિહાસિક સંદર્ભમાં ખૂબ કુશળતાપૂર્ણ અને રોચક ઢબે થયું છે. ક્યાંય મુખ્ય અને પ્રાસંગિક કથાઓની ગૂંથણી કઢંગી કે અસ્તવ્યસ્ત નથી દેખાતી.

પાત્રાલેખનની દૃષ્ટિએ પણ વિચારતાં જણાય છે કે શ્રી જયભિખ્ખુએ નવલકથાની દુનિયામાં અદ્વિતીય પાત્રો અર્પ્યાં છે. કોશા જેવી અદ્વિતીય સુંદરી અને તેના વૈરાગ્યને કોણ ભૂલી શકે? સ્થૂલિભદ્રનો માનસિક સંઘર્ષ, તેમનું કોશામાં અનુરક્ત થવું અને પાછો વૈરાગ્ય લેવો—આ સફળ પાત્રાલેખનના ઉદાહરણરૂપ બન્યાં છે.

જયભિખ્ખુએ જૈન સાધુ અને મુનિઓનું આલેખન અલૌકિક કર્યું છે, છતાં ક્યાંય (આજના સંદર્ભમાં પણ) તે અસ્વાભાવિક થવા નથી પામ્યું. અલૌકિક તત્ત્વોના તેમના નિરૂપણમાં પણ વાચક સહેજ વિશ્વાસ કરવા લાગે છે, એ પાત્રોના દિવ્ય આલોકમાં વાચક મુગ્ધભાવે જુએ છે. અહીં જ જયભિખ્ખુની સફળતા રહેલી છે.

શ્રી જયભિખ્ખુએ પાત્રાલેખનમાં કાવ્યાત્મક અલંકારપૂર્ણ શૈલીનો પ્રયોગ કર્યો છે. પરિણામે પ્રત્યક્ષ રીતે વર્ણવવા છતાં અનેક સ્થળ અરોચક નથી જણાતાં. પરોક્ષવર્ણન, અન્ય પાત્રો દ્વારા પણ ગુણકથન, વેશભૂષા, જુદા જુદા ક્રિયાકલાપ, તેમ જ જુદી જુદી મુદ્રાઓના અંકન દ્વારા પણ પાત્રાલેખનના સફળ પ્રયોગ થયા છે.

દરેક કળાકારની જેમ જયભિખ્ખુની પણ પોતાની

વિશિષ્ટતા છે. જયભિખ્ખુની પાત્રાલેખનપટુતા તેમ જ પ્રતિભા શાન્ત, કરુણ અને શૃંગાર રસના પ્રતિનિધિ પાત્રોમાં સવિશેષ સફળ રહી છે. વીર અને શૌર્યનાં પ્રતીક પાત્રોના આલેખનમાં જયભિખ્ખુની કલમ આવો ચમત્કાર દર્શાવી શકી નથી, વિક્રમાદિત્ય હેમુ, ભાગ્ય–નિર્માણ, દિલ્લીશ્વર એ નવલકથાઓમાં પાત્રાલેખનના સફળ પ્રયોગ તેથી જ થઇ શકયા નથી; પ્રેમભક્ત કવિ જયદેવ, મહર્ષિ મેતારજ તેમજ કામવિજેતા સ્થૂલિભદ્ર જેવી નવલકથાઓમાં જ તેમના પાત્રાલેખનની ઉત્કૃષ્ટ કળાનાં દર્શન થાય છે.

ઐતિહાસિક નવલકથાઓમાં વિશિષ્ટ કાળનો ઇતિહાસબોધ તત્કાલીન વાતાવરણની જમાવટ દ્વારા કરાય છે. વાતાવરણ એ પાત્રોનો સંસાર છે. એમાં રહીને જ તે પોતાના ક્રિયાકલાપનો પરિચય આપે છે, અને એમ કથાવસ્તુનો વિકાસ સધાય છે. ઐતિહાસિક વાતાવરણના પુનઃસર્જનમાં જ નવકલથાકારની ખરી સફળતા રહેલી છે, તેથી જ ઐતિહાસિક નવલકથાઓમાં સ્થાનવિશેષની ભૌગોલિક, રાજનૈતિક, ધાર્મિક અને જાતિગત સીમાઓ; ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક જીવન અને માન્યતાઓ, અસ્ત્રશસ્ત્ર, યુદ્ધપદ્ધતિ, લલિત કળાઓ તેમ જ માનવેતર સૃષ્ટિનું મહત્વ વધારે હોય છે.

જયભિખ્ખુ શાન્ત અને કોમળ ભાવોના સફળ આલેખક છે. તેમની નવલકથાઓમાં એક ખાસ પ્રકારનું વાતાવવણ સર્જાયું છે, જેમાં શાન્ત, મધુર, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનનું આલેખન કરવામાં આવ્યું છે. તેમની ઘણીખરી નવલકથાઓમાં રાજકીય સંઘર્ષ, યુદ્ધની ભયંકરતા, જનસમાજના સામાન્ય આચારવિચાર અને હાસવિલાસનો અભાવ છે તેમ જ ધાર્મિક, નૈતિક અને પ્રેમમંડિત જીવનદૃષ્ટિનું આરોપણ છે. આવી જાતના વાતાવરણમાં જયભિખ્ખુની વર્ણનશૈલીએ તેમના અપૂર્વ સામર્થ્યનો પરિચય કરાવ્યો છે. વર્ણનોની સજીવતા દ્વારા દેશ, કાળ તેમ જ વાતાવરણનાં સંશ્લિષ્ટ બિંબ તેમની નવલકથાઓમાં ખૂબ સફળતા સાથે ઊપસી શકયાં છે.

ભયંકર કટોકટીભરી સ્થિતિ, યુદ્ધવર્ણન વગેરે જયભિખ્ખુની નવલકથાઓમાં આવે છે, પરંતુ એ બાબતમાં નિઃસંકોચ કહી શકાય એમ છે કે વર્ણનની દૃષ્ટિએ જે સફળતા કોશાના વાસભવનના વર્ણનમાં, સાંસ્કૃતિક પર્વોનાં વર્ણનોમાં તેમ જ જૈન મુનિઓના ધાર્મિક, શાન્ત અને સત્ત્વગુણથી મંડિત વાતાવરણનાં વર્ણનોમાં મળી છે તે યુદ્ધની ભયંકરતાનાં વર્ણનોમાં તેમને મળી શકી નથી.

શ્રી જયભિખ્ખુની નવલકથાઓની સફળતાનું મુખ્ય કારણ તેમની વર્ણનોની ભાષાશૈલી છે. તેમની સૂક્ષ્મ અને સચોટ ભાષાશૈલી ઐતિહાસિક નવલકથાઓના વાતાવરણને જીવંત બનાવી વાચકને અતીતમાં ઘણી ત્વરાથી પ્રવેશાવે છે.

છેવટે એ કહેવું અનુચિત નહિ જણાય કે શ્રી જયભિખ્ખુની બધી નવલકથાઓ કોઈ ને કોઈ સ્વરૂપે જૈનધર્મના આધારભૂત સિદ્ધાન્તોને લક્ષમાં રાખીને ગતિ કરે છે.

ગુજરાતીમાં અન્ય લેખકોએ પણ ધર્મ- વિશેષથી અનુપ્રાણિત થઈ નવલકથાઓ લખી છે. હિંદીમાં રાહુલ સાંકૃત્યાયનની નવલકથાઓ આ વર્ગમાં જ આવે છે. આવા નવલકથાકારોની તુલનામાં જયભિખ્ખુની એ વિશેષતા છે કે તેઓ કયાંય વિચારોમાં સંકુચિત જણાતા નથી. તેમની નવલકથાઓમાં જૈનધર્મથી પ્રભાવિત અથવા આધ્યાત્મિક આનંદનો રસાસ્વાદ માણનાર, જયભિખ્ખુની વિશિષ્ટ રુચિનું પાત્ર, કોઈ ને કોઈ રૂપે જરૂર રહે છે, પરંતુ તેમણે દરેક સ્થળે ધાર્મિક કટ્ટરતા તેમ જ સામ્પ્રદાયિક સંકુચિતતાથી બચવાનો પ્રયાસ કર્યો છે અને તેમાં તે સફળ પણ થયા છે.

જયભિખ્ખુ ઉદાત્ત ભાવનાઓ તેમ જ પ્રેમ અને સૌંદર્યના પ્રતિપાદક છે. ધર્મવિશેષથી પ્રભાવિત હોવા છતાં તેમણે માનવતાની વિશાળ ભૂમિકા ઉપર જ તેનું ચિત્રણ કર્યું છે. આ દૃષ્ટિએ તેમની નવલકથાઓએ ગુજરાતી ઐતિહાસિક નવલકથાઓના ઇતિહાસમાં એક ખાસ પ્રકારની નવલકથાઓનો સૂત્રપાત કર્યો છે.

જયભિખ્ખુનું આ પ્રદાન ગુજરાતી નવલકથાઓમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે

હું આશા રાખું છું કે ગુજરાતીનું નવલેખન જયભિખ્ખુના સાહિત્યમાંથી પ્રેરણા મેળવી આ પરંપરા આગળ વધારશે અને આવી વિશેષ પ્રકારની નવલકથાઓના કોશમાં વધારો કરશે.

**હિંદીમાંથી અનુ૦ પં. શાંતિલાલ જૈન**

# યશસ્વી કલમના સ્વામી

શ્રી રાજમલ લોઢા, તંત્રી : દૈનિક ‘ ધ્વજ ’, મન્દસોર

લેખક અને વાર્તાકાર શ્રી જયભિખ્ખુ ગુર્જર સાહિત્યના નભોમંડળમાં એક જાજ્વલ્યમાન નક્ષત્રરૂપે પ્રકાશે છે. પોતાની કલમ વડે જનજીવનનું યથાર્થ વિહંગાવલોકન જે વ્યક્તિએ સાર્થકરૂપે પ્રસ્તુત કર્યું, જેણે પ્રાચીન ઘટનાઓનું પ્રામાણિકપણે સજીવ ચિત્રાંકન કર્યું અને નિર્જીવ અક્ષરોમાં રસસિંચન દ્વારા પ્રાણ પૂરવામાં જેમણે પોતાનું કૌશલ દાખવ્યું તે શ્રી જયભિખ્ખુ જ છે. તેમના નામનું સ્મરણ થતાં વેંત એક એવું વ્યક્તિત્વ સ્ફુરાયમાન થાય છે, જેને પ્રતિભા, ક્ષમતા, યોગ્યતા અને કુશળતાએ એકાકાર થઈ ઉજ્જવળ કર્યું છે.

શ્રી જયભિખ્ખુની સાથે મારો પરિચય આજથી ઠીક ચાળીસ વર્ષ પહેલાં શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ ( જૈન પાઠશાળા ), શિવપુરી ( ગ્વાલિયર ) થી છે. તે વખતે હું અને શ્રી જયભિખ્ખુ એક જ વિદ્યાકેન્દ્રમાં વિદ્યાભ્યાસ કરી સરસ્વતીની સાધના કરતા હતા. તે વખતે પણ મને તેમના હાસ્યોજ્જ્વલ મુખ ઉપર વિસ્તરતી આભાથી એવો આભાસ થતો કે મારી સાથે કોઈ પ્રતિભાવંત વ્યક્તિત્વ પલ્લવિત થઈ રહ્યું છે.

શિવપુરીના એ નિર્દોષ અને સુખમય જીવનનું સ્મરણ થાય છે, ત્યારે હૃદય આનંદથી પુલકિત બને છે. જયભિખ્ખુના એ શબ્દો મને આજે પણ હર્ષોત્ફુલ્લ કરે છે, જ્યારે તે મને મોજમાં આવી ‘પહેલવાન ’ કહી બોલાવતા હતા. તે વખતે તેમનું સાન્નિધ્ય અને તેમનો સહવાસ મારા માટે જ નહિ, બધા સાથીઓને માટે આનંદનો વિષય બનતો. જયભિખ્ખુ કોઈ દિવસ ખૂબ આનંદમાં હોતા ત્યારે રોચક વાર્તાઓ કહીને વિદ્યાર્થી સાથીઓનાં મન પ્રફુલ્લિત કરતા.

તે વખતના જૈન પાઠશાળાના શુદ્ધ વાતાવરણમાં ઊછરેલા ઘણા છાત્રો આજે પણ જૈન જગતમાં સુંદર કાર્ય કરે છે અને જૈનધર્મના સાહિત્યનાં વિવિધ સ્વરૂપ લખાણ દ્વારા પ્રગટ કરે છે. તેમાં જયભિખ્ખુ ( તે વખતના ભીખાભાઈ ) સાથે સાથે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ પણ આ પાઠશાળાના એક પ્રતિભાશાળી છાત્ર હતા. તેમનું સમગ્ર જીવન અને સાહિત્ય જૈન સમાજની સેવામાં સમર્પિત છે.

સ્વ. પૂજ્યપાદ પ્રખર વક્તા મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના અમે ઘણા ઋણી છીએ. તેમની મધુર વાણીએ અમારા જીવન નિર્માણમાં એક રાહબરનું કાર્ય કર્યું છે. એ શુદ્ધ અને નિર્મળ વાતાવરણમાં ઊછરેલા અને પોષાયેલા જીવનમાં નવીનતા આવવી એ સ્વાભાવિક જ છે. અમારું એ સદ્ભાગ્ય છે કે આજે દેશ અને સમાજની કંઈક સેવા કરવાની અમને પણ થોડી ઘણી તક મળી છે.

અમે ૧૯૩૦માં છૂટા પડયા. તે ગુજરાતી ભાષી હતા અને હું હિંદીભાષી. મેં હિંદીના પત્રકાર–જગતમાં મારી નમ્ર સેવા અર્પવા પગલું ભર્યું, અને ત્યારથી શ્રી જયભિખ્ખુનું નામ એક યશસ્વી લેખક તરીકે સાંભળતો રહ્યો છું અને છાપાંઓમાં વાંચતો પણ રહ્યો છું. હૃદય વારંવાર આદરપૂર્વક શ્રી જયભિખ્ખુ પ્રત્યે ખેંચાતું રહ્યું છે.

જ્યારે કોઈ પણ પુસ્તક ઉપર લેખકરૂપે શ્રી જયભિખ્ખુનું નામ છપાયેલું જોઈ છું ત્યારે મને એમ લાગે છે કે જાણે મારી સામે મારા એક જૂના

તેજસ્વી સહયોગી પણ એક યશસ્વી કલમના સ્વામીની કૃતિ છે, જેની તરફ ગુજરાતી ભાષાનો વાચક વર્ગ ખૂબ જ આકર્ષાયો છે.

ચુંબક એક શક્તિ છે અને તે પોતાની આજુ-બાજુનાં લોહકણોને આકર્ષે છે. આવી જ શક્તિ શ્રી જયભિખ્ખુમાં છે, જેના તરફ વિશાળ વાચક-વર્ગ આકર્ષાયો છેઃ આનું કારણ શ્રી જયભિખ્ખુએ જીવંત શૈલી અને ટેક્નિકોનો કરેલો સફળતાપૂર્વક ઉપયોગ છે, જે વિદ્યાના કોઈપણ લોકપ્રિય આરાધકમાં હોવો જોઈએ. શ્રી જયભિખ્ખુનું સાહિત્યમાં જે અર્પણ છે તે વિશાળ સાહિત્ય–સાગરમાં બિંદુ સમ હોવા છતાં સિંધુ કરતાં ઓછું નથી.

રાષ્ટ્રપતિ દ્વારા વારંવાર સન્માનિત થવાનું ગૌરવ મેળવનાર આ લેખકે પોતાની કીર્તિપતાકા સફળતાપૂર્વક ફરકાવી છે. એમનું કાર્યક્ષેત્ર જનમન છે; એમની રચનાઓએ જનમાનસનો સંપર્ક સાધ્યો છે, જનમાનસમાં શ્રદ્ધા પ્રેરી છે, જનમાનસનો વિશ્વાસ મેળવ્યો છે અને જનમાનસની સ્વરતંત્રીઓને ઝંકૃત કરી છે.

મારી મંગળ આકાંક્ષા છે કે શ્રી જયભિખ્ખુ સુદીર્ઘ સ્વસ્થ જીવન મેળવી સાહિત્યસેવા અને સાહિત્યસાગરને આકંઠ ભરે !

**અનુ. પં. શાંતિલાલ જૈન**

# સાત્ત્વિક અને સત્ત્વશીલ સર્જક

સાહિત્યના મુખ્ય બે પ્રકાર : વિદ્દ્ભોગ્ય અને લોકભોગ્ય.

લોકભોગ્યના પણ પાછા બે પેટાવિભાગ પાડી શકાય (૧) લોકોના અપરસને–વિકારોને પોષે, પંપાળે અને ગલીપચી કરે તેવું નિમ્નકોટિનું અને (૨) જનતાનાં રસરુચિને કેળવી એમનું ઉર્ધ્વીકરણ કરે તેવું સંસ્કારપ્રેરક સાહિત્ય.

આ છેલ્લા પ્રકારના સાહિત્યનું સર્જન કરવું એ બચ્ચાંના ખેલ નથી; કદાચ એને મુકાબલે નર્યું વિદ્દ્ભોગ્ય શાસ્ત્રીય નિરૂપણ કરવું સુગમ છે. સાચા બાલસાહિત્યનું નિર્માણ કરવું એ જેમ અઘરું છે તેમ સાચું લોકોપયોગી સાહિત્ય સર્જવું એ પણ કપરું કામ છે.

સામાન્ય જનની રસગૃદ્ધિ સંતોષાય અને સાથે સાથે તેની અભિરુચિનું ઉર્ધ્વીકરણ પણ થાય અર્થાત્ સાહિત્યિક ગુણવત્તા જળવાય તેમજ તેમાંથી જીવનનું સત્ત્વશીલ પાથેય પણ મળી રહે એવી બે-વડી વિકટ કામગીરી એના સર્જકે બજાવવાની હોય છે.

શુષ્ક ઉપદેશ તો હરકોઈ આપી શકે, પણ જીવ-નનાં મૂલગત મૂલ્યો, પાયાના સિદ્ધાંતો અને નરવી નિષ્ઠાનો સંદેશ રસિક, સરળ અને સચોટ શૈલીમાં સાહિત્યગુણનો પુટ આપીને રજૂ કરવો એ આવા સર્જકનું જાણે જીવનવ્રત હોય છે. શ્રી જયભિખ્ખુને કશીય અતિશયોક્તિ થવાના ભય વિના આવા સાત્ત્વિક અને સત્ત્વશીલ સર્જક તરીકે સહેલાઈથી બિરદાવી શકાય.

એમના વિપુલ સર્જનની વિશિષ્ટતાનો નિર્દેશ કરવાને બે જ શબ્દો બસ છે : જીવનલક્ષી અને સંસ્કારલક્ષી. કલા ખાતર કલાનો વાદ એમને જાણે અગ્રાહ્ય છે. વર્તમાન સાહિત્યક્ષેત્રે શીલ તેવી શૈલીનું જીવંત ઉદાહરણ શોધવું હોય તો શ્રી બાલાભાઈનું નામ સહેલાઈથી સ્મરણે ચડે છે.

સંસ્કૃત, હિન્દી અને ઉર્દૂનું એમનું ઊંડું પરિ-શીલન એમની બાનીને બળકટ તેટલી જ લચીલી બનાવી તેમની આગળ મુદ્રા ઉપસાવે છે. તેઓ નથી તો નકરા જૂનવાણી કે નથી નર્યા નવમતવાદીઃ બલ્કે એ બન્ને વચ્ચેના સર્વજનપ્રિય સુવર્ણસેતુની તેઓ ગરજ સારે છે.

એમની વિદ્વત્તામાં ઘમંડની ગંધ નથી કે ઉપ-દેશકના ઊંચેરા આસનનું ઉચ્ચ અભિમાન નથી. ચોખલિયાવેડા કે સુગાળવાવૃત્તિ એમના સ્વભાવમાં નથી. જનજાગૃતિના એ વૈતાલિક છે. આ જનતા-ના લેખકની પરિણત પ્રજ્ઞાનો લાભ ગુજરાતને હજુ વર્ષો લગી અવિરતમળ્યા કરે તે માટે તેઓ દીર્ઘ અને સ્વસ્થ આયુ ભોગવવા શક્તિમાન થાઓ એવી આપણી સહુની તેમની ષષ્ટિપૂર્તિ પ્રસંગે પ્રાર્થના હજો.

**લક્ષ્મીનારાયણ પંડયા**

મે. એન. એમ. ત્રિપાઠી એન્ડ સન્સ, મુંબઈ



# 'જયભિખ્ખુ' : વ્યક્તિત્વના ઝરૂખામાંથી

ડૉ. (કુમારી) સરોજિની શ્રીરામ શર્મા, આગરા

**ગુજરાતીના** પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી બાલાભાઈ વી. દેસાઈની સાથે મારો પરિચય પત્રવ્યવહારના માધ્યમથી ૧૯૬૧માં થયો. આજે પણ તે પત્રવ્યવહાર પૂરતો જ મર્યાદિત છે. દુર્ભાગ્યવશ હજી સુધી તેમનો સાક્ષાત્કાર થઈ શક્યો નથી.

મેં ૧૯૬૦ ના ઓક્ટોબરમાં આગરા યુનિવર્સિટીની ક. મા. મુનશી વિદ્યાપીઠમાં પીએચ. ડી. ડિગ્રી માટે રજિસ્ટ્રેશન કરાવ્યું. વિષય હતો : 'હિન્દી તેમ જ ગુજરાતીની ઐતિહાસિક નવલકથાઓનું તુલનાત્મક અધ્યયન.'

ગુજરાત અને ગુજરાતીના સાહિત્યકારો સાથે મારો વ્યક્તિગત પરિચય તે વખતે નહિ જેવો જ હતો, જો કે ગુજરાતી ભાષા સાથે મારો નાનપણથી જ પરિચય રહ્યો છે.

મારી શોધને અનુલક્ષીને મેં ગુજરાતી સાહિત્યકારો, ખાસ કરી નવલકથાકારો સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો.

મને એ જણાવતાં સહેજે સંકોચ નથી થતો કે ગુજરાતી સાહિત્યકારોની મદદ અને કૃપાને લીધે મેં મારું શોધકાર્ય આગરામાં રહીને અને ગુજરાતમાં ગયા વગર જ સફળતાપૂર્વક પૂરું કર્યું. સૌથી વધારે સહાનુભૂતિ અને સહાયતા મને શ્રી જયભિખ્ખુની પાસેથી મળેલાં. આજના ભૌતિકવાદી યુગમાં જ્યારે સામાન્ય રીતે માણસ કોઈને કોઈ પ્રકારના સ્વાર્થવશ કોઈને મદદ કરવા હાથ લંબાવે છે ત્યારે શ્રી. જયભિખ્ખુની ઉદારતા અને સહૃદયતાએ મને વિશેષરૂપે પ્રભાવિત કરી છે.

હું તેમને એક સફળ નવલકથાકાર તરીકે ઓળખતી, પરંતુ માનવતાના ઝરૂખામાંથી જોતાં શ્રી જયભિખ્ખુ નિઃસ્વાર્થભાવે માતા ભારતીના સાચા ઉપાસક સિદ્ધ થયા. સૌને મદદ કરવા માટે તેમને ગમે ત્યાંથી સમય મળી રહે છે અથવા તેઓ પોતાના વ્યસ્ત જીવનમાંથી મદદને માટે થોડાઘણા સમયનું દાન ખરા દિલથી કરતા રહે છે.

એમ લાગે છે કે તેઓએ જે આદર્શ અને માનવમનમાં વહેતા ભાવનિર્ઝરનું પ્રતિપાદન પોતાની નવલકથાઓમાં કર્યું છે તેને તેઓ પોતાના જીવનમાં પણ પૂરી રીતે ઉતારી શક્યા છે.

મેં તેમને સામાન્ય રીતે એક અપરિચિત શોધાર્થિની રૂપે પત્ર લખ્યો ત્યારે મારા બીજા સાથીઓએ મારી મશ્કરી કરેલી. તેમનું એવું કહેવું હતું કે આપણા જેવા અનેક શોધાર્થી મોટા મોટા સાહિત્યકારોને પત્ર લખે છે અને તે પત્ર રદ્દીની ટોકરીની જ શોભા વધારે છે; પરંતુ મને વિશ્વાસ હતો કે મને ગુજરાતમાંથી ચોક્કસ મદદ મળશે જ.

અને થયું પણ એવું જ. એક અઠવાડિયામાં જ શ્રી જયભિખ્ખુ તેમ જ બીજા સાહિત્યકારોના ઉત્તરો મને મળવા શરૂ થયા.

શ્રી જયભિખ્ખુની હું આ દૃષ્ટિએ સદા કૃતજ્ઞ રહીશ. તેઓએ મારી ઓળખાણ ગુજરાતની મોટી મોટી સંસ્થાઓ સાથે કરાવી, જ્યાંથી મને ઉપયોગી સાહિત્ય મળી શક્યું. તેઓએ જાતે જ વ્યવસ્થા કરીને મને ચોપડીઓ મોકલાવી, જેની મદદથી મારું કામ સફળતાપૂર્વક પૂરું થયું.

શ્રી જયભિખ્ખુએ મારા શોધકાર્યમાં મને વિશેષ મદદ કરેલી તેથી જ તેમના વ્યક્તિત્વની એક બાજુનો હું અહીં પરિચય નથી આપતી; અને આ જ મારો એકમાત્ર ઉદ્દેશ નથી. મારો આ સ્વાર્થ એક માધ્યમ ચોક્કસ છે. આજે આપણા દેશમાં ભાવાત્મક એકતાની વાતો થાય છે, અને બીજી બાજુ ભાષા સંબંધી વિવાદ પણ જાગે છે. આવી સ્થિતિમાં શ્રી જયભિખ્ખુ જેવાં વ્યક્તિત્વોનાં ઉદાહરણ લઈ જુદી જુદી ભાષાઓ બોલનારા એકબીજાની નજીક આવે એ ખૂબ જરૂરી છે. તે સિવાય એ પણ જરૂરી છે કે એમનાં જેવાં વ્યક્તિત્વોને આપણે ઓળખીએ અને એ રીતે આપણે આપણા હૃદયની વિશાળતાનું ક્ષેત્ર વિસ્તારીએ.

શ્રી જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિના સમારોહ વખતે તેમના સ્વસ્થ અને દીર્ઘજીવનની કામના કરું છું. તેઓ શતાયુ હો!

**હિંદીમાંથી અનુ. પં. શાંતિલાલ જૈન**



## વધીઓ મૂલે વાણીઆ

**શ્રી. બાલાભાઈ**

એ દિવસ નેમિનાથ ( પ્રેમાવતાર ) વાંચ્યું ને એકદમ મોજ આવી. મજાદર મોજ આવી. પણ કેવી ? છાતી ફાટી જાય એવી.

**શું આપું ? આશીર્વાદ વિના**
**વાહ તારી કલમ વાણીઆ !**

**કારીગર કલમ તણા, કંઈક લાકડા લાલા,**
**એમાં બેશક તું બાલા, વધીઓ મૂલે વાણીઆ.**

૧૩–૯–૬૫ **દુલા કાગ**

# જીવેત્ શરદઃ શતમ્

**શ્રી કસ્તૂરમલ બાંઠિયા : નેપાનગર**

શ્રી જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સમારોહ ઉપર અમદાવાદથી પ્રગટ થતા સોવેનિયર માટે કાંઈક લખી મોકલવાનું આમંત્રણ મળતાં હર્ષ તો થયો; પરંતુ તેના કરતાં વધારે સંકોચ તો એટલા પૂરતો થયો કે હું આવી વિશિષ્ટ વ્યક્તિ વિશે કાંઈપણ લખવાનો મને અનધિકારી માનું છું.

મને તેમનો પરિચય શ્રી જીવનમણિ સદ્‌વાચન-માળામાં પ્રગટ થતા તેમના સાહિત્યથી સં. ૧૯૬૪માં થયો, જે હું મારા સમવયસ્ક અને ૬૦થી પણ વધારે વર્ષોના અનન્ય મિત્ર શ્રી ગોપીચંદજી ધાડી-વાલની અનુપમ ઉદારતાને લીધે ત્યારે મેળવી શક્યો હતો.

પુસ્તકો વાંચવા અને સંઘરવાનું વ્યસન મને નાની ઉમરથી જ રહ્યું છે, પરંતુ હું ઈ. ૧૯૧૫માં વિદ્યાભ્યાસ માટે મુંબઈ ગયો ત્યારથી તો આ વ્ય-સનમાં તીવ્રતા આવી. તે વખતે હું કોઈ પુસ્તક વિક્રેતાની દુકાને જતાં એટલા માટે સંકોચાતો કે ત્યાં પહોંચ્યા પછી પુસ્તકો ખરીદવાનો લોભ ટાળી શકીશ નહિ અને મને જે અભ્યાસ માટે પૈસા મળતા તેમાંથી ૨–૪ રૂપિયાનાં પુસ્તકો ખરીદ્યા વિના રહી શકીશ નહિ.

૧૯૧૮ થી હું કમાવા લાગ્યો અને ત્યારથી ૫–૧૦ રૂપિયાનાં પુસ્તકો દર મહિને ખરીદવાનું મને વ્યસન લાગ્યું. કલકત્તાની સ્ટૅંડર્ડ લિટરેચર કંપની પાંચ રૂપિયાના માસિક હપ્તાથી કેટલીયે જાતના અંગ્રેજી સંદર્ભ ગ્રન્થ વેચતી. તેથી મેં ૧૦ ભાગમાં મળતો 'એન્સાઈક્લોપીડિયા ઑફ બિઝ-નેસ ઍન્ડ કૉમર્સ' મંગાવ્યો, કારણ કે હું વાણિ-જ્યનો સ્નાતક હતો અને મેં વ્યાપાર તેમ જ અર્થશાસ્ત્ર એ વિષયો ઉપર હિન્દીમાં લખવાનું શરૂ કર્યું હતું. તે જ વર્ષે મારો વ્યાપારવિષયક પહેલો લેખ હિંદીની સુપ્રસિદ્ધ માસિક પત્રિકા 'સરસ્વતી'માં પ્રગટ થયેલો. તે વખતે તેના તંત્રી સ્વ. પં. મહાવીરપ્રસાદ દ્વિવેદી હતા.

હિંદીમાં નામાને લગતું સૌ પ્રથમ મારું પુસ્તક 'हिन्दी बहीखाता' તે વખતના સુપ્રસિદ્ધ પ્રકાશક હરિ-દાસ ઍન્ડ કંપનીએ પ્રકાશિત કરેલું. હું હિંદી ગ્રન્થ રત્નાકર સિરીઝનો પણ વર્ષો સુધી સ્થાયી ગ્રાહક રહેલો અને તેનું સાહિત્ય ખરીદી વાંચતો. પુસ્તક ખરીદવાનું વ્યસન મારે ૧૯૫૩થી એટલા માટે તજી દેવું પડ્યું કે ૧૯૪૫ થી આજીવિકા કમાવાનું મૂકી દઈ, જીવનભરની કમાણી રોકી હું મારા પરિવારને પુસ્તકો અને સ્ટેશનરીની દુકાનમાં મદદ કરવા લાગેલો. પરંતુ તેમાંથી પણ મારે એટલા માટે મુક્ત થવું પડ્યું કે પરિવારના લોકો મને શોષક માનવા લાગ્યા, બરાબરીનો સહાયક અને સહયોગી નહિ. હું સંસા-રની જવાબદારીઓના ઋણથી મુક્ત બન્યો હતો અને એકાકી જીવનનિર્વાહને માટે વીજળીવેગે બદ-લાતા જમાનામાં પોતાને 'અનફિટ' સમજી મેં અકિં-ચનત્વ સ્વીકારી લીધું હતું. આ કારણસર જ શ્રી જયભિખ્ખુનું સમગ્ર સાહિત્ય ઈચ્છા હોવા છતાં, વાંચવા માટે હું આજ સુધી ખરીદી શક્યો નથી; છતાં જે કાંઈ વાંચ્યું છે તેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું.

પત્રકારત્વ જયારથી વ્યવસાય બન્યું છે ત્યારથી તેનું શિક્ષણ પણ અપાય છે, પરંતુ તેમાં સફળ પત્રકાર તો જવલ્લે જ થાય છે. બર્નાર્ડ શૉ, એમ. જી. વેલ્સ જેવા પાશ્ચાત્ય લેખકોની અપૂર્વ સફળતા આપણને તેમની શરૂઆતની કઠિનાઈઓ જોવા અને સમજવા પ્રેરણા નથી આપતી, જયારે તેમનાં લખાણો તેમને હતોત્સાહ કરવા વારંવાર પાછાં આવતાં, પરંતુ તેઓ એટલા માટે હતોત્સાહ ન બન્યા કે તે વખતે તેઓએ લેખનને જીવનનિર્વાહનું એકમાત્ર સાધન નહોતું બનાવ્યું. તેમનાં લખાણોની જે આલોચના થતી તેનાથી પોતાનાં લખાણોને સુધારવા–પરિમાર્જિત કરવા તે સતત પ્રયાસ કરતા. પરિણામે તે એવા તો વિશ્વવિશ્રુત લેખક બની શકયા કે વારસારૂપે કરોડોની મિલકત તેઓ પાછળ મૂકતા ગયા.

'કલમને આશરે જીવવું'' એ સિદ્ધાન્ત શ્રી જયભિખ્ખુએ અપનાવ્યો તો ખરો, પણ જે કઠણાઇઓમાંથી પસાર થતાં તે આજના સફળ લેખક બની શકયા છે તેની કાંઈક ઝાંખી તેમના આ કથનમાંથી આપણને સ્પષ્ટ મળે છે: 'ઊષર જમીનમાં જે વૃક્ષ રોપ્યું, તેનું પાલનપોષણ કરતાં કઠોર કસોટી થઈ, પરંતુ છેવટે તેના ઉપર ફૂલ આવ્યાં, તેની સુગંધથી મન મહેકી ઊઠયું અને દીર્ઘ અવધિ પછી તેનાં સુસ્વાદુ ફળ પણ મળ્યાં.'

કઠિનાઈઓ વખતે પોતાના સિદ્ધાન્ત ઉપર ટકી રહેવું એ દરેકને માટે સંભવ નથી હોતું. યથાર્થવાદની આડમાં કેટલાયે લેખકો પ્રકાશકોથી પ્રેરાઈને લપસી પડે છે અને ચાંદીના થોડા ટુકડાના લોભમાં આવી એવું લખે છે જેને અંગ્રેજીમાં 'યલો' અને હિંદીમાં 'ઘાસલેટી' સાહિત્ય કહે છે.

શ્રી જયભિખ્ખુ નવલકથાના લેખનમાં પહેલાં સફળ નથી થયા એ એમની ૧૯૩૩ની 'ભાગ્યવિધાતા' અને ૧૯૪૧ની 'કામવિજેતા' નવલકથાઓનું પુનર્મુદ્રણ ન થવાથી જણાઈ આવે છે. ૧૯૪૪માં તેમણે 'વિક્રમાદિત્ય હેમુ' અને ૧૯૪૫માં 'પ્રેમભક્ત કવિ જયદેવ' લખી. 'કવિ જયદેવ' નવલકથા વિશે પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીનું કહેવું બરોબર છે કે 'જ્યાં સુધી વૈષ્ણવ સાહિત્યનો ઠીક ઠીક પરિચય સાધવામાં ન આવે અને એ પરંપરાનું સામ્પ્રદાયિક દૃષ્ટિએ પરિશીલન ન કરાય, ત્યાં સુધી આવી પ્રભાવક નવલ કયારેય લખી ન શકાય...વૈષ્ણવ પરંપરાની પ્રશંસાપાત્ર કે નિંદાપાત્ર શૃંગારભક્તિ પ્રસિદ્ધ છે જયારે લેખક 'જયદેવ'ના 'સૌંદર્યપૂજા'ના પ્રકરણમાં આ શૃંગારભક્તિમાં અદ્વૈત જુએ છે તો તેના વૈષ્ણવ હોવામાં સંદેહ જ નથી રહેતો....પરંતુ આ પ્રકરણ તરફ મારું ખાસ ધ્યાન ગયું. મેં લેખકની સાથે મુક્ત ચર્ચા કરી, તેમનો દૃષ્ટિકોણ જાણી લીધો અને મારો દૃષ્ટિકોણ પણ તેમની સામે મૂકયો. જયારે મેં જાણ્યું કે બીજા સંસ્કરણમાં લેખક આ પ્રકરણ કાઢી નાખવાના છે એટલું જ નહિ, પણ તરુણ પેઢીની વૃત્તિને થાબડે એવું શૃંગારી લખાણ ખાસ પ્રલોભન આપીને લખાવનારાઓને પણ તેમણે નકાર્યા છે, ત્યારે મને દૃઢ વિશ્વાસ થયો કે આ લેખકની શક્તિ હવે નવી પેઢીને બળ અને સમર્પણપૂર્ણ કાંઇક નવું જ આપશે.'

પરંતુ સમયને અનુરૂપ આવી ચેતવણી આપનાર અને સાંભળનાર દેશમાં વધારે હોત તો યથાર્થવાદની આડમાં લોરેંસના 'લેડી ચેટર્લીઝ લવર' અથવા જેમ્સ જોયસના 'યૂલેસી' જેવું સાહિત્ય દેશમાં લખાત કે પ્રચલિત થાત નહિ અને ન તો અશ્લીલ સાહિત્યને લગતા કાયદાને કઠોર બનાવવાની જરૂરી ઊભી થાત. શ્રી જયભિખ્ખુએ શ્રી લાલભાઈ શાહના સહયોગ અને તેમની મદદથી જીવનમણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ પણ આ જ ઉદાત્ત ધ્યેયને સામે રાખી સ્થાપિત કર્યું છે અને તેનું સાહિત્ય સર્વસુલભ બનાવ્યું છે.

જૈન કથાસાહિત્ય ઉપર આધારિત નવલકથાઓ અંગે પણ શ્રી જયભિખ્ખુને યથાસમય ચેતવણી મળી ગઈ અને તેણે તેમને કાર્યની સિદ્ધિને માટે જપ અને મંત્રતંત્રમાં પડેલા ત્યાગી વેશધારી જૈન જતિની યોગ્ય સમાલોચના કરવા પ્રેર્યા અને બીજા સંસ્કરણમાં તેમણે આવું લખાણ સુધારી પણ લીધું.

શ્રી જયભિખ્ખુની મુસ્લિમકાલીન ઐતિહાસિક નવલકથાઓમાંથી મેં 'વિક્રમાદિત્ય હેમુ' અને 'ભાગ્ય-નિર્માણ' જ વાંચી છે, જે એમણે મને ગઈ સાલ ભેટરૂપે મોકલાવેલી. 'બૂરો દેવલ,' 'દાસી જનમજનમની, 'માદરે વતન,' 'યાદવારથળી,' 'એક કદમ આગે,' 'જવાંમર્દ,' હિંમતે મર્દા,' 'ગઈ ગુજરી,' 'માઇનો લાલ' વગેરે મેં નથી વાંચી અને 'લોખંડી ખાખનાં ફૂલ' તેમ જ 'દિલ્હીશ્વર' પણ નથી વાંચી. એટલું હું જાણું છું કે 'વિક્રમાદિત્ય હેમુ'એ જૈન ઇતિહાસના જાણકારોને તેમાંની શ્રી જયભિખ્ખુની પ્રસ્થાપનાનો વિરોધ કરવા અને બીજાઓને 'હેમુ' વિશે શોધ કરવા પ્રેરિત કર્યા. તેણે તેમને લોકપ્રિયતા પણ અર્પી છે તેમ જ તેની પછી લખાયેલી જૈન કથા ઉપર આશ્રિત નવલકથાઓ અને નવલિકાઓને જૈનેતરોમાં લોકપ્રિય બનાવી, જૈનોને પણ તે વાંચવા પ્રેર્યા છે. અન્યથા રૂઢિચુસ્ત સાધુઓના વાતાવરણમાં તેમની પણ એવી જ ગતિ થાત જેવી કે એવા સાધુઓને માટે લખાયેલા અને અંધભક્તિવશ આર્થિક સહાયતા આપી પ્રકાશિત થતા ગ્રન્થોની થાય છે.

શ્રી જયભિખ્ખુએ ગુજરાતી લેખકો અને ગુજરાતી જનતામાં પોતાનું અનુપમ સ્થાન જમાવ્યું છે, તેથી જ તો તેમની 'ષષ્ટિપૂર્તિ' નો સમારોહ જ માત્ર નથી ઉજવાતો, બલ્કે થેલીઓ પણ ભેટ અપાય છે. તેથી તેમણે હવે અખિલ ભારતીય ક્ષેત્રમાં પોતાની કૃતિઓ મારફત આવવું જોઇએ.

એ કાર્ય રાષ્ટ્રભાષા હિંદી દ્વારા જ શક્ય છે. રાષ્ટ્રભાષા દ્વારા જ તેમણે લેખક તરીકેના જીવનની શરૂઆત કરેલી. રાષ્ટ્રભાષા તેમણે નવા નામે શીખવાની નથી; માત્ર તેમાં લખવાનો પહેલાંનો અભ્યાસ જ તાજો કરવાનો છે. તેમને એ કહેવાની ભાગ્યે જ જરૂર જણાય કે ઉર્દૂ લેખક પ્રેમચંદજી, કિશનચન્દર, યશપાલ વગેરે હિંદીને અપનાવીને જ અખિલ ભારતીય સ્તરના લોકપ્રિય લેખક નીવડયા છે અને એ જ લખાણે તેમને આજે વિશ્વપ્રિય પણ બનાવ્યા છે.

પોતે આવું સાહસ કરવા ન પ્રેરાય તો કમમાં કમ તેમણે જૈનેતર પરંપરાના સાહિત્યના અને વ્યાપક મનાતા ઇતિહાસના આધારે લખાયેલી પોતાની નવલકથાઓ, નવલિકાઓ અને વાર્તાઓના પ્રકાશન માટે હિંદી પ્રકાશકોને ઉદારતાપૂર્વક ઉત્સાહિત તો કરવા જ જોઇએ.

હિન્દી જનતાને ખરીદીને પુસ્તકો વાંચવાની ટેવ હજી પડી નથી, તેથી પ્રકાશકને ઉદાર ઉત્સાહની જરૂર પડે છે. પ્રસંગવશ આ તરફ ધ્યાન ખેંચવા બદલ ક્ષમાપ્રાર્થી છું.

આ બહાને દીર્ઘ જીવનની કામના સાથે શ્રી જયભિખ્ખુને મારી શ્રદ્ધાંજલી અર્પું છું અને સોવિનિયર પ્રકાશકોનો પણ મને આ તક આપવા બદલ આભાર માનું છું. **અનુ. પં. શાંતિલાલ જૈન**

**સ્નેહી ભાઈ બાલાભાઈ,**

તમે હંમેશની માફક મને તમારું "જળ અને કમળ" નામનું પુસ્તક અને ભાઈ કુમારપાળનું "કેડે કટારી ખભે ઢાલ" નામનું પુસ્તક મોકલ્યા બદલ આભારી છું. તમારી લખાણ શૈલી અનોખી છે. વાંચતા હંમેશા આલ્હાદ થાય છે. કુમારપાળ પણ તમને ઠીકઠીક પહોંચી રહ્યા છે. તેને મારા અભિનંદન પાઠવશો.

અમદાવાદ, ૭–૮–૬૯ **લિ. કસ્તુરભાઈના પ્રણામ.**

# સાહિત્યસર્જક જયભિખ્ખુ

ડૉ. મૂળજીભાઈ પી. શાહ

કર્તવ્યની કેડીએ ચાલ્યા જવું એ ધર્મ છે;
સમજી શકે તો માનવી જીવન તણો એ મર્મ છે.

—શ્રી જયભિખ્ખુએ જીવનનો મર્મ સમજી આજીવન કર્તવ્યની કેડીએ પ્રયાણ આદર્યું છે અને સંસારને અનેક સાહિત્યસર્જનોની રસલહાણ આપી છે.

નામ બાલાભાઈ વીરચંદ દેસાઈ હોવા છતાં સંસારમાં—સમાજમાં એ એમના સાહિત્યિક નામ ‘જયભિખ્ખુ’થી જ પ્રસિદ્ધિ પામ્યા છે.

એમનું મૂળ નામ ભીખાલાલ. એમનાં પત્નીનું નામ જયાબહેન. એ બન્ને નામોમાંથી એમનું ઉપનામ ‘જયભિખ્ખુ’ જન્મ પામ્યું છે.

એમના સાહિત્યસર્જન પાછળ એમનાં પત્નીની પ્રેરણા પણ ઉલ્લેખનીય છે.

૭ દાયકાના આયુષ્યમાં એમણે પોતાના સાહિત્યસર્જન દ્વારા ઘણું ઘણું આપ્યું છે. એ નાની-મોટી કૃતિઓની સંખ્યા ત્રણસો જેટલી થવા જાય છે. એક સાહિત્યકાર તરીકેની એમની એ સિદ્ધિ છે.

પરિશ્રમ વિના સર્જન થતું નથી. જયભિખ્ખુનાં સર્જનો પાછળ પણ એમનો પરિશ્રમ છે, માતા-પિતાના સંસ્કારોનો વારસો છે, અભ્યાસ છે, મનન છે, ચિંતન છે, નિદિધ્યાસન છે.

સંજોગો માનવીને ઘડે છે. એમના ઘડતરમાં પણ એવા સંજોગોએ જ વિશિષ્ટ ભાગ ભજવ્યો છે. બાલ્યકાળમાં જ માતાનો સ્વર્ગવાસ થતાં તેઓ તેમના મોસાળમાં વિંછિયા ખાતે ઉછર્યા હતા. પ્રાથમિક અભ્યાસ વિજાપુર અને અમદાવાદમાં કર્યા પછી કાશી, આગ્રા અને શિવપુરીમાં એમણે જીવનનું ભાતું બાંધ્યું હતું—સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજીના અભ્યાસ દ્વારા. એ ઉપરાંત એમનો જૈન અને ઈતર ધાર્મિક સાહિત્યનો અભ્યાસ પણ અનોખો છે, પ્રેરક છે ને એમનાં સર્જન પાછળ એનું બળ છે.

સાધુ, સંતો ને મહાપુરુષોનાં જીવનમાંથી પણ એમને પ્રેરણા મળી છે.

‘સરસ્વતીચંદ્ર’ના સર્જક સ્વ૦ સાક્ષર ગોવર્ધનરામના જીવનમાંથી પ્રેરણા લઈ એમણે સાહિત્યકાર તરીકેનો આદર્શ અપનાવ્યો છે.

એમણે ત્રણ સંકલ્પો કર્યા હતા :

‘કોઈનું દાસત્વ કરવું નહિ.’

‘પૈતૃક સંપત્તિ લેવી નહિ.’

‘કલમને ખોળે જીવન વીતાવવું.’

સંકલ્પો કરવા સહેલા છે, પાળવા કઠિન છે. મજબૂત મનોબળ હોય ત્યારે જ એ થઈ શકે છે. એમણે પોતાના સંકલ્પો સાંગોપાંગ સુંદર રીતે પાળ્યા છે. અલબત્ત એના પાલનમાં એમની કસોટી થઈ છે, પણ એની પાછળ શિક્ષણ, સંસ્કાર ને શ્રદ્ધાએ અજબ ભાગ ભજવ્યો છે એમ અવશ્ય કહી શકાય.

એમની તેજસ્વી કલમે આજ સુધીમાં સાહિત્યની વિવિધ દિશામાં પ્રવાસ આદરી અનેક નવલકથાઓ, વાર્તાઓ, નાટિકાઓ, ચિંતનમનનના પરિપાક રૂપ નિબંધો ને અસંખ્ય જીવનચરિત્રો વગેરેનો મહામૂલો ફાળો આપ્યો છે. ઉપરાંત અનેક

વાચનમાળાઓ અને ખાસ કરીને બાળકો માટેનું અપૂર્વ સાહિત્ય પણ સર્જ્યું છે. એમાં ઇતિહાસનો અભ્યાસ છે, શાસ્ત્રોનો નિચોડ છે, સમાજનાં પ્રતિબિંબ છે, અનુભવનો અર્ક છે. એ વાંચતાં વાચક આનંદ અનુભવે છે, પ્રેરણા મેળવે છે, એને એમાંથી જીવન જીવવાની જડીબુટ્ટી પણ જડે છે.

એમનાં પાત્રો વિવિધ રંગી છે. એ પાત્રો દ્વારા એમણે રજૂ કરી છે— ધર્મની વાતો, કર્તવ્યની કથાઓ, ને ગાયો છે માનવતાનો મહિમા. એમાં તેજ છે સ્નેહનાં, શ્રદ્ધાનાં, સંસ્કારનાં. એમાં વીર છે, વીરાંગના છે. રાજા છે, રાણી છે. શ્રીમંત છે, ગરીબ છે. દાની છે, માની છે.

સંસારના, ઇતિહાસના, શાસ્ત્રના પ્રેરકબળે એ ચેતનવંતા બન્યા છે.

ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ થતી એમની ' ઇંટ અને ઇમારત ' તથા ' જાણ્યું છતાં અજાણ્યું ' ખૂબ રસથી વંચાય છે: કારણ કે એમાં દર્શન છે— ઇતિહાસનું, સંસારનું, ધર્મનું.

એ ઉપરાંત અનેક સામયિકોમાં એમની કલમ-પ્રસાદી પીરસાતી રહે છે. એ કલમપ્રસાદી અનેકને માટે જીવનની મૂડી બને એવી હોય છે.

એમની કેટલીક નવલકથાઓ નાટ્યરૂપાંતર પામવા જેવી છે. જો એમ થાય તો રંગભૂમિ પર એને જરૂર આવકાર મળે, એમ મારી શ્રદ્ધા છે.

ગુજરાતી રંગભૂમિનું મશહૂર શકવર્તી નાટક ' અનોખી પૂજા 'ની રચના પાછળ શ્રી. જયભિખ્ખુની અતિ પ્રસિદ્ધ નવલકથા ' કામવિજેતા સ્થૂલિભદ્ર' નું પ્રેરક બળ હતું, એ હું જોઈ શક્યો હતો.

અમદાવાદમાં ' શારદા મુદ્રણાલય 'માં વર્ષો સુધી તેમની બેઠક હતી. ત્યાં સાહિત્યકારોનું મિલનસ્થાન હતું. એમાં અનેક નામી સાહિત્યકારો ભેગા થતા ને ડાયરો જામતો. એ બેઠકોમાં સ્વ૦ ધૂમકેતુ, કનુભાઈ દેસાઈ, રમણીકલાલ દલાલ, પ્રો. ધીરુભાઈ ઠાકર, મનુભાઈ જોધાણી, રતિલાલ દેસાઈ—વગેરેની હાજરી ધ્યાન ખેંચતી. કોક કોક વખત મેં પણ ત્યાં ડોકિયું કર્યું હતું. બહારગામથી આવતા સાહિત્યકારો પણ પ્રસંગોપાત ત્યાં પોતાની હાજરી નોંધાવી જતા.

એમના સાહિત્યનો પ્રધાન સૂર છે— માનવતા ને પ્રેમ.

આજે કેટલાક લેખકોનો સાહિત્યસર્જનનો પ્રવાહ સંસારીઓને શ્રેયને બદલે પતન તરફ વાળે એ દિશામાં કંઈક વહી રહ્યો છે ત્યારે શ્રી. જયભિખ્ખુનું સાહિત્યવાચન દીવાદાંડીની ગરજ સારે એવું છે.

સંસારે એમના વાસ્તવિક–સાત્ત્વિક સાહિત્યને સ્નેહથી સત્કાર્યું છે—અપનાવ્યું છે. એ સાહિત્ય–સર્જને એમને ગૌરવ અપાવ્યું છે–કીર્તિ અપાવી છે.

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા એમની વિવિધ કૃતિઓને પુરસ્કારો પણ મળ્યા છે.

કલકત્તાના ગુજરાતીઓએ એમનું ઉરના ઉમળકાથી ભાવભીનું સ્વાગત કર્યું હતું, એનો હું સાક્ષી છું.

હજુ પણ એમની ઓજસવંતી કલમ ગુજરાતને વિશેષ ચેતનવંતું સાહિત્ય આપતી રહે એમ કોણ નહિ ઇચ્છે ?

# વિરલ ઉદારતા

શ્રી. જયંતિ દલાલ

**આમ** તો રવિવાર અઠવાડિકમાં જયભિખ્ખુએ ત્રણ દરવાજા પાસેથી આવતા દીવાન સાહેબનું વર્ણન કાચબાની પીઠ જેવો પહોળો બરડો ધરાવનાર તરીકે કરેલું, ત્યારનું જયભિખ્ખુનું નામ જાણેલું પણ પ્રત્યક્ષ પરિચય ઘણાં વરસો પછી અને તે પણ અકલ્પ્ય સંજોગોમાં થયો.

વર્ષો ઉપર અમદાવાદના આકાશવાણી કેન્દ્ર પરથી મહાવીર જયંતિ પ્રસંગે એક રૂપક મહાવીરના જીવન વિષે રચવાનું મને કહ્યું. જન્મે જૈન હોવા છતાં આવી બાબતમાં મારી જાણકારી ઘણી ઓછી. પણ રૂપક લખવાનું માથે લીધું અને બની શકે એ સાધનો હાથ કરીને એમાંથી દીક્ષા પછી દેવોએ ઓઢાડેલું કપડું મહાવીરે ત્યાગ્યું એ પ્રસંગને લઈને મેં રૂપક 'વસ્ત્રાર્ધ' લખ્યું.

ઓછી જાણકારીને કારણે કશો દોષ રહી ન ગયો હોય એ ભયે 'વસ્ત્રાર્ધ' મેં શ્રી ભોગીલાલ સાંડેસરાને વાંચી જવા અને દોષ બતાવવા આપ્યું. એમણે રૂપકને પ્રમાણપત્ર આપવા સાથે લખ્યું કે આ જ પ્રસંગ પર શ્રી જયભિખ્ખુએ એકાદ દિવાળી અંકમાં વાર્તા લખી છે. વાર્તાનું નામ દેવદૂષ્ય.

હું મૂંઝાયો. મને આવી વાર્તા લખાયાની ખબર જ ન હતી. ઉપરાંત નવું લખવા જેટલો સમય પણ રહ્યો ન હતો. આકાશવાણીની ઉઘરાણી શરૂ થઈ ચૂકી હતી.

અને મેં કશા પણ પૂર્વ પરિચય વિના શ્રી જયભિખ્ખુને પત્ર લખ્યો. અજાણમાં મારાથી દોષ થયો છે એમ જણાવવા સાથે મેં એમને 'વસ્ત્રાર્ધ' વાંચવા મોકલ્યું. વાંચવા મોકલવાથી મારો દોષ તલભાર પણ ઓછો થાય છે એમ હું માનતો નથી એ પણ જણાવ્યું. નાટક વિષે અભિપ્રાય પૂછવા સાથે મેં આ બાબત મારે શું કરવું એ પુછાવ્યું.

અને એમનો પત્ર આવ્યો—સાથે મહાવીરજીવન વિષેનો એક ચિત્રસંપુટ જેમાં આ પ્રસંગ વિષેનું પણ એક ચિત્ર હતું તે જોવા મોકલ્યો. અને સાથે લખ્યું કે આમાં પોતાની કશી મૌલિકતા ન હતી. મૂળમાં જ એ પ્રસંગ હતો. પોતે પહેલાં એ સાધનનો ઉપયોગ કર્યો એટલા ઉપરથી કોઈ હક્ક બેસી નથી જતો, એવું હૈયાધારણ પણ એમાં હતું અને કોઈપણ હિસાબે, જેવું હતું તેવું જ આ રૂપક આકાશવાણીને આપવું એવો આગ્રહ હતો.

નવાઈ તો એ વાતની હતી કે પ્રસંગનો જે અંત એમણે કલ્પ્યો હતો એ જ મેં પણ કલ્પ્યો હતો. મૂલાધાર હતો પણ અહીં તો વિભાવનામાં પણ સામ્ય હતું. આ વાતનો એમણે ઉલ્લેખસરખો કર્યો ન હતો. પછીથી મેં આ વાત કાઢી ત્યારે એમણે બહુ મીઠાશથી એ વાતને ત્યાં જ અટકાવી દીધેલી.

શ્રી જયભિખ્ખુ સાથેનો મારો આ પહેલો પ્રસંગ મને હરહંમેશ બે વાતે યાદ રહેશે: એક એમાં એમણે જે વિનય અને નમ્રતા બતાવ્યાં, શેર ન થયા એ રીતે: બીજું તો લેખકમાં હોય છે એવું સામાન્ય મારકણાપણું ત્યાં ન હતું એ રીતે.

આવો પ્રસંગ હોય અને હું સામે છેડે હોઉં તો કેમ વર્તું એ હું નથી જાણતો. જયભિખ્ખુ વર્ત્યા એટલી ઉદારતાથી વર્ત્યો હોત એમ ખાતરીપૂર્વક નથી કહી શકતો.

આ પછી પરિચય વધ્યો પણ એમણે આ પછી કોઈ વાર કોઈનાય આગળ આ વાત કહી નથી.

# શ્રી 'જયભિખ્ખુ'નો વિજયધ્વજ

શ્રી. દુલેરાય કારાણી

આજે સમસ્ત ગુજરાતમાં શ્રી જયભિખ્ખુની કલમનો વિજયધ્વજ ફરકી રહ્યો છે. ગુજરાતની જનતાને એમનો પરિચય આપવાની જરૂર હોય ખરી? ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં શ્રી જયભિખ્ખુનું નામ સર્વત્ર સુવિખ્યાત છે. એમની લેખિનીને વિજયની વરમાળા વરી છે. અને એનું કારણ છે એમની માનવતા. એકલી વિદ્વત્તામાં એ શક્તિ નથી. ઉર્દૂ ભાષાના કોઈ કવિએ ખરું જ કહ્યું છે કે—

આદમિયત ઔર શય હૈ,
ઈલ્મ હૈ કુછ ઔર ચીજ.

અર્થાત્ માનવતા એ એક વસ્તુ છે અને વિદ્વત્તા એ બીજી વસ્તુ છે. બંને અલગ અલગ છે. પરંતુ જ્યારે કોઈ એક જ વ્યક્તિમાં આ બે તત્ત્વોનો સંયોગ જોવામાં આવે છે ત્યારે તે વ્યક્તિ દર્શનીય, માનનીય અને પૂજનીય બની જાય છે.

અને એ રીતે શ્રી બાલાભાઈ દેસાઈ ઉર્ફે 'જયભિખ્ખુ' આજે ગુજરાતની સાહિત્યરસિક જનતાના લાડીલા લેખક બની ગયા છે. એમના જમણા હાથે સેંકડો પુસ્તકોની રચના કરી છે. અને આજે પણ એમના અખૂટ જ્ઞાનભંડારમાંથી શબ્દરત્નોનો સ્રોત અવિરત વહ્યા જ કરે છે.

એમની આંખમાં અમીની દૃષ્ટિ છે, એમના સત્તાવાહી અવાજમાં પ્રેમનો મીઠો રણકાર રણકતો હોય છે. સૌ કોઈને વશ કરે એવું વશીકરણ એમની વાણીમાં છે. નાના–મોટાનો એમને ભેદ નથી. કલમનું અભિમાન નથી. મોટા માણસોના માનવંતા મિત્ર હોવા છતાં નાના માણસો સાથે એ પ્રેમ–પૂર્વક વાર્તાલાપ કરી શકે છે.

એમની લેખિની–લેખનશૈલી રમતિયાળ છે, રઢિયાળી છે, રમઝમ કરતી મનોહર મુગ્ધા જેવી માનવતી છે, વાચકને પણ એ મસ્તીની મોજમાં લઈ જાય એવી શક્તિમાન છે. એમની કલમે ગુજરાતની જનતા પર જાણે કામણ કર્યું છે. એમને પોતાને તો ખ્યાલ પણ નથી કે હું એક મહાન ગ્રંથકાર છું– મહાન સાક્ષર છું. એક વિદ્વાન ગ્રંથકાર માટે આ મોટી વાત છે. હિંદી સાહિત્યના એક સાહિત્યકારનું કથન છે કે—

બલી ક્ષમી, નિર્મમ ધની, વિનમ્ર વિદ્યાવાન
જગમેં મિલના કઠિન હૈ, તીનોં એક સમાન.

—બળવાન માણસ ક્ષમાશીલ હોય, ધનવાન માણસ મમતારહિત હોય અને વિદ્વાન માણસ વિનમ્ર હોય–આ ત્રણે પુરુષો દુનિયામાં દુર્લભ છે.

શ્રી જયભિખ્ખુજી એવા જ વિનમ્ર વિદ્યાવાન છે. નાના–મોટા સૌને સમદૃષ્ટિએ જોવાવાળા છે. સજ્જનતા અને સહૃદયતા એમની રગેરગમાં રમે છે. એટલે જ એક અતિ વિશાળ મિત્રવર્તુલની કુદરતે એમને ભેટ આપેલ છે. સૌ કોઈના એ લાડીલા અને માનીતા મિત્ર બની રહે છે.

તાજો જ દાખલો છે. સોનગઢની સંસ્થા–શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમના સંસ્થાપક શ્રી કલ્યાણચન્દ્રજી 'બાપા'નું મુંબઈમાં સન્માન કરવાની યોજના નક્કી કરવામાં આવી હતી. 'બાપા' માટેનું માનપત્ર શ્રી જયભિખ્ખુના હાથે તૈયાર થાય એમ

સંસ્થાના સંચાલકોની ચાહના હતી. આ કારણથી મુંબઈથી અમદાવાદ આવીને પૂ. બાપાશ્રી માટે માનપત્રનું લખાણ તૈયાર કરી આપવા શ્રી જયભિખ્ખુભાઈને મેં વિનંતી કરી. એમણે મારી વિનંતીનો સ્વીકાર તો કર્યો પણ એ જ દિવસે એમની તબિયત અસ્વસ્થ બની ગઈ. તાવથી પટકાઈ પડ્યા. આમ છતાં પૂ. બાપાશ્રીની જીવનયાત્રા અને એમની સેવાવૃત્તિના વર્ણનનું સુંદર શબ્દરચના સાથેનું માનપત્ર એમણે તૈયાર કરી રાખેલું. મહત્ત્વની વાત એ છે કે આ લખાણ એમણે તાવથી તપતા શરીરે તૈયાર કરી આપેલું. આ છે એમની માનવતા અને મહાનુભાવતા !

આજે શ્રી જયભિખ્ખુજી એકાવન પછીના વનવિહારમાંથી હેમખેમ પસાર થઈ સાઠ પૂરાં કરે છે અને એકસઠના એકડામાં પ્રવેશ કરે છે. ગુજરાતી સાહિત્યનાં એ અહોભાગ્ય છે. એમણે સેંકડો પુસ્તકો લખી નાખ્યાં છે તેમ હજી સેંકડો લખી નાખે અને બીજાં સાઠ વરસથી પણ અધિક સમય લગી એમની કમનીય કલમ એમના અંતરની અખૂટ જ્ઞાનગંગાનો જ્ઞાનપ્રવાહ વહાવતી રહે એજ પ્રાર્થના !

## સાત યુગ

**મા**ણસને જેમ બાળપણ, જુવાની ને બુઢાપો હોય છે, એમ ઇતિહાસને પણ અવસ્થાઓ હોય છે. જેવા પ્રજાના રંગ એવા ઇતિહાસના રંગ. જેવાં સાગરનાં ભરતી–ઓટ, એવાં પ્રજાજીવનનાં ભરતી ઓટ!

આપણો **પહેલો યુગ** તે પ્રાગઐતિહાસિક યુગ. એ જમાનામાં ભગવાન ઋષભદેવ, શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરે થયા. એમણે દુષ્ટોનું દમન કર્યું ને સારાનું સંરક્ષણ કરીને પોતાનો અવતાર પૂરો કર્યો.

**બીજો યુગ**–ઐતિહાસિક યુગ. એ વખતે ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ચંદ્રગુપ્ત મૌર્ય, મહારાજા સંપ્રતિ, પ્રિયદર્શી અશોક ને વિક્રમાદિત્ય ને શીલાદિત્ય શ્રીહર્ષ થયા. તેમણે શસ્ત્ર કરતાં પ્રેમના રાજને મહત્ત્વ આપ્યું.

**ત્રીજો યુગ** તે મધ્ય યુગ. એ કાળ રજપૂત રાજાઓનો. એ વખતે પૃથ્વીરાજ ચૌહાણ ને જયચંદ્ર રાઠોડ થયા. બધા ગુણો હોય, બધી શક્તિઓ હોય, પણ સંપ ન હોય તો શું થાય એ એમણે બતાવ્યું.

**ચોથો યુગ** તે મુસલમાન મોગલ યુગ. એમાં બાદશાહ બાબર, શેરશાહ, વિક્રમાદિત્ય હેમુ, અકબર વગેરે થયા. શેરશાહે, હેમુએ અને છેલ્લે સમ્રાટ અકબરે બિનમજહબી સામ્રાજ્ય સ્થાપ્યું. હિંદુ–મુસ્લિમ ઐક્ય હોય તો સાચું હિંદ સરજાય, એ સંદેશ આપ્યો. મહારાણા પ્રતાપે અણનમ વીરતાનો એક નવો વિક્રમ સાધ્યો.

**પાંચમો યુગ** તે મરાઠા યુગ. છત્રપતિ શિવાજી મહારાજ, નાના ફડનવીસ ને માધવરાવ પેશ્વા વગેરે થયા. ગમે તેવું શક્તિશાળી રાષ્ટ્ર પણ જો ઉદાર ન હોય તો રોળાઈ જાય, એ બતાવ્યું.

**છઠ્ઠો યુગ** તે અંગ્રેજ યુગ. એમાં લોર્ડ ક્લાઈવ, લોર્ડ કર્ઝન, રાણી લક્ષ્મીબાઈ, નાના સાહેબ, તાત્યા ટોપે, અજીમુલ્લાંખાં, બહાદુરશાહ વગેરે થયા. પરાધીન પ્રજાની બેહાલીનું ચિત્ર એ યુગે સ્પષ્ટ કર્યું. ક્રાન્તિની ચિનગારી પડી. આઝાદ હોના હોગા !

**સાતમો યુગ** તે હિંદનો સ્વાતંત્ર્ય યુગ. દાદાભાઈ, લોકમાન્ય તિલક, સુભાષબાબુ ને સરદાર વલ્લભભાઈ આ યુગમાં થયા. સત્ય–અહિંસાના અવતાર મહાત્માજી આ યુગમાં થયા, એમણે પશુતાને સ્થાને માનવતાને મૂકી. બોમ્બ ને તોપ સામે સત્ય ને અહિંસા મૂકયાં. હિંસા સામે અહિંસા જીતી.

આ સાતેસાત ઇતિહાસના યુગ આપણને એક વાત શીખવે છે. ભાઈચારો રાખો. દેશભક્તિ શીખો ને પરાક્રમ પ્રગટ કરો. જે પ્રજામાં આ હશે, એ કદી ગુલામ રહેવાની નથી.

**'યજ્ઞ અને ઈંધણ'માંથી**

# સંવાદ–સાધના

શ્રી. પિનાકિન્ ઠાકોર

**જીવન** એ એક કરતાં વધારે વસ્તુનું–તત્ત્વોનું મિશ્રણ છે. આ સર્વનો મેળ–સુમેળ કરવાનું કાર્ય સહેલું તો ન જ કહેવાય: એમ જ આ જીવનની-જીવનમાંથી ઉદ્‌ભવતી, ને જીવન મારફત જ અનુભવાતી કલાઓ–સાહિત્ય સંગીત શિલ્પ ચિત્ર કોઈ પણ કલા કે કલા સમસ્તમાં પણ, એક કરતાં વધારે તત્ત્વોનો સંવાદ સાધવો રહે છે. આ સાધના જ એ રચના–એ કૃતિને એક સર્જનની કક્ષાએ પહોંચાડે છે.

આ સાધના પણ દુ:સાધ્ય, અસાધ્ય તો નહિ કહેવાય પણ, દુઃસાધ્ય તો ખરી જ. તેથી કોઈ પણ સર્જકની કસોટી–એની કૃતિની મૂલવણીનો માપદંડ, એની આ સંવાદ સાધનાની સફળતા, અને પરિણામે નીપજતા સુરેખ સાધનસર્જનની ચરિતાર્થતામાં જ રહેલાં છે. સિદ્ધહસ્ત કલાકાર હોવા છતાં એનું સર્જન ક્યારેક ઓછું ઊણું ઊતરવાનો સંભવ ખરો, તેમજ કોઈક વાર નવોદિત કલાકારની રચના આ કસોટીએ સાંગોપાંગ પાર ઊતરીને સર્જન બની પણ જાય.

કલાનાં આ વિધવિધ સ્વરૂપોમાં સાહિત્ય પણ ગણાયું છે જ. પ્રત્યેક સાહિત્યકાર અને તેની કૃતિ આ કસોટી–આ માનદંડ વડે જ મકાસાય. એથી સાહિત્યકાર અને સાહિત્યની મૂલવણીમાં સંવાદ-સાધના એક મહત્ત્વપૂર્ણ અનિવાર્ય અંગ બને છે.

સાહિત્યના એક પ્રકાર લેખે નાટક તો છે જ. નાટક આમ તો કાવ્ય–કવિતા ગણાય છે. એટલે નાટકની કસોટી કાવ્યને કસી જોવાને માટે વપરાતાં મૂલ્યોથી તો થવાની જ: પણ કાવ્યનો જ એક પ્રકાર હોવા છતાં નાટકને પોતાનો આગવો આકાર છે, વિશિષ્ટ સ્વરૂપ છે. એની બાંધણી, એનો દેહ, શબ્દો ભાષા વાણીથી પ્રગટ થાય છે. એનું પોત એનું અંતઃતત્ત્વ–નાટય તત્ત્વથી કવિતાથી પ્રતીત થાય છે, અનુભવાય છે. શબ્દો વડે વાઙ્મયથી જ કવિતા–કાવ્ય પણ રચાય છે. પણ નાટકમાં શબ્દો–વાકયો એક જુદી જ રચના નાટકને જરૂરી એવી કોઈક યુક્તિ પ્રયુક્તિ વડે જ સંયોજાય છે. એટલે જ કદાચ વાર્તા કે નવલકથા જો એમાં નાટયતત્ત્વ હોય તો એ નાટય રૂપાંતર યોગ્ય બને છે. આ રૂપાંતરમાં એનાં વાકયોને અમુક પદ્ધતિએ ગોઠવવા અમુક સંદર્ભમાં યોજવાં પડે છે, આમ નાટકની ભાષા–નાટકની વાણીને પોતાનું એક નિરાળું અનન્ય સ્વરૂપ છે. શબ્દકોષમાંના અને સામાન્ય બોલચાલમાં ઉપયોગમાં લેવાતા શબ્દો, અહીં પોતાના પૂર્વાપર સંબંધે સંદર્ભે જીવતા થાય છે, પુનર્જન્મ પામે છે.

આ દ્વિજ-સંસ્કાર પામેલી વાણી તે નાટકની ભાષા.

લખાયેલા કાગળ ઉપર અક્ષરોમાં આલેખાયેલા શબ્દસમૂહો, સંવાદો એટલે કે વાકયો પ્રશ્નપ્રત્યુત્તરના અનુક્રમે ગોઠવાય તેથી પણ નાટકની બાની નથી પ્રગટતી. એનો રણકો તો જ્યારે એ અભિનેતાને કંઠેથી બોલાય ત્યારે જ પરખાય કે એ બોદો શબ્દોચ્ચાર છે કે સાર્થ કંઠનિસભર રણકાર.

નાટક એ દૃશ્ય અને શ્રાવ્ય બંને રૂપે છે. વાચન વડે મુગ્ધ કરવા ઉપરાંત, ભજવણીથી પણ ચિત્તને હરી ન લે ત્યાં સુધી નાટક સફળ થયું છે એમ ન કહેવાય. આમ નાટક એ વાચિક અને આંગિક બંને અભિનયોની ભારોભાર ક્ષમતા ધરાવતું હોવું જ જોઈએ.

નાટકમાં વિવિધ ભાવોને રસ સ્વરૂપે સાધારણીકરણ પામેલા, વાંચવા કરતાંયે જોવા સાંભળવાની સાર્થકતા જ નાટકકારે સાધવી રહી. એ ભાવોની માંડણીથી તેને પરાકાષ્ઠાએ–યોગ્ય સ્થાને પહોંચાડવાનું કાર્ય કુશળ નાટ્યલેખકને સિદ્ધ હોવું જરૂરી. એટલે કાવ્ય જેમ અનાયાસે જ એક સિદ્ધ રચના બને છે. સૌંદર્ય અનુભૂતિની એકાદ ક્ષણિક કવિમાનસમાં પ્રચ્છન્નરૂપે સંગ્રહિત સંચિત ને ભાવલીનતા–રસસમાધિમાં મગ્ન મનઃસ્થિતિ એ બંને મળીને એક સાંગોપાંગ સરસ કૃતિ રચવાની સર્જન પ્રક્રિયા કવિ પાસે કરાવી જાય છે.

તેવું જ નાટક વિષે પણ છે ખરું અને થોડું ભિન્ન પણ છે. ઊર્મિકાવ્ય તો કદાચ આમ જ રચાય, પણ મહાકાવ્યની રચના અગર ખંડકાવ્યની રચનામાં પણ, એની રૂપરેખા, એનું વિષયવસ્તુ કાંઈક આકાર કશીક આયોજનાથી મંડાયેલું દોરાયેલું હોય છે જ. એમ નાટક પણ એનાં દશ્યો અંકો પાત્રાલેખન આદિ કેટલીક પૂર્વયોજનાની સીમાઓના આંકેલા માર્ગ પ્રમાણે જ પોતાની મજલ પર આગળ ધપે છે. કેવી ચાલે ચાલવું, કયાં વાહનોની સવારી કરવી, સાથી સોબતી લેવાં ન લેવાં, કોને પડતાં મૂકવાં, અધવચાળ છાંડવાં–આ બધું એની પોતાની નિરંકુશ પ્રકૃતિને જ અધીન એવી પ્રવૃત્તિ રહે છે. અને એથી અહીં જ નાટકની-નાટ્યલેખકની પૂરેપૂરી શક્તિનો પરચો દેખાવો શરૂ થાય છે.

નાટકના દશ્ય અને શ્રાવ્ય–મૂક અને મુખર એવા બહોળા અર્થમાં બે પ્રકાર અને એના મિશ્ર પ્રકારો હોય છે. દશ્ય મૂક પણ હોય, વાચાલ પણ હોય. અથવા તો કયારેક એકલું ધ્વનિજન્ય વાઙમયાભિવ્યક્ત જ હોય. રંગમંચ ઉપર ભજવાતાં નાટકો જેમાં શબ્દ ભાષા હોય પણ અને ન પણ હોય. એનાં અનેક ભિન્ન ભિન્ન પેટાસ્વરૂપો હોઈ શકે. અને અન્ય તે શ્રાવ્ય. માત્ર શ્રાવ્ય ધ્વનિજન્ય નાટકો જેને શ્રોતા આંખ બંધ કરીને ય માણી શકે, અથવા ખુલ્લી આંખે પણ કશુંય સ્થૂલ દષ્ટિએ તો ન જ જોઈ શકે. હાલ પૂરતું જે મૂક છે, જ્યાં ભાષા વાણી કે શબ્દના માધ્યમ વગર જ નાટક અવતરે છે તેની વાત જવા દઈએ.

તો જ્યાં ભાષા વડે નાટકના દેહનું અવતરણ થાય છે, તે પ્રકારની વાત જરા આગળ લંબાવીએ. આ પ્રકારમાં લખાતાં–ભજવાતાં નાટકોની વાત કરીએ. આ નાટક લખાય છે ત્યારે એને માટે એની સીમાઓ, વિષયવસ્તુની, એનાં ચરિત્ર નાયકનાયિકા તથા અન્ય પાત્ર સમૂહની કેટલીક આછી પાતળી રૂપરેખા તો અંકાયેલી હોવાની જ. આ મર્યાદાઓની અંદર રહીને પણ નાટકકાર જે રીતે નાટક રચે, તેમાં જ તેની શક્તિઓનો–સંવાદ સાધનાની ક્ષમતાનો પરિચય પમાય છે, અહીં નાટકકારની બધી જ શક્તિઓ કામે લાગે છે.

નાટ્યવસ્તુના સતત થતા જતા વિકાસમાં, ગતિશીલતામાં,–અકૃત્રિમ છતાં અપેક્ષાઓથી અણધાર્યા જ વળાંકો લેવામાં, અંદાજોથી વિરુદ્ધ જ ગતિ કરીને લક્ષ્યને સાધતા વિકાસમાં, એક પ્રસંગમાંથી ઉદ્ભવતા બીજા પ્રસંગની સળંગ હારમાળામાં (એકેય અંકોડો નિવાર્ય હોય એ અંકોડો ન હોય તોયે નાટક નિર્વિઘ્ને આગળ ચાલે એવી ઢીલી કાચી આયોજના ન બની બેસે એની) નાટકકારે સખ્ત તકેદારી રાખવી જ પડે. એક પણ કડી કાઢી નાખતાં નાટકની સળંગતા–સંવાદિતા તૂટે, સરળતાથી આગળ ન ચાલે તેવા રસશૃંખલિત પ્રસંગોની ગૂંથણી થવી આવશ્યક જ. છતાં આ બનાવો, આમ જ બનશે એમ શ્રોતાપ્રેક્ષક વાચક વર્ગના ભવિષ્યકથનને પલે પલે થાપ ખવડાવતાં, છેતરતાં, હાથતાલી દઈ જતાં બનતા આવે. એ દરેક પ્રસંગ ભાવકવર્ગને ‘ અરે વાહ ’ એમ આશ્ચર્યવિમુગ્ધ કરતો જાય એવો રચાતો જાય તો જ નાટકકારે સિદ્ધ કરવાનાં થોડાંક શિખરોમાંનું એક શિખર આરોહિત થાય, સિદ્ધિ સધાય સફળતા પમાય. અને પછી આગળ જતાં એના આ પ્રસંગોમાંથી એ પ્રસંગોને પડછે ઘડાતું જતું, વિકસતું, વેગ પામતું કે મંથરગતિએ મ્હાલતું એ નાટકનાં પાત્રોનું ચારિત્ર્યઘડતર, પાત્રોનાં માનસમાં થતાં પરિવર્તનો, અને એ રીતે પાત્રોનાં માનસક્રમ-

લનાં એક પછી એક ઊઘડતાં ખીલતાં જતાં દલદલનો થતો સ્વરૂપ પરિચય. એ પરિચય દ્વારા સધાતું જતું ચારિત્ર્યગઠન. અહીં પણ અણધાર્યો વળાંક, અનપેક્ષિત પરિવર્તન, અચિંતવ્યો કોઈ સ્ફોટ, આ સર્વ પાત્ર પ્રત્યેની ભાવકવર્ગની માનસપ્રક્રિયાને સચેત અને આકર્ષિત રાખી શકે, અને સહેજ પણ બેધ્યાન ન થવા દે, નિરૂપણને નીરસ ન બનવા દે એ વિષેની જાગૃતિ જરૂરી.

હવે આ ચારિત્ર્યચિત્રણ, પેલા બનાવોના નિયોજન ઉપરાંત, પાત્રોની ક્રિયાઓ અને તેમના સંવાદો દ્વારા સરસ રીતે સચોટ ભાવે નાટકકાર વ્યક્ત કરી શકે. અહીં પણ એજ ક્રિયાઓનાં નવાં અર્થઘટનો અને પરિણામે શબ્દોની વાક્યોની વિભિન્ન વિશિષ્ટ સંદર્ભોથી ઊપજતી નવી અર્થછાયાઓ, ઉક્તિની વૈવિધ્ય છટાઓ, અને ભાષાના વૈચિત્ર્યથી જાગી જતાં અવનવીન સંવેદનો, તેમ જ જબાનીના લય સરસ ધ્વનિસ્વરૂપથી પ્રગટ થતાં ઊંડી અનુભૂતિ અને સ્વચ્છ આંતરદર્શન વડે જ, નાટકકાર સિદ્ધિનાં શિખરો સર કરીને શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકે.

આમ પ્રસંગોનું વૈચિત્ર્યપૂર્વકનું આયોજન, પાત્રોનું વૈશિષ્ટ્યભર્યું ચારિત્ર્યગઠન અને સંવાદોનું નવીન અર્થછાયાછટાપૂર્ણ સંવેદનસભર આલેખન, નાટકકારને એક સરસ સાચી નાટ્યકૃતિના સર્જનમાં ખૂબ જ મહત્ત્વનાં અનિવાર્ય બળો સ્વરૂપે સફળતા આપી જાય છે.

શ્રી જયભિખ્ખુનાં નાટકોને આ નજરે જોઈએ તો કદાચ તેમાં તેમની નાટકકાર તરીકેની સૂઝ સમજપૂર્વકની સર્જકદષ્ટિનો સાક્ષાત્કાર થશે. આ કસોટીએ કસતાં તેમનાં નાટકો સફળ બનતાં, યશસ્વી નીવડતાં દેખાશે.

એમણે કથાવસ્તુ, ચારિત્ર્યગઠન અને સંવાદોનો સુમેળ આગવી રીતે સાધ્યો છે. ઉર્દૂ કે હિંદી સંસ્કૃત ગુજરાતી કે કોઈપણ બોલીના તળપદા પ્રાદેશિક છાંટવાળા પ્રકારો, તેમજ બીજી પણ ઘણી ભાષાઓના સંસ્કારો ઝીલીઝીલીને, કશીયે આભડછેટ વિના, કશીયે આનાકાની કે આળપંપાળ વગર, વાણીને વહેવડાવી છે, બાનીને બિરદાવી છે અને સર્વ ઉપકરણો દ્વારા એમણે નાટક સાધ્યું છે. નાટકકારનો ધર્મ બજાવ્યો છે. એ ધર્મ છે પાત્રોનાં સામાન્ય ભાવે ન સમજાતાં, વિરોધી લાગતાં વર્તન ક્રમેક્રમે વિકસીને, બીજમાંથી ફૂલીફાલીને ફલસ્વરૂપ પામતાં પાત્રના વિકાસનો ભેદ, તેનું રહસ્ય ભાવકવર્ગ આગળ કલાભરી રીતે પ્રગટ કરવું.

એમનાં નાટકોમાં માનવમૂલ્યોની હંમેશાં પ્રતિષ્ઠા થતી રહી છે. શુદ્ધ હૃદયધર્મનો સ્વાભાવિક સ્વીકાર થયો છે. જીવનનો મર્મ એમાં અનાયાસ સહજભાવે કળીમાંથી વિકસીને પૂર્ણ પુષ્પરૂપે વિલસી રહ્યો છે. પછી એ, જિસસ ક્રાઈસ્ટના પરમકરુણામય જીવનનો કોઈ પ્રસંગ હો, રાજા રામમોહનરાયના સમાજ સુધારક જીવનની કોઈ ઝલક હો, બાપ્પારાવળના માતૃભૂમિના ગૌરવની રક્ષાનો કે માનવતાના ધર્મની સ્થાપનાનો સંદેશ હો. મુસલમીનના હાથે દ્વેષના માર્યા રાનરાન ને પાનપાન થતા મુસલમીનને જ બચાવતાં, ખુવાર મળી જતા રાજપૂત વીરની શરણાગત રક્ષણની માનવતાપૂર્ણ અડગ અણનમ ટેક હો. અહીં જ્યાં જુઓ ત્યાં આ બધાં જ પાત્રો ભાવક વર્ગના હૃદય પર એક ઘેરી છાપ મૂકી જાય છે. કલ્પના પ્રદેશનાં, આદર્શના સદેહ અવતાર જેવાં, ઊર્મિની અણિશુદ્ધ કંડારેલી શિલ્પમૂર્તિ જેવાં, કે વાસ્તવિકતાની નક્કર ધરતી પર પડતાં આખડતાં, ખડતલ, સહનશીલતા ને પરાક્રમના અવતાર જેવાં કે કોઈ સ્વપ્નલોકનાં રંગદર્શી સંવેદનોના સાક્ષાત્ સ્વરૂપ જેવાં આપણી આગળ રમતાં–વિહરતાં રહે છે.

એમનાં કથાનકોનાં વળાંકો ને પરિવર્તનો હંમેશાં અણઅંદાજેલ છતાંય પ્રતીતિકારક બનતાં રહ્યાં છે. એમનાં પાત્રોનાં ચારિત્ર્યગઠન જીવનની વાસ્તવિકતાઓમાંથી જ સરજાયેલાં છતાંય, આદર્શોની અબધૂતિ મોહિનીથી મુગ્ધ કરતાં રહ્યાં છે.

એમના સંવાદો નીતિ સદાચાર સજ્જનતા અને સંતર્પણાના વાહકો હોવા સાથે, સ્નેહ માનવતા સૌંદર્ય અને સત્યનાં સુમધુર ગીતો જેવા, સરસ સ્રોત સ્વરૂપ

બન્યા છે, અને વાણીની સમગ્ર ક્ષમતાને સંપૂર્ણપણે અભિવ્યક્ત કરતા રહ્યા છે.

પોતાની આગવી જ એક જીવનદૃષ્ટિ લઈને એ આવે છે, છતાંય એમનાં પાત્રો પર કે નાટકનાં વસ્તુ કે ભાષા પર એની સહેજ પણ અનિચ્છનીય છાયા એ પડવા દેતા નથી. પણ માળી જેમ કુંડામાં ઉછરેલા રોપને, વિશાળ પૃથ્વી પટમાં રોપી દે છે. એમ એ જીવનદૃષ્ટિ પીને ઉછરેલા છોડને–પાત્રને એ પછીથી, આ વિરાટ સંસારના વિશાળ ફલક પર વિહરવા છૂટું મૂકી દે છે. વસ્તુપસંદગી પોતાની આગવી જ. એક વિશિષ્ટ જીવનદૃષ્ટિ લઈને તેઓ કૃતિની સંભાળભરી માવજત કરે છે. એ પોતાની કૃતિઓને ઉછેરે છે. વસ્તુપસંદગી પોતાની પણ ઉછેર વિકાસ કૃતિનો, એનો જ પોતાનો. અહીં જ પેલી વિધવિધ કૃતિનો, તત્ત્વોનો સંવાદ સાધ-વાની, સર્વને ન્યાય આપવાની એમની માનવધર્મની ચરિતાર્થતા પમાય છે.

એમનાં આ નાટકો અન્ય સાહિત્ય સ્વરૂપોની રચનાઓ સાથે સાથે એમની માર્મિકતા સચોટતા અને લક્ષ્યવેધકતાને કારણે ગુજરાતી સાહિત્યના સદાયે ભરાયે જતા પુષ્પમેળામાં પોતાની આગવી મધુર મહેક, સરસ સુંદરતા અને સંપૂર્ણ સફળતાને કારણે ચિરસ્મરણીય રહેશે.




શુભેચ્છા

જયવંત છે સાહિત્ય જેનું, જીવનના મેદાનમાં;
યશ અને કીર્તિ વધી છે, વિશ્વના ચોગાનમાં.
મિરુને પણ ભડ બનાવો, એવી તાકાત કલમમાં;
ખુબ જીવો, ખૂબ લખો, 'અમર' રહો સંસારમાં.

તળાજા **અમરચંદ માવજી શાહ**

# મધુર માનવતાનો આશક

ડૉ. ન. મૂ. શાહ

**બાલાભાઈ** એટલે મધુર માનવતાના આશક અને જિન્દાદિલીના રસિયા. કલમને ખોળે જીવન ઝુકાવી, સરકાર તેમજ અન્ય વિદ્વત્સંસ્થાઓ તરફથી પોતાની કૃતિઓ માટે ચૌદ ચૌદ વાર ઈનામો અને ચંદ્રકો મેળવનાર બાલાભાઈએ સાહિત્યના જગતમાં પોતાની સુવાસ ફેલાવી ઇતિહાસ રચ્યો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. પરદેશી સાહિત્યકારોની માફક ગુજરાતી ભાષાનો લેખક પોતાનાં લખાણો પર નભે, એ સમય જ્યારે નહોતો તે વખતે શ્રી બાલાભાઈએ લેખન–પ્રવૃત્તિ શરૂ કરી, આજની સ્થિતિએ પહોંચ્યા છે.

મારી કારકિર્દીની શરૂઆત ઈ. સ. ૧૯૨૪માં ધારવારની કર્ણાટક કૉલેજમાં નિમણૂકથી થઈ. (અત્યારે ધારવારમાં કર્ણાટક યુનિવર્સિટી છે અને રાજ્યોની પુનર્રચનામાં એ પ્રદેશ મૈસુર રાજ્યમાં ભેળવવામાં આવ્યો છે.) તે વખતે ધારવાર જૂના મુંબઈ રાજ્યમાં હતું. કર્ણાટકમાં ગુજરાતીની વાત પણ શેની સંભવે ? આખા ધારવારમાં અમે પાંચ ગુજરાતી કુટુંબો અને એક પારસી કુટુંબ હતું. પરંતુ ફુરસદના ઉપયોગ તરીકે હું બાળકોનાં માસિકોમાં નાની નાની વાર્તાઓ લખી મોકલતો: કોઈ પ્રસિદ્ધ થતી, તો કોઈ 'અસ્વીકાર્ય' થઈ પાછી ફરતી.

આ અરસામાં વિદ્યાર્થી વાચનમાળાનાં કેટલાંક પુસ્તકો એક મિત્રને ત્યાં જોવા મળ્યાં અને તેના લેખક તરીકે જયભિખ્ખુ બાલાભાઈનું નામ વાંચ્યું. આ થઈ બાલાભાઈની લેખક તરીકેની ઓળખ.

એ વાચનમાળા ગુજરાતના અનેક વિદ્યાર્થીઓને ઉપકારક નીવડી છે.

ઈ. સ. ૧૯૩૭ના જૂન માસમાં મારી બદલી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં થઈ. શ્રી બાલાભાઈનો પરિચય ત્યારથી શરૂ થયો ગણી શકાય. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયની પેઢીએ પ્રથમ મુલાકાત થઈ, અને એમાંથી ઉત્તરોત્તર મિત્રાચારી પરિણમી. શ્રી બાલાભાઈ સાહિત્યના ક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરી ચૂકયા હતા અને તેમની વાર્તાઓ ખૂબ રસભેર વંચાતી અને વાચકોની પ્રશંસા પામતી. શ્રી. બાલાભાઈ સંસ્કૃત સાહિત્યના અઠંગ અભ્યાસી; ખાસ કરીને જૈન શાસ્ત્રોનો અભ્યાસ તેમને વાર્તાલેખનમાં દોરી ગયો છે. જૈન કથા સાહિત્યને સર્વ-સમાજોપયોગી બનાવવાની તેમની વિશિષ્ટ શૈલી એ એમની આગવી કલા છે. આના અનુસંધાનમાં નોંધવું અપ્રસ્તુત નહીં લેખાય કે પ્રથમ શ્રી ભીમજીભાઈ 'સુશીલે' પણ બાલાભાઈની માફક જૈન કથાસાહિત્યને સામાન્ય જનતા માટે ઉપયોગી બનાવવા પ્રયાસો કર્યા હતા.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો શારદાપ્રેસ એટલે શ્રી બાલાભાઈ સાથેનું મિલન સ્થાન. અહીંયાં નોંધી દઉં કે બાલાભાઈ મુદ્રણકલામાં ઉત્તમ સૂઝ ધરાવે છે. 'શારદા'ની કામગીરી સારી થાય છે એનું માન બાલાભાઈને ઘટે છે.

શારદાપ્રેસમાં સૌ ભેગા થાય અને જ્ઞાનગોષ્ઠિ ચાલે. શ્રી ધૂમકેતુ, શ્રી મધુસૂદન મોદી, શ્રી મનુભાઈ જોધાણી, શ્રી કનુભાઈ દેસાઈ–સૌ ભેગા થાય. બાલા-

ભાઈ 'કયાં હશે ?'ની ખબર શારદા પ્રેસમાંથી મળે. હું નિયમિત ન જઈ શકતો પણ જ્યારે કામ હોય ત્યારે જાઉં અને બાલાભાઈને મળું. આ મિલનોથી મને સારો ફાયદો થયો છે. તેઓ મારાં લખાણોમાં રસ લેતા, અવારનવાર સૂચનાઓ આપતા અને જરૂર પડયે મારા લખાણને મઠારી આપી સુવાચ્ય બનાવતા. વિજ્ઞાન જેવા ગુજરાતીમાં નહીં ખેડાયેલ વિષયને સુગમ્ય બનાવવા એમની સૂચનાઓ ઉપયોગી નીવડતી.

'ગુજરાત સમાચાર'માં એક કૉલમ શરૂ કરવાનું બાલાભાઈને આમંત્રણ મળ્યું. એ કૉલમના નામાભિધાન અંગે શારદાપ્રેસમાં થયેલી વાતો હજી યાદ છે. અનેક નામો એ કૉલમ માટે સૂચવાયેલાં. તેમાંથી બાલાભાઈએ પોતે ડઝનેક નામની યાદી કરી અને 'ઈંટ અને ઇમારત' પસંદ કરેલું. એ કૉલમે જયભિખ્ખુને આખા ગુજરાતી–ભાષા આલમમાં બહાર આણ્યા.

મને બરાબર યાદ છે કે એક વાર એક નાના ગામમાં મારે જવાનું થયેલું. ત્યાં પણ ગુરુવારની રાહ જોવાતી: એ દિવસના 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઇમારત' પ્રગટ થતું અને હજી થાય છે. એ કૉલમે સામાન્ય જનતામાં ખૂબ આકર્ષણ જમાવ્યું છે. જયભિખ્ખુનાં લખાણોની એક પ્રકારની વિશિષ્ટતા છે, જે સૌ કોઈનું આકર્ષણ બને છે.

શ્રી જયભિખ્ખુના 'ઈંટ અને ઇમારત'ના કૉલમમાં એક ચોકઠામાં જે નાની વાત–બોધકથા આવે છે તે ગુજરાતી સાહિત્યનું એક અનોખું અંગ જેવું બની ગયું છે. એ વાંચીને અમેરિકાના મરહુમ સુપ્રસિદ્ધ લેખક શ્રી થરબુરની યાદ આવે છે. થરબુરની બોધકથાઓ અને 'જયભિખ્ખુ'નું 'ઈંટ અને ઇમારત'નું ચોકઠું સમાંતર હોય છે. એકમાં અમેરિકન પરિસ્થિતિ, તો બીજામાં આપણા દેશની પરિસ્થિતિને અનુકૂળ બોધકથાઓ હોય છે.

'જયભિખ્ખુ'એ સાહિત્યને લોકભોગ્ય બનાવવા સારો પરિશ્રમ કર્યો છે. આ વિષય અંગે લખવું એ મારા જેવા માટે અનધિકાર ચેષ્ટા જેવું થાય. કોઈ સમર્થ સમીક્ષક એ કાર્યને વધારે સારી રીતે ન્યાય આપી શકે. મહાત્મા ગાંધીજીએ ગુજરાતી સાહિત્ય પરિષદના અમદાવાદના અધિવેશનમાં કહ્યું હતું તેમ, સાહિત્ય સૌને સુગમ હોવું જોઈએ અને સૌ વાંચી શકે એવું હોવું જોઈએ. આ કાર્ય બાલાભાઈએ ઘણે અંશે પોતાનાં લખાણો દ્વારા કરી બતાવ્યું છે. એટલું ચોકસ છે કે જયભિખ્ખુની શૈલી લોકભોગ્ય છે. એમાં જે સાદાઈ અને સચોટ સીધાપણું આવે છે એથી વાચકને વાંચવાની રુચિ પેદા થાય છે. મોટી મોટી કિલષ્ટ રચના કરતાં નાનાં નાનાં વાક્યો કેટલીકવાર સચોટ બને છે. આ છે 'જયભિખ્ખુ'ની સિદ્ધિ.

શ્રી બાલાભાઈએ જીવનમણિ ગ્રંથમાળાના સાહિત્ય દ્વારા ઘણાં લોકોને સારી અસર કરી છે. એ ગ્રંથમાળાએ જૂના સાહિત્યને આધુનિક ઓપ આપવા સારો ફાળો આપ્યો છે. એનું શ્રેય બાલાભાઈને છે.

શ્રી બાલાભાઈ સાહિત્યકાર તો છે જ. પણ તેઓ સામાજિક કાર્યકર પણ છે. એમની દ્વારા અનેક સામાજિક પ્રશ્નોનો ઉકેલ લાવવામાં અનેક વ્યક્તિઓ સફળ થઈ છે. તેમની વ્યવહારુ રીત અનેકને પસંદ પડે છે. તેઓ સદાય બીજાને મદદરૂપ થવા તૈયાર હોય છે અને તેમની દોરવણી નીચે ઘણા પ્રશ્નોનું નિરાકરણ થયું હોવાનું મને યાદ છે. તેઓ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ માર્ગ કાઢે છે. જયભિખ્ખુ સૌજન્યમૂર્તિ છે. તેઓ સત્ય–કોઈ વાર અપ્રિય લાગે તેવું હોય તો પણ સૌજન્યપૂર્વક કહેતાં અચકાતા નથી.

આપણા સમાજમાં હંમેશાં સ્ત્રીને જરા ઊતરતું સ્થાન આપવામાં આવે છે, ખાસ કરીને જે પ્રદેશમાંથી બાલાભાઈ આવે છે તે ઝાલાવાડમાં. પોતાની વાર્તાઓમાં બાલાભાઈ આ બાબત ઘણીવાર આગળ લાવે છે એ એમની સમાજસુધારણાની ધગશ દર્શાવે છે. એમના કુટુંબમાં જે સ્નેહ અને મમતાભરી એકદિલી પ્રવર્તે છે તે ઉપરની બાબત પુરવાર કરે છે.

શ્રી બાલાભાઈ 'જયભિખ્ખુ' પોતાનું કાર્ય આગળ ધપાવવા શત વર્ષ જીવે–સો વર્ષના થાય; સારી તંદુરસ્તી ભોગવે એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

# પુણ્યતોયા ભાગીરથી

પ્રા. શાંતિલાલ મ. જૈન

**શ્રી જયભિખ્ખુ** (શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ;જન્મ ૨૬ જૂન, ૧૯૦૮) અર્વાચીન ગુજરાતી સાહિત્યસર્જકોમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સંસ્કૃતના અને તેમાંય સાહિત્યના અભ્યાસે તેમના માનવતાપૂર્ણ જીવનના ઘડતરમાં અને ચણતરમાં, જ્ઞાત કે અજ્ઞાતભાવે, શુભ ફાળો આપ્યો છે. તો જીવનસમગ્રનું પાથેય પણ તેમને તેમાંથી જ લાધ્યું છે. જૈન પંડિતની દયનીય દશા વિલોકી એવી નોકરી પ્રત્યે ઊપજેલા તિરસ્કારભાવે, પ્રેસમાં કામ કરતાં કરતાં કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતીના ચરણામૃતથી સંતોષ માનવાના નિશ્ચયે (સન ૧૯૩૩) તેમના જીવનને જે વળાંક આપ્યો તે ઘણી લીલીસૂકી અનુભવ્યા પછી છેવટે આનંદ અને ઉલ્લાસમાં જ પર્યવસાન પામ્યો છે. એકની એક બંડી સાબરના નીરમાં આંતરે દિવસે પખાળીને પહેરવી અને છતાં છાતી કાઢીને ગૌરવપૂર્વક હરવું ફરવું—એ દિવસો પણ પૌત્રને સુંદર ઘોડિયામાં પોઢાવતાં કે હાથમાં હુલાવતાં તેમને યાદ આવતા હશે અને યાદ આવતી હશે જંગલમાંથી જીવનપથ નિર્માણ કરતાં કરતાં વાગેલા કંટકોની એ વ્યથા !

અને છતાં એમનું જીવન કેટલું ઉલ્લાસમય, પ્રસન્ન છે ! મુખ પર સદા તરવરતું એ હાસ્ય, રોષમાં અને તોષમાં પણ નીતરતી એ સ્નેહાર્દ્રતા કોને આત્મીય ન બનાવે ! અને આ ઉલ્લાસ અને પ્રસન્નતાએ, દીર્ઘદર્શિતા અને આત્મીયભાવે તેમના દાંપત્ય અને કૌટુંબિક જીવનને એવું તો રસમય અને સદ્ભાવપૂર્ણ બનાવ્યું છે કે જાણે સાકરનો ગાંગડો જ્યાંથી મોંમાં નાખો ત્યાંથી મધુરમ્ મધુરમ્ ! ગૃહ શબ્દનો અર્થ ગ્રહી રાખે એવો કરી ગૃહસ્થના ધર્મ મુજબ જે અતિથિઓથી સદા ભર્યું ભાદર્યું રહે એવો કરીએ, તો શ્રી જયભિખ્ખુનું ગૃહ એ શબ્દ અને અર્થ બન્ને દૃષ્ટિએ સાર્થક છે. એ ઘરની ગૃહિણી સૌ. વિજયા બહેનના આતિથ્ય અને ઔદાર્ય વિશે તો કહેવું જ શું ? તેથી જ અર્ધનારીશ્વર ભગવાન શિવની જેમ શ્રી જયભિખ્ખુએ પણ માત્ર વ્યવહારમાં જ નહિ પોતાના નામ સુધ્ધાંમાં તેમને અર્ધભાગ અને તેમાં પણ આદ્યભાગ આપી તેમની સાથેનું તાદાત્મ્ય દર્શાવ્યું છે.

અને આ અને આવી જ બીજી બાબતો શબ્દદેહ ધારણ કરે છે ત્યારે શ્રી બાલાભાઈ 'જયભિખ્ખુ' રૂપે સાહિત્યમાં અવતરે છે, પછી તે નવલિકા હોય કે નવલકથા હોય, નાટક હોય કે નાટિકા હોય, સાહસકથા હોય કે જીવનકથા હોય, હાસ્ય હોય કે રહસ્ય હોય, ઈંટ હોય કે ઇમારત હોય, જાણ્યું હોય કે અજાણ્યું હોય !

તેમનું સાહિત્યસર્જન વિપુલ અને વૈવિધ્યપૂર્ણ છે. તે બધાંનો નામનિર્દેશ કરવો અહીં શક્ય ન હોવાથી તેની સામાન્ય વિશેષતાઓ અને તેના કલા-સૌન્દર્યનો ઉલ્લેખ કરવો જ પર્યાપ્ત ગણાશે.

કથા—વાર્તા વાંચવાનો અને કહેવાનો શ્રી જયભિખ્ખુને નાનપણથી જ ભારે શોખ. 'સરસ્વતીચંદ્ર' એમનો પ્રિય ગ્રન્થ અને ગોવર્ધનરામ એમના આદર્શ સાહિત્યકાર. આ શોખ અને આદર્શે અને જૈન સાહિત્યના અનુશીલને તેમની પાસેથી જે સાહિત્ય-સર્જન કરાવ્યું છે તેમાં ઐતિહાસિક (પ્રેમભક્ત કવિ જયદેવ, નરકેસરી, વિક્રમાદિત્ય હેમુ, દિલ્હીશ્વર વગેરે), સામાજિક (પ્રેમનું મંદિર, પ્રેમાવતાર વગેરે), પૌરાણિક (ભગવાન ઋષભદેવ ચક્રવર્તી ભરતદેવ, ભારત-બાહુબલિ વગેરે) નવલકથાઓ, નવલિકાઓ (માદરે-

વતન, યાદવાસ્થલી, કંચન ને કામિની, જૈન-બૌદ્ધ-હિંદુધર્મની પ્રાણીકથાઓ વગેરે, સાહસકથાઓ જવાંમર્દ, એક કદમ આગે, માઈનો લાલ, હિંમતે મર્દ વગેરે,) નાટકો (ગીતગોવિંદનો ગાયક, પતિતપાવન, રસિયો વાલમ, બહુરૂપી વગેરે,) જીવનચરિત્રો (ફૂલની ખુશબો, મોસમનાં ફૂલ, યોગનિષ્ઠ આચાર્ય, પ્રતાપી પૂર્વજો, ઉદા મહેતા સિદ્ધરાજ જયસિંહ વગેરે)નો સમાવેશ થાય છે. વિદ્યાર્થી વાચનમાળા અને બાલગ્રંથાવલી દ્વારા બાળકોને રસ પડે ને હોંશભેર વાંચે અને તેમના ચારિત્ર્યનું ઘડતર કરી શકે તેવી નાની નાની પુસ્તિકાઓ પણ તેમણે લખી છે. આ સમગ્ર સાહિત્યમાં તેમણે પોતાના અનુભવને નિતાર્યો છે.

સાહિત્યપ્રકાર ગમે તે હોય, પરંતુ તેનું વસ્તુ પસંદ કરવામાં શ્રી જયભિખ્ખુ મુખ્યત્વે એ વાતનો વિચાર કરે છે: એક તો એ કે તે કેટલું રસક્ષમ છે અને બીજું એ કે એમાં માનવતાનું દર્શન કેટલે અંશે થાય છે. વસ્તુમાં નાવીન્ય એ બહુ મોટી વસ્તુ નથી, એનું રસવાહી રૂપ એ જ લેખકની ખરી કળા છે. કાલિદાસે કે શેક્સપિયરે ઇતિહાસ કે લોકપ્રસિદ્ધ કથાનકોના આધારે સર્જન કર્યું હોવા છતાં એ અપૂર્વ લેખાયું છે અને તેનું કારણ એ જ છે કે તેમણે તેમાં રસ અને ભાવનું સુંદર શૈલીમાં સિંચન કર્યું છે, તેમાં વ્યષ્ટિ અને સમષ્ટિના મનોભાવ આદર્શ શબ્દદેહ ધારણ કરે છે. શ્રી જયભિખ્ખુ પણ જૈન સાહિત્ય, પુરાણ અને ઇતિહાસમાંથી જ મોટે ભાગે વસ્તુ લે છે. પણ પછી તેને જે રસવાહી ઓપ આપે છે તેમાં જ તેમની નિપુણતા અને સર્જનશીલતા રહી છે. વસ્તુની માનવતા અને મૃદુતાપૂર્ણ માવજત, રસળતી ભાષા, રોચક શૈલી અને સર્જક કલ્પનાશક્તિ તેમના વાચકને તલ્લીન અને તરબોળ કરી મૂકે છે.

તેમના સાહિત્યની આવી વિશેષતાઓથી આકર્ષાઈ ને જ પંડિતપ્રવર શ્રી સુખલાલજીએ નોંધ્યું છે કે, "...જૈન કથાસાહિત્યના વિશાળ ખજાનામાંથી જૂની, નાની-મોટી કથાઓનો આધાર લઈ, તેનાં ઐતિહાસિક કે કલ્પિત પાત્રોના અવલંબન દ્વારા, નવા યુગની રસવૃત્તિ અને આવશ્યકતાને સંતોષે એવા સંસ્કારોવાળું કથાસંવિધાન કરનાર હું જાણું છું ત્યાં સુધી 'જયભિખ્ખુ' એક જ છે...તેમણે વિવિધ પ્રકારનું જેટલા પ્રમાણમાં ગુજરાતી સાહિત્ય રચ્યું છે તે જોતાં તેમની શક્તિ અને સાધના પ્રત્યે ગુણાનુરાગમૂલક સન્માનવૃત્તિ કોઈને પણ થયા વિના ન રહે, એમ હું સ્વાનુભવથી માનું છું."

શ્રી સુન્દરમે પણ તેમના સાહિત્યસર્જનનેઆદરણીય ગણી તેમની કલ્પનાશક્તિ પ્રત્યે આનંદ વ્યક્ત કર્યો છે.

'वीरधर्मकी कहानियां' નામના તેમના હિંદી-અનુવાદ ગ્રંથની પ્રસ્તાવનામાં સુપ્રસિદ્ધ વિદ્વાન્ ડૉક્ટર વાસુદેવશરણ અગ્રવાલ લખે છે કે "શ્રી જયભિખ્ખુ ગુજરાતના પ્રસિદ્ધ લેખક છે. પ્રાચીન સાહિત્યના નિષ્કર્ષને નૂતન સમાજની સામે રજૂ કરવાનું જે એક મોટું આન્દોલન ભારતીય સાહિત્ય જગતમાં ચાલી રહ્યું છે અને જેનો પ્રભાવ બધીય પ્રાદેશિક ભાષાઓ ઉપર પડ્યો છે એમાંનો જ શ્રી જયભિખ્ખુનો આ સુંદર પ્રયત્ન છે."

શ્રી જયભિખ્ખુના સાહિત્યની યશોગાથા ગુજરાતના સીમાડા ઓળંગી હિંદી, તેલુગુ, કન્નડ, મરાઠી વગેરે બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ હવે સંભળાવા લાગી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી તેમનાં અનેક પુસ્તકોને પુરસ્કાર મળ્યા છે અને પ્રાયઃ દર વર્ષે મળતા રહે છે. આ પણ તેમના સાહિત્યની સમૃદ્ધિનો એક પુરાવો છે.

તેમનો આ વારસો તેમના પુત્ર પ્રા. શ્રી કુમારપાળમાં પણ ઊતર્યો છે, અને તેમને પણ તેમનાં પુસ્તકોની શ્રેષ્ઠતા બદલ પુરસ્કાર મળવા લાગ્યા છે. આ પરંપરા અવિચ્છિન્ન ચાલુ રહે!

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ તેમના કામની નોંધ લીધા વિના અધૂરો જ લેખાય. અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં તેમને અચૂક સ્થાન મળ્યું છે. આંખની તકલીફ હોવા છતાં તેમનું સાહિત્યસર્જન પુણ્યતોયા ભાગીરથીની જેમ અવિરત વહ્યા કરે છે. ષષ્ટિપૂર્તિના આ વિરલ અવસરે આપણે એટલું જ ઇચ્છીએ કે તેઓ સતત પ્રગતિ કરતા રહે અને દીર્ઘ-સુદીર્ઘ જીવનકથાનો આનંદ માણતા રહે!

# માનવતાની દિલચશ્પી

પ્રા. જિતેન્દ્ર સી. દેસાઈ

**યંત્રવાદના** વિકાસને પરિણામે વીસમી સદીમાં માનવ પ્રગતિની ગતિ વધુ તીવ્ર બની છે. ભૌતિક સુખાકારીની વધતી જતી સુલભતાને કારણે માનવ અધ્યાત્મવાદથી વિમુખ થતો જાય છે. આવા સંક્રાંતિકાળે મૂલ્યોનો અર્થ કરી, માનવચારિત્ર ઘડતરમાં જયભિખ્ખુની વાર્તાઓ કિંમતી ફાળો આપશે તે નિઃશંક વાત છે.

પુણ્યબળો અને પાપબળોનો સંઘર્ષ એ સંસારનું સત્ય છે. વિજયી થવા પુણ્યબળોને આકરી ચુકવણી કરવી પડે છે. સત્યને સિદ્ધ થવા કસોટીએ ચઢવું પડે છે. આવા સત્ય, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યના આદર્શને મૂર્ત કરવા મરજીવાઓને આકરાં બલિદાનો આપવાં પડે છે. તેમના સ્વાર્પણની યશગાથાઓ ભાવુક બનાવે છે. શ્રી જયભિખ્ખુએ આવા મહાવીરોનાં ઉદાત્ત ચિત્રોને પોતાની કથાઓના વિષય બનાવ્યાં છે. તેમનાં પ્રતીકાત્મક ચરિત્રો માનવસમાજને નીતિ અને ધર્મનો, પ્રેમ અને ત્યાગનો, સ્નેહ અને સ્વાર્પણનો મંત્ર બક્ષે છે. આજના યુદ્ધખોર માનસને શ્રી જયભિખ્ખુની વાર્તાઓ પથદર્શક બનશે. શ્રી જયભિખ્ખુ તેમની ભાવનાભક્તિને કારણે આજે આમવર્ગના સર્જક તરીકે સ્વીકારાયા છે.

આચાર્યશ્રી ધીરુભાઈ ઠાકર નોંધે છે તેમ શ્રી જયભિખ્ખુની વાર્તામાં સંવેદનની સચ્ચાઈ અને કથનની સરસતા છે. જોકે તેમનામાં આધુનિક નવલિકાનું મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ યા માનવસ્વભાવનું સૂક્ષ્મ વિશ્લેષણ નથી; તેમનો એ આદર્શ પણ નથી. તેમને તો માનવસ્વભાવની ખાનદાની અને જિંદાદિલીનો જ પરિચય આપવો છે. પ્રેમ અને શૌર્યના કસુંબી રંગને માટે શ્રી જયભિખ્ખુને વિશેષ અનુરાગ છે. તેમની શૈલીમાં જેમ છે. ભાષાની પ્રવાહિતા અને ચિત્રાત્મકતા શ્રી જયભિખ્ખુની શૈલીનાં પ્રધાન લક્ષણો છે. તેમનામાં ભાવ–જમાવટની કુશળતા છે.

સર્જકમાં જરૂરી એવી સર્વગ્રાહિતા એમનામાં છે. ભાષાનું ચોખલિયાપણું એમને બહુ ગમતું લાગતું નથી. "ગૂંગે ગોળ ખાધા જેવી" ચલણી લોકોક્તિ તેઓ સુંદર રીતે ઉપયોગમાં લે છે. "સુદર્શનનું લોહી મીણ બન્યું" જેવી ઉક્તિઓમાંથી કથયિતવ્યની વેધકતાનું દર્શન થાય છે. શ્રી જયભિખ્ખુ વાર્તાપ્રવાહને ખંડિત ન કરતાં ધાર્યા નિશાન તરફ એકાગ્ર રીતે ગતિ કરે છે.

શ્રી જયભિખ્ખુની વાર્તામાં સંઘર્ષ અને કાર્યવેગની માવજત સારા પ્રમાણમાં વર્તાય છે, તેમનો અલંકાર માટેનો આગ્રહ પ્રાચીન લેખકો જેવો જ છે.

તેમની વાર્તાનાં પાત્રોનાં વ્યક્તિત્વમાં સત્ય માટેની તાલાવેલી અને ફના થઈ જવાની ભાવના છે. અહીં આલેખાતું આદર્શનું ચિત્ર કોઈ ઉપદેશ રૂપે નથી અપાતું. લેખકને મન આ તો માનવસ્વભાવમાં પડેલી સુગંધ જ છે. તેને પ્રગટ કરવાનો યથાર્થ પરિશ્રમમાત્ર છે.

શ્રી ગોવર્ધનરામ સરસ્વતીચંદ્રની પ્રસ્તાવનામાં "ઈશ્વરલીલાનું સદ્અર્થે ચિત્રણ કરવાની" જે પ્રતિજ્ઞા કરે છે તેનું શ્રી જયભિખ્ખું યથાર્થ રીતે પાલન કરતા જણાય છે,

'સૂલી પર સેજ હમારી' શ્રી જયભિખ્ખુની વીસ વાર્તાઓનો સંગ્રહ છે. પ્રસ્તાવનામાં જ લેખકે નોંધ્યું છે કે દરેક સિદ્ધાન્ત પોતાના પ્રતિપાલક પાસે કઈક અર્પણ માગે છે. આ સિદ્ધાન્તો માનવતાએ

નક્કી કરેલાં મૂલ્યો છે. પુનર્જન્મના સિદ્ધાન્તનો વિચાર કરતાં ગૌતમે નોંધ્યું છે કે વ્યક્તિને સત્કર્તવ્યો દ્વારા પોતાના અસ્તિત્વનો પરિચય કરાવવાનું બને ત્યારે તેના માટે એ નવો ભવ છે. આનાથી ઊલટું અવસાન છે. આ અર્થમાં 'સૂલી પર સેજ હમારી'નાં પાત્રો અનેક ભવોનો અનુભવ કરે છે. માનવ શબ્દના અર્થને પોતાના ઉદાહરણથી સાર્થક બનાવે છે. આ સંગ્રહમાં માત્ર મહાત્માઓનાં જ ઉદાહરણો નથી; સામાન્ય કોટિના જીવો પણ આવી ક્ષણો જીવી જાય છે, જીતી જાય છે. ત્યાગ સ્વાર્પણ અને શહાદતનો મહામંત્ર મૂકી જતી જયભિખ્ખુની પાત્રસૃષ્ટિ મહાન આદર્શ ઊભો કરે છે.

વાર્તાસંગ્રહને શીર્ષક બક્ષનારી પ્રથમ વાર્તા 'સૂલી પર સેજ હમારી' શીલનો મહિમા પ્રદર્શિત કરે છે. સ્વરૂપવાન શ્રેષ્ઠી સુદર્શન ચારિત્રહીન રાણીનો ભોગ બન્યો, કરામત કરી તેના પંજામાંથી છૂટ્યો અને છેવટે બીજી વખત ફસાયો ત્યારે શૂળી સ્વીકારવા તત્પર બન્યો. શીલના પ્રભાવથી રાણીને સદ્‌માર્ગે વાળી અને રાજાની આંખ ખોલવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો.

હિન્દુધર્મ અને ઈસ્લામનો ઈશ્વર વિષેનો અદ્વૈતનો સિદ્ધાન્ત આત્મસાત્ કરનાર મન્સૂર કોમવાદનો ભોગ બન્યો. મહાન સૂફી સિદ્ધાંત ખાતર આત્મ-બલિદાન સુધી પહોંચ્યો.

'ભવરણનો સિંહ' સિપાઈ નર્મદને અપાયેલી અંજલી છે. જીવનપર્યન્ત આત્મનિરીક્ષણ કરનાર, સિદ્ધાન્તવાદી બન્યા વગર સિદ્ધાન્ત સંશોધન કરનાર વીર નર્મદે સુધારક પક્ષના દંભને, કાયરતાને, કુસંપને શબ્દચાબુકથી ખૂબ ફટકાર્યા છે. આર્થિક સ્થિતિ નબળી થતાં પાવલીની મૂડીમાં જીવનનો રંગ નિહાળનાર નર્મદ યાચકને સો રૂપિયાનું દાન કરતાં ખચકાતો નથી. ધર્મખાતાની નોકરીની સ્વીકૃતિ કરતાં મહાકવિ વેદના અનુભવે છે છતાં ક્રૂર વાસ્તવિકતા આગળ માથું નમાવે છે. સ્વાભિમાની મરદ નોકરીનાં ત્રણ વર્ષ પૂરાં કરતાં પહેલાં જ દેવ થઈ જાય છે.

'વીરનવાલી' અંગ્રેજ અમલદાર મૂરની હવસખોરીનો ભોગ બનેલી ભારતીય કન્યા છે. અંગ્રેજોના ન્યાયની લેખકે અહીં ઝાટકણી કાઢી છે.

સ્ટિફન ઝ્વિગ જેવા યહૂદી હોવાને કારણે નાઝી ત્રાસવાદનો ભોગ બને છે. મહાન સર્જક પત્નીની સાથે ૧૯૪૨ ના ૨૨ મી ફેબ્રુઆરીના રોજ વિષપાન કરી નશ્વર દેહને છોડે છે. પ્રેમ કરનાર અને દાન કરનાર જ જીવનને યથાર્થ રીતે સમજે છે. પોતાના જીવન અને કવન દ્વારા સિદ્ધાન્તનો આદર્શ મૂર્ત કરનાર મહાન વીર મૃત્યુને ભેટે છે.

અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી જાવડે કરેલા શત્રુંજય ઉદ્ધારની ઘટના રોમાંચક છે. યવનોના ત્રાસ સામે અડીખમ સર્જનાત્મક બળ તરીકે ટકી રહેલા ટેકીલા જાવડની હિંમત અને ધર્મ પ્રત્યેની પ્રીતિ બિરદાવવા જેવાં છે.

'અમ્મા' અને 'વાલો નામોરી' —આ બન્ને કથા બે દૃષ્ટિબિંદુથી ત્યાગને જ વ્યક્ત કરે છે. પ્રથમમાં શીખ ગુરુ ગોવિંદસિંહની પત્ની સ્વધર્મને ખાતર પોતાના બે પુત્રોની હત્યા થવા દે છે. તો વાલો નામોરી પંચાલનો નેક બહારવટિયો છે. પોતાના સાથીઓ અસતને માર્ગે જઈ રહ્યા હોવાથી વહેલી તકે સજા મેળવવા તત્પર બને છે. ઈમાન પર ભાર મૂકનાર તે ફરજના દૃઢ આગ્રહી ગોરા પોલીસ અમલદાર ગાર્ડનને મારી મૃત્યુને ભેટે છે.

'ભૂખી લક્ષ્મી' સ્વતંત્રતા પછીના ભારતની નારીની દુઃખદ અવસ્થાને વ્યક્ત કરે છે. લેખકે અહીં ન્યાય પર વેધક કટાક્ષ કર્યો છે.

'ચંદ્રશેખર'માં સ્ત્રી–સ્વભાવની ઉદારતાનું દર્શન થાય છે. ઈનામ જીતવાના લાલચુ વાવડીના દરબાર અમરસંગની યુવાન સ્વરૂપવાન પત્ની બહારવટીઆ મામુદને નસાડી સ્ત્રી-હૃદયની સ્વચ્છતાનો પરચો કરાવે છે.

આ ઉપરાંત 'રાજા તે યોગી', 'સાચનો ભેરુ સાંઈ', 'સિર દિયા સાર ન દિયા' વગેરે વાર્તાઓ મહાન આદેશ પૂરો પાડે છે. આ સંગ્રહની દરેક વાર્તાને કંઈક સંદેશ આપવાનો છે. માનવમાં પડેલી સુગંધને વ્યક્ત કરવાનો શ્રી જયભિખુનો પ્રયાસ પ્રશંસાપાત્ર છે.

અસ્તુ.



# જયભિખ્ખુ

**શ્રી જિતુભાઇ ભગત**

કેવું સરસ નામ છે ? કોણે આ નામ પાડ્યું હશે ? બાલાભાઈએ પોતે કે પછી ચાહકોએ ? ગમે તેમ હોય નામ સુભગસુંદર છે પણ બાલાભાઈના આ નામ માટે મને મોટો વાંધો છે.

મારા આ વિરોધથી કદાચ તમે બધા છેડાઈ જશો અને પૂછશો કે શું લખો છો તેનો કંઈ વિચાર છે ખરો ? પરંતુ મેં શ્રી બાલાભાઈના સહવાસમાં જોયું છે તે મારા હૃદયને બંડ કરવા પ્રેરે છે કે બાલાભાઈ જયભિખ્ખુ નથી જ.

સાચે જ શ્રી બાલાભાઈ સાથેના મારા છેલ્લાં દશ વર્ષના પરિચયમાં મેં જોયું છે કે તેમના તખલ્લુસ 'જયભિખ્ખુ'માં અને તેમના વ્યવહારમાં તદ્દન વિરોધાભાસ મેં જોયો છે. બાલાભાઈ જયના ભિખ્ખુએ નથી કે જયના તરસ્યા પણ નથી અને છતાં તેમને જય મળે છે. આ એક અજાયબી જેવી વાત છે. કોઈ ન માને તેવી વાત છે. છતાં માનવી પડે તેવી પણ વાત છે જ.

બાલાભાઈના જીવનમાં મને દેખાયું છે કે બાલાભાઈ જયને ત્યાગે છે ત્યારે જય સદાય તેમના આગળ આવીને ઊભો રહે છે. કદાચ કવિએ ગાયું છે કે "અરે પ્રારબ્ધ તો ઘેલું ન માગ્યું દોડતું આવે" એમ બાલાભાઈના પ્રારબ્ધમાં જ જય લખાયો છે ? કે જય બાલાભાઈ ને જ વર્યો છે ?

ગમે તેમ હોય બાલાભાઈ જયભિખ્ખુ તો નથી જ. હવે પ્રશ્ન એ થાય છે કે તો બાલાભાઈને સદા જય મળ્યો છે, મળે છે અને મળશે જ. આપણે સૌએ એ શોધી કાઢવું જોઈએ કે શ્રી બાલાભાઈ પાસે એવું કયું ગુરુત્વાકર્ષણ છે કે જય ખેંચાઈ ખેંચાઈ તેમનામાં જ એકત્રિત થાય છે.

બાલાભાઈની નિખાલસતા, સહૃદયતા અને પરગજુપણું એજ એમના જીવનની સિદ્ધિનાં મહાન ત્રણ સોપાન છે. શ્રી બાલાભાઈ જયનાં શિખરો સર કરી બેઠા છે તે તેમના આ ત્રણ મહાન સદ્‌ગુણોનું પરિણામ છે. બાલાભાઈએ જીવનમાં આ ત્રણ મહાનગુણોને હંમેશાં જીવનધન સમજી છૂટેહાથે તેમના ચાહકો, શુભેચ્છકો અને ખાસ કરીને વાચકોમાં લૂટાવ્યા છે અને તેનો હું માત્ર સાપેક્ષી સાક્ષી જ નથી પણ એક અદનો ગ્રાહક પણ છું.

મને યાદ છે કે મેં "જયશ્રી" નામનું એક ધાર્મિક માસિક સન ૧૯૬૦–૬૧માં શરૂ કર્યું ત્યારે હું તેમની મદદ મેળવવા તેમને મળેલો. મને એમ હતું કે બાલાભાઈ સાથે સંબંધ છે એટલે બહુ બહુ તો તેમનો લેખ મને નિયમિત મળશે અને કદાચ પુરસ્કારના ધોરણમાં પણ મને રાહત મળશે.

મારા આશ્ચર્ય વચ્ચે તેમણે જ્યારે જયશ્રી માસિકના ઉચ્ચ ધોરણને અનુકૂળ લેખકમંડળથી માંડી તેના પ્રકાશન અંગેની લગભગ સઘળી બાબતો અને સર્વાંગસુંદર અંક તૈયાર થાય ત્યાં સુધીની સઘળી પ્રક્રિયામાં પોતે સહર્ષ સાથે રહેશે તેવી જાહેરાત તેમણે કરી ત્યારે મારું માસિક તેમનાં ચરણોમાં મૂકવા મારું હૃદય મને મનોમન કહી રહ્યું હતું. અને મેં જોયું કે જ્યાં જેટલું સારું થાય ત્યાં તેટલું પોતાથી બનતું બધું જ કરી છૂટવાની તેમની સાહિત્ય સેવાની લાગણીનાં મને પ્રત્યક્ષ દર્શન થયાં. એક પ્રથમ કક્ષાનો સાહિત્યસર્જક સાહિત્યની દુનિયાની આગળ વધારે કઈ સેવા કરી શકે ?

'જયશ્રી' જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી શ્રી બાલાભાઈએ વિના પુરસ્કાર પોતાની કલમપ્રસાદી નિયમિત આપી એટલું જ નહીં પણ 'જયશ્રી'–

ને સર્વાંગસુંદર બનાવવામાં અને તેની ગ્રાહક–ચાહક સંખ્યા વધારવામાં બાલાભાઈએ જે શ્રમ અને સૌજન્ય દાખવ્યાં છે તેનું મૂલ્યાંકન કરવા મારી પાસે શબ્દો નથી. સમયની સાનુકૂળતા–પ્રતિકૂળતા તથા પોતાના સ્વાસ્થ્યના ભોગે આંખો નબળી હોવા છતાં ભાઈ કુમારપાળભાઈ લખે અને તેઓ બોલે એવા સંજોગોમાં પણ તેમણે 'જયશ્રી' સાથેનો મીઠો સહકાર–સંબંધ છેક સુધી જાળવી રાખ્યો તે ઋણમાંથી હું આ બેચાર ફકરા લખીને પણ મુક્ત થઈ શકું ખરો ?

શ્રી બાલાભાઈનો આ સ્વભાવ મારા એકલા માટે નથી, પાંચ વર્ષના બાળકથી માંડી પાંસઠ વર્ષના વૃદ્ધ સાથે કે પચ્ચીસ વર્ષના યુવક સાથેના તેમના વ્યવહારમાં નિખાલસતા, સહૃદયતા અને પરગજુપણું હંમેશાં પ્રદર્શિત થાય છે. અને એજ તેમની આસપાસ વિશાળ મિત્રવૃંદ, ચાહકવૃંદ, પ્રશંસકવૃંદ અને વાચકવૃંદ ઊભું કરી શક્યું છે.

બાલાભાઈ જયથી સદાય દૂર રહ્યા છે છતાંય જય તેમને શોધતો જ આવ્યો છે. હું સાચું જ કહું છું કે બાલાભાઈએ જયની ભીખ કદી માગી નથી અને છતાંય તખલ્લુસ રાખ્યું જયભિખ્ખુ. આ છે તેમની વિનમ્ર સાહિત્યસેવાની લગન, અદની આત્મીયતા તથા નિખાલસતા. શ્રી બાલાભાઈનો આદર્શો, સદ્ગુણો, અને સાહિત્ય–સેવાનો ભેખ લેવાની તત્પરતા સાહિત્યસેવકોને માટે સાચા આદર્શ બની રહો અને પ્રેરણાનાં પીયૂષ પાયા કરો અને બાલાભાઈને તેમની સાહિત્યસેવાના ભેખમાં સો સો વર્ષનું દીર્ઘાયુ પરમકૃપાળુ પરમાત્મા બક્ષો એવી મારી અંતરની પ્રાર્થના.

જિતુ ભગત

[ મા. પૂ. મુ. ધીરુભાઈ સાહેબ,

મુ. શ્રી જયભિખ્ખુ માટે કંઈ લખવા આપે મને પત્ર લખેલો પણ છેલ્લા ચાર માસથી લો બ્લડપ્રેશરની બિમારીમાં સપડાયો હોવાથી સમયસર આપની આજ્ઞાનો પ્રત્યુત્તર વાળી શક્યો નહોતો—

તબિયત સાધારણ ઠીક છે એટલે આજે તમારી આજ્ઞાના ઉત્તરમાં થોડુંક લખીને મોકલ્યું છે જે યોગ્ય લાગે તો જ સ્વીકારશો—

મને લખવાનો બહુ મહાવરો નથી માટે કદાચ મારું લખાણ અંકના ધોરણસર નહીં પણ હોય તો તમો નહીં સ્વીકારો તો મને માઠું નહીં લાગે. પણ મુ. બાલાભાઈના મારાપરના ઋણમાંથી મુક્ત થવાનો આ મિથ્યા પ્રયત્ન છે —હું તેમના ઋણમાંથી કદી મુક્ત થઈ શકું તેમ નથી— સૌને મારાં વંદન.

આપનો શિષ્ય
જિતુ ભગત ]

**ભાઈશ્રી** બાલાભાઈએ આખી જિંદગી પ્રજા સામે પોતાના સુવિચારો ઢગલાબંધ ઠાલવ્યા છે અને એ શક્તિ પ્રભુએ તેમને આપી છે. આ માટે હું તેમને ધન્યવાદ આપું છું. તેઓ શુભ વિચારો પ્રજાને આપતા રહે અને દીર્ઘાયુ બને એવી શુભેચ્છા.

—પૂ૦ રવિશંકર મહારાજ

# જયભિખ્ખુ–જીવનના લેખક

**રમણલાલ સોની**

ભાઈ મણિભાઈ આધુનિક વિશ્વના એક સંત પુરુષ હતા. ગુજરાતમાં નહિ, એટલા તેઓ ગુજરાત બહાર, અંગ્રેજી ભાષાઆલમમાં જાણીતા છે. તેમણે હિંદુધર્મ, સ્વામિનારાયણ અને વૈષ્ણવ સંપ્રદાયો, શીખધર્મ, બ્રાહ્મધર્મ અને ખ્રિસ્તીધર્મ વિશે અનેક સુંદર પુસ્તકો અંગ્રેજીમાં લખ્યાં છે, અને વિશ્વભરમાં પ્રવાસથી કરી ધાર્મિક વ્યાખ્યાનો આપ્યાં છે. તેઓ રાજકોટમાં નિવૃત્તજીવન ગાળતા હતા. એકવાર તેમનાં દર્શન કરવા હું રાજકોટ ગયો હતો. ત્યારે વાતવાતમાં તેમણે મને કહ્યું:

આ જયભિખ્ખુ કોણ? ઓળખો છો એમને?

મેં તેમને ઉચિત જવાબ આપ્યો. ત્યારે તેમણે કહ્યું: 'હું એમનાં લખાણો પ્રેમથી વાંચું છું. તેમનામાં લખવાની અદ્‌ભુત નૈસર્ગિક શક્તિ છે. મારાં તેમને વંદન પહોંચાડજો અને કોકવાર રાજકોટ આવે તો મને જરી મળવાની તકલીફ લેવા કહેજો—મારાથી તો હવે બહાર નીકળાતું નથી.'

ભાઈ મણિભાઈને મળવા માટે શ્રી મહેંદી નવાજ જંગ જેવા ગવર્નરો સામેથી કહેવડાવતા, ને એમને ઘેર જતા, તે ભાઈ મણિભાઈ જયભિખ્ખુની કલમ પર મુગ્ધ હતા. કેવળ કલમ ઉપર નહિ, પણ એ કલમદ્વારા વહેતી પ્રસાદી પર. એ કલમદ્વારા વહેતા સંદેશ પર!

ભાઈ બાલાભાઈને (જયભિખ્ખુને) હું ઘણાં વર્ષોથી ઓળખું છું, પણ અતિ નિકટનું ઓળખાણ કેટલીકવાર ડુંગરને ઉંદર જેવો દેખાડે છે. ઉંદરનો ડુંગર પણ થઈ જાય ખરો. પણ અહીં એક એવી વ્યક્તિ દ્વારા એમનું મૂલ્યાંકન થયું હતું જેણે ચૈતન્ય, અને વલ્લભાચાર્ય, સહજાનંદ અને દયાનંદ, રામમોહનરાય અને કેશવચંદ્ર, નાનક અને કબીર, સંત પીતર પોલનું મૂલ્યાંકન કર્યું હતું.

જયભિખ્ખુની ભાષાનું ઝરણું પહાડથી ફૂટતી ગંગોત્રીની પેઠે પહેલાં પાતળા રૂપેરી પ્રવાહની પેઠે ફૂટે છે, અને ધીરે ધીરે આગળ વધી વેગ તથા વિસ્તાર ધારણ કરે છે. અને એમાં વાચકને તાણી જઈ નવીન ભૂમિ પર લઈ જઈ ખડો કરી દે છે—આસપાસનું સુંદર દૃશ્ય. ખુશબોદાર હવા અને મંદપવનની લહેરીઓ એને મુગ્ધ કરી રાખે છે.

જયભિખ્ખુ જીવનના લેખક છે. એમની કલમ જીવનનો રાહ ચીંધે છે, જીવનનાં મૂલ્યો સમજાવે છે અને જીવનનો આનંદ માણવાની દૃષ્ટિ આપે છે—તેમ ભારેખમ બનીને નહિ, પણ હિતોપદેશના વિષ્ણુશર્માની ઢબે, સહજ સ્વાભાવિક હળવા ભાવે. આ એમની વિશિષ્ટ સિદ્ધિ છે, એમની આગવી અસલિયત છે, એથી એમણે બાળકોથી માંડી મોટેરાંઓ સુધી સૌમાં પોતાનું કાયમનું સ્થાન સિદ્ધ કર્યું છે.

# બાલભોગ્ય સાહિત્યના સર્જક

જતીન્દ્ર આચાર્ય

**બાળકોની** પ્રાપ્તિ માટે બાધા આખડી કરતાં માબાપો બાળકોની રસ વૃત્તિને ઉત્તેજે, અને પ્રેરણા આપે તેવા સાહિત્યના સર્જન અને સંવર્ધન માટે આજથી બેત્રણ દાયકા પહેલાં સાવ ઉપેક્ષાભાવ સેવતાં હતાં એ હકીકત છે.

સ્વ.શ્રી ગિજુભાઈ બધેકાએ બાલશિક્ષણક્ષેત્રે પ્રવેશ કર્યો અને ગુજરાતની જનતાની દૃષ્ટિ સમાજના આ ખૂબ જ પાયાના અંગ તરફ દોરી તે પહેલાં બાલભોગ્ય સાહિત્ય શૂન્યતાની ખૂબ જ નજીક હતું.

કાળદેવતાનાં પગલાં ગંભીર છે. ધીરે ધીરે અન્ય સાહિત્યસર્જનની સાથે સાથે લેખકોની નજર બાલ સાહિત્યના સર્જન તરફ વળી; છતાં હજુ પણ બાલ અને શિશુ સાહિત્યસર્જનને જોઈએ તેવી અને તેટલી પ્રતિષ્ઠા મળી નથી તે કમનસીબીની વાત છે. આમ છતાં રા.શ્રી બાલાભાઈ જેવા ગણ્યા ગાંઠ્યા લેખકો પ્રૌઢસાહિત્યમાં સારી એવી પ્રતિષ્ઠા પામ્યા પછી પણ બાલભોગ્ય સાહિત્યને પોતાના સર્જનનું એક અંગ બનાવીને સનિન્નષ્ઠાપૂર્વક લેખનકાર્ય કરે છે એટલું જ નહિ ગુજરાતની ભાવિ પેઢી પ્રત્યેના ઋણ માટે જાગરુકતા અને સાહિત્ય સર્જન માટેની પાવનકારી પરિપાટી ઊભી કરવાની દિશામાં પહેલ કરનારા લેખકોમાં શ્રી બાલાભાઈ (જયભિખ્ખુ) અગ્રસ્થાન ધરાવે છે. તે માટે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

બાલસાહિત્યને નામે ગુજરાતમાં તદ્દન સામાન્ય કોટિનું સાહિત્યસર્જન કરી પ્રકાશમાં આવનાર મહાનુભાવો પણ છે. તેમનાથી જુદી જ સર્જનદૃષ્ટિ અને રસવૃત્તિ સાથે બાલાભાઈ ગુજરાતની ભાવિ પેઢીનું કેવલ મંગલ વાંછતા સહૃદય સર્જક છે.

બાળકોની સુરુચિ અને રસવૃત્તિને પોષે અને તેમના જીવનઘડતરમાં પાયાનું કામ કરે તેવું ઉચ્ચકોટિનું સુંદર અને વૈવિધ્યપૂર્ણ શ્રી બાલાભાઈનું સર્જન છે. જીવનચરિત્રો, પ્રાણીકથાઓ, માનવસહજ પ્રવૃત્તિ સમજવામાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી દંતકથાઓ, લોકકથાઓ, ભારતના સંતો, મહાપુરુષો, શહીદો, અને રાજપુરુષો ઉપરાંત ભારતનાં તીર્થધામો અને સંસ્કાર તીર્થોનો વિદ્યાર્થીઓને પરિચય કરાવી તેમની દૃષ્ટિને વિશાળ કરવામાં અને માતૃભૂમિ માટે ભાવના વિકસાવવામાં પાયાનો નિર્વ્યાજ પુરુષાર્થ કર્યો છે.

શ્રી બાલાભાઈ (જયભિખ્ખુ)ની બાલવાર્તાઓ શૈલીલઢણો અને અસરકારકતાની દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યમાં અનોખું સ્થાન ધરાવે છે અને બાલાભાઈ માટે બાળકો–શિશુઓ–કિશોરોના હૃદયમાં હમેશ માટે આદર અને આકર્ષણનું સ્થાન જમાવે છે.

તેમની કલમ તેજીલી, વર્ણનો ચિત્રાત્મક અને ભાષાની સુરખીભરી ભભકવાળાં, રોચક અને લખાણ તાજું અને આહ્લાદક હોય છે તેથી બાળકો એક વખત તેમનું પુસ્તક વાંચવાનું શરૂ કરે તો તે પૂરું કરીને છોડે છે.

મારી શાળામાં મેં "શ્રી જયભિખ્ખુ : જીવન અને કવન" પ્રયોજના (પ્રોજેક્ટ) કર્યો હતો ત્યારે જાતઅનુભવ પરથી જોવા મળ્યું કે શ્રી બાલાભાઈનું સાહિત્ય બાળકો હોંશે હોંશે વાંચતાં હતાં એટલું જ

નહિ પણ તેના ફલસ્વરૂપે બાળકોની ભાષાસમૃદ્ધિમાં પણ સારો એવો લાભ થયો હતો.

ગુજરાત રાજ્ય અને ભારત સરકાર તરફથી પ્રયોજાતી ઉત્તમ સાહિત્ય ચકાસણીમાં પણ બાલાભાઈ દર વર્ષે એક યા બીજા સાહિત્યપ્રકારમાં અગ્રસ્થાને પારિતોષિક મેળવી જાય છે અને સમગ્ર રીતે કોઈપણ એક લેખક તેમનાથી અડધાં જેટલાં પણ ઈનામો મેળવવા ભાગ્યશાળી થયા નથી તે પણ તેમના અને ગુજરાત માટે ગૌરવનો વિષય છે. અને તેમની બાલસાહિત્યની સન્નિષ્ઠ સેવાનું દ્યોતક છે.

અંતમાં શ્રી બાલાભાઈ પોતાની સૌરભયુક્ત રમતિયાળ છતાં તેજદાર બાનીમાં ગુજરાતી ભાષાની સેવા કરતા રહે, ઉત્તરોત્તર ઊર્ધ્વ સોપાનો સર કરતા રહે અને હજુય તેમની કલમ સવિશેષ સમૃદ્ધ અને ફળવતી બને અને તેમની સુવાસ કલકત્તા–મુંબઈની માફક સારાય ભારતમાં પ્રસરે એવી સહૃદય શુભ લાગણીઓ વ્યક્ત કરતાં હું આનંદ અને ગૌરવ અનુભવું છું. ગુજરાતથી દૂર વસતા ગુજરાતીઓએ ‘જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’ એ સૂક્તિને સાર્થ કરી છે તે માટે શ્રી. બાલાભાઈની ષષ્ટિપૂર્તિ સમારંભના કાર્યકરો પણ ધન્યવાદને પામશે. અસ્તુ.

૨૬–૩–૬૮.
આચાર્ય,
આદર્શ વિદ્યાલય,
**વિસનગર.**

**શ્રી જયભિખ્ખુ**ની લેખિનીમાંથી વર્ષોથી પ્રજાને વિશુદ્ધિને પંથે દોરવે એવું સાહિત્ય અખંડ નિર્ઝરતું રહ્યું છે. તેમની વિશિષ્ટતા એ છે કે તેમણે બાળકો માટે વાર્તાઓરૂપે લખ્યું છે, મધ્યમ કક્ષાના લોકોને માટે પણ લખ્યું છે અને ઉચ્ચ શ્રેણીના વિદ્દ્જનો માટે પણ લખ્યું છે; અને સૌને જીવનવિશુદ્ધિનો સંદેશ સમાન સામર્થ્યથી પહોંચાડ્યો છે. તેમની શૈલી મનોરમ છે અને તેમનું presentation હૃદયસ્પર્શી, કલાભર્યું છે. મને લાગે છે કે તેમની શ્રેષ્ઠ કૃતિઓની ચૂંટણી કરી, તેને અંગ્રેજી ભાષા દ્વારા જગતભરમાં જો પ્રસારિત કરવામાં આવે તો દેશપરદેશને પણ તેમની શૈલી મોહમુગ્ધ કરશે. આ International યુગ છે: તેમાં શ્રી જયભિખ્ખુએ જે ઉત્તમ સેવા કરી છે તેને અંગ્રેજી દ્વારા વ્યાપક પ્રચાર આપવાની જરૂર છે.

**—પ્રો૦ રવિશંકર મ૦ જોષી**

# ગોળ અને ખોળ

યશવન્ત મહેતા

એક વાર્તા આવી.

સંપાદક મહિના એકની રજા પર હતા. જવાબદારી બધી મારે શિરે હતી. બધી કૃતિઓ વાંચતો. સંપાદનકાર્યની તક વારંવાર મળતી નહિ. આવી તકે 'કાંઈક' કરી દેખાડવાનો ઉત્સાહ રહેતો. છપાતી કૃતિઓની શુદ્ધિ અને નવીનતાનો બહુ આગ્રહ એ વખતે હતો.

બાલાકાકાની કૃતિ આવી. (મેં ભાગ્યેજ એમને જયભિખ્ખુ કહ્યા છે. એમને પહેલવહેલા જોયા ત્યારથી જ એક સાદર મમતા બંધાઈ ગઈ છે અને જીભ ઉપર 'બાલાકાકા' શબ્દ જ આવે છે.)

કૃતિ વાંચેલી હોવાનો ભ્રમ જાગ્યો. મગજના ખૂણા તપાસવા માંડ્યા. મસ્તકના ખૂણા પણ સરકારી ઑફિસના રેકૉર્ડ રૂમ જેવા હોય છે. જોઈતી સ્મૃતિ ખોળતાં વાર લાગે. પણ આખરે વાત યાદ આવી. એક માસિકમાં આવી જ કથા વાંચેલી. કથા ભાગવતની હતી. શ્રીકૃષ્ણ પર એક મણિ ચોરાયાનું આળ આવેલું અને એનું એમણે કેવી રીતે નિવારણ કર્યું, એની વાર્તા હતી.

ઉત્સાહમાં ને ઉત્સાહમાં મેં વાર્તા પાછી મોકલી. લખ્યું : 'વાત જાણીતી લાગે છે.'

એમણે તરત જ બીજી વાર્તા લખી મોકલી.

પણ પછી જ્યારે મળ્યા ત્યારે એમણે કહ્યું : 'યશવન્ત, તારી 'થીઅરી' લાગુ કરીએ તો અડધ ઉપરાંત ગુજરાતી સાહિત્ય ખોટું ઠરે.'

'પણ વાત જાણીતી...' મેં ગબડાવ્યું.

'પૌરાણિક વાર્તાઓ અને લોકકથાઓનાં સ્વરૂપ જમાને જમાને બદલાય છે.' એમણે કહ્યુ. 'એમાં નવી રજૂઆત કરનારનું પોતાપણું કેટલું છે, એ તપાસવાનું હોય. એની શૈલી અને 'ઈન્ટરપ્રીટેશન' જોવાનું હોય. જો એમ ન હોય તો મુનશીજી પૌરાણિક વસ્તુઓ પરથી અભિનવ સાહિત્ય કૃતિઓ રચવા તત્પર થયા જ ન હોત.'

એમની વાત ખરી હતી. મને પોતાને યાદ આવ્યું કે મેં જે કથા વાંચેલી એ કથાનું મૂળ કથાનું વર્ણનમાત્ર હતું ત્યારે કાકાની વાર્તા એક પઠનીય સાહિત્ય કૃતિ બની રહી હતી. મને એમાં ગોળ અને ખોળ જેટલું અંતર લાગ્યું.

મેં કહ્યું, 'તો એ વાર્તા મને આપો. હવે પછી એ છાપીશું.'

એમણે વાત્સલ્યપૂર્ણ એક સ્મિત કર્યું. 'ના. એ વાર્તા હવે છાપામાં હું નહિ આપું. તું પોતે ન માને છતાં એમાં તારી માનહાનિ છે. સંપાદક તરીકે જે કૃતિ તેં પરત કરી એ જ કૃતિ તારા માથા પર હું ફટકારી ન જ શકું. તારો નિર્ણય એક વાર ધારો કે ખોટો હોય છતાં મારી ફરજ છે કે એ હું ફેરવાવું નહિ. તને આજે આટલી વાત કહી એ પણ ઠપકો નથી; તને ભવિષ્યમાં ઉપયોગી થાય એ માટે જ કહુ છું.'

*

સાહિત્યમાં આ ઉદારતા, આ સૌજન્ય અને આ શિસ્ત ગણ્યાગાંઠ્યા લોકોમાં જ છે. એમાં ય બાલાકાકાનો વ્યવહાર વાત્સલ્યપૂર્ણ પણ છે. મારા

જેવા નવોદિતો માટે એમના આવા ઉદાર વ્યવહાર-નું મૂલ્ય અમાપ છે.

ઉપરોક્ત પ્રસંગ પછી પણ એમની કૃતિ વિષે મેં ઘણી વાર કશોક અંગુલિનિર્દેશ કર્યો છે. દરેક વખતે કાં એમણે મારી ભૂલ સમજાવી છે કાં મારો મુદ્દો સાચો છે એની ખાતરી થયા પછી એ મુજબ સુધારો કર્યો છે.

કોઈકવાર સમયના અભાવે એમને મળ્યા વિના જ કૃતિમાં કશોક ફેરફાર કર્યો હોય તો પણ, અત્યન્ત જરૂરી હશે માટે જ એ ફેરફાર મેં કર્યો હશે, એમ સમજીને સહાનુભૂતિભરી રીતે એમણે ફેરફાર સ્વીકારી લીધો છે.

હું જ્યાં બેઠો છું ત્યાં એક શબ્દ માટે મહાભારત ઝઘડો કરનારા પણ મળ્યા છે. (એ ખોટા હોય છતાં.) ત્યારે બાલાકાકાની આ ક્ષમાભાવના મારા માટે કેટલી બધી ઉત્સાહપ્રેરક બની રહી હશે, એ સમજી શકાશે.

અને આ બધો વખત (છેલ્લાં નવ ઉપરાંત વર્ષથી) એમની કૃતિઓનો હું એકધારો પ્રશંસક રહ્યો છું. એમના શબ્દસ્વામિત્વ વિષે, એમની કલ-કલ નિનાદ કરતા સ્ફટિકશા નિર્મળ ઝરણા જેવી શૈલી વિષે, સાધારણ કલમને જેમાં કશું આકર્ષક તત્ત્વ ન લાગે તેવાં સામાન્ય કથાવસ્તુઓમાંથી પણ સહૃદય માવજત વડે ભવ્ય કલાકૃતિ સર્જવાની એમની ઊર્મિશીલતા વિષે— આ બધા વિષે તો હું નાના મોંએ વિશેષ શું કહું? સાહિત્યવિવેચન મારો વિષય નથી. પણ વાચનનો બાળપણથી જ ખૂબ શોખ છે અને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનારાઓમાં મેઘાણી અને મુનશીની સાથે મારા મનમાં એમના પ્રત્યે આદરભાવ છે.

આવા શબ્દસ્વામી બાલાકાકાની ષષ્ટિપૂર્તિ પ્રસંગે એક જ શુભાકાંક્ષા : એ શત શત શરદ આયુષ્યમાન થાય અને ગુજરાતી સાહિત્યને વિશેષતર સમૃદ્ધ કરતા રહે અને એમના ઉદાર સ્વભાવની હૂંફ પ્રસારતા રહે.

**વિશાળ** વાચકસમાજને ઉન્નતભાવનાઓથી પરિતૃપ્ત કરનાર સંનિષ્ઠ લેખકનું આટલે દૂર વસેલો ગુજરાતી સમાજ બહુમાન કરે એ ઘટના પોતે શ્રી જયભિખ્ખુ વિશે ઘણું ઘણું કહી જાય છે. આખરે સાહિત્ય, ભાવનાઓથી ને મૂલ્યોથી, સમાજને એકત્વ અનુભવાવે છે—જૂનાં મૂલ્યોને ઉચ્છેદવાની અને નવા મૂલ્યો સ્થાપવાની પ્રક્રિયામાં પણ સિદ્ધાંત તો એ જ છે— અને શ્રી જયભિખ્ખુએ આ કામ મનભર રીતે વર્ષોથી બજાવ્યું છે.

—પ્રિન્સિ૦ યશવંત શુક્લ

# શબ્દોના શાહ, શૈલીના બાદશાહ

હરીશ નાયક

શબ્દો ઈંટ છે. ટ ઉપર ઈંટ ગોઠવાતી જાય છે અને ઇમારત તૈયાર થાય છે.

એ ઇમારત કોઈ મંદિર હોઈ શકે છે, શાળા હોઈ શકે છે, ધર્મશાળા કે વિજ્ઞાનશાળા હોઈ શકે છે, અરે પરબ પાઠશાળા કે હોસ્પિટલ પણ હોઈ શકે છે.

શ્રી જયભિખ્ખુને માટે શબ્દો એવી જ ઈંટ છે. તેઓ એ શબ્દોને વ્યવસ્થિત પદ્ધતિસર ગોઠવે છે, કાબેલિયત અને કુશળતાથી ગોઠવે છે અને તૈયાર થઈ જાય છે કોઈક ચિરંજીવ તીર્થસ્થાન.

ઈંટ જો વાંકી ચૂકી હોય તો મકાન શોભે નહિ. ઈંટ વધારે ઓછી હોય તો મકાન કઢંગુ અને બેઢંગુ લાગે.

શ્રી જયભિખ્ખુના શબ્દોની ઈંટો એવી રીતે ગોઠવાઈ રહે છે કે ઇમારત સોહામણી, સલૂણી, રમ્ય અને મનોરમ્ય લાગે. એટલું જ નહિ ત્યાં આપણને આહ્‌લાદ આનંદ આશ્વાસન આરામ અને ઉલ્લાસ જરૂર મળી રહે.

તેઓ વિષય પસંદગીના શાહ છે અને શૈલીના બાદશાહ છે, પણ સહુથી વધુ તો તેઓ ગાંધી છે. કહેવતોનો મોટો જથ્થો ધરાવનાર ગાંધી. એમના દિમાગના ગોડાઉનમાં એ સ્ટોક એટલો તો ભરેલો છે કે બેન્કમાં મૂકાયેલાં નાણાં વ્યાજ સહિત જેમ વધતાં જ જાય છે, તેમ જ શ્રી જયભિખ્ખુનો કહેવત-ભંડાર દિનપ્રતિદિન વધતો જ જાય છે.

એ કહેવતોના ઉત્પાદક તેઓ જાતે પોતે જ છે. એમનું હર વાક્ય કહેવત છે. સચોટ અને ચિરંજીવી કથા છે. જીભ ઉપર પોસ્ટલ સ્ટેમ્પ ચોંટી રહે તેમ એ વાક્ય દિલ ઉપર ચોંટી જ રહે છે.

ઝરણું રમતું નાચતું કૂદતું કલકલ નિદાન કરતું જેમ આગળ વધે તેમ જ એમની દૃષ્ટિ આગળ વધે છે અને એક એવી માધુરીને જન્મ આપે છે કે જે આંખ મન અને સ્મૃતિને ઉલ્લસિત બનાવી દે છે.

એમનું ગદ્ય કાવ્યમય છે. સાથોસાથ સરળ છે, નાનામોટા સહુને એક સરખા ખુશાલીથી તે વાંચી શકે છે. નિરક્ષર પ્રૌઢોને માટે તેમના જેટલું સાહિત્ય ભાગ્યે જ કોઈ બીજા લેખકનું ઉપયોગી થઈ શકે.

તેમણે હંમેશાં શુભ અને કલ્યાણકારી સાહિત્ય જ સર્જ્યું છે. જેમાંથી પ્રેરણા મળી શકે, પ્રોત્સાહન મળી શકે, નવજીવન નવચેતન અને નવીન તાજગી મળી રહે, એ જ દિશા તરફ એમની કલમ દોડી છે. બલકે જે દિશા તરફ એમની કલમ દોડી છે એ દિશામાં ભલાઈ તાજગી પ્રફુલ્લિતતા ઔદાર્ય અને એવી કોઈ શુભ લાગણી તથા ભાવનાઓ જ દોડવા લાગી છે.

જિંદગીમાં જે કંઈ શુભ છે, શ્રી જયભિખ્ખુની કલમ એની અગ્રણી નેત્રી છે.

શબ્દોના તેઓ ભારે કરકસરિયા અને કસોટી-કાર છે. ઓછામાં ઓછા શબ્દોથી તેમનાં વાક્યો તૈયાર થાય છે. ઓછામાં ઓછાં વાક્યોથી તેમનાં કથાનક સર્જાઈ રહે છે. જે કંઈ લખવાનું છે તે પહેલેથી માપી-તોલીને નક્કી કરીને જ તેઓ કલમ માંડે છે. ગાંધીના ત્રાજવાની જેમ બંને પલ્લાં બરાબર ઊતરે તેવી જ રીતે તેમની કૃતિઓનું સર્જન થાય છે.

'ઝગમગ'માં તેઓ વર્ષોથી લખે છે. પણ એમની મેટર વર્ષોથી એકધારી અને એકસરખી આવે છે. કદી બીજા પાનેથી ત્રીજા પાને એમની વાર્તાનું અનુસંધાન ગયું નથી.

એક ખૂબી તો એ છે કે 'અને' તથા 'પણ' જેવા શબ્દો કે જે અમને બાળ–સાહિત્યકારોને જબરા મૂંઝવે છે. એ શબ્દો તો જયભિખ્ખુથી એવી સિફતથી દૂર ભાગે છે કે જાણે તેમની જરૂર જ નથી.

શ્રી જયભિખ્ખુ 'ઝગમગ'ના પ્રથમ પાને વર્ષોથી રહ્યા છે. બાળસાહિત્યમાં પણ એ સ્થાન એમનું છે. તેઓ અમારી બાળ–સાહિત્યકારોની જે ગાડી છે તેના એંજિન છે. એ એંજિન ગુજરાતી બાળ-સાહિત્યની ગાડીને હંમેશા શુભ દિશામાં, નવી દિશામાં, અનોખા અલભ્ય અને અત્યારસુધી ન પહોંચેલી મંઝિલ ઉપર એક ખુશનુમા પ્રવાસ સાથે લઈ જાય છે. એ એંજિન સાવધ છે, ચોક્કસ છે, અનુભવી છે, નિષ્ણાત છે. એટલે ગાડી સલામત છે તો પ્રવાસ મસ્ત મોજીલો મનોરંજક છે. સાથોસાથ જ્ઞાનપ્રદ પણ ખરો જ.

એ એંજિન સાથે પ્રવાસ કરવામાં એક બીજી પણ સલામતી છે. તેઓશ્રી લેખકોના હિતના રક્ષક છે. પ્રકાશકો તથા મોટા છાપાના મોટા તંત્રીઓ લેખકોની કલમ–કૃતિઓ ઉપર કમાણી કરે છે, એટલે લેખકોને તેમના એ સર્જનનો તેમની કળા તથા તેમના પરિશ્રમનો યોગ્ય પુરસ્કાર મળવો જ જોઈએ, એ બાબતના તેઓ આગ્રહી છે. એ બાબતમાં કોઈ પણ લેખકને તકલીફ પડે તો તે શ્રી જયભિખ્ખુ પાસે ફરિયાદ લઈને જઈ શકે છે. અને શકય હોય ત્યાં સુધી લેખકના હિતમાં શ્રી જયભિખ્ખુ પ્રયાસ કર્યા વગર રહે પણ નહિ.

એથી બન્યું છે એવું કે લેખક નામનું કલમ-જીવી પ્રાણી કે જે ગત કાલ સુધી પોતાની કલમ ઉપર જીવવાની હિંમત પણ કરી શકતું ન હતું, તે આજે કલમના બળ ઉપર જીવતું થયું છે. એથી સાહિત્યને નવો વેગ મળ્યો છે, સાહિત્ય તરફની સર્જકોની એટલી નિષ્ઠા વધી છે.

શ્રી જયભિખ્ખુ જાતે કલમની કમાણી ઉપર જીવ્યા છે, એમણે બીજા કલમકારોને તે ઉપર જીવતા કર્યા છે, અને હજી બીજાઓને તેઓ એ માટેની છાની પ્રગટ પ્રેરણા આપી જ રહ્યા છે.

તેમની કલમે અનેક આશ્ચર્યો સર્જેલાં છે. કે. લાલ જેવા જાદુગર જાદુકળામાં પાવરધા હતા, ખ્યાતનામ પણ હતા. પણ જ્યારથી તેમના જાદુને શ્રી જયભિખ્ખુની કલમનો સહારો મળ્યો છે ત્યારથી જાદુ જ થઈ ગયો છે. કે. લાલની જાદુકળાને કોઈ અનોખી પ્રતિભા અને વ્યક્તિત્વ સાથે જ લોકો ઓળખવા લાગ્યા છે.

સીતાપુરના સેવાભાવી ડૉકટર પાહવાની આંખની ઇસ્પિતાલને ખ્યાતિ અપાવવામાં પણ તેમની કલમે મોટી સેવા બજાવી છે. એટલે સુધી કે તેઓ એ ઇસ્પિતાલમાં એક લાખ જેટલા ખર્ચે એક ગુજરાત-ખંડ પણ સ્થાપિત કરી શકયા છે.

એ રીતે જે કોઈ યોગ્ય છે, લાયક છે, પ્રસિદ્ધિ-ની લાલસા વગર પણ પોતાનું સેવાકાર્ય કર્યે જાય છે, એ દરેક વિભૂતિને શ્રી જયભિખ્ખુની કલમે યશ અપાવ્યો છે. તેમના શોભતા કાર્યને નવો વેગ આપ્યો છે.

એવા એ કલમે ઘણા ચમત્કારો સર્જેલા છે. કલમ માત્ર સાહિત્ય જ સર્જે છે એવું નથી, તે વ્યક્તિ, વ્યક્તિત્વ, સંસ્થા, સેવાસદન જેવી અનેક જીવનોપયોગી વાતો વસ્તુઓ ઇમારતો કલમથી સર્જી શકાય છે, એ પ્રત્યક્ષ જોવું હોય તો જુઓ કલમ શ્રી જયભિખ્ખુની.

એમનાં પુસ્તકો કોઈ અનોખી આભાથી શોભી રહે છે. એમનું કોઈપણ પુસ્તક, કોઈ પણ કથાનક, કોઈ પણ લેખ આત્માને એક નવો જ આનંદ આપી રહે છે. ધોમધખતા તાપમાં તપેલો મુસાફર પરબ આગળ પાણી પીને જે તૃપ્તિ તથા હાશ અનુભવે, શ્રી જયભિખ્ખુની કોઈ પણ કૃતિ વાચકને એવી જ તૃપ્તિ, એવી જ હાશ અનુભવાવી શકે છે.

# શુભનિષ્ઠ સારસ્વત

**શ્રી શાંતિલાલ જીવણલાલ ગાંધી**

**શ્રી.** જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિનો પ્રસંગ એ મારા માટે એક આનંદદાયક પ્રસંગ છે. તેમની સાથેના ગાઢ અંગત સંબંધના કારણે તેમના વિષે કંઈક લખવું એ મારા માટે મુશ્કેલ છે.

શ્રી. જયભિખ્ખુને હું મારા સ્વજન, માર્ગદર્શક અને સાચા સલાહકાર માનું છું. મારા વ્યવસાયમાં ખૂબ રોકાયેલો રહેતો હોવાથી ઇચ્છા છતાં વખતોવખત તેમને મળતા રહેવાનું મારાથી બનતું નથી; પણ મારા હૃદયમાં જે થોડીક વ્યક્તિ છે તે પૈકી શ્રી જયભિખ્ખુ એક છે.

તેમનાં લખાણોદ્વારા અને બીજી રીતે પણ તેમણે ગુજરાતી સમાજની અને ગુજરાતી સાહિત્યની ઘણી સેવા કરી છે.

સાઠ વર્ષની તેમની ઉંમર થતાં તેમનું બહુમાન કરવાનો સૌ મિત્રો, શુભેચ્છકો અને સ્વજનોએ પ્રસંગ યોજ્યો તેથી મને ખૂબ આનંદ થયો છે. શ્રી. જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિનો આ પ્રસંગ યોજી શ્રી. કે. લાલ અને બીજાઓ, સાહિત્યિકપરંપરાં ચાલુ રાખનાર સાક્ષર શ્રી જયભિખ્ખુની કદર કરે છે એ સર્વ રીતે યોગ્ય છે. જો કે તેમના વાચકોના હૃદયમાં તો તેમનું સન્માન થઈ જ ચૂક્યું છે.

શ્રી. જયભિખ્ખુનું જીવનઘડતર પ્રેરણાદાયક હકીકત પૂરી પાડે છે. હું તેમને સમજ્યો છું તે પ્રમાણે તેઓ સગવડીઓ ધર્મ શોધનારા કે છટકબારીઓ ખોળનારા નથી. તેઓ જનસેવાના ધ્યેયને વરેલા છે. અને તે ધ્યેયને પહોંચવા માટે તેમણે નિષ્ઠાના માર્ગોની પસંદગી કરી છે.

ઝાઝી જાહેરાત તેમને પસંદ નથી એ હું જાણું છું. નિષ્ઠાપૂર્વકનું ધ્યેયયુક્ત જીવન જીવીને તેમણે ગુજરાતની જનતાને નવી દૃષ્ટિ આપવાનો પ્રયત્ન સતત ચાલુ રાખ્યો છે. આમ કરવા જતાં તેમની આંખની દૃષ્ટિ લગભગ ગઈ તેની પણ પરવા કર્યા વિના તેઓ તેમના કામમાં મંડયા રહ્યા. છેવટે સૌના આગ્રહથી સીતાપુરના આંખના દવાખાનામાં સારવાર માટે જવાનું તેમણે સ્વીકાર્યું અને પ્રભુની દયાથી લગભગ ખોવાઈ ગયેલી દૃષ્ટિ પાછી મેળવીને આપણી વચ્ચે આવી પહોંચ્યા છે.

સીતાપુરના દવાખાનામાં તેઓ દરદી તરીકે દાખલ થયા પણ પાછા ફર્યા ત્યારે તો ત્યાંના સેવાભાવી ડૉકટર પાહવા વગેરેના અને ત્યાંના દવાખાનાના એક માનવંતા મહેમાન તરીકે બહુમાન પામ્યા. ગુજરાતમાં પાછા ફરીને સીતાપુરના દવાખાનાના માનવસેવાના પવિત્ર કાર્યનો પરિચય ગુજરાતને કરાવ્યો. પરિણામે ગુજરાતે સીતાપુરના દવાખાનામાં ગુજરાતી વૉર્ડ માટે લગભગ બે લાખ રૂપિયાની રકમ થોડા જ વખતમાં એકઠી કરી આપી. ને સીતાપુરમાં સરદાર વલ્લભભાઈના નામે ગુજરાત વૉર્ડનું શિલારોપણ થયું છે

આ શિલારોપણ વિધિ પ્રસંગે શ્રી જયભિખ્ખુએ એવી ઇચ્છા પ્રદર્શિત કરી કે, સીતાપુરમાં ગુજરાત થાય છે એ આનંદની વાત છે ગુજરાતમાં સીતાપુર આવવું જોઈએ અને સીતાપુરના સેવાભાવી ડૉકટરોને હાથે તેનું મંગળાચરણ થવું જોઈએ. શ્રી. જયભિખ્ખુનું આ સ્વપ્ન ફળે એવી આશા રાખીએ.

પ્રજાને દોરવણી આપે તે નેતા. નેતાની એ વ્યાખ્યા અનુસાર ધર્મનાં, રાજકારણનાં, સામાજિક કાર્યનાં, સાહિત્યનાં વગેરેનાં પરિબળો કે પ્રવાહોની અસર જ્યારે જ્યારે હાનિકર લાગી છે ત્યારે તે સામે શ્રી. જયભિખ્ખુએ લાલબત્તી ધરીને સાચા નેતા તરીકે યોગ્ય માર્ગ ચીંધવાનું કામ કર્યું છે.

જાહેર પ્રજાના હિતઅહિતને તેમનું સાહિત્ય સ્પર્શે છે. એથી એ સાચા સાહિત્યકાર છે. તેમણે દેશસેવાની ભાવનાના ધબકારાવાળું અને પ્રેરણાથી તરવરતું સાહિત્ય આપ્યું છે.

શ્રી. જયભિખ્ખુનું સાહિત્ય જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલું છે. આજના યુગ સાથે કદમ મિલાવીને ચાલવામાં મદદરૂપ થાય એવું એમનું સાહિત્ય છે. આજના સામાન્ય વાચકને જરૂરી—નિરક્ષર કે અબૂઝ ન રાખે એવું અને સામાન્ય જ્ઞાનથી ભરપૂર હોય એવું—વાચન શ્રી. જયભિખ્ખુનું સાહિત્ય પૂરું પાડે છે. આમ સાહિત્યના પ્રકારની દૃષ્ટિએ જોતાં શ્રી. જયભિખ્ખુનું સાહિત્ય ચિરંજીવ અને પ્રજાનું ઘડતર કરનારું છે.

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી પ્રાણવાન સાહિત્યના સર્જક તરીકે શ્રી. જયભિખ્ખુને બિરદાવતાં જણાવે છે કે, "શ્રીયુત બાલાભાઈ ઉર્ફે જયભિખ્ખુ સ્વાશ્રયથી અને એકનિષ્ઠ વિદ્યોપાસનાથી સાહિત્યના ક્ષેત્રને લાંબા કાળથી વર્યા છે. × × તેમણે પોતાની સર્જનપ્રતિભાથી અને સાહિત્યિકને શોભે એવી સરલ વૃત્તિથી સુલેખક મંડળમાં સ્થાન મેળવ્યું છે. વીસમી સદીના ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખનાર કોઈ પણ એમના નામ કે કામની નોંધ ન લે તો એ ઇતિહાસ અધૂરો રહે, એવી સ્થિતિ એમણે પ્રાપ્ત કરી છે.–તેમની કેટલીક કૃતિઓ તો એવી છે જે બહુલોકભોગ્ય બની છે— અને માનવતા સ્પર્શી હોઈ સંકુચિત વાડાઓને ભેદે છે." (વિ. સં. ૨૦૦૯)

શ્રી. જયભિખ્ખુએ હવે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો કહેવાય. વૃદ્ધાવસ્થામાં તંદુરસ્ત અને કાર્યશીલ રહેવા માટેનું ભાથું તેમણે મેળવી લીધું છે. આજ સુધીનું તેમનું જીવન નિષ્પાપ રહ્યું છે એટલે હવે વર્તમાન કાળમાં તેમની વૃદ્ધાવસ્થાની ચિંતાનું કારણ રહ્યું નથી. તેઓ આહારવિહારમાં નિયમિત છે, સંયમી છે, સમયસર કામ કરવાની ટેવવાળા છે, પસંદગીનું કામ રસપૂર્વક કરવાવાળા છે, મિતાહારી છે, નકામા વિચારો કરવાની તેમને ટેવ નથી, અને માનસિક સમતુલા જાળવનારા છે. આ ઉપરાંત પરિશ્રમ કરવાની તેમની વૃત્તિ, પ્રમાણિકતા અને પ્રભુમાં શ્રદ્ધા એ પણ ગુણો તેમણે સંપાદન કરેલા છે. આથી તેમની વૃદ્ધાવસ્થા સુખી અને સરળ રહેશે એવી પૂરી શ્રદ્ધા છે.

શ્રી. જયભિખ્ખુને સાહિત્યસેવા વારસામાં ઊતરી હોય એવું જાણમાં નથી. આપમેળે તેમણે એ સંપાદન કરી છે. આ અંગે વધુ વિગત કે માહિતી મારીપાસે નથી એટલે અહીં આટલો ઇશારો જ કરું છું. જો કે એટલી હકીકત નોંધવા જેવી ખરી કે તેઓ તેમના એકના એક પુત્ર ચિ. કુમારપાળને સાહિત્યમાં રસ લેતા કરી શક્યા છે.

શ્રી. જયભિખ્ખુ દીર્ઘાયુ થાઓ એજ પ્રાર્થના.

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪
તા. ૨૧–૩–૧૯૬૮

# માનવતાપોષક લેખક

**આચાર્ય દલસુખભાઈ માલવણીઆ**

ઈ. સ ૧૯૩૦ માં 'જયભિખ્ખુ' મારા ગામના જ નહીં પણ પાડોશી પણ છે એ જાણ્યું. તે પહેલાં તો એક સુલેખક તરીકે તેમને જાણ્યા હતા. પછી તે મારે માટે એ બાલાભાઈ જ રહ્યા છે.

જિંદગીમાં એક વાર વાર્તા લખવાનો પ્રયત્ન તેમની નકલરૂપે કર્યો અને ફરી તેમના કહેવાથી. પણ પછી વાર્તા લખવાની હિંમત કદી થઈ નથી. વાર્તાલેખન એ એક કલા છે જે અભ્યાસથી પરિપુષ્ટ થાય. પણ માત્ર અભ્યાસથી સાધ્ય થતી નથી. માનવસ્વભાવમાં તેનું બીજ હોય તો અભ્યાસથી તે વિકસે.

બાલાભાઈમાં એ કલા સહજ હતી એ ક્રમે વિકસી છે. વિદ્યાર્થી વાચનમાળામાં તેમણે અનેક મહાપુરુષોનાં જીવન આલેખ્યાં. આમ યથાર્થ જીવનમાંથી વાર્તા લખવાનો પ્રારંભ કરી કાલ્પનિક પાત્રોવાળી કથાઓ લખવા માંડી. પણ જીવનસૌરભને તેમને મહાપુરુષોનાં જીવનમાંથી લીધી હતી તે તેમના વાર્તાલેખનમાં ધ્રુવમંત્ર તરીકે રહી છે–અને જીવનનાં સારાંનરસાં પાસાં ચીતરીને જે સંદેશ આપ્યો છે તે તો માનવજીવનને સન્માર્ગે દોરી જવા પ્રેરણારૂપ છે.

નાની વાર્તાથી સંતોષ ન લેતાં તેમણે નવલકથા પણ લખી. અને એમાં પણ જીવનસંદેશ જ આપ્યો છે. માનવજીવનનો શો આદર્શ હોઈ શકે એ પ્રશ્ન છે. તેનો ઉત્તર તેમણે પ્રેમ અને મૈત્રીનું નિરૂપણ કરીને આપી દીધો છે.

ભગવાન ઋષભદેવ હોય કે મહાવીર કે પછી જયદેવ— પણ એ સૌમાં પ્રેમનું સામ્રાજ્ય દેખાશે. પ્રેમની સાંસારિક ભૂમિકા અને અલૌકિક ભૂમિકા એ બન્નેના નિરૂપણમાં તેમની કલમ કમાલ કરે છે. ઘણીવાર શૃંગારપ્રધાન વાર્તા દેખાય પણ તે શૃંગાર પાછળ પણ સંવાદી જીવનદૃષ્ટિ જે તેમના મનમાં બદ્ધમૂળ છે તે દેખાયા વિના રહેતી નથી. તેમનો સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ શૃંગારના નિરૂપણમાં ઝળકે તેમાં કાંઈ આશ્ચર્ય ન લેખાય. પણ એ પ્રાચીન શૃંગારને આધુનિક કથામાં આલેખવાનું કાર્ય જે સફળતાથી એ કરી શકે છે તે સંસ્કૃતજ્ઞ હોવામાત્રથી બને નહિ પણ જીવનમાં રસિકતા પણ હોય અને આધુનિક પ્રવાહનું નિરીક્ષણ હોય ત્યારે બની શકે છે. એવું બાલાભાઈમાં જોવા મળે છે.

નવલકથામાં જે સંવાદકળા વિકસી તેનો પરિપાક નાટક અને તે પણ રેડિયો લાયક નાટકમાં દેખાય છે.

બાલાભાઈએ લખેલાં નાટક અમદાવાદ આવ્યા પછી રેડિયોમાં સાંભળ્યાં છે. (વાંચ્યાં નથી—) તેમાં પણ નાટ્યતત્ત્વ તો છે જ ઉપરાંત તેમનો જે ધ્રુવમંત્ર જીવનદૃષ્ટિ આપવાનો છે તે પણ તેમાં ઝળકે છે.

વિશેષતઃ શૌર્યના એ અનુરાગી દેખાય છે. બાળકો માટે જીવનચરિત્રો લખ્યાં, ઘણાં લખ્યાં— તેમાં શૌર્ય અને સાહસ વિકસે–નવી પેઢીમાંથી એ શૌર્ય, એ સાહસ લોપ ન પામે તેની તમન્ના તેમણે સેવી છે.

તેઓ લેખક તરીકે બાળકોમાં જેટલા પ્રિય છે તેટલા જ મોટેરાંમાં પણ પ્રિય છે જ. 'ઝગમગ' હોય કે 'ઈંટ ઇમારત' હોય, જે એકવાર વાંચે અને

તેને તેનું વ્યસન થાય છે એ અનુભવ્યું છે. માત્ર ગુજરાતમાં જ નહિ ગુજરાત બહાર પણ જ્યાં ગુજરાતીજન વસે ત્યાં પણ જોયું છે કે તેમનું ઝગમગતું લખાણ કે ઈંટ–ઇમારતનું લખાણ વાંચવા પડાપડી થાય છે. આના મૂળમાં લેખકની પ્રેરણાદાયી દૃષ્ટિ જ મુખ્ય ભાગ ભજવે છે.

વિવેચકની દૃષ્ટિ લેખનકલા, કળા માટે છે કે જીવન માટે છે તેનો ફેંસલો આપી શકી નથી પણ વાચકે તો આપી જ દીધો છે કે લેખનકળા જીવન માટે છે અને એમાં બાલાભાઈની સફળતાનું રહસ્ય છે.

અને તેમના લેખનમાં કલાપક્ષને સ્થાન નથી એમ કોણ કહી શકશે ? જે ચોટદારભાષામાં જીવનના ઝીણા ઝીણા ભાવોને એ વ્યક્ત કરી શકે છે તે કલામાં શું સમાવેશ નહીં પામે ? વાર્તાલેખનમાં જીવનનાં વિવિધ પાસાંઓને તેમણે જે જોયાં છે અને આલેખ્યાં છે તે કલા નહિ તો બીજું શું છે ? જીવનસંદેશ આવ્યે—તેથી કલાપક્ષહીન થયો એમ શા માટે માનવું ? એથી તો એ વધારે પુષ્ટ થયો—એમ શા માટે ન માનવું ?

કલાપક્ષ આગળ ધરનાર વિવેચકોની દૃષ્ટિ ગમે તે હોય પણ વાચક જો લેખનથી જીવનમાં કાંઈક પામી શકે, ઊર્ધ્વગામી બની શકે તો લેખકની નિશ્ચલ સફળતાની એ નિશાની છે— એમાં સંદેહ નથી. કલાપક્ષને પુષ્ટ કરવા જતા લેખક જીવનની ઊર્ધ્વગામી દૃષ્ટિ સાવ ભૂલી જાય અને જીવનમાંથી માત્ર ઘૃણિત ભાગને જ કલાને નામે રજૂ કરે તો તેનો કલાપક્ષ કદાચ પુષ્ટ થતો હશે પણ આલેખન વાંઝિયું હશે—એમ મને લાગે છે. એવા લેખન કરતાં અને જીવનને અધોગામી બનાવનાર કલાપુષ્ટ લેખન કરતાં જીવનને ઊર્ધ્વગામી બનાવનાર લેખન કદાચ કલાદૃષ્ટિએ પુષ્ટ ન હોય તો પણ આવશ્યક તો છે જ—અને એવી આવશ્યકતાની પૂર્તિમાં પણ બાલાભાઈ સફળ થયા જ છે.

બાલાભાઈના પૂ. પિતાશ્રી એક સ્ટેટના કારભારી હતા. એટલે તંગીમાં પણ દરબારી ઠાઠ બાલાભાઈને ગમે છે. એ કદાચ વારસો હશે. તેમનો દરબાર શારદા પ્રેસમાં જોયો છે. અનેક નાના મોટા લેખકોનું મિલનસ્થાન શારદા પ્રેસ હજુ સાહિત્યની અને જીવનની રમૂજી ચર્ચા પ્રેસના ખટાખટ અવાજમાં સતત ચાલ્યા જ કરતી—સાથે ચાપાણી નાસ્તા પણ થતા—આ બધું અમદાવાદ આવ્યા પછી જોવા મળ્યું અને તેમના નિકટ પરિચયમાં પણ આવવાનું બન્યું.

શૌર્ય કે સાહસ માત્ર પુસ્તકમાં તેઓ લખી જાણે છે તેમ નથી. એ તો એમના જીવનમાં પણ વણાઈ ગયું છે. મોટા ચમરબંધીને પણ સીધો કરી દેવો હોય તો બાલાભાઈમાં એ તાકાત છે.

ડર જેવી વસ્તુ તેમના જીવનમાં વરતાશે નહિ. આનું સાહિત્યિકરૂપ જોવું હોય તો તેમના 'ઈંટ ઇમારત'ના ચોકઠામાં પણ જોવા મળશે. અને જ્યાં તેઓ રહે છે ત્યાં જઈને કોઈને પૂછવાથી પણ ભાળ મળશે. છેવાડે હોઈ ચોર–ગુનેગારોનું સ્થાન એ સહજે બન્યું હોત પણ બાલાભાઈની બહાદુરીએ એ સ્થાનને નિર્ભય બનાવી દીધું છે.

માળવામાં–શિવપુરીમાં નાનપણમાં ભણવા ગયા, ત્યાં પણ તેમનાં પરાક્રમો છાનાં રહ્યાં નથી. અધિકારી સામે બળવો કરનાર વિદ્યાર્થીઓમાં તેઓ અગ્રણી હતા એમ સાંભળ્યું છે, અને શિવપુરી આસપાસનાં જંગલોમાં તેમણે તેમના પરાક્રમને પુષ્ટિ આપી છે–એ ઘણી વાર તેમના દરબારમાં થતી વાતોથી જાણ્યું છે.

બાલાભાઈનું આતિથ્ય જે એકવાર માણે તે ફરી ફરી માણે એમાં સંદેહ નથી–સદ્‌ભાગ્યે તેમનાં પત્ની શ્રી જયાબેન પણ તેમાં તેમનાથી ઊતરે એવાં નથી. અને ચિ. કુમારને એ તાલીમ મળી રહી છે.

બાલાભાઈનું શૌર્ય નહિ પણ જયાબેનની નમ્રતા કુમારમાં ઊતરી આવી હોય એમ પ્રથમ નજરે જણાશે. લેખનકળા તેનામાં પાંગરી રહી છે–એ પિતાનો વારસો ખરો જ.

બાલાભાઈ કષ્ટમાંથી સ્વબળે આગળ વધ્યા છે. એટલે અન્યનાં કષ્ટો જાણી–અનુભવી શકે છે–તેને વાચા આપી શકે છે એટલું જ નહિ પણ ઘણીવાર

નિવારી પણ શકે છે–બધાંય કામ પડતા મૂકી એ કામ એ પહેલું કરે છે–એ જોયું છે.

કોણ કહેશે કે બાલાભાઈને સાઠ વર્ષ થયાં? અને છતાં તે થયાં તો છે જ, પણ જીવનમાં તાજગી અને સૌરભ એક યુવાનને છાજે તેવી છે. જે અન્યને માર્ગદર્શન આપે છે તે સ્વયં એ માર્ગનો પથિક હોય જ, અને તે લેખક હોય છતાં હોય જ એવું ઓછું બને છે. પણ એવું બાલાભાઈના જીવનમાં થોડુંઘણું જોવા મળે છે ત્યારે મન પ્રફુલ્લિત થાય છે.

તેઓ શતાયુ થાય એવી સહેજે વાંછા થાય છે. તેઓ દીર્ઘકાળ સુધી જીવનમંત્ર આપ્યા કરે અને જીવનમાં ક્યાંય આસુરી વૃત્તિનું પોષણ ન થાય એની તકેદારી એક લેખક તરીકે તેમણે રાખી છે, અને તેટલી જ જાગૃતિ જાળવી રાખશે તો ભાવી પેઢી તેમને સદૈવ યાદ કરશે–જીવનદષ્ટિના દાતા તરીકે–એક સાચા માર્ગદર્શક તરીકે–એમાં સંદેહ નથી—

ટોરોન્ટો તા. ૪–૫–૬૮

સ્નેહી ભાઈ શ્રી બાલાભાઈ

પ્રણામ. કલકત્તામાં ઉત્સવ ઊજવાઈ ગયાના સમાચાર રતિભાઈ તથા શ્રી કોરાએ આપ્યા હતા. આવા અપૂર્વ પ્રસંગે હાજર રહેવાની જરૂર ઇચ્છા રહે પણ સંયોગવશાત્ તે બની શક્યું નહીં તેનો ખેદ છે. અમદાવાદ યા અન્યત્રના ઉત્સવ પ્રસંગે પણ કદાચ હાજર રહી નહીં શકું. તો આથી શુભેચ્છા પાઠવું છું. તમારા જેવા માનવતાવાદી લેખકની આ જમાનામાં વિશેષ જરૂર છે. આપ શતાયુ થાઓ અને વિશેષ ઉજ્જ્વલ સાહિત્યસર્જન કરો એવી ભાવના રહે છે.

શ્રી કુમાર અને બાળક તથા ઘણાં અન્ય સૌ પ્રસન્ન હશે–અહીં તો સાવ હું એકલો પડી ગયો છું. હવે તો વર્ગો પણ ચાર માસ બંધ છે. એટલે હું અને મારાં પુસ્તકો–એ સિવાય કશું જ નહીં. પણ એક વાતનું સુખ જરૂર છે કે અમદાવાદમાં જે સમય મળ્યો નહીં અને ઘણું વાંચવાનું છૂટી ગયું તે અહીં બનશે. મારું સ્વાસ્થ્ય સારું છે.

બીજી આંખનું ઓપરેશન થયું કે હવે જવાનું છે? પણ હવે તો ગરમી શરૂ થઈ ગઈ છે. ત્યાં વળી વિશેષ હશે. અહીં તો હજી પણ આપણા ડિસેમ્બર જેટલી ઠંડી છે. વચ્ચે વચ્ચે વાદળાં અને ઝરમર વરસાદ પણ થાય છે પણ બરફના દિવસો ગયા તેથી નિરાંત છે.

શ્રી રતિભાઈ વગેરે ને પ્રણામ.

**દલસુખ.**

**શ્રી જયભિખ્ખુનું** સાહિત્યકાર્ય વિપુલ અને પ્રશંસનીય છે. સદ્‌વિચાર, સદ્‌વૃત્તિ, સદાચાર અને શુદ્ધ ધર્મને કલાની સૂક્ષ્મ રીતિથી પુષ્ટિ આપે એવું એમનું લખાણ સુગમ અને રોચક હોય છે. પરમાત્મા શ્રી જયભિખ્ખુને તંદુરસ્તી, સો વર્ષનું આયુષ્ય અને સર્વ પ્રકારની અનુકૂળતા આપો, જેથી સાહિત્ય દ્વારા લોકસેવાનું તેમનું કાર્ય ચાલુ રહે.

**—પ્રો૦ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

# દંપતી જીવનની હળવી પળો—

યા

## (રાષ્ટ્રના ઘડતરમાં શિષ્ટ દામ્પત્યનો ફાળો)

કલ્યાણરાય જોષી

**શ્રી** "જયભિખ્ખુ" સહકુટુમ્બ દ્વારકા આવ્યા હતા ત્યારે એમના સારસ્વત જીવનનાં કેટલાંક પાસાંનું દર્શન મને મળ્યું હતું, તેમનું દામ્પત્ય મને ગમ્યું હતું. એ પ્રસંગના સ્મરણરૂપે આ લેખ એમના ષષ્ટિપૂર્તિના ઉત્સવ માટે અનુરૂપ થશે એવી આશા છે.

સ્નેહગીતા અને સ્નેહજ્યોત દામ્પત્યનો લ્હાવો લેવા રાત્રે અગાશીમાં બેઠાં બેઠાં વિચાર વિનિમય કરતાં હતાં. બન્ને જણ સુશિક્ષિત હોવાથી વિચારમાંથી વિકાર તરફ કદી ઢળતાં નહોતાં. માનસિક આનંદ એમને એટલો બધો મોહક અને સન્તોષજનક લાગતો હતો કે સ્થૂળ દેહના ભોગ ભોગવવાની ઇચ્છા સુધ્ધાં ચાંદનીવાળી એકાન્ત રાત્રિમાં પણ જાગતી નહોતી.

**સ્નેહગીતા**—"માર પ્રેમના ગ્રાહકને એક વાત એમ પૂછું છું કે રાષ્ટ્રને ઘડનાર સંજોગ છે કે સંજોગને ઊભા કરનાર રાષ્ટ્ર છે? ઇંગ્લાંડ બાંધ્યો ટાપુ હોવાથી ત્યાંના લોકો ફરજીઆત રીતે સાહસિક બન્યા. અને દેશ પરદેશમાં પોતાનાં વહાણો મોકલવા લાગ્યાં; એને પરિણામે સમુદ્ર ઉપર એક બળવાન સત્તા ધરાવનાર ઇંગ્લાંડ બન્યું.

સંજોગ ન હોત તો ઈંગ્લાંડનું રાષ્ટ્ર એ સ્વરૂપ કેમ ધારણ કરી શકત? વળી મારા મનમાં એમ પણ થાય છે કે ડ્રેક, ફ્રોબિશર, ફ્રાકિન્સ, કૂક, જેવી વ્યક્તિ અંગ્રેજ પ્રજામાં જન્મી ન હોત તો પૃથ્વી પ્રદક્ષિણા કરવાનું કામ અંગ્રેજ બચ્ચો ક્યારે કરત? કૂક જેવો સાહસિક નર ન હોત તો ઑસ્ટ્રેલીઆના કિનારા પર ઈંગ્લાંડનો વાવટો ફરકાવ્યાનો પ્રસંગ ક્યાંથી ઊભો થાત! ક્લાઈવ જેવો તોફાની યુવાન ન જન્મ્યો હોત તો હિન્દમાં અંગ્રેજ રાજ્યની સ્થાપના ક્યાંથી થઈ શકત?"

**સ્નેહજ્યોત**—: "તમારા પ્રેમનો ગ્રાહક થતી વેળા મને ખબર નહોતી, કે તમારા પ્રેમની કિમ્મતમાં બુદ્ધિવૈભવની ઝીણવટ મારે આપવી પડશે. તમારો પ્રેમ મને બહુ મધુર નીવડ્યો છે; તેમજ તમારા જ્ઞાનની સુગન્ધ મને બહુ મધુર જણાઈ છે. સ્નેહગીત, તમે પૂછો છો કે સંજોગને વશ રાષ્ટ્રનું સ્વરૂપ હોઈ શકે કે નહિ.

સંજોગ શબ્દનો અર્થ આપણે ખોટો કરીએ છીએ તેથી જ આ પ્રશ્ન ઊભો થાય છે. બનાવો અને પરિસ્થિતિને આપણે સંજોગ કહીએ છીએ. પણ આપણે વિસરી જઈએ છીએ કે મનુષ્યો અને રાષ્ટ્રનાં પ્રાણીઓ પણ સંજોગ જ કહેવાય. અંગ્રેજ બચ્ચા ડ્રેક, કૂક કે ક્લાઇવ એ ઈંગ્લાંડના સંજોગ જ કહેવાય. માટે હું તો એમજ સમજી શક્યો છું કે સૃષ્ટિનો વિકાસ માત્ર સંજોગને અનુસરીને જ થવો જોઈએ. સ્નેહગીતે; તમે પણ મારા જીવનના ઘડતરના અપૂર્વ સંજોગ જ છો ને!"

**સ્નેહગીતા**—: "ન્યાયી છો તો પછી એમ પણ કેમ નથી કહેતા કે સ્નેહગીતાના જીવનના ઘડતરમાં સ્નેહજ્યોતનું જીવન પણ અપૂર્વ સંજોગ બન્યું છે? વહાલા, લોકો એમ કહે છે કે પતિનું જીવન પત્નીના હાથથી ઘડાય છે. તમે એ વાત સ્વીકારો છો? રાષ્ટ્રનું જીવન કયી વ્યક્તિના હાથથી વિશિષ્ટ પ્રકારે ઘડાય છે?"

**સ્નેહજ્યોત**—: "માફ કરજો, તમારા અભિમાનની લાગણી દુભાય તો. જે પતિ કેવળ કામને

વશ રહી પોતાની પત્નીને આનન્દનું જ—કહો કે પાર્થિવ આનન્દનું જ રમકડું સમજતા હોય છે તે પતિનું જીવન અલબત્ત પત્નીના હાથે ઘડાય છે. સમજુ, વિચારશીલ, અને સ્ત્રીઓ પ્રત્યેની બહુ માનની લાગણીવાળો પતિ પોતાનું જીવન કુટુમ્બની અનેક વ્યક્તિના સહવાસથી અને પરિચયના ઇતર માણસોના સહવાસથી ઘડે છે. અલબત્ત તેમના જીવનનો રસ માત્ર પત્ની તરફથી વિશેષ રીતે પોષાય છે. સ્નેહગીતે, રાષ્ટ્રના ઘડતરમાં વિશેષ છાપ પાડનાર વ્યક્તિઓ પણ હોય છે ખરી. આ વ્યક્તિ કોઈવાર કવિ, તો કોઈવાર ધર્માચાર્ય; કેટલીકવાર રાજદ્વારી પુરુષ તો તેટલીકવાર સમાજસુધારક; કોઈવાર સિપાઈ તો કોઈવાર કારીગર, કોઈવાર તત્ત્વવેત્તા તો કોઈવાર લક્ષાધિપતિ પણ હોય છે. તમે ક્યાં નથી જાણતાં કે વૉશિંગ્ટન વિના આજનું યુનાઇટેડ સ્ટેટ્સ ન હોઈ શકે. સીઝર વિના રોમનું સામ્રાજ્ય કોણ જમાવી શક્યું હોત? શંકરાચાર્ય વિના બૌદ્ધ મતના દમામમાંથી હિન્દને કોણ બચાવે? અને ગાંધીજી વિના સત્યાગ્રહનો સિદ્ધાન્ત કોણ પ્રસારે?"

**સ્નેહગીતા**—: "માફ કરજો"—એમ હું તો નહિ બોલું. તમારી પાસે માફી ક્યારે માગીશ? પાપાચરણ થયું હશે ત્યારે. તમને પ્રશ્ન પૂછવામાં વળી માફી શી? અમુક વ્યક્તિનું બળ જ્યારે રાષ્ટ્રના ઘડતરમાં વિશેષ પ્રકારે વપરાતું હોય છે ત્યારે રાષ્ટ્રનો વિકાસ સર્વ દિશામાં સમતોલથી થતો કેમ કહેવાય? એકદેશીય વિકાસ નુકસાનકારક નથી?"

**સ્નેહજ્યોત**—: "મારા પ્રેમને તો તમે ઝીલો છો. મારા મર્મને પણ તમે ઝીલવા લાગ્યાં: હા, એકદેશીય વિકાસ નુકસાનકારક ખરો જ; પણ તે અટકાવી શકાય નહિ. જો સમતોલ ઘડતર સર્વ રાષ્ટ્રોમાં થતાં હોય તો રાષ્ટ્રની ચડતી પડતી થાય જ નહિ. અયોગ્ય વખતે અયોગ્ય બળનું જોર વધી પડે ત્યારે રાષ્ટ્રની પડતી જ થાય છે. યોગ્ય વખતે યોગ્ય બળનું જોર વિશેષ આવે ત્યારે રાષ્ટ્રની ચડતી થાય છે. જ્યારે ધર્માચાર્યના ઓજસની રાષ્ટ્રને જરૂર હોય ત્યારે સિપાઈનું ક્ષાત્રત્વ રાષ્ટ્રના ઘડતરમાં વિશેષ પ્રકારે કામ કરે તો રાષ્ટ્રની પડતી થાય છે. આવી વાતો તમારી સમજની બહાર નથી જ—"

**સ્નેહગીતા**—: "સ્નેહજ્યોત જેવા ઊજળા પ્રેમી સમજાવે તો પછી સ્નેહ–ગીતા જેવી પ્રેમની પૂતળી કેમ ન સમજે? પણ મારા હૃદયની વીણાના તાર ઝણકાવનાર સ્નેહજ્યોત, તમે તો પછી એટલું તો સ્વીકારશો કે મનુષ્યની ભૂલથી જ રાષ્ટ્રની પડતી થાય છે. પણ જ્યારે માણસો ભૂલ કરતા બંધ થશે, અગર તો ઓછી ભૂલો કરતા થશે ત્યારે તો રાષ્ટ્રનું સમતોલ ઘડતર થઈ શકશે કે નહીં? ત્યારે તો સર્વ વ્યક્તિની શક્તિ રાષ્ટ્રના ઘડતરના કામમાં સમતોલ રહેવી જોઈએ, કવિ, લેખક, સિપાઈ, ધર્માચાર્ય, રાજદ્વારી પુરુષ, સમાજસુધારક, કારીગર, ગરીબ, ધનવાન–સઘળાના બળની જરૂર સરખી જણાશે."

**સ્નેહજ્યોત**—: "સ્નેહગીતે, સ્નેહનાં ગીત ગાનારને એમ જ લાગે કે માણસો સ્વભાવથી પોતાનું કર્તવ્ય કરતાં થશે ત્યારે સ્નેહનાં ઝરણાં વહેતાં થશે અને બધી ભૂલો સંસારમાંથી જતી રહેશે. પણ તમે એક વાત ભૂલી જાઓ છો કે મનુષ્ય એવું પ્રાણી છે કે તે કદી સમજીને ભૂલ કરતું જ નથી. જે ભૂલો થાય છે તે અવળી સમજથી, ખોટી સમજાવટથી, અને ખોટા ઇન્દ્રિયાભાસની દોરવણીથી થાય છે. તમે પોતે ઘણી વાર મને તમારા પ્રત્યેની મારી વર્તણૂકમાં થતી ભૂલ માટે ઉપાલંભ આપો છો. શું હું અણસમજુ હતો કે તમારા પ્રત્યેના આચરણમાં તમે બતાવેલી ભૂલ કરી નાંખું? સખે, રાષ્ટ્રને ઘડનારાં બળો પણ માણસો જ પૂરાં પાડે છે. અને માણસો વખત જતાં સુધરશે ત્યારે ભૂલો નહિ કરે એમ માનવું–એ મનુષ્ય સ્વભાવના બંધારની અજ્ઞાનતા સૂચવે છે. જુઓ, એક બીજી વાત પણ લક્ષમાં રાખવા જેવી એ છે કે–વિચાર, કાર્ય, વગેરેનો સમતોલ એ ઇષ્ટ સ્થિતિ નથી. સમતોલપણું પદાર્થમાં આવ્યા પછી પદાર્થ નિશ્ચેતન થઈ જાય છે; રાષ્ટ્રમાં કે સંસારમાં કામે લાગેલાં બળ સમતોલ બની જાય તો–માનવવૃદ્ધિની પ્રગતિ અટકી જ જાય. વિચારની

વિષમતા ( અસમાનતા ), કાર્યની અસમાનતા, સ્થિતિની અસમાનતા–સર્વ પ્રકારની અસમાનતા જ પ્રગતિનું મૂળ છે."

**સ્નેહગીતા**—: "કેવું મજાનું તાત્પર્ય ? સ્નેહનાં ગીત ગાનારીને સ્નેહની જ્યોતના પ્રકાશથી સમજાયું કે સંસારમાં કેવળ શાંતિ સંભવતી નથી. શાંતિ એટલે મૃત્યુ; શાંતિ એટલે નિર્વાણ, શાંતિ એ જ મોક્ષ. મને દાદાજી રોજ એ વાત કહ્યા કરે છે. પણ હું સ્પષ્ટતાથી તે વાત સમજી નહોતી. પણ મારા સ્નેહના પ્રકાશ, તમે અસમાનતાને ( વિષમતાને ) ઇષ્ટ માનો છો ) અને અસમાનતાને પ્રગતિસાધક માનો છો તો પછી આપણા બન્ને વચ્ચે સમાનતા શા માટે રચો છો ?"

**સ્નેહજ્યોત**—: ઘણો જ અચ્છો પ્રશ્ન ! સ્નેહગીતે, પતિપત્નીનો સમ્બન્ધ એકલો અળગો પડી રહે તેવો છે. એ સમ્બન્ધ પર માનવ–કલ્યાણના પાયા થપાયા છે, એ સમ્બન્ધ પર સંસારના આયુષ્યની દોરીની સળંગતાનો આધાર છે. માટે પતિપત્ની વચ્ચે સમતોલ વૃત્તિની જરૂર ખરી. એટલા માટે જ પાતિવ્રત્યની જેટલી જરૂર છે તેટલી જ જરૂર પત્ની પ્રત્યેની વફાદારીની છે. મધુરી ગીતે, સમભાવ હોવા છતાં દંપતીજીવન સર્વ પ્રકારે એકરંગી હોઈ શકતું નથી. સમાનતામાં અસમાનતા હોવી જ ઘટે છે. હું ઈચ્છું કે મારી સ્નેહગીતા આત્મવિકાસ માટે મારા વિચારને આંધળી થઈ અનુસરે નહિ. પણ પોતાનો માર્ગ પોતે જ કાપે. આપણા દેશમાં પત્ની–સુપત્ની –અંગત જીવન જીવી શકતી નથી. એ ઠીક નથી. પત્ની પતિનો પડછાયો નથી. પત્ની એ પતિના વિચારતંત્રની વીણાનો તંબૂરો નથી–કે જ્યારે ત્યારે પતિના વિચારના રણકારનો શોર જ આપ્યા કરે."

**સ્નેહગીતા**—: બહુ જ સુન્દર વિચાર ! તમે સ્ત્રીજાતિ માટે સ્વતંત્ર માર્ગ કરી આપો છો માટે તમારા વિચારને હું સુન્દર કહેતી નથી હો કે ! હું સમજી શકું છું કે તમારા મનમાં પતિની સ્વતંત્રતાનું પણ ચોક્કસ સ્વરૂપ છે. પતિ પત્નીનો ખુશામતીઓ ન જ હોવો જોઈએ. પત્ની રૂપી ઢીંગલીનો આશક તે પતિ ન કહેવાય. સંસારના શરીરને ઘડનાર, સંસારના વિચાર–યંત્ર મગજનાં બીજ રોપનાર સંસારની ભાવનાનાં કલેવર સરજનાર દંપતી છે. દંપતી આ રાષ્ટ્રનું ઘડતર ઘડે છે, એમ કહેવામાં શું ખોટું છે ? સ્નેહજ્યોત, આપણો પ્રશ્ન તો રાષ્ટ્રના ઘડતરનું બળ પૂરનાર દંપતી છે–એમ સિદ્ધ થઈ જાય છે.

આપણા દેશની અર્વાચીન પ્રવૃત્તિ શું વ્યર્થ છે એમ સમજવું ? આપણી કોંગ્રેસ અને લીગ, આપણી સભાઓ અને પરિષદો, અને આપણી સામાજિક સુધારાની મંડળીઓ રાષ્ટ્રના ઘડતરમાં ઉપયોગી નથી ? તમે શું કહો છો તે જાણવા ઈચ્છું છું."

**સ્નેહજ્યોત**—: સ્નેહગીતે, મનુષ્યની પ્રવૃત્તિમાત્ર સમજપૂર્વક જ થયેલી હોય છે. તેથી તે સમ્પૂર્ણ રીતે નિષ્ફળ તો નીવડતી નથી. પરન્તુ મારું માન એવું છે કે દંપતીની રહેણીકરણી ઉન્નત કર્યા વિના સમાજના શ્રેયની સાધના કઠણ થઈ પડે છે. તમે ભણેલ થયાં, સમજુ ગણાયાં એટલે તમને પ્રાકૃત સ્ત્રીજન બૉયકૉટ કરી મેલે છે; તમારા કેટલાક સિદ્ધાન્ત એવા છે કે પુરુષોની મંડળીમાં છૂટથી ભળતાં તમને અટકાવે છે. તમને ઘણીવાર એવું નથી લાગતું કે તમે પુરુષ વેશે જ જન્મથી ફર્યાં હોત તો હાલની તમારા મનની કેટલીક વ્યાધિઓમાંથી તમે મુક્ત રહ્યાં હોત ?

સ્નેહગીતે, આપણે અત્યારે અગાશીમાં ચાંદનીનો આનંદ લૂંટીએ છીએ, અને આત્માને ઉન્નત કરીએ છીએ, તે આનંદ તમારાં બહેન કે મારે ભાઈ દંપતીજીવનથી ભોગવી શકશે ?

રાષ્ટ્રની સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી તેને ઉપભોગ કરનારે કુટુમ્બ દેશમાં તૈયાર ન હોય તો રાજકીય સ્વતંત્રતા શા કામની ? સંસારસુધારાના શુભ પરિણામ માણવા માટે આપણે ત્યાં ગૃહજીવનના બગીચા ક્યાં છે ? ઊંચા સાહિત્યનો પરિમલ ભોગવનાર ગૃહો ક્યાં છે ?

સ્નેહગીતે, આપણા દંપતીજીવનમાં કોમળતા,

મીઠાશ, વિશુદ્ધિ, અને ધાર્મિકતા લાવવાનો આપણે પ્રયત્ન કરશું તો રાષ્ટ્રના ઘડતરમાં મોટો હિસ્સો આપી શકશું."

**સ્નેહગીતા—:** "હું ધારું છું કે, સ્નેહજ્યોતનો સમ્બન્ધ સ્નેહગીતા જોડે થયો તેથી જ કદાચ સ્નેહજ્યોતને સર્વસ્થળે દંપતીજીવન ઊણપવાળું જણાતું હોવું જોઈએ. તમે ધારો છો તેટલે અંશે મારાં બહેન કે તમારા ભાઈ દુ:ખી નહીં જ હોય. અલબત્ત હું સ્વીકારું છું કે આપણા દેશમાં દંપતીજીવનની મીઠાશ સમજનાર સ્ત્રીજન બહુ નહિ હોય. પણ પુરુષો પણ દંપતીજીવન એટલે પશુતા એટલું જ સમજતા હોય છે. ગોવર્ધનરામભાઈ ત્રિપાઠી લખી ગયા છે તે મને યાદ આવે છે કે—આપણી સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુમ્બપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બ બંધનમાંથી તેઓ મુક્ત થાય, સ્વતંત્ર થાય ને તે મુક્તતાથી—સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઈચ્છાઓ અને કલેશમાંથી છૂટી એ કુટુમ્બના ખરા કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિત બને —

(એટલું વાંચી ચોપડી કોરે મૂકી સ્નેહગીતા આગળ બોલવા લાગ્યાં.)

દંપતી જીવન પર તમે આટલો બધો ભાર મૂકો છો તેનું ઔચિત્ય હું સમજી શકતી નથી. હું કદાચ કુમારી જ રહી હોત તો તમારી સમજ પ્રમાણે રાષ્ટ્રના ઘડતરમાં મારો કોઈ હિસ્સો ન હોત?"

**સ્નેહજ્યોત—:** "કુમારા જીવનની કોડીલી સ્નેહગીતે, ભૂલી કેમ જવાય છે કે દંપતીજીવનની વિશુદ્ધિ જે સમાજમાં નથી ત્યાં શાંત કુમારી જીવન ક્યાંથી સંભવે? જ્યારે દાંપત્યની વિશુદ્ધિ સમાજમાં બહેકશે ત્યારે જ આપણા સંસારમાં કુમારાં જીવનનો ચમત્કાર અને વૈધવ્યની સાત્ત્વિકતા પ્રકટશે; અને પછી તો સમાજ ઉદ્ધરશે.

સ્નેહગીતે! આપણી સંસ્કૃતિમાં—સરસ્વતી અને ભીષ્મ જેવાં કુમારા જીવનના આદર્શ તો છે. પણ હિન્દમાં તો મોટા આદર્શો તો રાધાકૃષ્ણ, સીતારામ ઉમામહેશ—પૂરા પાડી રહ્યાં છે."

**સ્નેહગીતા—:** "તમારા જેવા જીવનના સાથી મળ્યા પછી અંધકારને વગડે કુમારી તરીકે વિચારવાના કોડ ન જ થાય. બીજું તો આપણાથી શું થાય? એટલું તો કરીએ કે દંપતી જીવનનું ઝાંખું ઝાંખું આદર્શ ચિત્ર તો પ્રત્યક્ષ જીવનથી દોરીએ.

હવે રાત વીતી ગઈ છે. આપણે ઊંઘવાનો વિચાર કરીએ તો ઠીક."

**સ્નેહજ્યોત:—** "બોલવા કરતાં કરી બતાવવાનું વધારે સારું છે. આ જમાનો ભાષણોનો નથી; કાર્યનો છે. સ્નેહગીતા, તમારું નામ જ મને શુદ્ધ દંપતી ધર્મ તરફ પ્રેરે છે. જુઓને કેવો શીતરશ્મિ ચન્દ્રરાજ ખીલ્યો છે—જાણે મારી સ્નેહગીતાનો સમોવડીઓ! તેથી હું ઘણીવાર અમાસની રાતે પણ સ્નેહગીતાના સહવાસને લીધે ચાંદનીની લહેજત અનુભવી શકું છું."

**સ્નેહગીતા—:** "ચન્દ્રની શીતલતા રમણીઓ આપવા લાગશે ત્યારે જ સંસારનો ધગધગતો તાપ શમી જશે. જુઓને! કેવું ઊજળું આકાશ! જાણે મારા સ્નેહજ્યોતનો ઉજ્વળ અંતરનો સ્નેહ—રંગ્યો ચોક!"

**સ્નેહજ્યોત—:** "ખરેખર, સ્નેહગીતા, ચંદ્રને સ્પર્શું કે તમને તે કળાતું નથી. ચન્દ્રને પૂજું કે તમને? ન્હાનાલાલની સુન્દર કવિતા યાદ આવે છે—

> ફીકી સમુંધરી શશાંક ભ્રકુટી પાડી
> ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ.
> પૂજ્યો શશી, પૂજું તને રસની સુગંધે
> પૂજી પ્રકાશું મુજ અંતર કેરી વાંછા.

*

૨૫–૪–૬૮
ઉદ્ધવ—નિકેતન
દ્વારકા

卐

# સ્નેહાળ મિત્ર અને માર્ગદર્શક

— કનુભાઈ દેસાઈ

**શ્રી** જયભિખ્ખુ! એમના વિષે લખવું, અને તે પણ જેને લખતાં ન આવડે તેણે લખવું એ ઘણું કઠિન કામ છે. છતાં જેની કૃતિઓ માટે હું હમેશાં ગર્વ લઈ રહ્યો છું તેવા વ્હાલસોયા અને સ્નેહાળ મિત્ર માટે મારાથી કાંઈક લખાઈ જ જાય છે.

હૃદયસ્પર્શી મર્મ અને શબ્દલાલિત્યથી એમની કૃતિઓમાં હમેશાં ઊર્મિ અને કલ્પનાની સુગંધ પથરાયેલી છે. સમગ્ર ગુજરાતમાં અને ગુજરાત બહાર જ્યાં જ્યાં ગુજરાતી સાહિત્ય વંચાય છે ત્યાં ત્યાં એમની કલમનો 'જય' 'જય'કાર છે. તે છતાં તેઓ તો સદાય સાહિત્યના—સરસ્વતીના—સદાચાર અને માનવતાની સુગંધ પાથરતા ભિખ્ખુ જ રહ્યા છે.

નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ આદિ સાહિત્ય-સ્વરૂપોનું શ્રી જયભિખ્ખુએ સફળ ખેડાણ કર્યું છે. 'ગુજરાત સમાચાર'માં દર ગુરુવારે પ્રસિદ્ધ થતા 'ઈંટ અને ઇમારત'ના જનતાપ્રિય વિભાગે બહોળો વાચકવર્ગ ઊભો કર્યો છે. તેમાંના હૃદયસ્પર્શી પ્રસંગોએ એમના વાચકવર્ગમાં અનોખી ચાહના મેળવી છે.

શ્રી જયભિખ્ખુને મેં લખતા જોયા છે. તે લખવા બેસે અને પછી તરત જ વાંચી સંભળાવે ત્યારે એમને પ્રાપ્ત થયેલ દેવી સરસ્વતીના પવિત્ર આશીર્વાદ અને દિક્ષાનો પરિચય થાય છે. એ આશીર્વાદ અને દિક્ષાના પાલનમાં આ સારસ્વતભક્તે સમગ્ર જિંદગી ગાળી છે. આ માટે તેમને અનેક તપ વેઠવાં પડ્યાં છે; કરવાં પડયાં છે.

નવલકથાકાર અને નવલિકાકારની જેમ બાળ—સાહિત્યના લેખક અને નાટ્યલેખક તરીકે પણ શ્રી જયભિખ્ખુ ગુજરાતી જનતાને સુવિદિત છે. એમની જનતાપ્રિય નવલકથા 'પ્રેમભક્ત કવિ જયદેવ'પરથી 'કવિ જયદેવ' ચિત્રપટ પણ ઊતર્યું છે; જેનું નિદર્શન મેં કર્યું હતું.

આ તો સાહિત્યકાર અને ઊર્મિશીલ લેખક શ્રી. જયભિખ્ખુની વાત થઈ. પણ શ્રી બાલાભાઈ (અમે બધા આ પ્રિય નામે બોલાવીએ છીએ.) સ્નેહાળ માર્ગદર્શક મિત્ર છે. જીવનમાં મુશ્કેલીઓ વચ્ચે સપડાયેલાઓને તેમનાં આત્મીયતા અને પ્રામાણિક તથા નિખાલસ અભિપ્રાય દીવાદાંડીરૂપ બની રહે છે. મને એવા કિસ્સાઓની જાણ પણ છે, બહોળા મિત્રમંડળ અને સાહિત્યકારોમાં એમનો અભિપ્રાય આવકાર્ય બની રહે છે. એમના મિલનસાર, આનંદી અને નિરભિમાની સ્વભાવે એમનો મોટો ચાહકવર્ગ ઊભો કર્યો છે.

એમના મિત્રવર્ગમાં માત્ર સાહિત્યકારો નથી, પણ વિવિધ શ્રેણીના માણસો છે. તેમાં ચિત્રકારો સાથેનો તેમનો સંબંધ અતિ ગાઢ છે. તેઓ ચિત્રકળાના ખૂબ જ રસિયા છે, માર્ગસૂચનથી અને પોતાની આગવી કળાસૂઝથી શ્રી જયભિખ્ખુએ અનેક ચિત્રકારોની પીંછીમાં પ્રાણ પૂર્યા છે. 'મંગલમંદિર' 'શૃંગારિકા,' 'પ્રણયમાધુરી' જેવા માગ ચિત્રસંપુટોનું મૂલ્ય જે વધ્યું છે તે એમની પ્રેરકવાણીને આભારી છે. શ્રી જયભિખ્ખુની પ્રેરક પ્રસ્તાવનાને પ્રતાપે આ ચિત્રસંપુટો આદરણીય થયા છે.

મારો શ્રી બાલાભાઈ—જયભિખ્ખુ સાથેનો એટલો વર્ષોજૂનો સંબંધ છે કે જો યાદ કરું અને લખવા બેસું તો પાનાં ભરાઈ જાય.

૧૯૪૧–'૪૨માં સૂર્યપ્રકાશ પ્રેસમાં હું ગયો હતો ત્યારે શ્રી બાલાભાઈની સાથે પ્રથમ પરિચય થયો હતો. પછી 'વિદ્યાર્થી' સાપ્તાહિકમાં મારા વિશે એમણે લખ્યું ત્યારથી અમારી 'દિલોજાની' વધી. દર રવિવારે મારે ત્યાં અમદાવાદમાં 'દીપિકા'માં જલસો જામતો. આ વખતે શ્રી જયભિખ્ખુ ક્યારેક સાહિત્ય પર તો ક્યારેક કવિતા ઉપર તો કોઈક વખત સિનેમા ઉપર વાર્તાલાપ આપતા અને સાહિત્યકલાનું રસપાન કરાવતા. મારાં પત્નીને એમની કૃતિઓ વાંચવી ગમતી અને પ્રગટ થાય કે તરત જ વાંચવા તાલાવેલી લાગતી અને વાંચીને ચોક્કસ અભિપ્રાય પણ આપી દેતી

અમદાવાદથી દૂર, મુંબઈમાં, ચિત્રપટ અને ચિત્ર કળાના વિવિધ વિકાસાર્થે વસવાટ કર્યો. મારા આ વસવાટ દરમિયાન પણ તેમની મિત્રાચારી એવી જ ગાઢ ને સ્નેહાળ રહી છે. મારી અમદાવાદની બેત્રણ દિવસની ઊડતી હાજરીમાં પણ જ્યારે જ્યારે શારદા પ્રેસમાં મુલાકાત થઈ છે ત્યારે ત્યારે હમેશાં બહોળા મિત્રવર્ગ વચ્ચે તે સાંજે મળી જતા. આ ડાયરામાં જાણીતા લેખકો સ્વ. શ્રી ધૂમકેતુ અને સ્વ. શ્રી ગુણવંતરાય આચાર્યની પણ હાજરી હોય જ.

શ્રી બાલાભાઈ જાતે જૈન વણિક હોવા છતાં માદલપુરના ભરવસવાટમાંથી જંગલ અને ઉજ્જડ ખેતરો વચ્ચે કોઈપણ મદદ કે બીક વગર ચંદ્રનગર સોસાયટીમાં જઈને રહ્યા; એટલું જ નહિ સૌને વસવાટ કરાવીને તેમણે જંગલમાં મંગલ વાતાવરણ ઊભું કર્યું. આ કોઈ ઝિંદાદિલ વીર પુરુષનું કામ હતું. કેમ કે તેમને અનેક વખત મૃત્યુની ધમકીઓ અપાઈ હતી છતાં સેવાપરાયણ શ્રી જયભિખ્ખુએ તો ચંદ્રનગર સોસાયટીનું ઘડતરકાર્ય ચાલુજ રાખ્યું હતું. આજે તો ચંદ્રનગર સોસાયટી તેમનું એક અંગ બની ગયેલ છે.

શ્રી જયભિખ્ખુ મહાનુભાવી આનંદી સજ્જન છે. એમના વિષે લખાણ પૂરું કરતાં પહેલાં—એક જાદુગર યાદ આવ્યો, તે છે ગુજરાતી–ગુજ–રતમાં તો ખૂબ જ જાણીતા કે. લાલ અને શ્રી જય-ભિખ્ખુના સંબંધ વિષે એક લીટીમાં કહું તો કોણે કોના ઉપર જાદુઈ અસર કરી છે તેની ખબર નથી. પણ એટલી તો ખબર છે કે કે. લાલ ગુજરાતમાં જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની પહેલાં એમના વિષેની જાદુગીરી જયભિખ્ખુની કલમથી પથરાઈ ગઈ હતી બંને રસિયા માણસો! બંને જીવનના ખેલાડી! બંનેનો પરસ્પર અગાધ સ્નેહ! ક્યાં સાહિત્યકાર! ક્યાં જાદુગર! શ્રી જયભિખ્ખુની કલમથી આ મહાન જાદુગરને વિવિધ સ્થળોએ ગુજરાતે આત્મીયતા અર્પી.

શ્રી જયભિખ્ખુને સાઠ વર્ષ પૂરાં થયાં છે. 'દાદા'પદ પણ પ્રાપ્ત થઈ ગયું છે.

આ નિરભિમાની સાહિત્ય-આત્માને હું દિલથી, કલાકારના હૃદયથી, અને એક વર્ષ મોટો હોવાની રૂએ તે અનેકધા હજુ સાહિત્યસેવા કરી સુખી જીવન જીવો અને સૌનું કલ્યાણ કરો—એ આશિ-ર્વચન સાથે બંધ કરું છું

**શ્રી જયભિખ્ખુનું** સન્માન તે કોઈ વ્યક્તિનું સન્માન નથી, પરંતુ ગુજરાતી સાહિત્યસર્જનમાં જે ઉચ્ચ નૈતિક મૂલ્યો ઉપર તેમણે ભાર મૂક્યો છે, તે સરાહનીય તત્ત્વનું સન્માન છે. સામાજિક જીવનમાં નીતિમત્તાનું પ્રમાણ આજે ઘટી રહ્યું છે ત્યારે આવા પ્રેરણાદાયી સાહિત્યની આવશ્યકતા અનેકગણી વધી જાય છે.

—જગુભાઈ પરીખ



# બાળક જૈન બાલાભાઈ

ઉમાકાન્ત પ્રે. શાહ

**શ્રી જયભિખ્ખુને** પહેલાં તો હું જયભિખ્ખુ તરીકે જ ઓળખતો. શારદા મુદ્રણાલયમાં, મારા સ્નેહી શ્રી રતિલાલ દીપચંદ જોડે એક દિવસ જતાં (શ્રી રતિલાલભાઈ અને મારો પરિચય–સ્નેહ ત્યારે નવાં નવાં વિકસતાં હતાં.) જ્યારે મારી ભાઈશ્રી બાલાભાઈ જોડે ઓળખાણ કરાવવામાં આવી ત્યારે સહેજ આંચકો લાગ્યો હશે એવું ઝાંખું સ્મરણ છે, કેમકે અહીં તો કોઈ "ભિકખુ" વેષમાં બેઠેલા ભાઈ નહોતા પણ મળતાંવારને આપણી જોડે મળી જઈ આપણા સ્વજન કે સુપરિચિત માફક આપણી સાથે વર્તન કરનાર, સૌજન્યશાલી, નિરભિમાની "બાલક" જેવા "બાલાભાઈ" હતા !

ત્યારથી મને એમનો બીજો કોઈ અનુભવ થયો નથી. ભાગ્યે જ એઓ ગુસ્સે થતા હશે કે કડવાશ વેરતા હશે.

સાહિત્યકાર તરીકે એમણે પોતાની કથા કહેવાની વિશિષ્ટ શૈલી ઉપજાવી છે, આંધળુ અનુકરણ નહિ, પરદેશી સાહિત્યકારોનો ઉછીનો કે ચોરીનો માલ લાવી વેપાર કરવાની વૃત્તિ નહિ, વાસ્તવવાદી થવાને બહાને કોઈ કામરસ (શૃંગારરસ નહિ, અશ્લીલતાની હદે પહોંચતો કામરસ) ની ઝાંખી નહિ, વાણી કે વિચારના ગૂંચવાડા નહિ, ભાવનામય, ચારિત્ર્ય કેળવણાની તમન્નાથી ચેતનવંતી, સીધી, સરળ, હૈયામાંથી ઉપજાવી કાઢેલી લેખનશૈલી–આ છે ભાઈશ્રી બાલાભાઈની સાહિત્યકાર તરીકેની વિશિષ્ટતા–અલબત્ત મને નજરે પડી છે તે.

આવા આ બાલાભાઈ, એમનો ષષ્ટિપૂર્તિ સમારોહ ઉજવાય છે? એમના લખાણમાં શું ઝળક છે? વ્યક્તિત્વ એવું શું મોટું છે? આવું કેટલાકના મનમાં થયું લાગે છે. પણ, નાના લાગતા બાલાભાઈ ને આજે સન્માન મળે છે તે કુદરતનો ન્યાય છે, એમના દિલની વિશુદ્ધતા, એમનાં લખાણોમાંની ઉચ્ચભાવનાને કુદરત સન્માને છે, વખાણે છે, આપણા દ્વારા.

મોટી વાતો કરનાર, વિદ્વાનો, પંડિતો, ઉચ્ચ આદર્શમય વાતો કરનાર "જૂના" ગાંધીવાદીઓ વગેરે જૂની ઢબના સાક્ષરો, સાહિત્યકારો, અને નવી પેઢીના સાહિત્યકારો, વાર્તાકારો (?), કવિઓ (?) એમાંના ઘણાયના લખાણ અને વર્તન વચ્ચે જે દંભરૂપી પડદો છે તે શ્રી બાલાભાઈમાં દેખાતો નથી. આવા બાલાભાઈને વંદન હો !

**મેં જોયું** છે કે એમનું સાહિત્ય સંસ્કારપ્રેરક હોય છે. જીવનની નિર્મળ દૃષ્ટિ કેળવવામાં એમનું સાહિત્ય ઘણું ઉપયોગી નીવડે તેવું છે. આ દૃષ્ટિએ એમની સાહિત્યસેવા બહુમૂલ્ય ગણાય.

**—ડોલરરાય માંકડ**

'ઈંટ અને ઇમારત'માં કેવું આકર્ષક સ્વરૂપ ધારણ કરે છે તે જોજો." અને એ સ્નેહીની આગાહી સાચી પડી. પેલાં એ પાત્રોનાં નામ અને કામ બદલાયાં, પણ એમને જીવતાં જાગતાં કરીને શ્રી બાલાભાઈ એ સાહિત્યની દુનિયામાં ચમકતાં કરી દીધાં.

વાર્તાકાર તરીકે શ્રી. બાલાભાઈ ખૂબ લોકપ્રિય બન્યા છે. રસ અને રંગની જમાવટ એમની વાર્તાઓમાં એવી હોય છે કે આબાલવૃદ્ધ સહુ એમની વાર્તાઓને હોંશપૂર્વક વાંચે છે. 'कहानी'માં ખરી ખૂબી તો કહેવાની કળામાં જ રહેલી છે, અને એ કળા બાલાભાઈ એ હસ્તગત કરી લીધી છે.

શ્રી. બાલાભાઈ શારદાના અનન્ય ઉપાસક છે. નિયત કરેલા સમયે એમની ઉપાસનાનો આરંભ થઈ જાય છે. ભગવતી શારદા પણ એના ઉપાસકને બરાબર ઓળખે છે, બોલાવ્યો બોલ દે છે, અને તેડાવ્યાં તરત હાજર થઈ જાય છે. શ્રી. બાલાભાઈ ને કેટલાક લેખકોની જેમ Moodની દખલગીરી નથી પજવતી. નિયત સમયે લખવા બેસે એટલે શ્રી બાલાભાઈ Moodમાં જ હોય છે. લેખનકાર્ય એતો એમનું નિત્યનું વ્યસન થઈ પડયું છે

બાલાભાઈની સૌંદર્યદૃષ્ટિની પ્રતીતિ શારદા મુદ્રણાલયમાં થતી જ રહે છે. એમની સૂઝના કારણે ગ્રન્થોનું છાપકામ અને એનાં રૂપરંગ આકર્ષક બની જાય છે.

'परगुण परमाणु पर्वतीकृत्य नित्यम्
निज हृदि विकसन्तः सन्तिसन्तः कियन्तः'।

એ સુભાષિતના સુભાષિતકારને જરૂર કહી શકાય તેમ છે, કે પારકાના અલ્પ જેવા સદ્દગુણને પણ પર્વત જેવો મહાન બનાવીને આત્મસંતોષ પામનાર સંતોની સંખ્યા ભલે ઓછી હોય, પણ છે ખરી અને અલ્પ સંખ્યાવાળા સન્તોના સમૂહમાં મને તો શ્રી. બાલાભાઈની સદૈવ ઝાંખી થયા કરી છે.

શ્રી. બાલાભાઈ જેવા સંસ્કારસમૃદ્ધ છે એવા જ એમનાં કુટુંબીજનો છે.

એમને સાઠ વર્ષ પૂરાં થતાં એમના મિત્રો, પ્રશંસકો અને વાચકો તરફથી ષષ્ટિપૂર્તિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, એ જાણીને મને અપાર આનંદ થાય છે. પરમાત્મા એમને અને એમનાં કુટુંબીજનોને દીર્ઘાયુ બક્ષે, અને શ્રી. બાલાભાઈ તથા એમનાં ભાવનાશીલ કુટુંબીજનોની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે એમ ઇચ્છું.



# જીવનલક્ષી સાહિત્યકાર.

**પૂજ્ય શ્રી. મોટા (નડિયાદ)**

**શ્રી** જયભિખ્ખુના તખલ્લુસથી લખતા શ્રી બાલાભાઈએ સાહિત્યક્ષેત્રમાં એક અનોખી ને આગવી પોતાની ભાત પાડી છે. એમના આધારની સમગ્ર ને પાયાની ભૂમિકા તો ધર્મ-ભાવના પરત્વેની છે.

એઓશ્રીએ જે જે લખ્યું છે. તેની ભાષા સમાજને કોઈ ને કોઈ પ્રકારે જીવનમાં ઊંચે પ્રકટાવે એવી ને તે સાથે સાથે સરળ ને ભાવવાહી ને સઘન અર્થયુક્ત હોય છે. રસનો પ્રવાહ એકધારો અખંડ એમના સાહિત્યમાં વહ્યાં જ કરતો હોય છે.

એમનું સાહિત્ય સમાજના હાર્દને ભાવનાથી પ્રદીપ્ત કરાવે એવું ને તે સાથે સાથે લખાણનું વસ્તુ હેતુલક્ષી હોય છે, એ એની વિશિષ્ટતા છે.

જીવનમાં કેટકેટલા, કેવા કેવા તબક્કામાંથી તેઓશ્રી પસાર થયા છે! તે બધી સ્થિતિમાં તેમનો એક પ્રકારનો સૂક્ષ્મ અડગ ભાવ તેમને ઊંચે તારવતો રહ્યો છે, એવી છે એમના જીવનની ખૂબી.

તેઓ સંબંધ બાંધી પણ જાણે, નિભાવી પણ જાણે ને તે કાજે ત્યાગ પણ હૃદયના ઉમળકાથી કરે.

એમનું સાહિત્ય ઉદ્દેશલક્ષી છે ને એકવાર એમનું કોઈક પુસ્તક વાંચવા લીધું તો તે પૂરું કર્યે જ છૂટકો, એવો રસ તેમાં હોય છે. વાંચ્યા પછી વાંચકના હૃદયમાં કોઈક એવી અસર તે લખાણ મૂકતું જાય છે કે જેથી વાંચક જીવનલક્ષી થોડો ઘણો પણ થતો જાય.

એઓશ્રી સાથેનો પ્રત્યક્ષ પરિચય માત્ર ચાર કલાક પૂરતો, તેમ છતાં તે રસસભર બન્યો છે.

જીવનમાં કેટલીય કારમી મુસીબતો પ્રકટી હોવા છતાં તે મરદ જ તેમાં રહ્યા છે, તે હકીકત આપણા જીવનને પ્રેરણાપ્રદ બની રહે છે.



**શ્રી જયભિખ્ખુએ** ઉચ્ચ કોટિના સાહિત્યસર્જક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ સ્વભાષા અને સ્વદેશની સેવા કરવા દીર્ઘાયુ બનો એવી પ્રાર્થના.

**—ગોરધનદાસ ચોખાવાલા**

શિક્ષણ-પ્રધાન : ગુજરાત રાજ્ય



# મારા પરિચયના બાલાભાઈ

પ્રિ. હસિત હ. બૂચ.

**અ**મદાવાદ રહેવાનું થયું અને તેય નારાયણનગરમાં એનો એક મોટો લાભ એ થયો કે 'જયભિખ્ખુ' તરીકે જેમને વાંચેલા એમને બાલાભાઈ તરીકે જોયા–જાણ્યા. નારાયણનગર ઘણું દૂર, ઉનાડાના ત્રણચાર મહિના ત્યાં મચ્છરોનું ચક્રવર્તિત્વ, ત્યારે હતી તે ૧૯–૨ બસ કલાક કલાકને અંતરે લાલ દરવાજા–નારાયણનગર વચ્ચેની ખેપ કરે તેથી સમયનું ય ત્યાં સહુ પર ભારે વર્ચસ્વ, તોય સાહિત્યરસિક જીવને થાય કે ચાલો અહીં ચાંપશીભાઈ છે, જયંતકુમાર છે, એસ્થરબહેન છે, છગનભાઈ છે, તો અહીં શું કમ છે? તેમાં નારાયણનગરમાં ગયા ને ખબર પડી કે અહીં પડખે જ 'જયભિખ્ખુ' ય છે. મારા સાથી પ્રા. રાજપરા તેમના નિકટના ગુણાનુરાગી પડોશી, એમના પુત્ર કુમારપાળ મારા વિદ્યાર્થી થયા, તેથી 'જયભિખ્ખુ'ને બાલાભાઈ ને અંગત સ્વરૂપે જાણવામાં સરળતા થઈ. મારા તે સમયના બીજા સાથી પ્રા. ધીરુભાઈ ઠાકરને તો 'જયભિખ્ખુ'ના સ્વજન–મિત્ર તરીકે હું જાણું જ. પરંતુ આ સર્વ ઉપરાંત જે હકીકતે 'જયભિખ્ખુ'ને મારી નિકટના બાલાભાઈ લેખે આણ્યા, તે તો એ ૧૯–૨ બસમાં આવતાં–જતાં કે પ્રસંગે પ્રસંગે મળતાં–હળતાં નારાયણનગર–સંસ્કાર કેન્દ્ર વચ્ચેની સોસાયટીઓમાંનાં કેટલાંય કુટુમ્બો બાલાભાઈનો ઉલ્લેખ પ્રેમાળ, સહાયક, જીવનના અનુભવી ગૃહસ્થ રૂપે અવારનવાર કરતાં. મેં ટૂંકા ગાળામાં ય એમની આસપાસ પ્રસરેલી સુવાસ અનુભવી લીધી.

પાછું થયું એવું કે કોઈક મેળાવડામાંથી ઘેર જવાનું હતું, રાત પડવી શરૂ થઈ હતી, અમદાવાદ આવ્યે હજી આઠ–દસ દિવસો ય માંડ વીત્યા હશે, મેળાવડા સ્થળથી નારાયણનગર વચ્ચેની ભૂગોળ મારે માટે અગમ્યવત્. મુંઝાતો હતો કે બસ તો ભલે ન મળે, પરંતુ રિક્ષાનો ય જવાબ મળશે કે નારાયણનગરની સડક કાચી છે તેથી ત્યાં તે નહીં આવે! વધુમાં નારાયણનગર નજીકની બત્તીઓનાં મોંઘાં અજવાળાં! મેળાવડામાં હાજર 'જયભિખ્ખુ'-ને બાલાભાઈ તરીકે મનમાં જાણી લીધેલા, પણ હોઠે હજી એ નામ ચડે એવી નિકટતા નહિ. વળી એમને માથે વિધાતાનું એક વરદાન કે એમની આજુબાજુ મિત્રોનું ઝૂમખું હોય જ. મારો ગજ એમાં વાગે એવું કલ્પું એ હદે હું ધૃષ્ટ પણ નહિ. ત્યાં તો એમણે જ મારી નજીક આવી પૂછ્યું, "કેમ બુચસાહેબ, ઘેર જ આવવું છે ને? રિક્ષામાં સાથે જ જઈશું!" વય, અમદાવાદમાંની એમની પ્રતિષ્ઠા, અનુભવ, દરેક રીતે મુરબ્બી, છતાં સંબોધનમાં એમણે જે અજાણ્યાનો ય આદર કર્યો તે મને એક રીતે ગમ્યો, બીજી રીતે થયું, 'હાશ્તો, હસિતભાઈ કહી બોલાવે એવી નિકટતા હજી મેં ક્યાં સ્થાપી છે?' રિક્ષા દોડતી રહી, એ વાતો કરતા રહ્યા : ગુર્જરગ્રંથ રત્નમંડળ વચ્ચેના પોતાના કાર્યથી માંડીને લેખક તરીકે વિવિધ સામયિકો તરફથી એમને થએલા અનુભવો સુધી એ વાતો લહેરાયા કરી. વચ્ચે તેઓ ગૂંથ્યા કરે મારા નવા નિવાસ-અનુભવોની પૃચ્છા, "ફાવે તો છે ને? જરૂર હોય તે સંકોચ વગર કહેજો! આ તરફ કેટલીક અગવડ છે ને તમે તો વિસનગરના સરકારી બંગલામાંથી અહીં રહેવા આવ્યા છો, એટલે અગવડ વધુ લાગશે!

પણ અહીં શાંતિ છે ને પડોશીઓ બહુ સારા છે... હું બાજુમાં જ છું...જે કંઈ જરૂરી લાગે તે માગી લેજો! ઘેર જરૂર આવજો!" એ ટૂંકી રિક્ષાસફરમાં મેં બાલાભાઈને પ્રત્યક્ષ જાણ્યા. સાચું કહું, તો પાછળથી વધેલા પરિચયનો દૃઢ પાયો ત્યારે રોપાયો.

'જયભિખ્ખુ'ને નવલકથાલેખક તરીકે તો વિસનગરથી જાણેલા. એમની કલમમાં ભાવનાશીલ જીવન પ્રત્યેનો ઉમંગ ધબકતો ત્યારે ય અનુભવેલો. એની પ્રાસાદિકતાએ ધ્યાન દોરેલું. વાર્તા એટલે શું અને તે કઈ રીતે રજૂ કરાય એ વિશેની કુદરતી સૂઝ એ કલમને જરૂર હતી એ તો સ્પષ્ટ થએલું જ. એ સામાન્ય છાપને સુરેખ કરવામાં વચ્ચે વચ્ચે અમદાવાદ આવ્યા પછી સહાય કરી તે પ્રા. રાજપરાએ. એ શ્રી. બાલાભાઈની વધુ નજીક આવેલા. સહૃદયતાથી પ્રસંગ નીકળ્યે એ વાત કરતા. લેખકના સાહિત્યને સમજવામાં ઘણીવાર લેખકના વ્યક્તિત્વનાં પાસાં સારી સહાય કરે છે; ખાસ કરીને એ સાહિત્યના પ્રેરક બળને પિછાનવામાં. શ્રી. 'જયભિખ્ખુ' માટે આ વાત વધુ વજનદાર છે. એમને જે ગમે છે, જે નથી ગમતું, એમને જે પ્રેરે છે, જે આકુલ પણ કરે છે, જે ધડે છે, જે ચેતવે છે, એ એમની કલમ નિખાલસપણે સૂચવવાની જ. હા, લેખક છે, કલાપ્રેમી છે તેથી કુદરતી રીતે રજૂઆત નકશીમાં રાચવાની; પરંતુ પેલી નિખાલસતા ત્યાંય વીગતે વીગતે પ્રતિબિમ્બિત થવાની જ.

અમદાવાદ આવ્યા પછી મને ઉત્તરોત્તર એ હકીકત સાફ જણાઈ રહી કે 'જયભિખ્ખુ'નો શક્તિવિશેષ કિશોરો–બાળકો–પ્રૌઢો માટેના પ્રેરક રસપ્રદ વાર્તાકાર રૂપે પ્રગટ થાય છે. એમાંય બાળકો–કિશોરોનું ચિત્ત વશ કરી લે, એમના ચિત્તમાં રસ અને પ્રકાશ સીંચે એવી શ્રી. 'જયભિખ્ખુ'ની વાર્તાશક્તિ હું જોતો હતો, કે મારા પોતાના ઘરમાં પણ બાળકો 'જયભિખ્ખુ'ની વાર્તાઓ વાંચતાં કેવો રસ અનુભવતાં? મેં પોતે એવી એમની ઘણી વાર્તાઓ વાંચી છે. સહેજ પણ ક્ષોભ વિના એટલું તો અવશ્ય કહી શકાય, કે બાળકો–કિશોરો માટેના આપણા કથાસાહિત્યમાં શ્રી. 'જયભિખ્ખુ'નું સ્થાન ચિરંજીવ રહેવા નિમાયું છે. એમની શૈલી રમતિયાળ થઈ સૂચક ગંભીર પણ રહી શકે છે, પાત્રની રજૂઆત જેવી સાહજિક એવી જ સજીવ અને આકર્ષક નીવડે છે, કથાના ઉઠાવ–જમાવ–અંતની ગૂંથણી તેમને જાણે કોઠાસૂઝથી જ સિદ્ધ થઈ છે અને વિશેષ તો એ કે એવું ભાવનામય વાતાવરણ બાળકો–કિશોરોને લાંબો સમય ઘેરી વળે છે. એક વાત ભૂલવા જેવી નથી: સંસ્કાર ઝીલવા આતુર, એવી વૃત્તિ જ્યારે સ્વાભાવિક, તે વયે આવું સાહિત્ય મળે તો તેની અસર પછીના જીવનમાંય જાગતી રહે છે. શ્રી. 'જયભિખ્ખુ' આ રીતે ગુજરાતની નવી આવતી પેઢીના એક શિલ્પી છે. હું એ હદે માનું છું કે એમણે નવલકથાઓ–નવલિકાઓ લખ્યાં છે તે કરતાં ય નવા ગુજરાતનાં બાળકોને જે વાર્તાઓ આપી છે, એ એમનું વધુ મોટું અર્પણ છે. બાળકો–કિશોરોને ગમી જાય એવો શબ્દ 'જયભિખ્ખુ'ને હમેશાં હાથવગો છે, એવી કલ્પના–એવી કથાસામગ્રી–એવી એની સંકલના–એવી ભાવનાશીલતા એમને માટે સાહજિક છે. તેથી જ એની અસરકારકતા અનુભવાય છે. એ માટે એમને સરકારી પારિતોષિકો પ્રાપ્ત થયાં છે અને હું સુખદ સંયોગ સમજું છું.

આમ 'જયભિખ્ખુ'નું વધુ ચિરંજીવ સ્વરૂપ પણ મને અમદાવાદ નિવાસ દરમિયાન પિછાનવાનું બન્યું, માત્ર આનંદ મેળવવા નહિ, સાહિત્યિક ધોરણે ય બાળકો–કિશોરો માટેની એમની કથાઓને વિચારવાનો મને અવસર મળ્યા કર્યો હોઈ એમના આ સાહિત્ય અર્પણની ગુણવત્તા માટે હું કંઈક ચોક્કસ છું.

નારાયણનગર પછી સમસ્ત બ્રહ્મક્ષત્રિયમાં લાંબો સમય રહેવાનું થયું. તેય બાલાભાઈના ચન્દ્રનગરથી દૂર નહિ. ત્યાં રહ્યો તે દરમિયાન કુમારપાળ બી. એ. અને એમ. એ. થઈ અધ્યાપક થયા. બાલાભાઈનાં સહધર્મચારિણી જયાબહેનનો પરિચય પણ વધ્યો. બાલાભાઈના ઘરની એ સાચી જ્યોતિ મૂંગાં મૂંગાં સ્મિતથી સત્કારે ને આવનારમાત્રને આતિથ્યની મીઠાશથી ન્હવરાવે. બાલાભાઈ જે કંઈ

લખી શકે છે, આવું વ્યાપક મિત્રમંડળ ધરાવે છે, એમાં જયાબહેનનાં સૌજન્ય–સેવાનો ફાળો તરત વરતાય એવો છે. મારાં બાદશાહમિત્રદમ્પતી જયાબહેનનાં વખાણ કર્યા કરે છે તેમાં ભારોભાર ઔચિત્ય જોઉં છું. જયાબહેન ને બાલાભાઈ સારેમાઠે અવસરે હમેશાં પડખે આવી જઈને ગૃહસ્થાશ્રમને દીપ્તિમય કરે છે. ઘણીવાર તો એવું ય જણાઈ રહે, કે બાલાભાઈ–'જયભિખ્ખુ'ના યશ–સાફલ્યનું રહસ્ય એમને પ્રાપ્ત થએલા જયાબહેનના સાથમાં જ છે.

બાલાભાઈના વ્યક્તિત્વની વિવિધ સુભગ બાજુઓ જોવા મળી તે મહારાષ્ટ્રના ગુજરાત રાજ્યે યોજેલા અમ લેખકપ્રવાસમાં, બાલાભાઈએ ગોઠવેલા કવિશ્રી કાગને ત્યાંના મજાદર દરબારમાં. ખડતલ શરીર, વ્યવસ્થાપ્રવીણ બુદ્ધિ, મસ્તીરંગ અને આદર્શપ્રેમનો સમન્વય બતાવતું દિલ, વૈદકથી માંડીને રાજકારણ સુધીની વાતો–વીગતોમાં રસ અને સમજ, બીજાનું કામ કરી છૂટવાની તત્પરતા, મિત્રો–પરિચિતો સહુનું મન મેળવવાની સ્વાભાવિક ફાવટ, બાલાભાઈમાં આ બધું એકત્ર થયું છે. માંદગી–બીમારીને પ્રસંગે અદના સેવક જેમ ખડેપગે કામ કરવાની એમની વૃત્તિ મારું ધ્યાન ઘણીવાર ખેંચી ચૂકી છે. એક રીતે કહું, તો અમારો સંબંધ બોર્ડરલૅન્ડનો–સરહદસ્પર્શી; છતાં એમના વ્યક્તિત્વની આહ્લાદક છબિ મનમાં અંકાઈ રહે એવો ય અવશ્ય. જીવનના ધ્યેય અને પોતાના કાર્ય વિશે હંમેશાં સ્પષ્ટ અને ઉમંગભર્યા રહેવું એ બાલાભાઈની વિશિષ્ટતા છે. એ વિશિષ્ટતાનો મિષ્ટ લાભ મિત્રો પામ્યા છે, ગુજરાત પામ્યું છે.

**શ્રી જયભિખ્ખુએ** જૈન ધર્મની સુંદર અને રહસ્યબોધક કથાઓ તથા તેના નાયકોને જૈન ધર્મની ઊજળપ વધારે એ રીતે જૈન સાથે વિશાળ જૈનેતર વાચકસમુદાય આગળ રસાળ તથા છટાવાળી અને બિનસાંપ્રદાયિક લખાવટમાં રજૂ કરી જૈન ધર્મની મોટી સેવા બજાવી છે. એને માટે તેમ જ ઇતર સર્જન માટે નવલકથા, વાર્તા, નાટક વગેરે સાહિત્ય-પ્રકારનો સફળ ઉપયોગ કરી, પોતાની ઝમકદાર શૈલીથી તેમણે પોતાનો એક વાચકવર્ગ ઊભો કરી લીધો છે. તેમની સાહિત્યક્ષેત્રીય સેવા એટલી જ નોંધપાત્ર છે. બાળકો અને તરુણો માટેના તેમના પ્રેરક સાહિત્યનો પણ સાભાર ઉલ્લેખ કરવો જોઈએ. આવા સફળ લોકપ્રિય લેખક અને સહૃદય ને સ્નેહાળ સજ્જનતાથી અનેકોને સહેજમાં મિત્રો કરી શકનાર શ્રી જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિ આપ સૌ મિત્રો-પ્રશંસકો ઊજવો છો તે માટે મારી ખુશાલી વ્યક્ત કરું છું.

**—પ્રો૦ અનંતરાય રાવળ**

ડાયરેક્ટર ઑફ લૅંગ્વેજિસ : ગુજરાત રાજ્ય

# સૌજન્યમૂર્તિ બાલાભાઈ.

છોટાલાલ ત્રિ. જાની.

શ્રી બાલાભાઈનો સંપર્ક જીવનમાં ખૂબ મોડો સધાયો, પણ સધાયો એને હું જીવનનો એક અનેરો લહાવો ગણું છું. ઈશ્વરના અનુગ્રહ વિના આવા મીઠા સંપર્કો નથી સધાતા; છતાંય એને સાધી આપવામાં કોઈ ને કોઈ વ્યક્તિને ઈશ્વર નિમિત્ત બનાવે છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે ને કે– "निमित्तमात्रं भव सव्यसाचिन्" શ્રી. બાલાભાઈ અને મારો સંબંધ સધાયો એ ઘટનામાં તો ગીતાનું ઉપર્યુક્ત વચન અક્ષરશઃ સાચું પડ્યું છે. શ્રી. સવ્યસાચી જ અમારો સંપર્ક સાધી આપવામાં નિમિત્ત બન્યા છે.

શ્રી. બાલાભાઈ જેવા સજ્જનોને જ્યારે જ્યારે યાદ કરું છું ત્યારે મને નીચેનો શ્લોક યાદ આવે છે.

> वदनं प्रसाद सदनम्
> सदयं हृदयं सुधामुचोवाचः ।
> करणं परोपकरणम्
> येषां केषां न ते वंद्याः ॥

શારદા મુદ્રણાલયમાં અથવા એમના નિવાસસ્થાને જ્યારે જ્યારે શ્રી બાલાભાઈને મળવાનો પ્રસંગ મળ્યો છે ત્યારે એમનું સ્મિતભર્યું મુખારવિંદ પ્રત્યક્ષ થયું છે, અને એમની સુમધુર વાણી સાંભળવા મળી છે. વાર્તાલાપનો આરંભ થયા પછી વિવિધ પ્રકારના વિષયો આપોઆપ ટપકી પડતા અને અમે છૂટા પડીએ ત્યાં સુધી અમારી વાતોનો કોઈ અંત જ ન આવતો.

શ્રી બાલાભાઈની વાતોમાં જેને જે જોઈએ તે મળી જાય છે; સાહિત્યના રસિયાને સાહિત્યનો રસ, અને અન્યને વાતનો વિસામો.

બાલાભાઈની વાતોમાં એમનો નિખાલસ અને રમૂજી સ્વભાવ તો રજૂ થાય જ છે, પરંતુ મારા જેવાને તો એમની વાતોમાં વ્યવહારકુશળતાની પ્રતીતિ થતી રહી છે. શ્રી. બાલાભાઈ આનંદી, અનુભવી, કાર્યદક્ષ અને મસ્ત વ્યક્તિ છે. એમનાં સલાહસૂચનો પણ કિંમતી હોય છે.

શ્રી બાલાભાઈનું વ્યક્તિત્વ મારી દૃષ્ટિએ Awe-inspiring ભયયુક્ત માન પેદા કરે તેવું નહિ, પરંતુ Magnetic ચુંબકીય, અથવા ભારે આકર્ષક છે.

સાહિત્યકાર તરીકેનું શ્રી. બાલાભાઈનું મૂલ્યાંકન કરવાનું કાર્ય તો વિવેચકોનું છે. છતાંય શ્રી. બાલાભાઈની સર્જનપ્રતિભા, એમની વિશદ કલ્પના, એમની સરળ અને પ્રાસાદિક ભાષા, અને એમની રજૂઆતશૈલી, એ તો હરકોઈને મુગ્ધ બનાવે તેવાં છે, એ તો નિઃશંક હકીકત છે.

બાલાભાઈની સર્જકશક્તિ તો અદ્ભુત છે. એમને માત્ર ઈંટ જોઈએ; એમાથી ઇમારત ઊભી કરી દેવાની કરામત એમને સ્વાભાવિકપણે વરી ચૂકી છે.

પ્રસંગોપાત મેં વીરમગામના એક હિન્દુ અને એક મુસ્લિમ વચ્ચેની સદ્ભાવના અને સજ્જનતાભરી મૈત્રીની, મતભેદના કારણે એમાં પડેલા વિક્ષેપની, બન્ને મિત્રોનાં હૃદયમાં જાગેલા મનોમંથનની, બન્નેએ લીધેલા અબોલાની અને કેટલાક શુભેચ્છક હિન્દુ–મુસ્લિમ નાગરિકોની દરમિયાનગીરીના કારણે થયેલા એમના આખરી મિલનની વાત કરેલી. અમે જુદા પડયા પછી મારા એક સ્નેહીએ રસ્તામાં મને કહ્યું, "હવે બાલાભાઈના હાથમાં આવેલી આ ઘટના

# પ્રેમોપાસક જયભિખ્ખુ

લેખક : **ગોસ્વામી મુકુટલાલજી, વૃન્દાવન**

**જૈન**સમાજ કોઈ કલાકારનું અભિનંદન કરવા પ્રેરાય ત્યારે એક રીતે તે પોતાની આન્તરિક સુરુચિ અને કોમળ ભાવોનું જ આયોજનપૂર્વક પ્રકટીકરણ કરે છે.

આ અર્થમાં શ્રી જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિ એક સ્નેહપર્વ છે. આજનો દિવસ સુરુચિ, સહૃદયતા, જ્ઞાનની ગરિમા અને પ્રેમના મહિમાથી માનવતાને અલંકૃત કરનાર એક કલાકારના અભિનંદનનું પર્વ છે. આજને દિવસે આ વરેણ્ય લેખકને અમારી હાર્દિક શુભ કામનાઓ છે.

શ્રી જયભિખ્ખુની સાહિત્યિક ગુણવત્તાનું મૂલ્યાંકન, તેમની માન્યતાઓનું વિવેચન અને વિશાળ રચનાઓનું આલોચન તો આ જ ગ્રન્થમાં અન્યત્ર બીજી અધિકારી વ્યક્તિઓ દ્વારા કરાયેલું જોવા મળશે, પરંતુ તેમની સમગ્ર રચનાઓની સુગુંફિત મણિમાળામાં જે એક અક્ષુણ્ણ સૂત્રનું આપણને સહજભાવે દર્શન થાય છે તે તો છે તેમનું સરસ સ્નેહસિક્ત માનસ–કારુણિકતા જેનો બીજો પર્યાય છે. અનાવિલ દૃષ્ટિને લીધે તેઓ માનવની દુર્બળતામાં, પતન અને દુર્ગતિમાં પણ ઉત્થાનની અપાર સંભાવનાઓ ભણી ઇંગિત કરે છે.

શ્રી જયભિખ્ખુ મુખ્યત્વે માનવતાવાદી છે. માનવતા અવશ્યંભાવી ઉત્કર્ષમાં, તેની ઊર્ધ્વગતિ અને શ્રેષ્ઠ પરિણતિમાં તેમને વ્યાપક વિશ્વાસ છે. સદ્‌ગુણો ઉપર આશ્રિત માનવતાની સર્વોચ્ચ પ્રતિષ્ઠાના તેઓ નિષ્ઠાવાન ઉપાસક છે. તેમણે આલેખેલું પામરમાં પણ પામર પાત્ર તેના પતનના ચરમ અંધકારમાં પણ જ્યોતિની ક્ષીણતમ રેખાનાં દર્શન દીધા વગર વિદાય નથી થતું. પામરના પતનની અનિવાર્યતાનો સ્વીકાર કરવા છતાં લેખક તેને ઠોકર ખાવાની તક આપીને ફરીથી કાદવમાં ખૂંદતા નથી. તેમની નૈતિકતા પડેલાને પાટુ નથી મારતી, તેને વહાલ કરે છે. એમ લાગે છે કે આ જ નૈતિકતા કરુણામાં અવગાહન કરી વારંવાર કહે છે: 'ઊઠો, ફરીથી જીવન શરૂ કરો.' અનન્ત સંભાવનાઓનું બીજું નામ જ તો જીવન છે. તેમના તીવ્ર વ્યંગમાં, તીક્ષ્ણ કટાક્ષમાં અને ધિક્કાર સુધ્ધાંમાં કરુણાનું પ્રસન્ન દર્શન કરી શકાય છે. એ એક જુદી જ વાત છે કે આધુનિક યથાર્થવાદને આ સ્વીકાર્ય ન હોય, પરંતુ રાતમાં બહુ ઊંડું અંધારું કાળક્રમે જેમ ઉષાના આલોકની અભિલાષાને સાર્થક કરે છે તેમ દૃઢ ઇચ્છાશક્તિ વડે પતન પણ ઉત્થાન ભણી પ્રયાણ કરી શકે છે.

શ્રી જયભિખ્ખુએ એક વિશાળ ક્ષેત્ર પોતાની સામે રાખ્યું છે. ઇતિહાસના વસ્તુથી માંડીને લોકસાહિત્ય અને જુદા જુદા ધાર્મિક સાહિત્યના પ્રભાપૂર્ણ ભંડારમાંથી અનુપમ રત્ન શોધી અને પોતાની પ્રતિભા તેમ જ કળાથી તેને સજાવી તેઓ સમાજને ચરણે ધરે છે. ઐતિહાસિક તથ્યોનો આદર કરવા છતાં કલ્પના અને શૈલી દ્વારા તેને અત્યંત સજીવ બનાવવામાં તેઓ ઘણા સફળ થયા છે. બાળ–માનસશાસ્ત્રના તેઓ પંડિત છે. તેમનું લખેલું બાળોપયોગી સાહિત્ય આદર પામ્યું છે. એક એવી યોજના કરવાની ખાસ જરૂર છે, જેથી શ્રી જયભિખ્ખુના ખાસ પસંદ કરેલા પ્રકીર્ણ **સાહિત્યનો હિંદી તેમ**

જ બીજી ભાષાઓમાં અનુવાદ થાય.*

થોડામાં ઘણું કહેવાની મૃદુલ કલા કોઈ શ્રી જયભિખ્ખુ પાસે શીખી શકે છે. 'ઈંટ અને ઇમારત'-ના લેખકે સામયિક અને અન્ય પ્રસંગો ઉપર લખેલા સારગર્ભિત કટાક્ષ ઘણા માર્મિક હોય છે. ગાંધી-શતાબ્દીના આયોજન પ્રસંગે જે ખૂબ પૈસા માત્ર લોકોને આંજી નાંખવા માટે ખરચવામાં આવશે તેના ઉપર તેમણે પોતાની આન્તરવ્યથા અનુપમ વ્યંગમાં વ્યક્ત કરી છે. તેમનું સાહિત્ય સદા આનંદદાયી રહ્યું છે. 'મુનીન્દ્ર' એવા તખલ્લુસથી લખાતા લેખોમાં પણ અગમ પ્રત્યે માત્ર આશંકા ઉત્પન્ન કરવી એવું તેમનું લક્ષ નથી. રહસ્યની પણ સત્તા છે; તેના સમાધાનની શોધ કરી શકાય છે—આવા હેતુથી કૌતુકપૂર્ણ અનેક પ્રસંગ અને તેમની વિરલ સમીક્ષા પણ તેઓ આલેખે છે. લેખકે સ્વીકાર કર્યો છે કે 'કળા કળાને માટે' તેમને અભીષ્ટ નથી. તે સોદ્દેશ—કલ્યાણવિધાયિની હોવી જોઈએ. તેનું સમાજ પ્રત્યે ઉત્તરદાયિત્વ છે, જેનો નિર્વાહ અનિવાર્ય છે.

શ્રી જયભિખ્ખુના વ્યક્તિત્વ અને કૃતિત્વનો અત્યન્ત સબળ પક્ષ છે તેમની પ્રેમતત્ત્વ પ્રત્યેની નિષ્ઠા. યથાવકાશ આ તત્ત્વની લીલા તેમનું ધાર્મિક સાહિત્ય હોય કે લોકસાહિત્ય, સર્વત્ર તેમના ચિંતનનો પ્રિય વિષય બની છે. પ્રેમી જયભિખ્ખુના ભવ્ય કલા–પ્રાસાદની મુખ્ય પીઠિકા ઉપર પ્રેમની પ્રતિમા જ વિરાજે છે. પ્રેમાખ્યાનની વિવિધ રચના-કુસુમાંજલિ વડે આ પ્રતિમાનો અભિષેક કરી તેઓ કૃતકૃત્ય થયા છે. વિરહ અને વેદનાનાં અશ્રુજળથી વિશ્વજીવન પ્રેમનું પાદ-પ્રક્ષાલન યુગોથી કરતું આવ્યું છે. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ અનન્ત બલિદાન લઈ ને પણ પ્રેમની વેદી ચિર અતૃપ્ત રહી છે અને રહેશે. તૃપ્તિ જ અહીં વિનાશ છે.

जिन्दगी आज भी दिलकश है इन्हीं के दमसे।
हुस्न एक ख्वाब सही, इश्क एक अफसाना सही ॥

[ જિંદગી આજેય મોહક છે આ જ કારણોસર,
સૌંદર્ય એક સ્વપ્ન ભલે, ભલે પ્રેમ એક અફસાના.]

શિવપુરીના અભ્યાસ અને કઠોર સદાચારના ઉપદેશોના શાસનમાં રહેવા છતાં જયભિખ્ખુના અન્તરના રસિક કલાકારે શૃંગારરસની આમ્રકુંજોનો ખૂણેખૂણો થોભી થોભીને જોઈ–તપાસી લીધો છે. આ ગુપ્ત યાત્રામાં તેમણે કોઈની આંખો સાથે આંખો નથી મેળવી, પરંતુ તેમની નજરથી કાંઈ છૂપું રહેવા પામ્યું નથી; સહેજ પણ તક મળતાં લેખક આ રસ–રુચિનાં દર્શન આપણને લગભગ દરેક કૃતિમાં કરાવે છે. શૃંગાર રસરાજ છે, આને પરિહરી શું માનવનું સંપૂર્ણ ચિત્ર ક્યારેય બની શક્યું છે? કળાકારના કળાધામમાંથી પ્રેમની દેવીને નિર્વાસિત કરતાં શેષ બચે છે, પણ શું? શ્રી જયભિખ્ખુએ રસમાં ડૂબકી મારી 'પ્રેમકવિ જયદેવ' લખ્યું છે. લેખકની એ યુવાવસ્થાની રચના છે. જયદેવ અને પદ્માના પ્રથમ મિલનનું વર્ણન ખૂબ માર્મિક છે. એ તેમના સામર્થ્યનું પ્રમાણ છે. કલમ ઉપર સંપૂર્ણ શિસ્ત જાળવી રસવિલાસને ન્યાય આપતાં લેખક તટસ્થ રહી શક્યા છે. નહિ જેવા આ પ્રસંગમાં તેમ જ જીવનમાં તટની એક બાજુ અપાર કલ્યાણકારી રસસાગર છે તો બીજી બાજુ અશ્લીલતા અને અવનતિનું નિન્દ્ય પંક. તટની બંને બાજુ સુગતિ અને દુર્ગતિ, મોક્ષ અને બંધનની ભૂમિકા હાજર હોય છે.

લેખકની ષષ્ટિપૂર્તિના મંગળમય દિવસે અમે વૃન્દાવનવિહારિણી શ્રી રાધિકા નગરીનાં ચરણોમાં તેમના દીર્ઘ આયુષ અને અત્યધિક અનુપમ સાહિત્ય-સેવા માટે પ્રાર્થના કરીએ છીએ.

---

* હિંદીમાં શ્રી જયભિખ્ખુનું કેટલુંક સાહિત્ય ડૉ. ગોસ્વામી એસ. કરુણામયી, એમ. એ., પીએચ. ડી. એ અનુવાદ કરી પ્રગટ કર્યું છે.

# શ્રી જયભિખ્ખુ : એક ઝાંખી

ઇંદ્ર વસાવડા

**શ્રી** જયભિખ્ખુનો અપરોક્ષ પરિચય થયો રાજપીપળામાં. મારી પાસે અનેક પુસ્તકો પડ્યાં હતાં જેમાં થોડીક હસ્તપ્રતો પણ હતી. ગેલેરીમાં બેસી, આ બધાં પુસ્તકો હું જોતો હતો ને વાંચતો હતો, શ્રેષ્ઠતાનો ક્રમ નક્કી કરવા.

એકાએક આ પુસ્તકોના ઢગમાંથી એક સુંદર પુસ્તકે ધ્યાન આકર્ષ્યું–આકર્ષ્યું તેની સુંદર શૈલીએ તથા તેના ભાવોએ.

પુસ્તક હતું 'દેશના દીવા.' એક એક પ્રસંગ, એટલો સુંદર, હૃદયમાં ઊતરી જાય તેવો હતો, અને તેની રજૂઆત એટલી સુંદર હતી, કે એક પ્રસંગ વાંચ્યા પછી બીજો પ્રસંગ વાંચ્યા વિના રહી શકાય જ નહીં. આવી ઓજસ્વિતા કલમની જોવામાં આવી હતી શ્રી મેઘાણીભાઈમાં.

એકજ બેઠકે આ પુસ્તક પૂરૂં કર્યું–અને મનમાં વિચાર ઉદ્ભવ્યો–કોણ હશે આ લેખક જે આવા ઉમદા પ્રસંગો આવી સુંદર શૈલીમાં રજૂ કરે છે?

શ્રી જયભિખ્ખુનું નામ તો સાંભળ્યું હતું ઘણી-વાર. ગુજરાત સમાચારમાં તેઓ નિયમિત લખે છે. તેમને જોવાનું, મળવાનું મન તે દિવસથી હતું.

અને પરમ સૌભાગ્ય અમારું કે અનાયાસે જ તેમના સંપર્કમાં આવવાનું થયું અમદાવાદ મુકામે, તેમના જ ઘરમાં.

તેમણે પ્રથમ મુલાકાતને દિવસે જ કહ્યું, " મારે ઘેર જ રાખોને બેઠક. એ બહાને બધાને મળાશે. અને બે ચાર કલાક નિરાંતે કામ પણ થશે."

અને અમે તે આમંત્રણ સ્વીકાર્યું.

સાબરમતીના તટે તેમનું પોતાનું સુંદર મકાન છે. જેવું સુંદર મકાન છે, તેવું જ સુંદર–તેમનું આતિથ્ય પણ છે. એ ત્રણેક કલાક કેવી રીતે ગોષ્ઠીમાં ને કાર્યમાં વીત્યા તે પણ ખબર ન પડી.

શ્રી જયભિખ્ખુ ગુજરાતી સાહિત્યના અભ્યાસી છે, એક સારા લેખક તરીકે પ્રખ્યાત છે. પણ એ બધા કરતાંય તે એક સાચા માનવ છે; એમના હૃદયની મીઠાશ–જે કોઈ તેમના સંપર્કમાં આવે છે તેમને તે મળ્યા વિના રહેતી નથી.

શરદઃ શતમ્ એ જીવે અને સુંદર સાહિત્ય પીરસતા રહે અને એ રીતે માનવતાઘડતરમાં પોતાનો ફાળો આપતા રહે તેવી પ્રાર્થના આપણે આ પ્રસંગે ઈશ્વરને કરીએ.

# ખુશબોભર્યા શ્રી બાલાભાઈ

લેખક : બાબુભાઈ પ્રા. વૈદ્ય

સ્વરાજ્ય પછી આ દેશમાં જીવનનાં મૂલ્યો અને માનવતાના વિકાસની જે અપેક્ષા રાખવામાં આવી હતી, તે પરિપૂર્ણ ન થઈ, એ આજના યુગની મોટી કરુણતા છે.

જે રાષ્ટ્રના સંસ્કારના પાયામાં અનેક ઉમદા તત્ત્વો પડયાં છે, તેના વિશાળ જનસમુદાયને ક્લિષ્ટતા વચ્ચે જીવન વિતાવતો જોઈને આપણને સ્વાભાવિક જ આંચકો લાગે છે. વિશેષ આંચકો એટલા માટે લાગે છે કે આજથી વીસ–પચીસ વર્ષ પહેલાં આપણી જે કલ્પના હતી, તે સદંતર ભુલાઈ ગઈ હોય એમ લાગે છે.

હજી તો જાણે ગઈ કાલે ગાંધીજીએ આપણને જીવનનાં નૈતિક મૂલ્યો પોતાના ઉમદા દૃષ્ટાંત દ્વારા શીખવ્યાં. પવિત્ર સાધ્ય માટે સાધનોની પવિત્રતા અનિવાર્ય હોવાનું જણાવ્યું. બાપુ આ રાષ્ટ્રના માત્ર રાજકીય રાહબર નહિ, નૈતિક અને આધ્યાત્મિક રાહબર પણ હતા. બહુ ટૂંકા ગાળામાં મહાત્માજીએ જે મૂલ્યો પ્રત્યે આદરભાવ રાખતાં શીખવ્યું હતું તે મૂલ્યો ભુલાવા–ભૂંસાવા લાગ્યાં છે.

આપણાં સામાજિક જીવનમાં મદછકી હીનતા ફાલીફૂલી રહી દેખાય છે. સત્તા અને દ્રવ્ય કોઈ ઉચ્ચ ધ્યેય માટેનાં સાધન રહેવાને બદલે સાધ્ય જેવાં બની ગયાં છે. સત્તા કે સાધનની પ્રાપ્તિ અર્થે ગમે તેવું હીણું કામ કરતાં ન શરમાવું તેમાં હોશિયારી મનાવા લાગી છે. આવી રીતે આગળ આવી જનારા લોકો પાછા સમાજના અગ્રણીઓ ગણાય છે.

સાધન જ્યારે સાધ્ય બની જાય ત્યારે જીવનમાં ક્લિષ્ટતા વધે છે. આજે પરસ્પર ટાંટિયા ખેંચી એકમેકને પાડવાની વૃત્તિમાં હલકાઈ માનવાને બદલે સ્વાભાવિકતા મનાવા લાગી છે, અંગત લાભ ખાતર પાટલી–બદલુઓની જમાત, આનો જ પરિપાક છે. રાજકારણીઓનો આ દોષ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રસરી રહ્યો છે. વિદ્યાધામો અને સાહિત્ય–પ્રવૃત્તિ પણ તેનાથી મુક્ત નથી રહ્યાં.

ચોમેર નજર નાખતાં નિરાશાનું વાતાવરણ દેખાય છે.

આવાં નિરાશાનાં મહારણમાં કયારેક માનવતાની મીઠી વીરડી સમી કોઈ વ્યક્તિ જોવા મળે ત્યારે સ્વાભાવિક જ આનંદ થાય છે. જે સહજ હોવું જોઈએ, સ્વાભાવિક હોવું જોઈએ, તેવું સદ્વર્તન આજ વિરલ બની રહ્યું છે, તે દુઃખદ છે.

કોઈ માનવીમાં ખુશબોભર્યો વિવેક જોઈએ, કોઈનામાં પોતાનાં માનવ–બંધુ પ્રત્યે નિર્બંધ ઉભરાતો સાચો સ્નેહ જોઈએ, કોઈ શક્તિશાળી વ્યક્તિને સત્તા અને સાધનોની વરવી ઝૂંટાઝૂંટથી ગૌરવભેર અળગી ઊભેલી જોઈએ, કોઈને અન્યની વેદના પ્રત્યે કશો દેખાવ કર્યા વિના સમ–સંવેદન અનુભવતા જોઈએ, કોઈને જીવનના આનંદમાં સૌને ભાગીદાર બનાવવા તલસતા જોઈએ, કે કોઈને જીવનના પ્રત્યેક વ્યવહારમાં નૈતિક મૂલ્યોની જાળવણી કરતા જોઈએ, ત્યારે આપણને એવી વ્યક્તિ પ્રત્યે આકર્ષણ થાય છે. લોહચુંબક લોઢાંને આકર્ષે તેમ ચોમેરની ક્લિષ્ટતા વચ્ચે પોતાનાં જીવનની ખુશબો છૂટે હાથે વેરતી વ્યક્તિનું આપણને આકર્ષણ થાય છે.

શ્રી બાલાભાઈ દેસાઈ (જયભિખ્ખુ) પ્રત્યે મને આ પ્રકારનું આકર્ષણ થયું હતું. નામથી તો અમે બંને પરસ્પર પરિચિત હતા, પરંતુ નિકટ આવવાનો કોઈ પ્રસંગ આવ્યો નહોતો.

રાજકોટમાં એક કામવાળી વિધવા બાઈના એકના એક છોકરાને ગંભીર માંદગી આવી, એ છોકરાને બચાવવો હોય તો નિષ્ણાત ડૉકટર પાસે તેનું ઓપરેશન કરાવવાની જરૂર હતી. કામવળી બાઈ પાસે પૈસા તો કયાંથી હોય? આમ પૈસાના અભાવને ખાતર કોઈને જિંદગી ગુમાવવી પડે, એ વિચાર મને શૂળની જેમ ખૂંચતો હતો. આ છોકરાને કઈ રીતે મદદરૂપ થવાય તેના વિચારમાં હું રાજકોટની બજારમાં ચાલ્યો જતો હતો, ત્યાં શ્રી રસિકભાઈ મહેતા અને શ્રી બાલાભાઈ દેસાઈ મને સામા મળ્યા. પરિચય તો હતો જ. અમે વાતો કરતા રસ્તામાં ઊભા રહી ગયા.

મારા મનમાં વિધવાના છોકરાની વાત ઘોળાતી હતી, તે મેં બંને મિત્રોને કરી. શ્રી બાલાભાઈએ અને શ્રી રસિકભાઈએ પળનાય વિલંબ વિના કહ્યું, એમાં અમારો ફાળો ગણજો.

ફાળો તો ઘણાય આપે છે અને બહુ મોટી રકમના આપે છે. પરંતુ શ્રી બાલાભાઈમાં મેં જે સમસંવેદન જોયું, તેથી તેમના પ્રત્યેનું મમત્વ વધ્યું.

સમસંવેદન સાહિત્યકારની સૌથી મોટી મૂડી છે. સામા માણસની પરિસ્થિતિ સમજવાની અને સમસંવેદન અનુભવવાની શક્તિ જે દિવસે સર્જક ગુમાવશે, તે દિવસે સાહિત્ય-સર્જનમાં સચ્ચાઈનો રણકો સંભળાતો બંધ પડી જશે. લખવાની ફાવટ આવી ગઈ હશે, તો એવો રુક્ષ સર્જક કદાચ ઢસડયે જશે, પણ ઢસરડો કદી શ્રેષ્ઠ સર્જનમાં પરિણમતો નથી.

એક વયોવૃદ્ધ બીમાર આદમી રસ્તા પર બેભાન પડયો હતો. એને ઝાડા-પેશાબનું ભાન ન હતું રહ્યું, ત્યારે મેઘાણીભાઈએ એ ડોસાને પોતાને હાથે સાફ કરવાનો આગ્રહ રાખતાં કહ્યું હતું, "મારી વાર્તાનાં પાત્રો રક્તપીત્તિયાનાં પાચ-પરુ સાફ કરવામાં જીવનનું સાફલ્ય સમજે છે, તો હું, તેમનો સર્જક, મારા પિતા જેવા આ વૃદ્ધ પુરુષને સાફ કરતાં કેમ સુગાઉં? સુગાઉં તો મારું સર્જકત્વ ઓસરી જાય."

આ એક વાકયમાં મેઘાણીભાઈએ સર્જકનો આદર્શ વ્યક્ત કરી દીધો. શ્રી બાલાભાઈ સર્જકનો આ આદર્શ ઠીક અંશે સમજ્યા છે, તેવી મારી છાપ છે. તેમના જીવનમાં જુદે જુદે પ્રસંગે મેં આ આદર્શ ચરિતાર્થ થતો જોયો છે. તેમનું સમસંવેદન તીવ્ર છે, કાર્યાન્વિત પણ છે.

વર્તમાન-પત્રોની કટારો માટે નિયમિત લખવાનું, સર્જનાત્મક લેખનપ્રવૃત્તિ પણ ખરી અને મોટા પાયા પર ખરી, ચાલુ વાર્તાઓ પણ લખે, એક પ્રેસ સંભાળવાનો અને એટલું ઓછું હોય તેમ જીવન-મણિ ગ્રંથમાળા સહિત અનેકવિધ સંસ્કાર-પ્રવૃત્તિઓ પણ હાથ ધરવાની, છતાં શ્રી બાલાભાઈને મેં કયારેય સમય માટે ફાંફાં મારતા જોયા નથી. મિત્રોને મળવા અને અન્યનાં કામ આટોપવા તેમને સમય મળતો જ રહ્યો છે.

કામનો થોડો બોજ આવે ત્યારે હાંફળા-ફાંફળા થતા અને જે ઝપટે ચડે તેને વડકાં ભરી લેતા કેટલાક કહેવાતા મોટા માણસો મેં જોયા છે. સામાને વડકાં ભરવાં તેને જ આવા લોકો પોતાની મોટાઈનું ચિહ્ન માનતા લાગે છે.

પરંતુ બાલાભાઈને મેં દોડાદોડી કરતા નથી જોયા. કુમારના વેવિશાળનો પ્રસંગ હોય કે શારદા-મુદ્રણાલયમાં મારમાર કામ કાઢવાની વાત હોય, એ પ્રત્યેક પ્રસંગે બાલાભાઈની સ્વસ્થતા અવિચલિત રહેતી મેં જોઈ છે, એમની સુવાસ એવી કે વહેવારનાં કાર્ય આપોઆપ આટોપતા હોય એવું લાગે. બાલાભાઈનો વિવેક એમના જીવનના ભાગરૂપ બની ગયો છે. કામના ગમે તેવા બોજા વચ્ચે પણ બાલાભાઈનો સત્કાર કદી ઉપરછલો નહીં લાગે-અંતરમાંથી ઊઠતો હોય એવું લાગશે. જીવનના આનંદના આદિ-ઝરામાંથી શ્રી બાલાભાઈને કંઈક લાધી ગયું હોય એમ તેમની સાથેના સંપર્ક પરથી લાગે.

માનવ–વ્યવહારમાં વિવેક એ સંસ્કૃત સમાજનો પાયો છે. જેમની સાથે મતભેદ હોય, જેમના અભિપ્રાય સાથે આપણે સહમત ન થઈ શકતા હોઈએ, તેમના પ્રત્યે પણ વિવેકભર્યું વર્તન રાખવું, એ જ સાચી સંસ્કારિતા છે. ભારતીય જીવનમાં વિવેકને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે.

શ્રી બાલાભાઈ દેસાઈને જોઈએ અને આ ભૂમિનો તળપદો વિવેક તેમનામાં મૂર્તિમંત થયો હોય તેમ લાગે. એમાં કૃત્રિમતા કે આડંબર નથી. ધરતીમાંથી ફૂટતાં ઝરણાંની જેમ શ્રી બાલાભાઈનો વણિક–વિવેક સહજ છે. તેમના આકર્ષણનું તે મૂળ છે.

શ્રી બાલાભાઈ દેસાઈના બાહ્ય દેખાવમાં આકર્ષણ થાય તેવું કોઈ તત્ત્વ નથી. નબળી આંખો, તીણો અવાજ, સામાન્ય ચહેરો, સાદો પોશાક–એમાં આકર્ષણ થાય તેવું શું છે ? પણ માનવીના બાહ્ય દેખાવ પરથી જ તેનું માપ કાઢવાનું હોય તો ગાંધીજીના દેખાવમાં શું હતું ?

માણસનું સાચું હીર અંદર પડ્યું છે. અંદરનો ખજાનો જેનો મબલખ, તેનો બાહ્ય દેખાવ ભુલાઈ જાય છે.

શ્રી બાલાભાઈમાં જે મમતા છે તેથી કિસમ કિસમના લોકો તેમના પ્રત્યે આકર્ષાય છે, અને એક વાર તેમનાં આકર્ષણનું મધુર જાદુ અનુભવ્યા પછી શ્રી બાલાભાઈ સાથેનો સંબંધ છોડવાનું કોઈ પસંદ કરતું નથી. તેમની મૈત્રીમાં આહ્લાદક હૂંફ છે. મિત્રની ચિંતા તેઓ બહુ આસાનીથી પોતાની ચિંતા કરી લે છે.

શ્રી બાલાભાઈ તેમની ખુશબોથી મારા જેવા રાજકારણના જીવને આકર્ષી શકયા છે, તો એ જ સુવાસનાં જાદુથી કે. લાલ સમા જાદુગરને પણ પોતાની પાછળ ગાંડા કરી શકયા છે. બાલાભાઈ આંખનું ઑપરેશન કરાવવા જાય તો ડૉકટરોને પોતાની મોહિની લગાડતા આવે. તેમના મિત્રમંડળ સમું વૈવિધ્ય ભાગ્યે જ બીજે જોવા મળશે. આણદા બાવાની જગ્યાના મહંત, લાખોની ઉથલપાથલ કરતા વેપારીઓ, વિદ્યાવ્યાસંગમાં રાચતા પંડિતો ને પ્રાધ્યાપકો, પોલીસ ને પત્રકારો, વિદ્યાર્થીઓ અને અધિકારીઓ, કવિઓ અને કામદારો ઇત્યાદિ અનેકવિધ લોકો સાથે શ્રી બાલાભાઈનો ઘનિષ્ઠ સંબંધ છે.

સમાજના વિવિધ થરના માનવીઓ સાથે શ્રી બાલાભાઈનો અંગત સંબંધ જામે છે, તેનું રહસ્ય એ લાગે છે કે તેઓ પોતે સાચા માણસ છે. આ જમાનામાં સાચા માણસો બહુ જૂજ જોવા મળે છે.

**તેમણે** સર્જનના વિવિધ પાસાંઓને કુશળતાપૂર્વક સ્પર્શીને ગુજરાતના આબાલ-વૃદ્ધ સૌની ઉચ્ચ રસવૃત્તિને પોષી છે.

**—રાઘવજીભાઈ લેઉઆ**
સ્પીકર : ગુજરાત રાજ્ય વિધાનસભા

# કેટલાંક સ્મરણો

ડો. બિપિન ઝવેરી

**અમદાવાદમાં** શ્રી ધીરજલાલ ટોકરશી શાહ 'જૈન જ્યોતિ' નામનું અઠવાડિક ચલાવે. તેમની કચેરી રતનપોળની નગર શેઠ માર્કેટ–હાલમાં જર્મન સિલ્વર માર્કેટમાં રાખેલી. ત્યાં બાલાભાઈ તંત્રી તરીકે અને હું સહતંત્રી તરીકે કામ કરતો હતો.

અગિયાર વાગ્યે બાલાભાઈ આવે. સહેજ જાડું ધોતિયું ને ખમીસ, જેનો ઉચ્ચાર તેઓ કમીઝ કરે. તેના ઉપર કોઈવાર ખાદીનો તો કોઈવાર મીલનો કોટ. માથે કાળી ટોપી. શામળા મોં પર જાડાં ચશ્માં.

પશ્ચિમ દિશામાંથી બાલાભાઈ આવે. કોટ ઉતારીને ફોલ્ડિંગ ખુરશી પાછળ ભેરવે. ટોપી ખીલા પર ભેરવે. પોતે ખુરશી પર ગોઠવાય. એક પ્યાલો પાણી પીએ. અને પછી ધીરે ધીરે એમનું સંપાદનકાર્ય થાય.

સંપાદક તરીકે બાલાભાઈ સામાન્ય રીતે અગ્રલેખ, એક વાર્તા અને છેલ્લે પાને વિવિધ રસપ્રદ માહિતી, ટુચકા વગેરેના ચવચવરૂપ રસસંચય લખતા. આ રસચંચયમાં અઢાર પોઈન્ટથી કોલમમાં એક જીવનપયોગી સૂત્ર પણ આપતા. આ રસસંચય એટલો બધો રસિક થતો કે એનું મેટર જ્યારે પ્રેસમાં જતું ત્યારે કંપોઝીટરો એને સીધું કંપોઝમાં લેવાને બદલે પહેલાં આખું રસભેર વાંચી જતા! ગુરુવારે પ્રેસમાં જઈ સમાચાર વગેરેનાં પેજ પડાવવાનું કામ પણ બાલાભાઈનું જ. તે ઉપરાંત વિદ્યાર્થી વાંચનમાળાની ત્રણચાર ચોપડીઓ પણ એમણે જ લખેલી.

તે વખતે બાલાભાઈના અક્ષર અતિ સુંદર તો ખરા જ, પણ અતિ વિશિષ્ટ પણ. દરેક અક્ષરને અને કાનામાત્રને એક એક છોગું હોય. આ છોગું લખતી વખતે આપોઆપ આવી જાય–તે મૂકવામાં બહુ વાર ન લાગે. એમની લિપિનાં આ છોગાં જોતાં મને લાગે છે કે એ હજાર વર્ષ પહેલાં બાલાભાઈ રોમન હોવા જોઈએ. મને ખાત્રી છે કે આ ગ્રંથના સંપાદકો બાલાભાઈના જુદા જુદા કાળના હસ્તાક્ષરો પણ છાપશે જ.

આ બધી રચના પેલી ટીપોય પર થાય. ટીપોય એટલે લખવાનું ટેબલ હોવું જોઈએ તેના કરતાં સ્વાભાવિક રીતે જ નીચી. તે વખતે પણ બાલાભાઈને સહેજ જાડાં ચશ્માં એટલે એમને થોડા વાંકા વળીને લખવું પડે.

એ દુકાન, એ ધીરુભાઈ, એ બાલાભાઈ.

શેઠને વારંવાર બહાર જવાનું થાય; ને તેવે વખતે કેટલીકવાર બાલાભાઈ વાત શરૂ કરે.

એક વાર તેઓ મને કહે, 'આ તમે શું માંડયું છે? દરેક વાતમાં 'જી,' 'જી' કર્યા કરો છો!'

હું મનમાં કહેતો, 'વિનય અને ખાનદાની એ અમારા કુળની પરંપરા છે.'

પહેલાં હું બિપિનચંદ્ર ઝવેરી હતો. તેમાંથી મને બિપિન ઝવેરી બનાવ્યો તે પણ એમણે જ. તેમણે પ્રેમપૂર્વક ટપારી મારું છોગું યા પૂંછડું કપાવી નાખ્યું, 'બીજાઓ ભલે તમને એ નામે બોલાવે; તમે પોતે તમારી પાછળ માનવાચક શબ્દ કેમ લગાડો છો?'

'જૈનજ્યોતિ' અઠવાડિકની ગ્રાહકસંખ્યા સાડા સાતસોની હતી. એ વખતે ટંકશાળમાં બેસતા વીરવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં છપાતું ને એના માલિક

હતા મણિલાલ છગનલાલ શાહ. પાતળા, ઉત્સાહી મણિલાલ (તે વખતે 'મણિભાઈ' નહોતા) જાતે કંપોઝ પર બેસતા. તેમનો હાથ ઘણો ઝડપથી ચાલતો, ને કામદારો સાથેનો સંબંધ સમાનતાનો હતો. એ સસ્તા કાળમાં તેઓ રોયલના ફરમાના સાત રૂપિયા લેતા, અને ક્રાઉનના આઠ. આખા અમદાવાદનાં ઘણાંખરાં પ્રેસમાં એજ ભાવ હતો.

પ્રેસમાં જવું પડે ત્યારે તેઓ મારકીટના પાછલા દરવાજેથી દોશીવાડાની પોળમાં વિદ્યાશાળાના પાછલા ભાગ નજીકથી દાખલ થતા, ને ત્યાંથી ટંકશાળમાં પ્રવેશતા. રેપરની ઉપર ઠેકાણાની પટ્ટી ચોંટાડવાનું અને અંકો વાળી તેના પર રેપર લગાડવાનું કામ પ્રારંભમાં દુકાનમાં જ થતું. સાધારણ રીતે શુક્રવારે અમે બધા રેપર કરવા બેસી જતા, ને તે જ દિવસે રીચીરોડની ટપાલ કચેરીએ સોંપી દેતા. રેપર ચોંટાડવામાં કેટલીકવાર ધીરુભાઈ પણ જોડાતા પણ બાલાભાઈને તેમાં ન ખેંચતા તેમનું તંત્રી તરીકેનું ગૌરવ જાળવતા.

ધીરજલાલ અને બાલાભાઈના કુશળ સંપાદન હેઠળ 'જૈનજ્યોતિ' જામતું આવતું હતું. એ સુધારકોનું મુખપત્ર ગણાતું, ને મુંબઈ જૈન યુવક સંઘના મણિલાલ મોકમચંદ વગેરેનો એને ટેકો હતો.

બાલાભાઈ મારા પર વિવિધ રીતે વાત્સલ્ય વરસાવ્યા કરતા. એક વાર જ્યોતિ કાર્યાલયના કામે હું રીચી (હવે ગાંધી) રોડ પોસ્ટ ઑફિસે ગયો. બાલાભાઈએ મને કહ્યું. "બિપિન, તમે પોસ્ટ ઑફિસ જાવ છો ને? તો મારે માટે એક રૂપિયાનાં કાર્ડ લેતા આવજો." આમ કહીને તેમણે મને દશ રૂપિયાની નોટ આપી. ખાદી ભંડારમાંથી ખરીદેલા ત્રણ આનાના પાકીટમાં તેમની નોટ મૂકી હું રજિસ્ટર કરવાનો કાગળ લઈને ચાલ્યો. પહેલાં ટિકિટબારી પરથી રૂપિયાનાં કાર્ડ લઈ બાકીના નવ પાકીટમાં મૂકી પાકીટ કફનીના જમણા ખીસામાં મૂક્યું. પછી રજિસ્ટર કરાવવા ગયો. રજિસ્ટરની બારી પર સારી ભીડ હતી અને તે જમાનામાં આજના જેવો ક્યૂનો રિવાજ જ નહિ. (એ રિવાજ બીજા મહાયુદ્ધે આપણને આપેલી ભેટ છે) હું એ ટોળામાં ઘૂસ્યો. મારી કફનીમાં છેડાને સહેજ આંચકો વાગ્યો. ખિસ્સામાં હાથ ઘાલીને જોઉં તો પાકીટ ગુમ!

એમને એ રૂપિયા આપવા મેં ઘણા પ્રયત્ન કર્યા, પણ તેમણે સ્વીકાર્યા નહિ. તે જમાનાની બાલાભાઈની આવકના પ્રમાણમાં રૂપિયા નવની રકમ નાની નહોતી. હસતાં હસતાં મને માત્ર એટલું જ કહ્યું કે "એટલા પૈસા ખોટે માર્ગે આવ્યા હશે એટલે ચાલ્યા ગયા."

પછી એ પૈસા પાછા આપવા મેં એક બીજો વિચાર કર્યો. મેઘાણીનું સુંદર રૂપાંતર 'સત્યની શોધમાં,' સાવરકરની "આપવીતી" અને સાવરકારનો એક કાવ્ય સંગ્રહ મેં તેમને ત્યાંથી જ વાંચેલાં. તેમના આ ગૃહ–સંગ્રહમાં આશરે સાઠ સારી ચોપડીઓ. સરસ્વતીચંદ્રના પહેલા બે ભાગ ખરા, પણ ત્રીજા–ચોથા ભાગના બે ટુકડા નહિ. કારણ કે એ ખરીદવા જેટલા પૈસા એકત્ર થયા નહોતા. વિનયપૂર્વક મેં તમને કહ્યું, "હું પાછલા ભાગ ભેટ આપું." ઘણું કહેવા છતાં તેમણે એ વાત સ્વીકારી નહિ.

એક વાર હું ધીરુભાઈના વાંકમાં આવ્યો. વસ્તુતઃ વાંક મારો નહોતો, પણ મેં ખુલાસો ન કર્યો તેથી ધીરુભાઈને મારો વાંક ભાસ્યો. ધીરુભાઈ ચંપલ (અલબત્ત તેમનાં કાળી પટ્ટીનાં) પહેરીને બહાર ગયા પછી બાલાભાઈએ મને કહ્યું, "તમારો શું વાંક હતો? પણ તમે ખુલાસો કેમ ન કર્યો?" તે શનિવારના રસસંચયનું સૂત્ર આવું હતું, "બોલવાની જરૂર હોય ત્યાં મૌન સેવવું તે આત્મઘાતક છે."

એકવાર બાલાભાઈ, હું અને રસિકલાલ ઘર તરફ જઈ રહ્યા હતા. રસ્તાની કૉર્નરે એક જોષી બેઠેલા. બાલાભાઈ મને હસ્તરેખાશાસ્ત્રી પાસે લઈ ગયા ને સવા પાંચ આના આપી મારો હાથ જોવડાવ્યો. ટીખળમાં પેલાને કહ્યું, "આના લગ્નની અમને બહુ ચિન્તા છે મહારાજ, જુઓને એને કન્યાયોગ છે કે નહિ?" જીવનનો ઉત્સાહ અને હાસ્યવૃત્તિ બાલાભાઈમાં મૂળથી જ હતાં, ને એવા અનેક પ્રસંગોનો અમને અનુભવ થતો.

મેં બાલાભાઈને મારે માટે નોકરી શોધવા કહ્યું. પણ નોકરી ક્યાંથી મળે ? અને સમય તો પસાર થાય નહિ. અંતે મેં ઘરમાં બેઠાં ચીતરવા માંડયું.

આ દરમ્યાન બાલાભાઈએ એક અજબ વસ્તુ કરી. મારી નોકરી છૂટી ગયાના ખબર મેં જિયા-બાપાજીને આપ્યા નહોતા. આપવાનો મારો વિચાર પણ નહોતો. પણ મારાથી ખાનગીમાં તેમણે એ ખબર બાપાજીને આપ્યા.

એક દિવસ જિયાબાપાજી મને તેડવા અમદાવાદ આવી પહોંચ્યા (મારે મન તો ઓચિંતા જ). કેશુ-ભાઈ દાક્તરની સલાહ–સમજાવટથી મેં અમદાવાદ છોડયું અને મુંબઈવાસી બન્યો. બાલાભાઈએ મને આ રીતે મુંબઈ ભેગો ન કર્યો હોત તો કદાચ હું કૉલેજનું મોં જ જોવા ન પામત. આજે જે કાંઈ હોદ્દો અને પ્રતિષ્ઠા ધરાવું છું તેનું માન સાયલા-કારભારી વીરચંદ દેસાઈના એ પુત્રની અગમચેતીને ઘટે છે.

૧૯૪૬માં હું ચિત્રપટનો તંત્રી બન્યો. મેં બાલા-ભાઈને અંકો મોકલવા માંડયા ને સુધારા માટે તેમનો અભિપ્રાય મંગાવ્યો. તેમણે ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું, એમનો એ પત્ર આજે પણ મેં સાચવી રાખ્યો છે.

(મૂળ લેખમાંથી ટૂંકાવીને)



**શ્રી જયભિખ્ખુની** સાહિત્યસેવાથી ભાગ્યે જ કોઈ ગુજરાતી અજાણ હશે. સાહિત્યના આવા ભેખધારીનું કલકત્તામાં એટલે કે કવિવર ટાગોર, શરદબાબુ અને બંકિમચંદ્ર જેવાની ભૂમિમાં સન્માન થાય છે, તે ગુજરાતી સાહિત્યકારનું સન્માન ઉપરાંત ગુજરાતનું સન્માન છે.

**—જશવંત મહેતા**
નાણાપ્રધાન : ગુજરાત રાજ્ય

# ઉદારચરિત જયભિખ્ખુ

**અરવિંદ શાસ્ત્રી**

**થોડાંક** વર્ષો પહેલાંની વાત છે. સ્થળ હતું નાઝ કમ્પાઉન્ડ–લેમિંગ્ટન રોડ અને કિસ્મત કાર્યાલય.

એ સમયે કાર્યાલયમાં તંત્રીશ્રી ઉષાકાન્ત પંડ્યા, પ્રસિદ્ધ સીને પત્રકાર અને છબીકાર શ્રી રામ ઔરંગાબાદકર, શ્રી જયભિખ્ખુ, હું તથા બીજા એક–બે જણા પણ હાજર હતા.

આ સમયે સૂર અને નૂપુરની દુનિયાના વાર્તાલાપ દરમ્યાન શ્રી જયભિખ્ખુએ રામને નૃત્યરાણીઓ, તેમના તરફથી યોજાતા નાચ–ગાન અને મુજરાઓ અંગે પૂછ્યું.

રામની પાસે આ અંગેની સારી માહિતી છે તે વાતની શ્રી જયભિખ્ખુને જાણ થઈ હતી અને એટલે જ તેમણે આ વિશે પૃચ્છા કરી.

રામે જરૂરી માહિતી આપી. તેમના તરફથી યોજાતી મહેફિલો અને મુજરાઓની વાતો પણ કરી. ડેરેદાર નૃત્યરાણીઓ તથા બજારુ સ્ત્રીઓ વચ્ચેના ભેદ પણ સમજાવ્યા. શ્રી જયભિખ્ખુએ તેમાં ભારે રસ લીધો. અને પછી કહ્યું, 'ભાઈ રામ, કોઈ મુજરા મહેફિલને મારે નજરેનજર જોવી છે. મને એમાં હાજર રહેવાની સુવિધા કરી આપશો ?'

શ્રી જયભિખ્ખુની આ માગણીથી અમને થોડાકને આશ્ચર્ય તો થયું, પણ અમે મૌન રહ્યા.

શ્રી રામે તેમ કરવાની ખાતરી આપી.

આ છે શ્રી જયભિખ્ખુના સ્વભાવનું એક ચિહ્ન. એમની વાર્તામાં અનુભવ, પ્રસંગો, દૃશ્યોનો જે નિચોડ હોય છે તે બધું જાતઅનુભવ પરથી જ પ્રાપ્ત કરેલું હોય છે. નૃત્યરાણીના મુજરા ફિલ્મી દૃશ્યો પરથી કે પછી કલ્પનાના રંગથી ચીતરવા કરતાં તેનો જાતઅનુભવ લીધો હોય, એ નજરેનજર જોયા હોય તો નવલકથા કે વાર્તામાં તેના ચિત્રણને સ્વાભાવિકતાનો ઓપ મળે અને આથી જ શ્રી જયભિખ્ખુએ પોતાની આ તંદુરસ્ત ઇચ્છા વ્યક્ત કરી હતી.

કોઈ પણ વિષય પર કલમ ચલાવતાં પહેલાં ભાઈ જયભિખ્ખુ તે વિષયનું સાહિત્ય જરૂર વાંચી જાય છે. એનો મને અનુભવ છે. તેમની મારી આગળ વખતોવખતની માંગ આવે, 'અમુક સાહિત્ય મોકલી આપો.' હું એમની એ ઇચ્છા કયારેક પોષું, કયારેક નહિ પણ પોષાય. અગમ્યવાદ, નજરબંધી, મંત્રતંત્ર વિદ્યા, હિપ્નોટીઝમ વગેરે ગેબી વિષયો પર પણ તેમણે અનેક લેખો લખ્યા છે. અને તેની પાછળ તેમણે સારો અભ્યાસ તથા વાચન પણ કર્યું છે. આ એમના સાહિત્યિક જીવનનું એક પાસું થયું.

શ્રી જયભિખ્ખુમાં નાના માણસો પ્રત્યે પણ અજબની સહાનુભૂતિ હોય છે. તેની શક્તિને એ પારખી જાય તો તેને ઝબકાવવાના તેમના પ્રયત્ન રહે છે જ. એક સાધારણ દાખલો આપું. શારદા મુદ્રણાલયમાં એક સાધારણ માણસ આવ્યો. શ્રી જયભિખ્ખુ તે સમયે પ્રેસની દેખરેખ રાખે. આ માણસને કાગળો ગણવાનું સાધારણ કામ આપવામાં આવ્યું.

શ્રી જયભિખ્ખુનું ધ્યાન આ માણસ પર કેન્દ્રિત જ હતું. માણસ હોશિયાર જણાયો એટલે ભાઈ જયભિખ્ખુએ તેને જરા વધુ જવાબદારીભર્યું કાર્ય સોંપ્યું. તેમાં કુશળ જણાયો એટલે તેને કમ્પોઝ અને તે પછી પ્રેસમેન પણ બનાવ્યો.

પરંતુ ભાઈ જયભિખ્ખુ આટલેથી અટકયા નહિ. તેમણે એના વિકાસમાં વ્યક્તિગત રસ લીધો અને પછી તેને એક બેંકમાં પોતાની લાગવગ લગાડી નોકરીએ પણ મૂકી દીધો.

આજે એ માણસ બેંકમાંથી સારો એવો પગાર મેળવી રહ્યો છે.

આ છે શ્રી જયભિખ્ખુના સ્વભાવનું બીજું પાસું. શ્રી જયભિખ્ખુમાં આત્મીયતાનો ગુણ પ્રાધાન્ય ભોગવે છે. જેમને માટે તેઓ કામ કરે તેના કાર્ય પાછળ પોતાની સારીય શક્તિ લગાવી દે. કાર્યની પાછળ તેઓ પોતાનો સ્વાર્થ ન જુએ. પ્રસિદ્ધ જાદુગર કે. લાલની શક્તિઓ તેમણે પારખી અને પછી તેને માટે પ્રશસ્તિભર્યાં લખાણો લખ્યાં. કેટલાકોને લાગ્યું કે જયભિખ્ખુ આમાં કેમ પડયા? પણ મિત્રાચારીનો જેણે હાથ લંબાવ્યો તેને સહાય કરવાની ફરજ–કર્તવ્યથી તેઓ વિમુખ કેમ બને? આજે કે. લાલ તેમના ખાસ મિત્ર છે. એટલું જ નહિ પણ તેઓ જયભિખ્ખુને પોતાના મોટાભાઈ જ ગણે છે.

પ્રસિદ્ધ લોકકવિ પદ્મશ્રી દુલા કાગે એક સમયે જયભિખ્ખુ આગળ વેદના પ્રગટ કરી–લોકકવિ-ગાયક તરીકે હું ભલે બિરુદ પામ્યો પણ સાહિત્યકારો–કવિઓ આગળ તો હું નાનો જ ગણાઉં!

ભાઈ જયભિખ્ખુએ કહ્યું, 'તમે તો કવિઓના પણ કવિ છો.'

દુલા કાગ કહે, 'એ વાત ખોટી.'

'તો પછી એ વાત સાચી કેવી રીતે થાય?'

'મારે આંગણે સાહિત્યકારોનો જમેલો તમે લાવી શકો તો હું એ વાત માનું!' પછી કહે, 'પણ આ ગામડામાં અમારા જેવા પછાતોને ત્યાં–ગરીબોને ત્યાં કોણ આવે?'

શ્રી જયભિખ્ખુએ લોકકવિના હૃદયની આ વેદના પારખી અને તેની સાથે સાથે સાહિત્યકારોને સન્માનવાનો ઉમળકો પણ તેમણે જોયો. દુલા કાગને કોલ આપ્યો કે તમારી એ ઇચ્છા પૂરી થશે જ.

અને પછી દુલા કાગને આંગણે ગુજરાત–મુંબઈના પ્રસિદ્ધ સાહિત્યકારોનો જમેલો તેમણે ગોઠવી દીધો. એમાં તંત્રીઓ હતા, લેખકો હતા–વાર્તાકારો કવિઓ અને સાહિત્યકારો પણ. ગુજરાતી સાહિત્યના અગ્રણી સાહિત્યકારોથી દુલા કાગનું આંગણું પાવન બન્યું. અને આ મહેમાનોની સરભરા પાછળ દુલા કાગે–તેમના કુટુંબે અને ગ્રામજનોએ જે આવતા-સ્વાગતા કરી તે તેમાં ભાગ લેનારા સાહિત્યકારો આજે પણ ભૂલ્યા નથી. આ બધાની પાછળ ભાઈશ્રી જયભિખ્ખુનો આત્મવિશ્વાસ, કાર્યપદ્ધતિ અને સંગઠનશક્તિ જ કારણભૂત છે.

ભાઈ જયભિખ્ખુમાં આત્મીયતાનો ગુણ ભારે. આ ગુણને ચમકાવતા કેટલાક દાખલાઓ મેં સાંભળ્યા પણ છે. અણીને વખતે તેમણે મિત્રો પાસેથી મદદ મેળવીને પણ સંસ્થાઓને સહાય કરી છે.

પોતે મોટા હોય–સારા વિદ્વાન પણ હોય છતાં સામાની આગળ નાના બની તેમની સેવા કરવાની તેઓ તક શોધતા જ રહે. આવો ગુણ બહુ જ ઓછામાં નજરે પડે છે. પોતાના આ ગુણને લઈને જ તેઓ વિવિધ પ્રકૃતિના માનવીઓને એકી સાથે નિભાવી શકે છે, શકયા છે. એક જ ટેબલ ઉપર તેઓ વિદ્વાન અને શ્રીમન્તને પણ લાવી શકે તેવા કાબેલ છે.

'જનકલ્યાણ', 'જીવનમણિ ટ્રસ્ટ' આદિ સંસ્થાઓમાં તેમણે પોતાનો પ્રાણ રેડીને એ સંસ્થાઓને ગુજરાતની આગવી સંસ્થાઓ બનાવી છે. વિષયની વિવિધતા પર જ તેમનું ધ્યાન કેન્દ્રિત રહેતું નહોતું પણ છાપકામ–ગેટઅપ–ગોઠવણી–કવર જેકેટ વગેરે દરેક નાનીમોટી વાતમાં પણ તેઓ ધ્યાન આપી પુસ્તકને શોભીતું અને આકર્ષક બનાવવાની પૂરી કાળજી લેતા.

આવા ગુણોએ જ ભાઈશ્રી જયભિખ્ખુને એક મોટા માણસ બનાવી દીધા છે. પણ જયભિખ્ખુ તો આજે પણ પોતાને 'નાનો માણસ' જ કહે છે. તેમની આ ઉદારતા છે. તેમના વિશાળ હૃદયનો આ પડઘો છે.

ગુજરાત જયભિખ્ખુનું સન્માન કરે છે તે યોગ્ય જ છે.

# શ્રી 'જયભિખ્ખુ' : મારી નજરે

લેખક : ઉષાકાન્ત. જે. પંડ્યા

**જૂનાગઢના** જગમાલ–ચોક વિભાગના એક મકાનની અગાસીમાં હું બેઠો છું. સંધ્યાકાળ પૂરો થયો છે અને ચંદ્રમાની આછી ચાંદની ગિરનાર પર પથરાતી જાય છે.

થોડેક દૂર આવેલા જૈન મંદિરની ધજા લહેરાતી નજરે પડે છે અને મારા મગજમાં શ્રાવક મિત્ર શ્રી જયભિખ્ખુનાં સંભારણાં ખડાં થઈ જાય છે. હા, શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈની ષષ્ઠિ પૂર્તિનો સમારોહ ઉજવાય છે તેની સ્મૃતિ થાય છે, અને આ પ્રસંગે કાંઈક ગાંડું–ઘેલું લખી નાખવાની પ્રેરણા થઈ આવે છે.

પાંત્રીસ વર્ષનો અવનવો કાળ–પડદો હટી જાય છે. 'રવિવાર' સાપ્તાહિકના પ્રારંભનો એ સમય! લેખક–બંધુઓ તરફથી આવેલાં લખાણો વાંચી રહ્યો છું–એમાં એક લાલ દોરીથી બંધાયેલું નાનકડું 'બુક-પોસ્ટ' નજરે પડે છે–એ ખોલીને વાંચું છું. શ્રી 'જયભિખ્ખુ' તખલ્લુસધારી એક લેખકની 'રસ-પાંખડીઓ' એમાં હોય છે. એની સુવાસ મને ગમી જાય છે. એજ અંકમાં 'રસપાંખડીઓ'ની સુગંધ-થી વાંચકોનાં હૃદય મહેકી ઊઠે છે. હું શ્રી બાલાભાઈને 'રવિવાર'ના કાયમી લેખક બની જવાનું સ્નેહભીનું આમંત્રણ પાઠવું છું–એવો ઉમળકાભર્યો જવાબ મળે છે.

આ હતો અમારો પરસ્પર અક્ષરદેહે થયેલો પહેલો પરિચય!

એ પરિચય–રોપ ધીરે ધીરે પાંગરતો જાય છે, અને આજે તો તે એકાત્મભાવનું વૃક્ષ બની ગયો છે,

એક દિવસ હું અમદાવાદમાં–પટેલના માઢમાં–જાઉં છું. કુટિર જેવા રહેઠાણમાં 'જયભિખ્ખુ'નો સાક્ષાત્કાર થાય છે. એમનાં ભાવભીનાં સ્વાગતનો અનુભવ કરું છું.

આજના શ્રી કુમારપાળ દેસાઈના જન્મની વધાઈનો એ પ્રસંગ હોય છે. ત્યાર પછી તો મારા કુટુમ્બ સાથે પણ એમના કુટુંબનો સંબંધ વધુ ઘનિષ્ઠ બનતો જાય છે. એમમાં પત્ની સૌ. જયાબ્હેન અને શ્રી જયભિખ્ખુનાં કપિલાબ્હેન વચ્ચે ય બહેનપણાં થઈ જાય છે અને બ્રાહ્મણ–શ્રમણનાં કુટુમ્બો એકાત્મભાવ અનુભવવા લાગે છે. આવી જ રીતે અનેક કુટુમ્બો સાથે શ્રી જયભિખ્ખુનાં કુટુમ્બીઓને સ્નેહ-ગાંઠ બંધાઈ ગઈ છે. હું તો માત્ર દૃષ્ટાંત રૂપ છું.

સને ૧૯૩૭ના ઓગસ્ટમાં મારા 'કિસ્મત' માસિકનું પ્રાગટ્ય થાય છે. શ્રી જયભિખ્ખુના આધ્યાત્મ-વાદના જ્ઞાનનો લાભ 'કિસ્મત'ને ય મળતો રહે છે-તેમની સાહિત્યોપાસનાનો વિકાસ એકધારી ગતિએ થતો રહે છે અને મહાગુજરાતના પ્રથમ કક્ષાના સાહિત્યકારોમાં એમની ગણના થાય છે. 'શારદા મુદ્રણાલય'ની એ કચેરીમાં સાહિત્યચારો, પ્રોફેસરો, લેખકો, પત્રકારો અને કલાકારોનો ડાયરો જામે છે. અને પરસ્પર જ્ઞાન–ગોષ્ઠિ થતી રહે છે,

શ્રી જયભિખ્ખુના સર્વાંગી વિકાસમાં એમની આતિથ્ય–સત્કારની ભાવના ખૂબ કારણભૂત બની હોય એમ લાગે છે. એમનાં સાહિત્યસર્જનમાં કોઈ વાર એ તત્ત્વ અંતરાયરૂપ પણ બન્યું હશે–છતાં એમનું ચાહક–શુભેચ્છક મંડળ તો વધતું જ રહ્યું!

'પટેલના માઢ'માંથી હવે તેઓ પોતાની માલેકીના મકાનમાં—ચંદ્રનગર સોસાયટીમાં આવ્યા. અહીં પણ એમના મળતાવડા અને પરોપકારી સ્વભાવને કારણે મહેમાનગતિનો 'હડચો' એમને વધારે પ્રમાણમાં રહેતો. એમાં વધારે તો સૌ. જયાબહેનની ધીરજની કસોટી થતી. આવાં પુનઃ પુન : પધારનારાં મહેમાનોમાં 'અમે' પણ હતાં—છીએ. 'માનવસેવા એ જ પ્રભુસેવા'નો આદર્શ, સૌ જયાબહેન અને શ્રી ભીખાભાઈએ આ રીતે જીવનમાં ઉતારી જાણ્યો છે, એમનાં પ્રકાશનોમાં જે બોધક તત્ત્વ હોય છે તે 'હાથીના દાંત' જેવું નથી બન્યું એનો અમને સંતોષ અને આનંદ છે.

શ્રી જયભિખ્ખુના સાહિત્યની સમીક્ષા અથવા સમલોચના કરવાનું કામ મારી શક્તિ બહારનું છે, એટલે અહીં તો એટલું જ કહીશ કે એમનો ષષ્ટિપૂર્તિનો સમારોહ—પ્રસંગ, એમની સફળ જીવન યાત્રાનું સર્વોચ્ચ સોપાન છે— અને 'શ્રી જયભિખ્ખુ સાહિત્ય—ટ્રસ્ટ'ની યોજના એમના કીર્તિમંદિરનો કળશ બની રહો, એવી આશા રાખીએ.

આ યોજના સાથે એમની જીવનયાત્રાના સર્વોચ્ચ તબક્કાના કાર્યની એક કસોટી પણ શરૂ થાય છે. 'શ્રી જયભિખ્ખુ સાહિત્ય—ટ્રસ્ટ'ના ફૂલરોપનો ઉછેર કરવો એ આજના અર્થપ્રધાન યુગમાં—ધારવામાં આવે છે એટલું સરળ કાર્ય તો નથી જ. આર્થિક સધ્ધરતા ઉપરાંત પણ આવી સંસ્થાને બીજાં ઘણાં પાસાં હોય છે!

જો કે શ્રી 'જયભિખ્ખુ'ની કુનેહ તથા દક્ષ સંચાલન અવસ્થામાં અમને શ્રદ્ધા છે—પરંતુ મા-શારદાની ઉપાસના પણ આજે એક 'વ્યવસાય' બની ગઈ છે, અને બીજી સદ્ધર સંસ્થાઓ સામે એમને ઊભા રહેવાનું હોવાથી—ષષ્ટિપૂર્તિ પછીનાં, શાંતિમય રીતે ગાળવાની ઈચ્છા થાય તેવાં વર્ષો, એમની પાસેથી સારો માનસિક પરિશ્રમ પણ માગી લેશે.

આ બધું છતાં, શ્રી જયભિખ્ખુને એક મિત્ર તરીકે હું જે રીતે ઓળખું છું અને સાહિત્ય તથા પત્રકારક્ષેત્રે એમણે જે વિશાળ મિત્રમંડળ જમાવ્યું છે, તે બધાની સહાયથી તેઓ અવશ્ય પોતાના 'સાહિત્ય—ટ્રસ્ટ'ને, પોતાની ભવ્ય કલ્પના મુજબની સંસ્થા બનાવી શકશે એમાં મને તો શંકા જ નથી!

શ્રી જયભિખ્ખુની આ સંસ્થા ફૂલે, ફળે અને વિશાળ વટ—વૃક્ષ સમી બની રહે, એવી પ્રભુને પ્રાર્થના કરીએ અને અંતઃકરણ પૂર્વક આશિષ આપીએ!

**પોતાના** સાહિત્ય દ્વારા શ્રી જયભિખ્ખુએ ગુજરાતની જનતાના હૃદયમાં સારું સ્થાન મેળવ્યું છે. અને ગુજરાતી સાહિત્યની પણ સુંદર સેવા બજાવી છે.

**—મણિભાઈ શાહ**

નિયામકઃ માહિતી ખાતું, ગુજરાત રાજ્ય

# શ્રેયસ્કર તત્ત્વોનો સુભગ સમન્વયકાર

શ્રી. કંચનલાલ પરીખ રજિસ્ટ્રાર. ગુજ. યુનિવર્સિટી

**આ** યુગમાં જીવવું જ ભારે મુશ્કેલ છે, ને સાઠ વર્ષ સુધી જીવવું તે દુષ્કર છે અને તેમાંય શ્રી જયભિખ્ખુની જેમ સાહિત્યની સતત સાધના અને અંગત જીવનમાં મીઠી આત્મીયતા દ્વારા મિત્રો અને સંબંધીઓનું હૃદય જીતવાની કળા દ્વારા જીવનનું પરમ સાર્થક્ય કરીને જીવવું તે તો અતિશય વિરલ છે. સાહિત્ય જગતમાં "જયભિખ્ખુ" ના શ્રેયસ્કર નામથી અને મિત્રસમુદાયમાં બાલાભાઈના હુલામણા નામથી ઓળખાતા આ સાધકની સાથે મિત્ર અને મુરબ્બી તરીકે અત્યંત ઘનિષ્ઠ અને અંગત પરિચયમાં આવવાનો મને લહાવો મળ્યો છે. એને મારા જીવનનું પરમ સૌભાગ્ય સમજું છું. શ્રી બાલાભાઈએ અને તેમના જેવાં જ હેતાળ અને આતિથ્યપરાયણ એવાં અ. સૌ. જયાબહેને મને અને મારા સૌ કુટુંબીજનોને સદાય આત્મીય જ ગણ્યાં છે. એ વાતને હું આજે કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાની આ તક લઉં છું.

શ્રી જયભિખ્ખુનું સાહિત્યપ્રદાન સાહિત્યનાં અનેક સ્વરૂપો—નાટક, નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ, મર્માળા લેખો વગેરેમાં વિલસ્યું છે અને વિપુલતાની દૃષ્ટિએ જેટલું માતબર છે એટલું જ ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ છે. પણ તેમના સાહિત્યસર્જનનું પ્રધાન લક્ષણ તો એ છે કે તેમાં ઉચ્ચ કક્ષાના પ્રેમનો આવિષ્કાર અને જીવનનાં શ્રેયસ્કર તત્ત્વોના અંતિમ વિજયનો સુભગ સમન્વય છે. એમની સાહિત્યકૃતિઓ ચિરંજીવી રહેવા સર્જાઈ છે. અને અનેક પેઢીઓ સુધી તે ગુજરાતના વાચકોને પ્રેરણાનાં અમી પાયા કરશે એમાં શક નથી.

**તેમનું** સન્માન તો તેમના વાચકોના હૃદયમાં થઈ જ ગયેલું છે. તેમનાં અનેક પુસ્તકો અને પ્રાણવાન ચારિત્ર્યલેખો અને કથાઓએ સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરનું બુનિયાદી કાર્ય કરેલું છે. અને અનેકોને પ્રેરણા આપ્યાં કરી છે.

—**ઇન્દુમતીબહેન શેઠ**
ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન, ગુજરાત રાજ્ય

# મારા વિદ્યાર્થી બાલાભાઈ

ફૂલચંદ હીરચંદ દોશી ' મહુવાકર '

**બાલાભાઈ** મારા વિદ્યાર્થી હતા, તેનું મને ગૌરવ છે. આગ્રામાં શ્રીવીરતત્ત્વ પ્રકાશક મંડળના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે હું ગયો અને તે વખતે રતિભાઈ અને બાલાભાઈ મંડળમાં અભ્યાસ કરતા હતા.

આ વખતે અમે વકતૃત્વ સભા શરૂ કરેલી. હસ્તલિખિત પણ શરૂ કર્યું હતું, એટલું જ નહિ પણ સંસ્કૃત વકતૃત્વ સભા પણ ચલાવતા. શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરના સર્વોત્તમ સંગ્રહમાંથી ગ્રંથરત્નોનો પણ અમે સારો એવો લાભ લેતા. બાલાભાઈ બહુ રમૂજી પ્રકૃતિના આનંદી અને સેવાપ્રિય હતા. એ વખતે મેં તેમનામાં સાહિત્ય–પ્રેમના અંકુરો જોયા. કલમ પણ સ્વચ્છ અને સુંદર અમારું હસ્તલિખિત, જો કે અનિયમિત હતું પણ તેમાં બાલાભાઈની કથાઓ અને હાસ્યકણિકાઓ તેમની બુદ્ધિપ્રભાનાં દર્શન કરાવી જતી. સંસ્થા પછી તો શિવપુરી ગઈ અને હું જ્ઞાનમંદિરમાં રહી ગયો.

એક વખત આચાર્યશ્રી અને મુનિવર્યો સાથે અમે બધા વૃંદાવન શ્રી દયાનંદ સમારંભમાં જતા હતા. દશ દશ પંદર માઈલ પગપાળા જવાનું. એ પ્રવાસ યાત્રામાં જે આનંદ, આચાર્યશ્રી અને ગુરુવર્યો સાથેનો વાર્તાલાપ, સ્વયંપાક અને વિદ્યાર્થીઓની નવનવી ભાવનાઓ જાણવાની તક–એનું મારે મન મોટું મૂલ્ય હતું. બાલાભાઈ, રતિભાઈ, ચીમનભાઈની ત્રિપુટીના ઉચ્ચ સંસ્કારો, ઉદ્યમો, નવનવાં કૂતુહલો અને હાસ્યછાંટણાઓની મોજ આજે પણ મધુરાં સ્મરણો જગાવી જાય છે.

બાલાભાઈએ શિવપુરીમાં સંસ્કૃત પ્રાકૃત હિન્દી અને ગુજરાતી ભાષામાં તેમજ ન્યાય–વ્યાકરણ આદિમાં સારી એવી પ્રવીણતા મેળવી ન્યાયતીર્થ અને ન્યાયભૂષણની પદવીઓ મેળવી. અમદાવાદ આવ્યા અને કોઈપણ જાતની નોકરી ન કરવાની પ્રતિજ્ઞાથી કલમના ચરણે જીવનના શ્રીગણેશ શરૂ કર્યા.

સાહિત્યના જીવ તો હતા જ અને જૈન સાહિત્યનું અને તેનું જીવનદર્શન આપતાં કથાનકોનું તેમણે સારું એવું અવગાહન કર્યું હતું. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે શરૂ કરેલ પ્રેસ અને પત્રમાં પોતાની લાક્ષણિક શૈલીમાં કામ શરૂ કર્યું. નવાનવા વિચારો, નવ–નવી દૃષ્ટિ, ઉચ્ચ ભાવના, તેજસ્વી કલમ અને રસપ્રદ સાહિત્યની પુસ્તિકાઓ ઘર ઘરની જ્યોત બની રહી. સાહિત્યની સરવાણી વણથંભી વહેવા લાગી અને જૈન સમાજ તેમજ જૈનેતર સમાજ તેમનાં પુસ્તકો પાછળ મુગ્ધ બની ગયો. શારદા પ્રેસની જવાબદારી સંભાળી અને તેમાં કલાત્મક–સુંદર પ્રકાશનોએ તેમની કલાપ્રિયતાનાં દર્શન કરાવ્યાં.

શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તેમના સ્નેહી શ્રી લાલભાઈ પાસે શરૂ કરાવ્યું અને તેમાં ૧૫૦ જેટલા પ્રેરક ગ્રંથરત્નો આપીને સંસ્કારનાં સિંચન કર્યાં.

સાઠ વર્ષની ઉંમરમા ૩૦૦ જેટલાં સાહિત્ય રત્નો આપીને જૈન જગત અને ગુજરાતી સાહિત્યની જે અનુપમ સેવા કરી છે તે ગુજરાત–સૌરાષ્ટ્રને ગૌરવ લેવા જેવો મંગલમય પ્રસંગ છે. સાહિત્યના અનન્ય ઉપાસકનું સાહિત્ય પ્રકાશન મારેનું ટ્રસ્ટ અદ્વિતીય બની રહો. તેઓ ખૂબ ખૂબ યશસ્વી બને અને સાહિત્યની સેવા કરવા દીર્ઘાયુ બને એજ અભ્યર્થના.!

# શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટનો વિચાર કેમ ઉદ્‌ભવ્યો ?

**મહાન જાદુગર કે. લાલ**

**બાળપણથી** જ વાત કરું તો મને એ સમયથી સાહિત્ય તરફ ઘણો પ્રેમ હતો. નાનો હતો ત્યારથી નાનકડી નવલિકાથી માંડીને મોટી મોટી નવલકથાઓ વાંચતો. જે કૃતિ વાંચતો તેનાં પાત્રો સાથે એવું તો તાદાત્મ્ય અનુભવતો કે હું પોતે જ એ પાત્ર બની જતો.

સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથા વાંચતા તેનાં પાત્રો બનવાનું મન થતું. સ્વ. ગુણવંતરાય આચાર્યની નવલકથાઓ વાંચતા સમુદ્ર ખેડવાની ઈચ્છા થઈ જતી. શ્રી ઝવેરચંદ મેઘાણીની કોઈ વાર્તા કે કાવ્ય વાંચતા મનમાં શૌર્યરસ જાગતો-આ હતી સાહિત્યની તાકાત. એની એવી શક્તિ હતી કે આખું મન પલટાઈ જતું. રહસ્યકથાઓ વાંચવાનો બાળપણમાં શોખ ખરો. વાંચતા ક્યારેક ડર લાગતો, પણ હું પોતે જ ચિત્રગુપ્ત કે મનહર હોઉં તેમ મગ્ન બની જતો.

કવિશ્રી દુલાકાગનાં ગીતો સાંભળ્યાં. કંઠ સારો હોવાથી જાહેર કાયક્રમોમાં પણ હું ગાતો. આ બધાના પરિણામે મારા મનમાં હંમેશાં સાહિત્ય માટે કંઈ કરી છૂટવાની ભાવના વસતી હતી. મને લાગતું કે આ સાહિત્યમાં મરેલાંને પણ જીવતાં કરવાની તાકાત છે. એવું વાંચેલું પણ ખરું કે અગાઉના રાજાઓ લડાઈમાં પોતાની સાથે કવિ, ભાટ કે ચારણને લઈ જતા. તેઓની છટાદાર વાણી યોદ્ધાઓને શૂરાતન ચડાવતી.

સાહિત્ય તરફના પ્રેમને કારણે હું જાદુગર બન્યો. મારી સિદ્ધિમાં સાહિત્યકારના સાહિત્યનો મોટો ફાળો છે. કલકત્તામાં સાહિત્ય પરિષદ થઈ. આ સમયે ઘણા સાહિત્યકારોના પરિચયમાં આવ્યો. કેટલાય સર્જકોની નવલકથાઓ ભૂતકાળમાં વાંચેલી તેમને સાક્ષાત મળવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. સાહિત્યકાર શ્રી જયભિખ્ખુનું સાહિત્ય વાંચ્યું હોવાથી તેમને જોવાની મને ઉત્કંઠા હતી. મેં પૂછ્યું કે આ પરિષદમાં શ્રી જયભિખ્ખુ આવ્યા છે? ત્યારે જવાબ મળ્યો કે જુઓ પેલી બાજુ બાલાભાઈ દેસાઈ બેઠા છે! મારે મળવું હતું જયભિખ્ખુભાઈને અને તેણે બાલાભાઈ દેસાઈ બતાવ્યા! 'જયભિખ્ખુ' એ એમનું તખલ્લુસ હતું એ હું જાણતો હતો. પરંતુ તેમનું સાહિત્ય વાંચીને તો મેં એવી કલ્પના કરી હતી કે તે મોટી ઉંમરના ધોળી દાઢીવાળા આશ્રમવાસી હશે! તેમને હું મળ્યો. આ ટૂંકા પરિચયમાં જ હું તેમનાથી પ્રભાવિત થયો અને મુગ્ધ બન્યો.

થોડા સમય પછી અમે અમદાવાદ જાદુના પ્રયોગો બતાવવા આવ્યા. આ સમયે તેમનો ગાઢ પરિચય થયો. તેમનાં પુસ્તકો ફરીથી વાંચ્યાં. આ પહેલાં ઘણા સર્જકોનાં પાત્રો સાથે હું એક બન્યો છું પરંતુ મને કોઇ વાર્તામાં સહેલી ભાષામાં સાચા માનવ બનવાનો સંદેશો મળ્યો ન હતો. શ્રી બાલાભાઈ દેસાઈની વાર્તા વાંચતાં જ તેમાંથી માનવતાની સુગંધ મધમધી ઊઠતી. મેં કોઈ સાહિત્યમાં આવું જોયું નહોતું. આ કથાઓ આજના યુવાનોનું ઘડતર કરે તેવી હતી. બીજાને માટે કંઈક કરી છૂટવાની ભાવના અને બીજાના સુખે સુખી કેમ થવું તેનું જ્ઞાન આ કથાઓમાંથી મળતું હતું. માનવીમાંથી માનવ બનવાનો એમાં સંદેશ હતો.

આ પુસ્તકો વાંચ્યા પછી હું વિચારમાં પડ્યો કે મારે શું કરવું જોઈએ. એના પરિણામે જ મેં જાદુકલાની બાબતમાં અલ્પ વિચાર ન કરતાં વિશાળ દિલની ભાવના રાખી. કેટલાય જાદુગરોને તૈયાર કર્યા. આજે તો આખી દુનિયામાં આ વિદ્યાની નામના થાય તે માટે પુરુષાર્થ ખેડી રહ્યો છું. મને આવી વિશાળ દૃષ્ટિ જયભિખ્ખુભાઈના સાહિત્યમાંથી મળી.

એકવાર મારા પરમ મિત્ર શ્રી. નાનુભાઈ શાસ્ત્રી-એ કહ્યું કે આવા સાહિત્યકારનું બહુમાન કરવું જોઈએ. મને પણ તેમના સાહિત્ય તરફ અગાધ પ્રીતિ હતી. અમે તેમની ષષ્ટિપૂર્તિ ઉજવવાનું નક્કી કર્યું અને તેમને થેલી અર્પણ કરવાનો વિચાર કર્યો. આ સમયે જિંદાદિલ સાહિત્યકારે જવાબ આપ્યો કે મેં કદી સરસ્વતીને વેચી નથી અને લક્ષ્મીની ઉપાસના કરી નથી. મને માન આપવા કરતાં માતા સરસ્વતીને માન આપો.

મને પણ લાગ્યું કે વાત સાવ સાચી છે. કોઈ કોઈવાર આજનું નવીન સાહિત્ય જ્યારે વાંચુ છું ત્યારે દિલમાં એમ થાય છે કે આપણી નવી પેઢીને આ સાહિત્ય ક્યાં લઈ જશે ? જે સાહિત્યકારની કલમમાં નડદાં ઊભા કરવાની તાકાત છે, તે આવું હલકું સાહિત્ય લખીને ભાવિ પ્રજાને ક્યાં દોરી જશે ? આથી એક એવી સંસ્થા ઊભી કરવી જોઈએ કે જે પ્રજાને જ્ઞાન સાથે સાહિત્ય દ્વારા માનવતાના સંદેશ આપ્યા કરે. આ સંસ્થા સાથે આદર્શ સાહિત્યકારનું નામ પણ જોડી દઈએ. આ જ વિચારે જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટની સ્થાપના થઈ. હું તો માત્ર આના નિમિત્ત રૂપ છું. જેણે જેણે એમના સાહિત્યની મોજ માણી છે તે સહુ મિત્રો અને ગ્રાહકોએ આ સંસ્થા ઊભી કરવામાં સહાય કરી છે તે સહુનો આ તબક્કે હું આભાર માનું છું. કારણ કે મારું સાહિત્યસેવાનું જે સ્વપ્ન હતું તે આ સંસ્થા દ્વારા સાકાર બને છે.

Through his writings Shri Jaibhikhkhu has attained a unique status in the world of letters, that he is being honoured in that context, solicits one's further adulation,

—Hitendra Desai
Chief Minister : Gujarat State

# અંજલિઓ



જન્મ ને મૃત્યુ છે ઉભય સુંદર જગે,
હો ભલે ઉભયના પંથ ન્યારા!
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દિસે,
જ્યાં ખીલે માત્ર શુભ સ્મરણક્યારા.

અ. ફ. ખબરદાર

# ષષ્ટિપૂર્તિ અને સ્મારક

**મનુષ્યની** જિંદગી કેવા અણધાર્યા પલટા લે છે તેનો દરેકને ઓછેવત્તે અંશે મોડો યા વહેલો અનુભવ થાય છે. પણ આ ગ્રંથને માટે એવો અનુભવ નિર્મિત હશે એવું અમે સ્વપ્ને પણ ધાર્યું નહોતું. શ્રી જયભિખ્ખુએ સાઠ વર્ષ પૂરાં કર્યાં ત્યારે તેમને અભિનંદન આપવાનો ઉત્સાહ કેટલાક મિત્રો અને પ્રશંસકોએ બતાવ્યો. તેનો ચેપ થોડા વખતમાં જ ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા વાચકો અને પ્રશંસકોના વિશાળ સમુદાયને લાગ્યો. સ્વયંસ્ફુરણાથી મુંબઈ અને કલકત્તા ખાતે તેમને અભિનંદન આપવાના ભવ્ય સમારંભો યોજાયા અને બંને પ્રસંગો મળીને રૂપિયા અર્ધા લાખની રકમ તેમને અર્પણ થઈ. ભાવનગર, રાજકોટ, અને અમદાવાદમાં એને અંગે તડામાર તૈયારીઓ થઈ રહી હતી. અભિનંદન ગ્રંથ છપાઈ રહ્યો હતો. તેનો અર્પણવિધિ અમદાવાદમાં યોજવાનું વિચારાઈ રહ્યું હતું. ત્યાં તો શ્રી જયભિખ્ખુએ ઓચિંતી વિદાય લીધી! આનંદ શોકમાં ફેરવાઈ ગયો. ઉત્સાહી કાર્યકરોએ સખત આંચકો અનુભવ્યો, જે પુષ્પો તેમના ગળામાં માળા રૂપે શોભવાનાં હતાં તે નિવાપાંજલિમાં આવીને ઠર્યાં એ ઓછી વિષાદમય ઘટના હતી!

શ્રી જયભિખ્ખુના અણધાર્યા અવસાનથી સ્વજનોએ જ નહીં ગુજરાત આખાએ ઊંડો આઘાત અનુભવ્યો. ગુજરાતને ખૂણેખૂણેથી દુઃખ વ્યક્ત કરતા સંદેશા, ઠરાવ, અંજલિઓનો પ્રવાહ દિવસો સુધી વહ્યો. આ ગ્રંથમાં તેમની ષષ્ટિપૂર્તિ પ્રસંગે આવેલા અભિનંદનના પત્રોની સાથે અવસાન નિમિત્તે અંજલિઓ ને પત્રોમાંથી કેટલીક સામગ્રી મૂકી છે તે પરથી સમજાશે કે લોકસમાજના કેટલા વિવિધ થરમાં તેમની અક્ષરકાર્યની ફોરમ ફેલાઈ હતી. સંસ્કારી વર્ગના શિરોમણિ સાહિત્યરસિકોથી માંડીને અદના શ્રમજીવી સુધીના સૌને એમની લેખિનીનો સંજીવની સ્પર્શ ગમી ગયો હતો. એમની લોકપ્રિયતા અમુક વર્ગ પૂરતી મર્યાદિત નહોતી એ એમની વિશેષતા હતી.

શ્રી જયભિખ્ખુ આનંદના ભોગી હતા. સંસારનું સબરસ પીરસીને તે રમતાં રમતાં આનંદનો વિસ્તાર કરતા. લેખકની મસ્તી અને સજ્જનની સુવાસ તેમની આસપાસના વાતાવરણમાં પ્રતીત થતી. તેમણે જે જિંદાદિલી ને સમજદારીથી જિંદગી વીતાવી હતી તે એમની વિદાયને અંતે આનંદનો સંદેશો મૂકી જાય છે.

આનંદ નિમિત્તે શરૂ થયેલું આ ગ્રંથપ્રકાશનનું કાર્ય ઓચિંતું શોકના વાદળમાં અટવાઈ ગયું, પણ અંતે તેમના અક્ષરસ્વરૂપની સ્મૃતિમાં ઠરીને આનંદના પ્રકાશ રૂપે જ પૂર્ણ થાય છે એ નોંધતાં અમે સંતોષ અનુભવીએ છીએ.

**સંપાદકો**

[ સાહિત્યકાર શ્રી જયભિખ્ખુનું અવસાન થતાં વર્તમાનપત્રો, સામયિકો વગેરેએ એમના જીવનકાર્યને અંજલિ આપી. ગ્રંથને આરંભે એમના જીવનની ઝલક આપી હોવાથી અહીં માત્ર એ સર્જકને અપાયેલી કેટલીક વિશિષ્ટ અંજલિઓ જ રજૂ કરીએ છીએ.–સં. ]



# કલમને ખોળે પોઢયા !

**લક્ષ્મીને** બદલે સરસ્વતીને ખોળે માથું મૂકવાનું આકરું નર્મદ–વ્રત પચીસમે વર્ષે લઈ ૪૦ વર્ષનું સાહિત્ય તપ કરનારા શ્રી. જયભિખ્ખુએ અચાનક વિદાય લીધી ! અને પોઢ્યા તેય કલમને જ ખોળે પોઢ્યા. છેલ્લો લેખ લખ્યો ને ચાલી નીકળ્યા. તારો અસ્તાચળે પોઢે તે પહેલાં જ ખરી ગયો. રસ અને માનવતા એમના ઉપાસ્ય દેવ હતા. ટૂંકાં વાક્યો, સચોટ શૈલી, હૈયું હલાવતી કથા–જયભિખ્ખુ સામાન્ય વાચકના લાડીલા હતા. ધર્મની ગુફામાં સંતાયેલાં ગૂઢ સત્યોને અને અધ્યાત્મ જીવનના અનોખાં રહસ્યોને શ્રી. બાલાભાઈ આબાલવૃદ્ધ સૌના હૃદય સુધી ખેંચી લાવ્યા. અસંખ્ય અદના લોક એમની ખોટ અનુભવશે ને એમને નિત્ય વરતાતી એ ઊણપ એ જ સ્વર્ગીયને અપાતી દિલભર અંજલિઓ હશે. પરમાત્માને પ્રાસાદે પોતાનું રસ-ઊછળતું હૃદય લઈ ને જઈ પહોંચેલા બાલાભાઈ પરમ શાંતિ પામો એ જ પ્રાર્થના !

**—'ગુજરાત સમાચાર' અગ્રલેખ**

❦

ગુજરાતના સન્માન્ય સાહિત્યકાર અને લોકપ્રિય અખબારી કટાર–લેખક શ્રી જયભિખ્ખુ શ્રી. બાલાભાઈ દેસાઈનું ૬૨ વર્ષની વયે અકાળ અવસાન થયું છે. તેઓ મિલનસાર અને સહૃદયી લેખક હતા, તેમની સર્જકપ્રતિભા ઘણી કસોટીઓમાંથી ચળાઈને બહાર આવી હતી. તેઓ માનવ્ય મૂલ્યોને એકદમ હૃદ્ગત કરી શકતા હતા, તેમનાં ચરિત્ર રેખાંકનો અને આલુ બનાવોનું આલેખન એમની કલમ દ્વારા વાંચવાનું હંમેશા રુચિકર હતું. નિરહંકારી નિરાડંબરી અને અજોડ હમદર્દ તરીકે તેઓની સુવાસ અવિસ્મરણીય રહેવાની છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને અક્ષરધામ–વાસી બનાવો.

**'જનસત્તા'**

❦

શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'નું તા. ૨૪મી ડિસેમ્બરે અણધાર્યું અવસાન થયું. એમની લેખિનીથી ગુજરાતમાં તેઓ ઘણાં વર્ષોથી જાણીતા હતા. બાળસાહિત્યમાં એમનો ફાળો અત્યંત નોંધપાત્ર છે. વાર્તા મલાવીને કહેવાની એમને ફાવટ હતી. એમનું સાહિત્ય લોકભોગ્ય હતું. તેથી બહોળો વાચકવર્ગ એમને મળ્યો હતો. ધર્મકથાઓને લોકપ્રિય બનાવવાનો એમનો પ્રયત્ન નોંધપાત્ર લેખાશે. 'ઈંટ અને ઇમારત' જેવી કૉલમ દ્વારા પત્રકારત્વના માર્ગે નરવાં જીવનમૂલ્યો પ્રજાજીવનમાં રોપવાનો એમનો પુરુષાર્થ હતો. એમને એક અભિનંદન ગ્રંથ થોડા સમયમાં જ અર્પણ થવાનો હતો, પણ તે પહેલાં જ એમણે વિદાય લીધી. પરમાત્મા એમના આત્માને

શાંતિ અર્પો.

**'સાહિત્ય-સંગમ' ('સંદેશ')**

આપણા એક સન્નિષ્ઠ સાહિત્યકાર શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ ઉર્ફે "જયભિખ્ખુ"નું ગઈ તા. ૨૪મી ડિસેમ્બરે ૬૨ વર્ષની વયે અણધાર્યું અવસાન નીપજ્યું એ ખરેખર આઘાત-જનક અને દુઃખદ સમાચાર છે. કાકાસાહેબ કાલેલકરે જેને માનવીના પરમ મિત્ર તરીકે ઓળખાવ્યું છે એ મૃત્યુનો યોગ "જયભિખ્ખુ"ને અણધાર્યો અને કસમયે થયો અને એને પરિણામે એક સરસ માનવી, માનવતાથી મહેકી રહેલો માનવી સદાયને માટે ચાલ્યો ગયો તેમ જ તેમની સતત પાંગરતી સર્જનની વેલ વિશેષ વિસ્તરતી અટકી ગઈ તેનો જ ખાસ તો વસવસો છે.

"જયભિખ્ખુ" ખરા કલમવતી હતા. કોઈની પણ નોકરી નહિ જ કરવી અને કલમને ખોળે જ, કલમને આશ્રયે જ જીવવું એ સંકલ્પ તેમણે ખરો આચરી બતાવ્યો. નાની-મોટી મળીને ત્રણસો ઉપરાંત કૃતિઓ તેઓ ગુજરાતને આપી ગયા. તેમનું સાહિત્યસર્જન માત્ર વિપુલતાની દૃષ્ટિએ જ નહિ વૈવિધ્ય અને ગુણવત્તાની દૃષ્ટિએ પણ ધ્યાનાર્હ છે. પત્રકાર તરીકે કારકિર્દીનો આરંભ કર્યા પછી "જયભિખ્ખુ"એ સામાજિક, ઐતિહાસિક તથા પૌરાણિક નવલકથાઓ, નાટકો અને જીવનચરિત્રો એમ સાહિત્યનાં ઘણાં ક્ષેત્રો એમણે ખેડયાં અને તેમાં એમને યશ અને ધન ઉભય પ્રાપ્ત થયાં. તેમને કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર તરફથી બાળસાહિત્યની તેમ જ ઈતર કૃતિઓ માટે ઓછામાં ઓછાં પંદર પારિતોષિકો પ્રાપ્ત થયાં છે તે પણ નોંધપાત્ર લેખાય.

"ગુજરાત સમાચાર"ના લેખકમંડળમાંના એક એવા "જયભિખ્ખુ"ની કલમ માત્ર તે જ પત્રમાં નહિ, ઇતર અનેક પત્રો અને શિષ્ટ સામયિકોમાં પણ ચમકતી. "જયભિખ્ખુ"ને પૃથગ્જનથી માંડીને વિદ્વદ્વર્ગ સુધીનો વિશાળ વાચક વર્ગ સાંપડ્યો હતો, જે હકીકત તેમની લોકપ્રિયતાની દ્યોતક લેખાય.

સર્જન પરત્વે "જયભિખ્ખુ" બે બાબતનું અચૂક ધ્યાન રાખતા : એક કૃતિની રસક્ષમતા અને બીજું માનવતાની પ્રતિષ્ઠા. પરિણામે તેમની કૃતિ હૃદયસ્પર્શી બની રહી બૌદ્ધિક સંતોષ પણ અર્પતી. તેમની દૃષ્ટિ સાંપ્રદાયિક તત્ત્વોને માનવતાના નિરવધિ તત્ત્વમાં રોપવા પર રહેતી, એનું સુભગ પરિણામ એ આવ્યું કે તેઓ સામ્પ્રદાયિક સંકુચિતતાથી પર રહી શકયા. જૈન બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મને તેમણે આર્યસંસ્કૃતિના સમાન લેખ્યા હતા.

'જયભિખ્ખુ"ની અક્ષરોપાસના ચાર ચાર દાયકાનું સાતત્ય જાળવી શકી. નીતિપરાયણ 'જયભિખ્ખુ'એ જે સાહિત્ય આપ્યું તે સંસ્કારપોષક છે, નીતિપોષક છે અને ભાવનાસભર છે. "ભગવાન ઋષભદેવ", "ચક્રવર્તી ભરતદેવ", "નરકેશ્વરી વા નરકેસરી", "પ્રેમભક્ત કવિ જયદેવ", "સંસારસેતુ", "કામવિજેતા", "પ્રેમનું મંદિર", "પ્રેમાવતાર" વગેરે લોકભોગ્ય અને લોકપ્રશસ્તિ પામેલી કૃતિઓ આપી જનાર 'જયભિખ્ખુ' હવે કાલગ્રસ્ત થયા છે છતાં તેમના સર્જનની મહેક આપણા સભ્ય અને સંસ્કૃત સમાજજીવનમાં ચિરકાળ સુધી અનુભવાશે જ.

**'જન્મભૂમિ'**

સાહિત્યજગતમાં નૂતન પ્રતિભાનું પ્રાગટ્ય પ્રમાણમાં ઘણું ઘટી ગયું છે અને આગવી તથા આલુ પેઢીના લબ્ધપ્રતિષ્ઠ લેખકો ચિરવિદાય લઈ રહ્યા છે, પરિણામે ગુજરાતી સાહિત્યસૃષ્ટિ દિન-પ્રતિ-દિન એ રીતે દરિદ્ર બનતી જાય છે. શ્રી જયભિખ્ખુના અવસાનથી એક લોકપ્રિય સાહિત્યસ્વામીની ભારે ખોટ પડી છે. શ્રી જયભિખ્ખુની લેખનશૈલી લોકપ્રિય બને તેવી હતી. સાહિત્યના વિવિધ પ્રકારો એમણે ખેડી જાણ્યા હતા. બધામાં એમને ધારી સફળતા મળી હતી. ધર્મકથાઓને શ્રી જયભિખ્ખુએ પોતાની લાક્ષાણિક ઢબે રજૂ કરી હતી. આજની યુવાન પેઢીને પણ રસ પડે તે રીતે ભારતની સંસ્કારકથાઓનું શ્રી જયભિખ્ખુએ સંસ્કરણ કરી આપ્યું છે.

હજુ તો બે–ત્રણ વર્ષ પહેલાં શ્રી જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિ અમદાવાદ મુંબઈ અને કલકત્તામાં ઊજવાઈ હતી. એમની ઠરેલી અને અનુભવવૃદ્ધ બનેલી લેખનીના સવિશેષ પરિપાકની આપણે અપેક્ષા રાખી રહ્યા હતા ત્યારે જ એમની ચિર વિદાયનો દુઃખદ પ્રસંગ આવતાં ગુજરાતી સાહિત્ય જગતને તીવ્ર આઘાત લાગે તે સ્વાભાવિક છે. એમના જેવા સાત્ત્વિકતાના સતત ઉપાસકનો આત્મા જ્યાં હોય ત્યાં સાચે જ શાંતિ અનુભવતો હોય. આજના અને આવતીકાલના લેખકો શ્રી જયભિખ્ખુએ સાત્ત્વિકતાની ભૂમિકા પર રહીને ગુર્જરી ગિરાને ચરણે ધરેલી સર્જન સમૃદ્ધિમાંથી પ્રેરણા લે અને આજની તથા આવતીકાલની પેઢી તેમના સંસ્કાર સિંચતાં સર્જનોનું પરિશીલન કરે એ જ તેમના માટે સાચી અંજલિ લેખાય.

## 'ફૂલછાબ' અગ્રલેખમાંથી

ફૂલ ખીલે છે. આજુબાજુ સુભગ સુવાસ પ્રસરાવે છે, સમય થતાં ફૂલ ખરી જાય છે, પણ એની ફોરમ રહી જાય છે. માનવજીવનમાં પણ એવું જમાને જમાને બને છે.

૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરે મા ગુર્જરીના એક પનોતા પુત્રે નશ્વર દેહ છોડ્યો, પણ અક્ષરદેહે એ ચિરંજીવ બની રહેશે.

આ દિવસે સાંજે પાંચેક વાગ્યે ગુજરાતના લોકપ્રિય સાહિત્કાર શ્રી જયભિખ્ખુ હૃદયરોગને કારણે અવસાન પામ્યા. નિકટનાં સ્વજનોમાં પૂજ્ય ભીખાભાઈ, મિત્રો અને સંબંધીઓના સાચા રાહબર બાલાભાઈ અને અસંખ્ય સાહિત્યરસિકોના માનીતા 'જયભિખ્ખુ' એક એવી વ્યક્તિ હતા કે જેમની માત્ર ઘરમાં ઉપસ્થિતિ સ્વજનોને ઉલ્લાસ અને નિરાંતનો અનુભવ કરાવતી. એમની સાથેની ગમે તે વિષય પરની વાતચીત મિત્રો અને સંબંધીઓને આનંદપ્રદ અને પ્રેરક બની રહેતી, અને એમની કોઈ નવલકથા, નવલિકા, ધર્મકથા, બાળકથા કે પ્રસંગકથા ભિન્નરુચિ વાંચકોને નરવો આનંદ અને પ્રેરક વિચારભાથું પૂરું પાડતી.

એક જ વ્યક્તિમાં એવી વિવિધ શક્તિઓ હોવી આ જમાનામાં વિરલ ઘટના ગણાય. પણ સદ્‌ગત શ્રી. જયભિખ્ખુ આવું ભર્યુંભર્યું જીવન જીવી ગયા. લગભગ જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાને ઇષ્ટ એવી સાહિત્યપ્રવૃત્તિ એ કરી શક્યા. એ તો પોતાને ઇષ્ટ એવું મૃત્યુ પામીને ખાટી ગયા છે, પણ આપણું શું ? એમને લોકહૃદયમાં જીવંત રાખે એવું સારું સરખું સાહિત્ય એ સર્જી ગયા છે. એમનો ઊજળો અક્ષરદેહ આપણી સમક્ષ છે; પણ આપણું તો માણસનું મન. એમણે સેંકડોના હૃદયમાં જે માયા લગાડી છે તે એમને ઝટ લઈને કેમ કરીને ભૂલી શકાશે ? માત્ર એક વાર એમના અંગત સંપર્કમાં આવનાર, એમના ઘરનું પ્રેમભર્યું આતિથ્ય માણનાર, ઘણુંખરું તો કાયમને માટે એમના પ્રેમાળ વ્યક્તિત્વનું, એમના ઉમદા, ઉદાત્ત અને અમીરતભર્યા સ્વભાવનું ગુણાનુરાગી બની જતું.

સાહિત્યક્ષેત્રે શ્રી 'જયભિખ્ખુ'નું અર્પણ વિશિષ્ટ ગણી શકાય એવું છે. એમણે સંખ્યાબંધ નવલકથાઓ, નવલિકાસંગ્રહો, પ્રસંગચિત્રો અને જીવનચરિત્રો લખ્યાં છે. પરંપરાગત છતાં સર્જકના વ્યક્તિત્વની આગવી મુદ્રા ધરાવતું એમનું સાહિત્ય છે. 'જીવન ખાતર કલા'માં એ માનતા. ઉદ્‌બોધન હોવા છતાં સર્જક જાગ્રત હોય અને પોતાની જાતને વફાદાર હોય, તો એના જીવનમાં કેવી તાઝગી પ્રગટી શકે એ વાત શ્રી. જયભિખ્ખુની ઘણી પહેલી હરોળની રચનાઓ દ્વારા સાબિત થાય છે.

લેખન એ જ એમનું કાર્ય અને એમાંથી પ્રાપ્ત થતો 'અન્નપૂર્ણાનો પ્રસાદ' એ જ એમની કમાઈ. આમ છતાં, માત્ર સાહિત્યસર્જનમાંથી થતા ઉપાર્જન દ્વારા ખમીરભર્યું સ્વસ્થ જીવન ગુજરાતમાં જીવી શકાય છે એ બીજા કેટલાક સમકાલીન સર્જકોની પેઠે શ્રી 'જયભિખ્ખુ'એ પણ બતાવી આપ્યું છે. એ સ્વમાની હતા, છતાં અભિમાની નહોતા.

નાનામાં નાના માણસમાં પણ ગુણ જુએ તો એને અપનાવતા અને હૈયામાં સ્થાન આપતા

જૈન ધર્મના વિશાળ કથાસાહિત્યમાંથી વસ્તુ લઈ ને એમણે ' ભગવાન ઋષભદેવ ' ' કામવિજેતા સ્થૂલિભદ્ર ', ' સંસારસેતુ ', ' લોખંડી ખાખનાં ફૂલ ', ' પ્રેમાવતાર ', જેવી સંખ્યાબંધ નવલકથાઓ લખી. પણ એમના આ પ્રકારના સાહિત્યમાં ક્યારેય સાંપ્રદાયિકતા પ્રવેશી નથી. આજ કારણે શ્રી. ' જય-ભિખ્ખુ ' બહોળો વાચક સમુદાય મેળવી શક્યા છે. સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે શ્રી ' જય-ભિખ્ખુ 'ની નાની મોટી અનેક વાર્તાઓ ખરા અર્થ-માં ' લાખેણી વાતો ' બની રહી છે.

આ ઉપરાંત શ્રી ' જયભિખ્ખુ 'એ શૌર્ય અને સાહસપ્રબોધતું કિશોર સાહિત્ય અને જ્ઞાન સાથે મિષ્ટ વાર્તારસ પીરસતું બાળસાહિત્ય પણ બહોળા પ્રમાણમાં સર્જ્યું છે.

પણ વિશાળ જનસમુદાય શ્રી ' જયભિખ્ખુ ને ' ગુજરાત સમાચાર ' દૈનિકમાં દર ગુરુવારે પ્રગટ થતા ' ઈંટ અને ઇમારત 'ના કૉલમથી વધુ ઓળ-ખતો. આ પાનામાં એમની કલમ દ્વારા અનેકવિધ પ્રસંગચિત્રો, જીવનકથા, રેખાચિત્રો અને સામા-જિક–રાજકીય સમાલોચના પ્રગટતાં. ટૂંકમાં સમગ્ર જીવન અહીં કોઈ ને કોઈ સ્વરૂપે વિષયભૂત થતું. એમની સૂક્ષ્મ નજર, એમનું બહુશ્રુતપણું, એમનું વ્યવહાર-શાણપણ, એમની નીડરતા, એમનો નિર્દંશ કટાક્ષ અને એમની અપાર જીવનનિષ્ઠા આ પાના પર પ્રગટતી.

આ દૈનિકમાં શ્રી. ' જયભિખ્ખુ 'ની એ ત્રણ ઊંચી કક્ષાની નવલકથાઓ પહેલાં હપ્તાવાર પ્રસિદ્ધ થઈ ગઈ છે. આમ, શ્રી. ' જયભિખ્ખુ 'નું ઘણું લખાણ પહેલી વાર તો કોઈ ને કોઈ સામયિક માટે લખાયું છે. પણ પછી એ લખાણને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતાં પહેલાં એની ખૂબ ચકાસણી કરતા. એમના વડીલબંધુ પં. રતિલાલ દીપચંદ દેસાઈની નજર નીચેથી એ નીકળતું. કાટછાંટ થતી અને પછી જ પુસ્તકાકારે તે પ્રસિદ્ધ થતું.

શ્રી ' જયભિખ્ખુ ' ખરા અર્થમાં માનવના ઉષ્માભર્યા સહવાસના ભૂખ્યા હતા. કોઈએ કહ્યું છે એમ એ ' ડાયરાનો જીવ ' હતા. ઘણાં વર્ષ સુધી એ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શારદા મુદ્રણાલયમાં દરરોજ બપોર પછી ત્રણ–ચાર કલાક બેસતા, અને છાપકામની કલાત્મકતા, ગુણવત્તા જળવાઈ રહે તે જોતા. એ વખતે શારદા મુદ્રણા-લયમાં સાંજે પાંચેક વાગ્યે લેખકમિત્રો અને સાક્ષરો-નો ડાયરો જામતો. એમાં ઘણી વાર સ્વ. શ્રી. ધૂમકેતુ આવતા; સ્વ. ગુણવંતરાય અમદાવાદ આવ્યા હોય તો એ પણ આવતા; આચાર્ય શ્રી. ધીરુભાઈ ઠાકર અમદાવાદ હતા ત્યાં સુધી લગભગ નિયમિતપણે એ ડાયરામાં રંગ જમાવતા. ક્યારેક શ્રી રતિકુમાર વ્યાસ પણ આવતા. સદ્ગત શંભુભાઈ પણ અવારનવાર ત્યાં હાજર હોય. પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી. કનુભાઈ દેસાઈ શ્રી. ' જયભિખ્ખુ 'ના પરમ મિત્ર, એટલે એ અમદાવાદ આવ્યા હોય ત્યારે એમને મળવું હોય તો સાંજે અચૂક એ શારદા મુદ્રણાલયમાં મળી જાય. કોઈ કોઈ વાર શ્રી ઈશ્વર-ભાઈ પેટલીકર, શ્રી. પન્નાલાલ પટેલ કે શ્રી. પીતાંબરભાઈ પટેલ પણ આ ડાયરામાં આવી જતા.

શ્રી. ' જયભિખ્ખુ ' જન્મે વણિક હતા. પણ એમના સમગ્ર જીવનવ્યવહારમાં એ સાચા અર્થમાં ' બ્રાહ્મણ ' બની રહેલા. પિતાના ધનમાંથી એક પાઈ લીધા વિના એમણે ઘર છોડેલું. આપબળે જ આગળ વધવાનો એમનો દૃઢ નિર્ધાર હતો. થોડો વખત સાહિત્યને ઉપકારક નોકરી કરી તે બાદ કરતાં એમણે કદી કોઈનું દાસત્વ સ્વીકાર્યું નહોતું.

મૈત્રી શી ચીજ છે એ શ્રી ' જયભિખ્ખુ 'ના એમના મિત્રો સાથેના વ્યવહારમાંથી પ્રગટતું મેં ઘણી વાર જોયું છે. મિત્રના કલ્યાણ માટે જે કંઈ કરવું ઘટે તે એ કરી છૂટતા. સામાન્ય રીતે સૌના સંબંધમાં એ બહુ જ વિવેકપૂર્વક વર્તતા. એમના સ્વભાવનું ગુલાબીપણું એમને એ જ્યાં જાય ત્યાં આદર અને હૃદયના પ્રેમના અધિકારી બનાવી દેતું.

સદ્ગત મેઘાણીભાઈ માટે શ્રી. ઉમાશંકર

જોશીએ લખ્યું છે તેમ શ્રી. 'જયભિખ્ખુ' પણ "જીવન ભોગવવામાં—જીવનમાંથી સાચો આનંદ લૂંટવામાં માનતા. એમના મૃત્યુ ઉપર વિચાર કરતાં સમજાય છે કે, જે પ્રેમ પામ્યા—બલકે વરસ્યા અને જે કંઈ કામ કર્યું એ જ જીવનની કમાણી." અને શ્રી. જયભિખ્ખુની આ પ્રકારની 'કમાણી' ઓછી નથી.

પણ શ્રી. જયભિખ્ખુ જે કંઈ હતા અને એ જે કંઈ સિદ્ધિ મેળવી શક્યા તેમાં તેમનાં જીવનસંગિની શ્રી જયાબહેનનું પ્રદાન મહત્ત્વનું છે. ઘણાને ખ્યાલ નહિ હોય, પણ શ્રી. 'જયભિખ્ખુ' એ ઉપનામનો પૂર્વાર્ધ 'જય' શબ્દ જયાબહેનના નામમાંથી લેવાયો છે. 'ભિખ્ખુ' શબ્દ શ્રી. બાલાભાઈના કુટુંબના નામ 'ભીખાભાઈ'માંથી લેવાયો છે. શ્રી. જયભિખ્ખુને મન જયાબહેન સાચાં સહધર્મચારિણી હતાં. એક અદના માનવીથી શરૂ કરીને ગુજરાતના એક લોકપ્રિય સાહિત્યકારના પદે શ્રી. 'જયભિખ્ખુ' પહોંચ્યા. પણ એ પોતે કહેતા તેમ અને એમના મિત્રો, સંબંધીઓ જોતા તેમ શ્રી. જયાબહેનનાં ઉદાર, પ્રેમાળ આતિથ્ય, પ્રસન્ન અને પ્રેરક વાણી અને ઊંડી વ્યવહારસૂઝે આ ઉન્નતિમાં ખૂબ ફાળો આપ્યો છે. ગુજરાતમાં કવિવર ન્હાનાલાલનું દામ્પત્ય અને એમનું આતિથ્ય ઇતિહાસપ્રસિદ્ધ છે. કવિવરે 'કુલયોગિની' કાવ્ય લખીને માણેકબાને અમર કર્યાં છે. આવાં કુલયોગિનીની યાદ શ્રી. જયાબહેનને જ્યારે જ્યારે જોઉં છું ત્યારે આવે છે.

આવા શ્રી. જયભિખ્ખુ હવે આપણી વચ્ચે નથી. ફૂલ કંઈક વહેલું ખરી ગયું છે, પણ એ ફૂલે અનેકોનાં હૃદયમાં જે ફોરમ ફેલાવી છે તે ત્યાં હંમેશાને માટે કીમતી સંભારણું બની રહેશે.

અંતમાં સદ્ગત મેઘાણીભાઈને અંજલિ આપતા લેખને અંતે શ્રી. ઉમાશંકર જોશીએ જે છેલ્લાં થોડાં વાક્યો લખ્યાં છે તે મને આ પ્રસંગને પણ એટલાં બધાં અનુરૂપ લાગે છે કે તેમાં નામ પૂરતો ફેરફાર કરીને અહીં મૂકું છું :

"આવા સ્નેહીઓને પુરુષાર્થીઓને મૃત્યુથી 'જયભિખ્ખુ' નથી એ માનવાની જ મન ના પાડે છે. એટલા એ આપણી સમક્ષ જીવતા જાગતા છે. આ લખતાં લખતાં પણ જાણે લાગે છે કે હમણાં એ આવી પહોંચશે અને એમનો મધુર ઘેરો અવાજ સંભળાશે,

'કાં ભાઈ, આ શું માંડ્યું છે?"

'જયહિંદ'

# 'ઈંટ અને ઇમારત'ના ઘડવૈયા

સંસારમાં સોનું પણ છે અને કથીર પણ છે. એમાંથી શું લેવું, શું છોડવું, એ માનવીની આવડત અને દાનતની વાત છે. સંસ્કાર, સેવા અને સદાચારથી જીવન સોના જેવું નિર્મળ અને બહુમૂલું બની જાય છે.

મારા ભાઈ શ્રી. જયભિખ્ખુભાઈ આવા જ એક સુવર્ણસમા જીવનના સ્વામી હતા. માતા સરસ્વતીની ઉપાસના એ એમનું જીવનવ્રત હતું. કઠોરતાપૂર્વક તેઓએ એ વ્રતનું જતન કર્યું હતું અને સરસ્વતીના લાડકવાયા બનીને જીવનને ધન્ય બનાવ્યું હતું. કલમની સાધનાએ એમને યશ કીર્તિ અને સંપત્તિની ભેટ આપીને નવાજ્યા હતા, અને તેમની જિંદગીને જિંદાદિલી મસ્તી અને માનવતાની સંપત્તિથી સમૃદ્ધ બનાવી હતી.

કલ્પવૃક્ષની કલ્પના કોને કામણ નથી કરતી ભલા ? પણ કલ્પવૃક્ષની ભાવનાનો આનંદ તો કલ્પનાશીલ કવિઓ અને રસઝરતા ગદ્યના સર્જકો જ માણી શકે છે. આવા ઊર્મિલ અને સંવેદનશીલ સરસ્વતીપુત્રો પોતે ય કલ્પનાની પાંખે વિહાર કરીને દુઃખ અને અશાંતિને ભૂલી જાય છે. અને પોતાના વાચકોને ય અજબ કલ્પનાવિહાર કરાવીને દિવ્ય શાંતિ અને આનંદનો અનુભવ કરાવે છે. તેઓ જ છે ધરતીનું કલ્પવૃક્ષ !

શ્રી. જયભિખ્ખુભાઈ આવા જ એક સંવેદનશીલ અને સમર્થ સાહિત્યસર્જક હતા. એમની કલમમાં કામણ હતું. એમની શૈલીમાં મોહિની હતી. એમની રચનાઓમાં જાદુ હતો.

એમનો વાચક સહેજે ચાહક કે આશક બની જતો, એ તો ખરું જ.

એમના વિશાળ વાચકવર્ગમાં કેટલાંય ભાઈ-બહેનો એવાં છે કે જેઓ એમના પ્રત્યે ભક્તિ ધરાવે છે. અને વિશેષ ખૂબીની વાત તો એ છે કે જેવું ઓજસ અને માધુર્ય એમનાં લખાણમાં હતું એવું જ ઓજસ અને માધુર્ય એમની વાણીમાં હતું. એમની સાથે વાત કરનાર વ્યક્તિ પ્રથમ પરિચયે જ સદાને માટે એમની બની જતી અથવા એમને પોતાના માની લેતી. અજબ હતી, શ્રી.જયભિખ્ખુભાઈની સરસ્વતીની સિદ્ધિ અને રસસિદ્ધિ !

પોતાની આ સિદ્ધિની સામાન્ય જનસમૂહમાં લહાણી કરવી એ એમનું જીવનધ્યેય હતું. આ માટે તેઓએ નાનાં–મોટાં મળીને ત્રણસો જેટલાં પુસ્તકોની ભેટ આપી. પોતાના મિત્ર શ્રી. લાલભાઈ મણિલાલ શાહના સહકારમાં 'શ્રી. જીવન-મણિ સદ્‌વાચનમાળા' દ્વારા સુંદર અને સરસ પુસ્તકો પ્રગટ કર્યાં. અને અનેક વર્તમાનપત્રોમાં રસરેલાવતી કટારો પણ વર્ષો સુધી નિયમિત ચલાવી.

**ચાર 'ગ' કાર**

શ્રી. જયભિખ્ખુની રસભાવનાનો આનંદ સામાન્ય જનસમૂહ સુધી પહોંચતો કરવામાં 'ગુજરાત સમાચાર'માં વર્ષોથી પ્રગટ થતી એમની 'ઈંટ અને ઇમારત' નામે કટારનો અને 'ગુજરાત સમાચાર'ના બાળકોના સાપ્તાહિક 'ઝગમગ'નો પણ ફાળો ઘણો મોટો હતો, એમાં શક નથી. આ કટાર દ્વારા તેઓ જન–જનનાં અંતરમાં વસી ગયા હતા. પ્રૌઢો માટેના સાહિત્યસર્જન માટે એમના 'દિલના દીવા' પુસ્તકને કેન્દ્ર સરકાર તરફથી ઇનામ મળ્યું

તે નિમિત્તે યોજવામાં આવેલ એક અભિનંદન સમારોહમાં તેઓએ પોતે જ કહ્યું હતું કે, 'મારે ચાર 'ગકાર' સાથે ઘણું લેણું છે : શ્રી. ગૌરીશંકર જોશી–ધૂમકેતુ, 'ગુજરાત સમાચાર', ગુર્જર ગ્રંથ-રત્ન કાર્યાલય.' (ચોથું નામ હું ભૂલી ગયો છું. 'ગુરુવાર' હશે ? એમની કટાર દર ગુરુવારે પ્રકટ થતી.)

## 'જયભિખ્ખુનાં સોણલાં !'

એમની સુમધુર કલમના કામણના થોડાક દાખલા આ રહ્યા.

પંદર વર્ષ કરતાં ય વધુ વખત પહેલાંની વાત છે. એકવાર એમની કટારમાં એમણે રામ અને હનુમાનના રામાયણના કોઈ પ્રસંગનું ચોટદાર ચિત્રણ કર્યું હતું. એ લખાણ આપણા ભક્તકવિ શ્રી. દુલાભાઈ કાગના અંતરને સ્પર્શી ગયું. એમણે તરત જ અમદાવાદ શ્રી. રતિકુમાર વ્યાસને લખ્યું : "મને શ્રી જયભિખ્ખુનાં સોણલાં આવે છે. એમને લઈને વહેલામાં વહેલાં મજાદર આવો !"

શ્રી. જયભિખ્ખુભાઈના સાહિત્યનાં વાચક એક શિક્ષિત બહેને કહેલું કે : મને તમારાં પુસ્તકો ખૂબ ગમે છે. તમારું કામવિજેતા સ્થૂલિભદ્ર પુસ્તક મેં એકવીસ વાર વાંચ્યું, છતાં એ નવું જ લાગે છે !

કોમી કલહ એ આપણા દેશને અંગ્રેજોની ભેટ છે, અને દેશનું મોટું દુર્ભાગ્ય છે. ત્રીસેક વર્ષ પહેલાંની વાત છે. ત્યારે શ્રી. બાલાભાઈ (શ્રી. જયભિખ્ખુભાઈનું રાશિનું નામ બાલાભાઈ હતું.) મુંબઈના 'રવિવાર' સાપ્તાહિકનું પહેલું પાનું લખતા હતા. એમાં એમણે આ કોમી કલહ અંગે હિંદુઓ તરફે એક નોંધ લખી. એ વાંચીને પાલનપુરના એક સજ્જને એમને એકસો રૂપિયાની ભેટ મોકલી હતી.

## બાળક અને કેદીનેય વહાલા

પાંચેક વર્ષ પહેલાંનો એક પ્રસંગ. શ્રી. મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ ગ્રંથ તૈયાર કરવાનો હતો. એના સંપાદક–મંડળમાં શ્રી. જયભિખ્ખુભાઈ પણ હતા. સંપાદક–મંડળની બેઠક વડોદરામાં બોલાવી હતી. જમવાનું વિદ્યાલયની વડોદરા શાખાના મંત્રી શ્રી. રસિકભાઈને ત્યાં હતું. અમે બધા એમને ત્યાં પહોંચ્યા કે તરત એમના ૮–૧૦ વર્ષના દીકરાએ પૂછ્યું કે આમાં જયભિખ્ખુ કયા છે તે મને કહો. મારે એમને મળવું છે.

છેલ્લે છેલ્લે, એમના સ્વર્ગવાસ પછી, સાબરમતી જેલમાંથી એક કેદીનો અમારા ઉપર ઉર્દૂ ભાષામાં દિલાસાનો પત્ર આવ્યો. એમાં એ ભાઈએ ઉર્દૂ શેર ટાંકીને સ્વર્ગસ્થને અંજલિ આપી છે.

આવા આવા તો કંઈક પ્રસંગ મળી શકે. આ બધું જોઈને જાણે મનમાં મીઠી અદેખાઈ જાગી ઊઠે કે આ તે કેવો કામણગારો લેખક કે જે વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો બહુ ભણેલાઓ અને ઓછા ભણેલાઓના મનમંદિરમાં સમાન રીતે બિરાજી ગયો છે !

## ગદ્યના કવિ

આ બધો પ્રતાપ છે, શ્રી જયભિખ્ખુભાઈની મીઠી–મધ ભાષા, સરળ સરસ શૈલી, કથાવસ્તુની પસંદગીની આગવી રુચિ, એક સિદ્ધહસ્ત છબીકારની જેમ કથાના વિશિષ્ટ અને માનવતાવાદી દૃષ્ટિબિંદુને બહેલાવવાની બિરલ આવડત અને પોતાની અને પોતાના વાચકોની રુચિ વચ્ચે રસની એકતા સાવધાની અનોખી કલાસૂઝ.

ટૂંકાં ટૂંકાં વાક્યોના તેજસ્વી તારક મંડળથી એમનું લખાણ સદા શોભતું હોય છે. કોઈક વાક્ય સત્યની ઝાંખી કરાવી જાય, કોઈક સુસંસ્કારનું સિંચન કરી જાય, કોઈક વાક્ય ન્યાય, નીતિ, શીલ, સમર્પણ કે ધર્મનો બોધ સંભળાવી જાય, કોઈક વચન સત્કાર્યનું પ્રશસ્તિગાન સંભળાવે તો વળી કોઈક અકાર્ય કે દોષની અંતરમાં વસી જાય એવી ટીકા કરે ! અને છતાં એકેએક વાક્યમાં, માળાના મણકાઓમાંના દોરાની જેમ, રસ તો વહેતો જ હોય. અને એ રસ પણ નરવો કે એમાં અપરસ અશ્લીલતા કે અસંસ્કારનું નામ નહીં ! શ્રી. જયભિખ્ખુભાઈનું એક એક વાક્ય "કાવ્યં રસાત્મકં વાક્યં"

એવા રસશાસ્ત્રના કથનને ચરિતાર્થ કરી બતાવે છે. તેઓ ગદ્યલેખનના એક ભાવનાશીલ અને સમર્થ કવિ જ હતા.

એમની શૈલી એમની પોતાની જ હતી. એ શૈલીનો વિચાર કરતાં આપણા કવિવર શ્રી. ન્હાનાલાલભાઈની વિશિષ્ટ અપદ્યાગદ્ય શૈલીનું સહેજે સ્મરણ થઈ આવે છે. અંતરને એ સહેલાઈથી સ્પર્શી જાય, પણ એનું અનુકરણ મુશ્કેલ !

## શૈલી તો એમની જ!

એમની શૈલીને એમના વાચકો કેવી રીતે પારખી જતા એનો મારા ઘરનો જ એક પ્રસંગ આપું. ૨૦–૨૨ વર્ષ પહેલાંની આ વાત છે. 'જન્મભૂમિ'માં કોઈ વાર્તા છપાયેલી. એમાં લેખકનું નામ છપાવું રહી ગયેલું. એ વાંચીને મારી પત્નીએ કહ્યું : "આ વાર્તા તો આપણા ભીખાભાઈની લાગે છે." (શ્રી. જયભિખ્ખુ અમારા કુટુંબમાં અને સગાઓમાં આ નામથી જાણીતા છે.) મેં શ્રી. જયભિખ્ખુભાઈને પૂછ્યું તો વાત સાચી નીકળી. તે વખતે 'જન્મભૂમિ'એ વાર્તા હરીફાઈ યોજી હતી. એના તંત્રીના આગ્રહથી એમણે આ વાર્તા મોકલી હતી. ઈનામ તો કોઈ બીજી વાર્તાને મળ્યું. પણ 'જન્મભૂમિ'ના તંત્રી આ વાર્તા છાપવાના લોભને જતો ન કરી શક્યા. એમણે વાર્તા તો છાપી, પણ લેખકનું નામ મૂકવું ભૂલી ગયા !

આવી આગવી શૈલી અને આવી મધુર રજૂઆત દ્વારા શ્રી જયભિખ્ખુભાઈ ગુજરાતના અસંખ્ય વાચકોની પ્રીતિ, આદર અને ભક્તિના અધિકારી બન્યા હતા. એમની આંખો તો નાનપણથી જ નબળી હતી. પણ એમના વિશાળ વાચનમાં એ અવરોધ રૂપ ન બની શકી. અરે અભ્યાસનો સમય ચોરીને પણ તેઓ મનગમતું વાચન-ટાંચણ કરી લેતા. જાણે આ રીતે ગુજરાતનો એક ભવિષ્યનો સાહિત્યસર્જક તૈયાર થઈ રહ્યો હતો !

વળી જેવું સુંદર એમનું લખાણ હતું એવા જ સુંદર મોતીના દાણા જેવા એમના અક્ષરો હતા. અને આ ફાઉન્ટન પેનના યુગમાં પણ તેઓ લખવા માટે હોલ્ડર અને ખડિયાનો જ ઉપયોગ કરતા !

## જાદુગર પર જાદુ કર્યો

આ તો એમની વિદ્યાપ્રતિભાનાં આછાં દર્શન થયાં, હવે એમના તેજસ્વી વ્યક્તિત્વનો પણ કંઈક પરિચય કરીએ.

એમનો ઉછેર સૌરાષ્ટ્રમાં વીંછીઆ ગામની શેરીએ અને સીમના મુક્ત વાતાવરણમાં, ગુજરાતમાં વરસોડાના ગામની આસપાસનાં સાબરમતીનાં જવાંમર્દીનો સાદ આપતાં કોતરોમાં અને મધ્યપ્રદેશમાં શિવપુરીના સોહામણા વન પ્રદેશ અને ભયંકર જંગલોમાં થયો હતો. સ્વાભાવિક રીતે જ તેઓની બાળપણની કે મોટી ઉંમરની પ્રવૃત્તિના કેન્દ્રમાં જિંદાદિલી, સ્વમાનશીલતા અને મસ્તી બિરાજતી હતી. એના ઉપર કાપ આવે એવી કોઈ પ્રવૃત્તિ કે કોઈ પ્રલોભન એમને ખપતાં ન હતાં.

વળી, અદમ્ય આત્મવિશ્વાસ, નીડરતા, સાહસિકવૃત્તિ, હિંમત અને લીધું કામ પાર પાડવાની મક્કમતાનું ખમીર જાણે એમનાં રોમરોમમાં ધબકતું હતું. હતાશ, નિરાશ કે ઉદાસ થવાનું કે પાછા પડવાનું તો એમના લોહીમાં જ ન હતું, નિરાશ કે ઉદાસ વ્યક્તિ પણ એમના સંપર્કથી અને એમની સાથેની વાતચીતથી ચેતનવંતી બની ગયાના સંખ્યાબંધ દાખલા ટાંકી શકાય. આપણા જાણીતા જાદુકલાવિશારદ શ્રી. કે. લાલ એકવાર ભારે નિરાશ થઈ ગયેલા. તેઓ શ્રી. બાલાભાઈને પોતાની મુરબ્બી માને છે. તેઓ શ્રી. બાલાભાઈ પાસે આવ્યા. શ્રી. બાલાભાઈએ એ સિદ્ધહસ્ત જાદુગર ઉપર કંઈક એવો અજબ જાદુ કર્યો કે એમની નિરાશા માત્ર ચાલી ગઈ. અને એમનું અંતર આશા અને ઉત્સાહથી થનગની ઊઠયું !

શ્રી. જયભિખ્ખુભાઈ એકલવાયા નહીં પણ ડાયરાના જીવ હતા. શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શારદા મુદ્રણાલયમાં વર્ષો સુધી જામતો રહેતો સાક્ષરોનો અને સ્નેહીઓનો ડાયરો આજેય સૌને

સાંભરે છે. અને છતાં તેઓ સભા-સોસાયટીઓથી હમેશાં દૂર જ રહેતા, એ કંઈક નવાઈ ઉપજાવે એવી વાત છે. તેઓ જ્યાં બેઠા હોય ત્યાં આનંદ અને મોજની છોળો જ ઊડતી હોય !

## પ્રેમના સોદાગર

નાના કે મોટા કોઈનું પણ કામ કરી આપવાની પરગજુવૃત્તિએ તો સંખ્યાબંધ વ્યક્તિઓને એમની જીવનભર ઓશિંગણ બનાવી છે. અને આતિથ્ય તો બાલાભાઈનું જ ! જેવા તેઓ જમવાના શોખીન એથી ય વધુ જમાડવાના હોંશિલા. એમનો અત્તરનો શોખ પણ એવો જ હતો. જાણે સંસ્કારી સાહિત્યની સુવાસ પ્રસરાવીને એ શોખ ધન્ય બની ગયો !

એમના સાહિત્યસર્જક આત્મામાં જે કાર્ય-સૂઝ, વ્યવહારદક્ષતા, અને કુનેહ હતી તે કયાંથી આવી હશે, એ એક હેરત પમાડે એવી વાત હતી. ગમે તેવો અટપટો કોયડો હોય, એમની કુશળ બુદ્ધિ એક રાજમંત્રીની અદાથી એનો ઉકેલ શોધી શકતી અને આમ છતાં તેઓ કૂટનીતિને આશ્રય આપવાને બદલે નિખાલસતા અને સ્પષ્ટભાષિતાને જ આવકારતા અને તેથી તેઓ અનેક વ્યક્તિઓના મિત્ર, મુરબ્બી કે માર્ગદર્શક બની શક્યા હતા. સાચે જ તેઓ પ્રેમના સોદાગર હતા. પ્રેમ આપવો અને પ્રેમ મેળવવો એ એમનો જીવનવ્યવસાય હતો, એમની અસાધારણ લોકચાહનાની આજ મુખ્ય ચાવી !

એમનું વ્યક્તિત્વ લોહચુંબક જેવું આકર્ષક હતું અને એમની વાણીમાં પણ સામો એમની વાત સહેજે સ્વીકારી લે એવો આદેયતાનો ગુણ હતો. કળાકારો, સાહિત્યકારો, ડૉકટરો વૈદ્યો અને બીજાઓ પણ એમનો પરિચય થતાં એમના વિશાળ સ્નેહી કુટુંબના સભ્ય અને એમના ચાહક બની જતા. સીતાપુરની સુપ્રસિદ્ધ આંખની હૉસ્પિતાલના નિષ્ણાત દાક્તર પાહવાની શ્રી. બાલાભાઈ તરફની ભક્તિસભર પ્રીતિ આનું એક ઉત્તમ ઉદાહરણ છે. આવા તો અનેક દાખલા મળી શકે.

## ધરતીનું અમરત

અને આટલું જ શા માટે ? પોતાને ઘેર જેમનાં પગલાં કરાવવા ભક્તોને મહેનત કરવી પડે એવા જુદા જુદા ધર્મોના સંતો અને મહંતો શ્રી. બાલાભાઈને પ્રેમપૂર્વક આવકારતા અને એમને ઘેર જવામાં આનંદ અનુભવતા એ બીના પણ શ્રી. જયભિખ્ખુભાઈના ઉજ્જવળ અને આકર્ષક વ્યક્તિત્વની શાખ પૂરે એવી છે. આવા સંતો-મહંતોમાં અમદાવાદના સ્વ. શ્રી પુનિત મહારાજ, જામનગરના શ્રી. અણદાબાવા આશ્રમના મહંત શ્રી. શાંતિપ્રસાદજી મહારાજ, દહેગામના ગોસ્વામી શ્રી. મુકુટલાલજી મહારાજ, નડિયાદના હરિઓમ્ આશ્રમના શ્રી. મોટાનાં નામો ઉલ્લેખનીય છે. કેટલાય રમૂજમાં શ્રી. બાલાભાઈને 'મહંત' કહીને સંબોધતા.

જૈન સાધુસંતોમાં સોનગઢના શ્રી. કલ્યાણચંદજી બાપા, આગરાના ઉપાધ્યાય શ્રી. અક્ષરમુનિજી મહારાજ, જામનગરનાં મહાસતી શ્રી. ધનકુંવરબાઈ સ્વામી, મુનિરાજ શ્રી. અભયસાગરજી તથા શ્રી. દુર્લભસાગરજી મહારાજ શ્રી જયભિખ્ખુભાઈ પ્રત્યે ખૂબ મમતા અને આદર ધરાવે છે, અને જૈન-સંઘના મહાન આચાર્ય શ્રી. વિજયવલ્લભસૂરિજીને વીસેક વર્ષ પહેલાં શ્રી. બાલાભાઈ પાલીતાણામાં મળ્યા ત્યારે તેઓએ ઉમળકાપૂર્વક આશીર્વાદ આપ્યા હતા કે, જયભિખ્ખુજી ! હમ તુમારી જય ચાહતે હૈ ! સાચે જ એ આશીર્વાદ સફળ થયા !

લોકહૃદયમાં આદરભર્યું સ્થાન એ જ આ ધરતીનું અમૃત તત્ત્વ છે. અગરબત્તી અને ચંદન જેવું જીવન જીવીને શ્રી. જયભિખ્ખુભાઈ અમર બની ગયા.

એમને મારા સાદર પ્રણામ !

**શ્રી. રતિલાલ દેસાઈ**

# આ વાત અમને એટલા માટે યાદ આવી કે.....

**આ** વાત અમને એટલા માટે યાદ આવી કે...

તમને લાગશે કે આજે ગુરુવાર છે.

તમને લાગશે કે તમારા હાથમાં જે છાપું છે તે લોક સમાચાર નથી પણ ગુજરાત સમાચાર છે.

તમને લાગશે કે તમે એથી ત્રણ સદી સુધી સતત ચાલુ રહેલા લોકપ્રિય વિભાગ ' ઈંટ અને ઇમારત 'નું ચોકઠું વાંચી રહ્યા છો.

'આ વાત અમને એટલા માટે યાદ આવી કે...' એ શબ્દો વાંચવાની સાથે જ તમે બોલી ઊઠશો : " જયભિખ્ખુ "

સાહિત્ય એક રણકો છે.

જે રણકે તે સાહિત્ય.

જે ચિરંજીવી રણકો ગુંજાવી રહે તે ચિરંજીવી સાહિત્ય.

નાનાં નાનાં વાકયો.

ઈંટો જેમ ગોઠવાઈ ગોઠવાઈ ને ઇમારત ચણાતી જાય તેમ વાકયો ગોઠવાતાં જાય.

શબ્દોની એ ગોઠવણી કહેવત બની જાય.

એ કહેવતની સુરાવલિમાંથી સુગંધ ફોરી રહે.

એ સુગંધી શબ્દોની વાડી તૈયાર થઈ એક બગીચો મહેકી રહે.

એ મહેક પોતાની મસ્તીમાં આવીને કહી જાય. એક કહાની. એક વાત એક કથાનક. એક રચના. એક કલાકૃતિ. એક સ્પંદન. એક પડઘો. એક ગુંજારવ.

સુરાવલિ અને તે પણ પાછી મહેકતી!

મહેક અને તે પણ પાછી કથાનકભરી.

શિલ્પી પત્થરમાંથી શિલ્પ તૈયાર કરે છે તીક્ષ્ણ ટાંકણું મનોરમ મૂર્તિને આકાર આપે છે.

સર્જક એવો જ શિલ્પી છે, મૂર્તિકાર છે, કલાકાર છે.

એ કળાને કેટલા પટમાં પાથરે છે એ મહત્ત્વની વાત નથી. એનો પટ ત્રણસો પુસ્તકોનો હોઈ શકે છે, એ પટના એક એક માઈલ સ્ટોન ઉપર સરકાર એક એક ઈનામ કે ટ્રોફી મૂકી શકે છે. સમયનાં પાનાંઓ સફળતાથી સલામીઓ લઈ ને શબ્દના શિલ્પને ભલે બિરદાવી રહે.

સાચી સફળતા રણકામાં છે. ગુંજારવમાં છે.

એક પદ્ધતિ. એક શૈલી. એક માવજત. એક મધુરપ, એક મીઠાશ. એક આયોજન......

ઘંટના સર્જનમાં કેટલી વસ્તુની જરૂર પડે છે!

અને ત્યારેજ ગુંજારવ પોતાના મધુર સ્વરથી વાતાવરણને આનંદિત બનાવી રહે છે,

શ્રી. જયભિખ્ખુનું સાહિત્ય એવો રણકો હતું. એ રણકો બાળકો કિશોરો સ્ત્રીઓ પ્રૌઢો બધાં જ હોંશે હોંશે સાંભળતાં હતાં.

એ રણકો એવો હતો કે જ્યારે ગુંજ્યો છે ત્યારે તેણે જ્ઞાન બોધ અને માનવતાનાં સ્પંદનો જગાવ્યાં છે.

રણકાનું એજ સામર્થ્ય છે.

રણકાની એજ ચિરંજીવિતા છે.

ઘંટ તો રણકે જ પણ શ્રી જયભિખ્ખુએ ઈંટોથી ભરેલી ઇમારત પણ રણકાવી છે.

'આ વાત અમને એટલા માટે યાદ આવી કે...'

એ શબ્દો જ એ રણકાની પ્રતીતિ છે. એ શબ્દો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જયભિખ્ખુ રહેશે! ગુરુવાર કેલેન્ડર ઉપર જ્યાં સુધી અસ્તિત્વ ધરાવશે ત્યાં સુધી 'ઈંટ અને ઈમારત'ના એ રણકાને કોઈ ભૂલાવી નહિ શકે.

ભૂલાવવાની એ તાકાત ભૂત વર્તમાન ભવિષ્ય પાસે નથી. સાહિત્ય સંસ્કાર કે સર્જન પાસે નથી, ડહાપણ બોધ કે જ્ઞાન પાસે નથી.

કેમ કે જ્યારે પણ તમને કોઈક વાત યાદ આવશે અને જ્યારે પણ તમે બોલી ઊઠશો.

'આ વાત અમને એટલા માટે યાદ આવી...'

કે તરત જ તમે બોલી ઊઠશો : 'જયભિખ્ખુ'

સમયની કોર્ટમાં પણ કેવા શબ્દો 'કોપી રાઈટ' મેળવી જતા હોય છે!

રણકતા એ કોપી રાઈટ જેવા શબ્દો કોપી ન થઈ શકે એવા રાઈટ સુધી ઉચ્ચારાતા રહેશે.

'આ વાત અમને......'

**'લોકસમાચાર'**

## કથાનો પ્રસંગ

**મધ્યરાત્રિનો** વખત હતો. ઓરડામાં અંધારું હતું. લોકોના સેવક ભક્ત આબુબન નિરાંતે સૂતા હતા.

એવામાં ઓરડામાં પ્રકાશ ફેલાવા લાગ્યો, સંત આબુબનની આંખો ખૂલી ગઈ. જોયું તો એક દેવદૂત પોતાના સોનેરી પુસ્તકમાં કંઈક લખી રહ્યો હતો.

સંતે પૂછ્યું : "આપ આમાં શું લખી રહ્યા છો?"

"જેઓ પ્રભુને સાચા દિલથી ચાહે છે એમનાં નામ હું લખી રહ્યો છું." દેવદૂતે જવાબ આપ્યો.

સંત : "મારું નામ એમાં લખ્યું છે ખરું?"

દેવદૂત : "જી ના."

સંત : "તો આપ એટલું નોંધી લ્યો કે આબુબન બધા માનવીઓને દિલથી પ્યાર અને ખિદમત કરે છે"

દેવદૂત રવાના થયો.

બીજે દિવસે દેવદૂતે આવીને પોતાનું પુસ્તક સંત આબુબનની સામે મૂક્યું. સંતે જોયું કે એમાં એમનું નામ સૌથી મોખરે હતું. કેમકે એ સાચા જનસેવક હતા.

આ પવિત્ર કથા યાદ કરવાનો પ્રસંગ એ છે કે શ્રી. જયભિખ્ખુભાઈ પોતાના નિર્મળ સાહિત્ય અને સેવાપ્રેમ દ્વારા જનકલ્યાણના સહભાગી બનીને પ્રભુના પ્યારા બની ગયા.

**'ગુજરાત સમાચાર'**

ગયે જ અઠવાડિયે ખુશખુશાલ શ્રી જયભિખ્ખુને જોયા હતા અને તેમનો ડાયરો જામ્યો હતો. અને અચાનક રેડિયોમાં ૬૨ વર્ષની ઉંમરે તેમના મૃત્યુના સમાચાર સાંભળી આંચકો અનુભવ્યો. તેમના સાહિત્યમાંથી પ્રેરણા મેળવનાર અસંખ્ય વાચકોને

તેમના મૃત્યુના સમાચારથી પારાવાર દુ:ખ થયું હશે. ગુજરાત સમાચારની 'ઈંટ અને ઇમારત'ની સાપ્તાહિક નિયમિત કટાર વાંચનાર ઘણા લેખકના પ્રેમી બની ગયા હતા તેવું ઘણીવાર ઘણા પાસેથી જાણ્યું છે, તો પછી જેમને તેમને મળવાનો પ્રસંગ બન્યો હોય તેઓ તો તેમને ભૂલી શકે એમ બને જ નહિ.

સુખી કુટુંબમાં જન્મ્યા છતાં આપબળે જ આગળ વધ્યા અને કષ્ટોની પરવા કર્યા વિના કલમને ખોળે જ માથું મૂકી જીવનનિર્વાહની પ્રતિજ્ઞા કરી અને સ્વાભિમાની જીવન જીવી બતાવ્યું. પ્રારંભિક શિક્ષણ લીધા પછી જૈન પાઠશાલામાં અધ્યયન કર્યું હોવાથી સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ થયો, તેથી ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને સાહિત્ય, ખાસ કરી જૈન સાહિત્યથી સુપરિચિત થયા. વિચારમાં સુધારક હોવાથી અને અંધશ્રદ્ધાનો લેપ નહિ હોવાથી તેમણે પ્રાચીન જૈન પૌરાણિક કથાઓને આધુનિક અંચળો પહેરાવ્યો અને રસનીતરતી નવલકથાઓ આપી. ઇતિહાસમાંથી વીણી વીણીને જીવનપ્રેરક કથાઓ નાની-મોટી લખી. વીર-ગાથા અને શૌર્યના ઉપાસક હોવાથી અનેક શૌર્યકથાઓ લખી, જે નવયુવકોને પ્રેરણા આપે તેવી સિદ્ધ થઈ છે. ઇતિહાસ અને પુરાણ ઉપરાંત આધુનિક દેશનાયકો અને જાણીતી-અજાણી વ્યક્તિનાં જીવનચરિત્રો લખવામાં તો તે સિદ્ધહસ્ત હતા એમ કહેવું પડે. 'ઈંટ અને ઇમારત' દ્વારા તેમણે અનેક વ્યક્તિઓની જીવનગાથા લખીને સાવ અપરિચિત એવી વ્યક્તિઓને પણ તેમની તેજસ્વી કલમે જીવંત બનાવી દીધી છે. તેઓ જ્યાં પણ ગુણદર્શન કરતા ત્યાં તે ગુણીજનને બિરદાવવા-માં પાછી પાની કરતા નહિ. માનવના ગુણોનો ઉત્કર્ષ થાય તેમાં તેમને રસ હતો, તેથી જીવનનો ઉત્કર્ષ સાધે તેવું હેતુલક્ષી સાહિત્યસર્જન તેમણે કર્યું છે. નાનાં-મોટાં તેમનાં પુસ્તકોની સંખ્યા ત્રણસો જેટલી થવા જાય છે. તેમાંનાં અનેક પુસ્તકોને સરકાર તરફથી પારિતોષિકો મળ્યાં છે. સંભવતઃ આ જ એવા લેખક હતા જેમને સૌથી વધારે સરકારી પારિતોષિકો મળ્યાં છે. પણ એ જાણવું જરૂરી છે કે સરકાર અને સરકાર સંચાલન કરનાર ઉપર કટાક્ષો પણ તેમણે ઘણા જ કર્યા છે.

'જયભિખ્ખુ'ના નિર્માણમાં તેમની પત્નીનો હિસ્સો નજીવો નથી. પડદા પાછળ રહી વિજયાબેને જયભિખ્ખુનો મિજાજ જાળવ્યો છે અને તેમના સ્વાભિમાનમાં બાધ ન આવે તેની ચિન્તા સેવી છે. અતિથિસત્કાર તો જયભિખ્ખુનો મિત્રોમાં વખણાય છે, તેનો વિજયાબેનને યશ છે.

'જયભિખ્ખુ' તખલ્લુસ હતું, પણ તેમનું ખરું નામ બાલાભાઈ વીરચંદ દેસાઈ હતું. શાયલાના વતની હતા. તેમના પિતાજીની કારભારીની નોકરી વિજાપુરમાં હતી તેથી બાળપણ ત્યાં વીત્યું. પછી અમદાવાદ આદિ સ્થાનોએ તેમનો અભ્યાસ થયો અને 'ન્યાયતીર્થ'ની પદવી લીધી હતી અને પછી લેખનકાર્યમાં ઝુકાવ્યું હતું, છેક ૧૯૨૯થી મૃત્યુ પૂર્વે અડધા કલાક સુધી એ ચાલ્યું હતું.

**'પ્રબુદ્ધ જીવન'**
**દલસુખ માલવણિયા**

શ્રી જયભિખ્ખુભાઈની લેખનશૈલી એમની પોતાની આગવી અને ખૂબ આકર્ષક હતી. એમની કલમમાં જાણે વાચકને વશ કરી લેવાનું વશીકરણ હતું. અને તેથી, પારસનો સ્પર્શ પામીને લોઢું સોનું બની જાય એમ, એમની મધુર કલમનો સ્પર્શ પામીને ગમે તે કથાવસ્તુ અપૂર્વ સુંદરતા ધારણ કરીને વાચકના ચિત્તને જાણે કામણ કરી જતું ! આવી સિદ્ધિની બહુ ઓછા સરસ્વતીપુત્રોને બક્ષિસ મળે છે.

એમના લખાણની એક બીજી વિશેષતા એ હતી કે, એમની કૃતિઓ આટલી રસભર અને આસ્વાદ્ય હોવા છતાં એમાં એમને રસનિષ્પતિ માટે ક્યારેય અપરસ, અશ્લીલતા અને અસંસ્કારી ગણાય એવા વસ્તુ કે વર્ણનનો આશ્રય લેવો પડ્યો ન હતો. ઊલટું, એમની એકેએક કૃતિ કંઈક ને

કંઈક શીલ, શૌર્ય કે સમર્પણનો મૂંગો બોધ આપવાની જ !

આવી આવી અનેક વિશેષતાઓને લીધે, એમની કૃતિઓ બાળકો, ઓછા ભણેલા પ્રૌઢો, સ્ત્રીઓ, શિક્ષિતો કે સામાન્ય જનસમૂહ–એમ જુદી જુદી કક્ષાના વાચકોને ધ્યાનમાં રાખીને લખાયેલી હોવા છતાં, સૌ કોઈને માટે સમાન રીતે આકર્ષક અને આદરણીય બની શકી હતી. અને તેથી શ્રી જયભિખ્ખુભાઈને ખૂબ આદર અને લોકપ્રિયતા મળ્યાં હતાં. સાચે જ તેઓ માતા શારદાના લાડીલા પુત્ર હતા; અને એમની ચારેક દાયકાની અવિરત વિદ્યાસાધનાને લીધે ગુજરાત ગૌરવશાળી બન્યું હતું. જૈન સમાજની તો તેઓ અમૂલ્ય સંપત્તિરૂપ હતા.

શ્રી જયભિખ્ખુભાઈના વિપુલ સાહિત્યસર્જનનું મૂલ્યાંકન કરતા પંડિતવર્ય શ્રી સુખલાલજીએ સાચું જ કહ્યું છે કે—

"વીસમી સદીના ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખનાર કોઈપણ એમના નામ કે કામની પૂરી નોંધ ન લે, તો એ ઇતિહાસ અધૂરો રહે, એવી સ્થિતિ એમણે પ્રાપ્ત કરી છે. તેમની કેટલીક કૃતિઓ એવી છે, જે બહુ લોકભોગ્ય બની છે, અને માનવતાસ્પર્શી હોઈ સંકુચિત વાડાઓને ભેદે છે."

જેમ શ્રી જયભિખ્ખુભાઈની કલમ આકર્ષક હતી, એવું જ મધુર, આકર્ષક અને તેજસ્વી એમનું વ્યક્તિત્વ હતું. એમની કલમની જેમ એમની જબાનમાં પણ જાણે જાદુ ભર્યો હતો. એમના પરિચયમાં આવનાર સૌ કોઈ એમના પ્રત્યે આકર્ષાતા. સંબંધો બાંધવાની અને નભાવવાની એમની કુશળતા દાખલારૂપ બની રહે એવી હતી.

અસાધારણ આત્મવિશ્વાસ, અડગ મનોબળ, નિર્ભયતા, સાહસિકતા; ધાર્યું કામ પાર પાડીને જ જંપવાની મનોવૃત્તિ, સદાય આશાવંત અને પ્રસન્ન રહેવાની પ્રકૃતિ, ઉદારતા, સારમાણસાઈ અને એ બધા ઉપર સુવર્ણકળશ ચડાવે એવી કોઈનું પણ કામ કરવામાં ચંદનની જેમ ઘસાઈ છૂટવાની પરગજુવૃત્તિ અને ગમે તેવા પ્રશ્નોનો ઉકેલ લાવવાની વ્યવહારદક્ષતા જેવી શક્તિઓ અને ગુણસંપત્તિને લીધે એમનું વ્યક્તિત્વ વિશેષ ઉજ્જવળ અને આકર્ષક બન્યું હતું.

આવા આકર્ષક સાહિત્યસર્જન અને આવા આકર્ષક વ્યક્તિત્વને લીધે શ્રી બાલાભાઈના મિત્રો, પ્રશંસકો અને ચાહકોનું વર્તુલ ખૂબ વિશાળ બની ગયું હતું. એમની સ્મશાનયાત્રા, એમને ત્યાં દિલાસો આપવા માટે આવેલ વ્યક્તિઓનો પ્રવાહ અને એમના કુટુંબ ઉપર જ્ઞાત–અજ્ઞાત વ્યક્તિઓ તરફથી આવેલ સેંકડો દિલાસાપત્રો પરથી શ્રી જયભિખ્ખુભાઈએ કેટલી લોકચાહના મેળવી હતી તેની સાક્ષી પૂરે છે.

બાસઠ વર્ષની ઉંમર એ અત્યારે નાની ઉંમર ગણાય. પણ અવસાનની ઉંમરનો ગજ માનવીના હાથમાં નથી. મોટી વાત તો પોતાની સાહિત્ય–કૃતિઓ અને પોતાના સૌજન્યભર્યા જીવન દ્વારા માનવી જનજનના અંતરમાં સ્થાન મેળવી લે એ જ છે; અને એવા માનવીના નામને કાળના પડછાયા ભૂંસી શકતા નથી. શ્રી. જયભિખ્ખુભાઈની કીર્તિ અમર છે, એટલે તેઓ પણ અમર છે. એમની કૃતિઓ ચિરકાળપર્યંત પોતાના સર્જકની કીર્તિગાથા સંભળાવતી રહેશે. અને એમની યાદને તાજી રાખશે.

—'જૈન'

# ૬૬ સાત્ત્વિક સાહિત્યકાર

**આ**પણા સાહિત્યના સુપ્રસિદ્ધ કલમધર શ્રી. 'જયભિખ્ખુ'નું '૬૯ની ૨૪મી ડિસેમ્બરે ૬૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. એમનું નામ બાલાભાઈ વીરચંદ દેસાઈ–'જયભિખ્ખુ' એ તો એમનું કલમનામ. નાનપણથી જ એમને વાંચનનો ભારે નાદ હતો. ભણતા ત્યારે અભ્યાસનાં પુસ્તકો કરતાં વાર્તાનાં પુસ્તકો વધુ વાંચતા. ૧૩ વર્ષની પોતાની કિશોરાવસ્થામાં જ એમણે 'સરસ્વતીચંદ્ર'ની નવલકથા એકથી વધુ વાર વાંચેલી! એ એમનો પ્રિય ગ્રંથ. વાંચનના એવા વિરલ શોખે એમને હાથમાં કલમ ઝાલવા પ્રેર્યા, જો કે સર્જન–પ્રતિભાનાં બીજ તો એમનામાં જન્મજાત જ હતાં. ૧૯૨૯માં 'ભિક્ષુ સાયલાકર' નામે એમની પ્રથમ કૃતિ પ્રગટી, જેમાં એમણે પોતાના ગુરુ વિજયધર્મસૂરિજીનું જીવનચરિત્ર આલેખ્યું હતું.

અભ્યાસ પૂરો કર્યા પછી એમણે ત્રણ નિયમો લીધા: (૧) નોકરી કરવી નહિ (૨) પૈતૃક સંપત્તિ લેવી નહિ અને (૩) કલમને આધારે જીવવું, પછી એ નિર્ણયો શક્ય એટલી દૃઢતાથી અમલમાં મૂકવા એમણે ભગીરથ યત્નો કર્યા અને એ કારણે આવતી કસોટીઓને હસતે મુખે વધાવી જો કે પૈતૃક સંપત્તિ ત્યાગતાં એમને શરૂઆતમાં સાત–આઠ વર્ષ નોકરી કરવી પડી હતી અને એ પછી થોડાંક વર્ષ સુધી 'પાર્ટ ટાઈમ' નોકરી પણ કરવી પડેલી. પણ "તું તારો પોતાનો જ દીવો થા" એ સુવર્ણવાક્યને સદૈવ નજર સમક્ષ રાખીને એમણે આપકમાઈ માટે ભગીરથ શ્રમ સેવવામાં પાછી પાની કરી નહિ અને જોડે જોડે સાહિત્યસેવા પણ આચરતા રહ્યા.

પ્રેમશૌર્યના વિરલ ગાયક કવિ નર્મદની પેઠે કલમને ખોળે માથું મૂકીને જીવવાની એમને તમન્ના હતી. એ તમન્નાએ એમની પ્રતિભાને લેખિની દ્વારા નિર્ઝરતી કરી. એમણે ચાર દાયકા સુધી કલમની અવિરત ઉપાસના કરી છે! ગુજરાતી ભાષામાં વ્યવસાયી લેખક તરીકે ખુમારીથી અને પોતાની જાતનું પતન થવા દીધા વિના જીવી જવું એ અતિ કઠિન કાર્ય છે અને તેમાં ય ગલગલિયાં કરાવે એવું નહિ પણ 'સાત્ત્વિક' સાહિત્ય સર્જીને જીવી જવું એ વિશેષ કપરું કાર્ય છે. પણ શ્રી 'જયભિખ્ખુ' એ કાર્યમાં સુપેરે સફળ થયા અને પાછલી અવસ્થામાં તો ઠીક ઠીક ઉપાર્જન પણ કર્યું. એની પાછળ એમની પ્રતિભા ઉપરાંત એમની વિરલ સાહિત્યપ્રીતિ, અવિરત કાર્યનિષ્ઠા અને સાહિત્યોપાસનાની અમર ભાવના જ રહેલાં છે. પરિશ્રમે પણ એમાં મોટો ભાગ ભજવ્યો છે. ચાર દાયકાના નિષ્ઠા અને પરિશ્રમયુક્ત સાહિત્યોપાસનાના સાતત્યને કારણે એમણે નાનાં–મોટાં ૩૦૦ પુસ્તકો લખ્યાં છે, જેમાં નવલકથા, નવલિકા, સાહસકથા, નાટિકા, જીવનચરિત્ર વગેરે વિવિધ સાહિત્યપ્રકારોનો સમાવેશ થાય છે! એમની કૃતિઓની સંખ્યા ભલે મહત્ત્વની લેખાતી હોય, પણ મારે નમ્ર મતે તો એથી યે વિશેષ મહત્ત્વની તો એ કૃતિઓના સર્જન પાછળ રહેલી એમની જીવનમાંગલ્યની સાત્ત્વિક દૃષ્ટિ છે. એમણે સદૈવ નિર્મળ, નિષ્કલંક અને સાત્ત્વિક સાહિત્ય જ સર્જ્યું છે. પ્રજાને બગાડે એવું સાહિત્ય એમણે કદી સર્જ્યું નથી. તે એટલે સુધી કે છેલ્લા કેટલાંક વર્ષો દરમિયાન તેઓ અમદાવાદના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં નિયમિત રૂપે 'ઈંટ

અને ઇમારત' તથા 'જાણ્યું અજાણ્યું' ('મુનીન્દ્ર' ના ઉપનામ હેઠળ) એ બે કટારો લખતા. એ બેઉ પણ સાત્ત્વિક ભાવના પ્રેરનારી જીવનમાંગલ્યકર કટારો જ હતી. જેમાં માનવતાનાં દર્શન ન થતાં હોય એવી કોઈ કૃતિ એમણે ભાગ્યે જ સર્જી હશે. પોતાની સર્જનવસ્તુની પસંદગીમાં એ વસ્તુમાં રસને ઝીલવાનું કેટલે અંશે સામર્થ્ય છે એનો તેઓ સૌ પ્રથમ વિચાર કરતા. પ્રેરક, સાત્ત્વિક અને માનવતાને જાગૃત કરનારું વસ્તુ પસંદ કરીને એને તેઓ પોતાની એક પ્રકારની 'રસાળ' અને 'રણકતી' શૈલીમાં રજૂ કરતા. શબ્દોનો ભાવાર્થ સાચવીને 'તોલદાર' શબ્દો વાપરવા, શબ્દોનો રસાર્થ પ્રીછીને લખાણમાં સરળતા આણવી અને શબ્દોની ધ્વનિશક્તિ પારખીને સર્જનમાં રણકાર લાવવો–આ ત્રણ ગુણોએ એમની શૈલીને વિશિષ્ટતા અર્પી હતી. એમની શૈલીમાંથી એક પ્રકારનો આગવો જ 'રણકો' ઊઠતો વિદ્વાનો માટે નહિ પણ સામાન્ય જનસમાજના કલ્યાણ માટે જ પોતાને લખવાનું છે એ વાત તેઓ સદૈવ નજર સમક્ષ રાખતા. જૈન ધર્મના તેઓ સારા અભ્યાસી હતા. જૈન વસ્તુઓને આધારે એમણે કેટલીક નવલો, નવલિકાઓ તથા નાટિકાઓ લખી છે, પણ એમના વાચકોની મોટી સંખ્યા તો જૈનેતરોની જ છે. આનું કારણ એ છે કે એમનાં લખાણોમાં ક્યાંય સાંપ્રદાયિક અભિનિવેશ જોવા મળતો નથી.

સ્વ. 'જયભિખ્ખુ' સ્વભાવે ખૂબ મળતાવડા અને અંગ્રેજીમાં આપણે જેને 'A man of obliging nature' કહીએ છીએ એવા હતા. પરિણામે સાહિત્યજગતમાં તેમ જ વ્યવહારુ જગતમાં એમની સુવાસ બહોળી હતી. ભાવના અને વ્યવહારનો સમન્વય સાધવામાં તેમ જ સ્નેહસંબંધો વિકસાવવામાં તેઓ અતિ કુશળ હતા. પરિણામે એમનો સ્નેહીવર્ગ ખૂબ બહોળો હતો. કોઈક વાર વખત આવે અને જરૂર પડે તો 'શઠં પ્રતિ શાઠ્યમ્ કુર્યાત્'ની નીતિ અપનાવવામાં પણ તેઓ માનતા. આવો ભાવનાશાળી લેખક આટલો બધો વ્યવહારુ પણ હોઈ શકે એ વિરલ દૃષ્ટાંત એમના જીવને પૂરું પાડ્યું હતું.

અંગત રીતે હું એમના અતિ નિકટ પરિચયમાં તો નહિ, પણ ઠીક ઠીક પરિચયમાં આવ્યો હતો અને એમના અંતરની સુવાસ અને સ્નેહાર્દ્રતા મને પણ સ્પર્શી ગયાં હતાં. એમના જવાથી મેં એક 'સ્નેહી' ગુમાવ્યો છે.

એમના અવસાનથી ગુજરાતી સાહિત્યે એક અનોખા પ્રકારનો લેખક ગુમાવ્યો છે. આર્ય સન્નારીના તેજસ્વી દૃષ્ટાંત સમાં અને ધીરજ તથા ગંભીરતાની પરમ મૂર્તિ સમાં એમના પત્ની વિજયાબહેનને અને સૌમ્યતાની મૂર્તિ સમા તરલ ઊગતા સાહિત્યકાર એમના પુત્ર શ્રી કુમારપાળ દેસાઈને એમના અવસાનનો આ શોકજનક આઘાત સહેવાનું મનોબળ પ્રભુ આપે એવી વાંચ્છના સાથે સદ્‌ગતના આત્માને શાંતિ ઇચ્છું છું!

**'નવચેતન'**

ø

સાહિત્યસર્જનને પોતાનો ધર્મ માની કર્તવ્ય કેડીએ પ્રયાણ કરી, સંસારને પોતાનાં સર્જનનાં મઘમઘ મહેકતાં સુંદર સાહિત્યકુસુમોની ભરી ઢૂંભરી છાબોની ભેટ આપનાર 'જયભિખ્ખુ'ના નામથી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈએ તા. ૨૪ મી ડિસેમ્બર ૧૯૬૯ ના રોજ આ સંસારમાંથી વિદાય લીધાના દુઃખદ સમાચારે અનેક સાહિત્યપ્રેમીઓના હૈયામાં વેદના જગાવી છે.

એ સાહિત્યસર્જકના વિપુલ સાહિત્યસર્જને લોકોની જબરી ચાહના પ્રાપ્ત કરી છે. કલમના એ કસબી હતા. શબ્દોના એ સોદાગર હતા. ઇતિહાસ –પુરાણના એ અભ્યાસી હતા. સાહિત્યિક અનેક પ્રદેશમાં એમની ઓજસવંતી કલમ વિહાર કરતી હતી. એમનાં સર્જનોમાં વિષયોનું તલસ્પર્શી અવગાહન છે, અભ્યાસ છે, ચેતના છે, વૈવિધ્ય છે એમાં અનેક સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ, સાહસકથાઓ, જીવનચરિત્રો,

નાટકો, નિબંધો બાલવાર્તાઓ વગેરેનો સમાવેશ થાય છે. એમાં પુષ્પોનો પમરાટ છે, આત્માનો ઉજાસ છે, પ્રેમનો પ્રકાશ છે, માનવતાનો મહિમા છે.

માતા પાર્વતીબાઈ અને પિતા વીરચંદભાઈના સુસંસ્કારોનો વારસો મેળવી, સંસારને સોપાને પગ મૂકયા પછી વિજાપુર અને અમદાવાદમાં અભ્યાસ કર્યો—ન કર્યો ને શ્રી વિજયધર્મસૂરિજીએ સ્થાપેલા શ્રી વીરતત્વપ્રકાશ મંડળ વિલેપાર્લે (મુંબઈ) માં પ્રવેશ પામી સંસ્થાનું સ્થળ બદલાતાં તેની સાથે કાશી, આગ્રા, અને ગ્વાલિયરના શિવપુરી ગામે સ્થિર થઈ, ગુરુકુળમાં આઠ—નવ વર્ષ ગાળી, સંસ્કૃત, હિંદી, ગુજરાતી, ને અંગ્રેજીના અભ્યાસ દ્વારા જ્ઞાન સંપાદન કરી કલકત્તાની સંસ્કૃત એસોશીએશન 'ન્યાયતીર્થ' અને ગુરુકુળની, 'તર્કભૂષણ' ઉપાધિઓ મેળવી જીવનનું ભાતું એકત્ર કરી પરિશ્રમ લઈ એમણે સાહિત્યસેવાનાં મંડાણ કર્યાં હતાં.

એ સમય દરમિયાન તેઓ અનેક સાધુસંતો ને વિભૂતિઓના સંપર્કમાં—સમાગમમાં આવ્યા હતા ને એમાંથી એમને જીવનનું પ્રેરકબળ સાંપડયું હતું.

ત્યારે એ સાહિત્યપ્રેમીએ ત્રણ સંકલ્પો કર્યા હતા : "દાસત્વ કરવું નહિ, પૈતૃક સંપતિ લેવી નહિ, કલમને ખોળે જીવન ગાળવું." એ સંકલ્પો હતા જીવનની કસોટી સમાન પણ એની પાછળ બળ હતું શિક્ષણનું, સંસ્કારનું, ધર્મનું અને એને સહારે એમણે પોતાની જીવનનૌકા હંકારી હતી.

મૈયા શારદાની આજન્મ સેવા કરવાનો દૃઢ નિશ્ચય કરી ઈ. સ. ૧૯૩૩ માં એમણે અમદાવાદ નિવાસ કર્યો ત્યારથી માંડીને જીવનના અંતિમ દિન સુધીની એમના સાહિત્યસેવા ખરેખર વિરલ છે, અનોખી છે.

શિલ્પી મૂર્તિને કંડારે ને પત્થરમાં પ્રાણ પૂરે, ચિત્રકાર રંગ અને રેખા દ્વારા અલબેલી આકૃતિઓ સર્જે એ રીતે એમણે વિવિધ પાત્રોની અનોખી સૃષ્ટિ સર્જી છે. એ પાત્રો માનવતાનાં છે, પ્રેમનાં છે, કર્તવ્યનાં છે, ભક્તિનાં છે, શ્રદ્ધાનાં છે, સેવાનાં છે, વીરતાનાં છે. એ શોધ્યાં છે એમણે સમાજમાંથી, સંસારમાંથી, ઇતિહાસમાંથી, પુરાણોમાંથી, અનુભવમાંથી, દેશવિદેશનાં સાહિત્યમાંથી—અભ્યાસમાંથી. એમની કૃતિઓ વાંચતા, એની રસલહાણ લેતાં વાચકને અનોખું રસદર્શન થાય છે, જીવનનું ભાતું જડે છે.

એમની કેટલીક કૃતિઓના હિંદી અનુવાદો પણ થયા છે.

એમની નાની મોટી શુમારે ત્રણસો જેટલી કૃતિઓનું એક સુંદર પ્રદર્શન કલકત્તાના સાહિત્યપ્રેમીઓ તરફથી કલકત્તામાં તા. ૧૩–૪–૬૮ ના રોજ ભરાયું હતું ને તેજ અરસામાં મે આરંભેલા સંગીતસાધકોની મુલાકાતો અંગેના પ્રવાસને કારણે કલકત્તાને આંગણે મેં તેજ દિવસે પગ મૂકયો હતો એટલે ત્યાંના સાહિત્યાનુરાગીઓએ એનું ઉદ્‌ઘાટન મારે હાથે કરાવવાનું નક્કી કર્યું હતું જેની જાણ મને ત્યાં ગયા પછી પડી હતી. ત્યારે એ વિપુલ સાહિત્ય એક જ સ્થળે સુંદર રીતે રજૂ થયેલું જોઈ મેં ખૂબ પ્રસન્નતા અનુભવી હતી. કલકત્તાના ગુજરાતીઓએ કરેલી એક સાહિત્યસ્વામીની કદરદાની માટે માન ઊપજયું હતું.

અને તે પછી તા. ૨૧–૪–૬૮ ના રોજ કલકત્તાના ગુણાનુરાગી ગુજરાતીઓ તરફથી એમને સન્માનવાનો એક ભવ્ય સમારોહ ઉજવાયો હતો. તા. ૨૧–૪–૬૮ ના રોજ ત્યારે ત્યાંના સાહિત્યાનુરાગી શ્રી. મણિભાઈ શેઠ અને અન્ય સજ્જનો તરફથી એ પ્રસંગનું સન્માન પત્ર લખવાનું મને કહેવાથી મેં એ કાર્ય ઉરના ઉમળકાથી કર્યું હતું ને એ અનોખા સમારોહ પ્રસંગનો સાક્ષી પણ બન્યો હતો. એક ગુજરાતી સાહિત્યસર્જકનું ગુજરાતથી દૂર દૂર કલકત્તા જેવા સ્થળે વસતા ગુજરાતીઓ તરફથી ભવ્ય સન્માન થાય એ ખરેખર ગૌરવનો વિષય હતો.

એમના સાહિત્યકોશની યાદ પણ આજે ઘણાંને આવતી હશે. ખાસ કરીને સાહિત્યકારોને ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય તરફથી અમદાવાદમાં ચાલતા શારદા મુદ્રણાલયમાં એમની વર્ષો સુધી બેઠક હતી ત્યારે ત્યાં

નાના મોટા અનેક સાહિત્યકારો એકત્ર થતા. ને સાહિત્યચર્ચાઓ થતી ક્યારેક ક્યારેક એ સાહિત્ય-ચોરામાં મેં પણ ડોકિયું કર્યું હતું.

સંસારે એમની કૃતિઓને એક રીતે સન્માની છે. ભારત સરકાર તથા ગુજરાત સરકારે એમની અનેક કૃતિઓને પુરસ્કારિત કરી છે. આધ્યાત્મિક જ્ઞાનપ્રચારક મંડળે સ્વ. સાક્ષર દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે મુંબઈમાં એક મોટા સમારંભ દ્વારા એમને સુવર્ણચંદ્રક એનાયત કરી સત્કાર્યા હતા.

ગુજરાત સમાચારમાં દર અઠવાડિયે પ્રસિદ્ધ થતી એમની લેખમાળાઓ 'ઈંટ અને ઇમારત' તથા 'જાણ્યું અજાણ્યું'નું આકર્ષણ પણ અજબ હતું. એમા રજૂ થતા વિવિધ વિષય પરના એમના લેખો ખૂબ લોકપ્રિય થયા હતા. એની સૌરભ ગુજરાત ને ગુજરાત બહાર વસતા ગુજરાતીઓમાં પ્રસરી ગઈ હતી ને લોકો એ લેખમાળા હોંસે હોંસે વાંચતા.

આજે સાહિત્યસર્જનનો પ્રવાહ કોઈ જુદી જ દિશામાં વહી જતો લાગે છે. વાસનાભર્યું સાહિત્ય વધુ સર્જાતુ જાય છે ને વિશેષ વંચાતું જાય છે. એવે પ્રસંગે પ્રજામાં માનવતા પ્રેરે, શ્રદ્ધા ને ધર્મ પ્રત્યે ભાવ જગાડે એવું એમનું સાહિત્ય ઘણા લાંબા સમય સુધી સંસારની દીવાદાંડી રૂપ બની રહેશે.

આવા વિરલ સાહિત્યસર્જકની વિદાય ખરેખર વસમી લાગે એ સ્વાભાવિક છે. છતાં એમણે ગુજરાતને આપેલો સાહિત્ય વારસો, સંસ્કાર વારસો ન ભૂલાય એવો છે, અમૂલ છે અને એ દ્વારા એમની સ્મૃતિ ચિરકાળ સુધી ગુજરાતીઓનાં હૈયામાં રહેશે.

**'વીણેલાં મોતી'**

'જયભિખ્ખુ'ના તખલ્લુસથી જાણીતા શ્રી બાલાભાઈ દેસાઈએ તા. ૨૪ થી ડિસેંબરના રોજ ઓચિંતી વિદાય લીધી તેમના જવાથી ગુજરાતે એક સન્નિષ્ઠ સાહિત્યકાર ગુમાવ્યો અને અમદાવાદે એક ઉમદા દિલનો સજ્જન ગુમાવ્યો. શ્રી જયભિખ્ખુનું હૂંફાળું વ્યક્તિત્વ તેમનાં લખાણોની બહાર જઈ ને વિવિધ વ્યવસાય, પ્રકૃતિ અને રુચિના સંખ્યાબંધ માણસો સુધી વિસ્તરેલું હતું. આથી તેમના અવસાનની ઘટના સાહિત્યની દુનિયા ઉપરાંત સમાજના ઘણા મોટા વર્ગને આંચકો આપી ગઈ.

નર્મદ-જન્મ-શતાબ્દીના વર્ષ (૧૯૩૩)માં તેમણે આજીવિકાના સાધન તરીકે લેખકનો વ્યવસાય સ્વીકાર્યો, તે વખતે ગુજરાતનાં સામયિકોએ લેખકોને પુરસ્કાર આપવાનું ખાસ ધોરણ સ્વીકાર્યું ન હતું. મુંબઈના 'રવિવાર' સાપ્તાહિકમાં વાર્તાઓ અને લેખો લખીને તેમણે ગુજરાતને પોતાની કલમનો પરિચય પ્રથમ કરાવ્યો. તેમાંથી થતી ટૂંકી કમાણીમાં તેમણે સંતોષ માન્યો અને કેવળ કલમની ઉપાસનામાં જ બધો સમય આપ્યો, જેને પરિણામે થોડા વખતમાં જ રસદાર શૈલીના સર્જક વાર્તાકાર તરીકે તેમની પ્રતિષ્ઠા બંધાઈ.

તેમણે વીસ નવલકથાઓ, પચીસ જેટલા વાર્તાસંગ્રહો પાંચ-છ નાટકો અને સંખ્યાબંધ બાલ-કિશોર-પ્રૌઢ-ભોગ્ય વાર્તાઓ ને ચરિત્રો આપેલાં છે. જૈન પુરાણમાંથી વસ્તુ લઈ ને માનવતાની વ્યાપક ભૂમિકા પર પાત્ર-પ્રસંગો ખીલવવાની તેમને આવડત હતી. સુંદર શૈલીમાં ઉન્નત જીવનનો સંદેશો આપવો એ તેમનું નિશાન હતું જે તેમણે સફળતાપૂર્વક સિદ્ધ કર્યું હતું. તેમની વિદાયની સાથે જૂની પરંપરાના વાર્તાકારોની એક પેઢીએ વિદાય લીધી એમ કહી શકાય.

જયભિખ્ખુનું ચિરંજીવ પ્રદાન તેમનું બાલ-સાહિત્ય છે ટૂંકા અને વેધક વાક્યોવાળી ઝમકદાર શૈલીમાં તંદુરસ્ત જીવન-રસ પાય તેવું વિપુલ સાહિત્ય તેમણે આપેલું છે. આ સાહિત્ય અનેક પેઢીઓનું ઘડતર કરશે.

છેલ્લા બે દાયકાથી ગુજરાતી પત્રકારત્વમાં જયભિખ્ખુએ માનભર્યું સ્થાન પ્રાપ્ત કરેલું છે. ગુજરાત સમાચાર દૈનિકમાં 'ઈંટ અને ઇમારત'

શીર્ષક નીચે દર ગુરુવારે તે લખતા. તેમની એ ટકોરો ખૂબ લોકપ્રિય નીવડી હતી. તેની સાથે ચાલુ બનાવોની નિર્ભય ને માર્મિક ટીકારૂપે મુકાતી 'પ્રસંગ કથા'નું પણ ઓછું આકર્ષણ નહોતું. તેમના વ્યક્તિત્વનો જીવંત સ્પર્શ તેમની કલમને લાગેલો હતો તેની પ્રતીતિ તેમનાં લખાણોનો શબ્દે–શબ્દ કરાવે છે.

શ્રી જયભિખ્ખુ માનવતાના મરમી હતા. જીવનની ખુશબોના આશક હતા. જિંદાદિલી અને મસ્તીથી જીવવાનું એમને પસંદ હતું. તે આનંદની સાથે મૂલ્યબોધનો આગ્રહ રાખનાર સાહિત્યકાર હતા.

તેમનું ગાર્હસ્થ્ય સ્પૃહણીય હતું. ભલભલા વહીવટદારોને પાણી ભરાવે તેવી વ્યવસ્થાશક્તિ તેમનામાં હતી. તે સંસારડાહ્યા ,સલાહકાર હતા અને કુશળ સમાધાનકાર હતા. તેમના પરિચયમાં આવેલ સૌ કોઈ તેમના પ્રેમને વશ થતા. મીઠી લિજ્જતભરી જબાન અને પ્રેમાળ વ્યક્તિત્વ એ જયભિખ્ખુની મોહિની હતી,

૧૯૬૭ના જુલાઈમાં તેમણે સાઠ વર્ષ પૂરાં કર્યાં. તે નિમિત્તે મિત્રોએ અને પ્રશંસકોએ કલકત્તા અને મુંબઈમાં તેમનું બહુમાન કરીને પોણો લાખ રૂપિયાની ભેટ આપી હતી. તેમાંથી 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ' સ્થપાયું. આ ટ્રસ્ટ તરફથી તૈયાર થઈ રહેલ અભિનંદન ગ્રંથ તેમને અર્પણ કરવાનો સમારંભ થોડા વખતમાં યોજવાનો હતો. પણ તે પહેલાં તો તેમને પરલોકનું તેડું આવ્યું. અભિનંદન હવે નિવાપાંજલિ બનશે!

**'નિરીક્ષક'**

સાહિત્યકાર અને મર્મભર્યા કટાક્ષોના આલેખનકાર 'જયભિખ્ખુ'ના તખલ્લુસથી જાણીતા થયેલા શ્રી બાલાભાઈ દેસાઈના ગયા બુધવારે દુઃખદ અવસાનથી આવો આઘાત અનુભવ્યો. તેઓ ૬૨ વર્ષની વયે અવસાન પામ્યા છતાંય બીજા લેખકોની જેમ એમનાં લખાણોમાં વાર્ધક્ય, નિરાશા, હતાશાની છાયા દેખાતી નહોતી, પરંતુ, જીવનની તાઝગી, નીડરતા, અભય, સંઘર્ષમાં વિજેતા બનવાની તમન્ના જ એમનાં લખાણોમાં નીતરતાં અને વાચકોના દિલને સ્પર્શતાં.

શ્રી જયભિખ્ખુ જૈન અને જૈનેતર શાસ્ત્રો અને સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નિબંધો વગેરે ઘણું સાહિત્ય એમણે સર્જ્યું છે. એ બધામાં એમની મહાનુભાવતા, માનવતા, સહુથી ઉચ્ચ કક્ષાએ દેખાઈ આવે છે. તેઓ ઉચ્ચ કક્ષાના માનવપ્રેમી લેખક હતા, માનવીની સર્વ જીવનપ્રવૃત્તિઓ માનવીના જીવન માટે હોય અને એ જીવન ઊર્ધ્વગામી હોય એ કેન્દ્રવર્તી ધ્યેય એમનાં સઘળાં લખાણોમાં જોઈ શકાય છે.

સરળ પ્રકૃતિના, હસમુખા સ્વભાવના, સંવેદનશીલ અંતરના અને ઊર્ધ્વગામી અભિવ્યક્તિમાં રાચનારા જયભિખ્ખુનાં લખાણોએ અનેરું આકર્ષણ જમાવ્યું છે. વાચકના અંતરને મન-બુદ્ધિને એ સ્પર્શી શકે છે ,અને ઉદાત્ત ભાવનાઓ જગાડે છે એ એમની સિદ્ધિ છે. એમની લખાણ–શૈલી આ રીતે અનોખી છે અને કાવ્યમય બને છે.

શ્રી બાલાભાઈ દેસાઈ લેખક–સાહિત્યકાર તરીકે, માનવી તરીકે, માનવમિત્ર તરીકે સાચું જીવન જીવી ગયા.

**'ગુજરાત ટાઇમ્સ'**

માનવીના અંતરમાં મમતા–સ્નેહ એવાં હોય છે કે સ્વજનના મૃત્યુના સમાચાર સાચા હોવાનું માનવા મન ના પાડે છે. ચિર વિયોગની કઠોર વાસ્તવિકતા સ્નેહના તારથી બંધાયેલું મન સ્વીકારવાની આનાકાની કરે છે. ગુજરાતના સિદ્ધહસ્ત લેખક,

તેઓ ગુજરાતના સાહિત્યક્ષેત્રમાં એક રત્નસમા હતા. અને એમણે પોતાના જીવનમાં છેલ્લાં ચાળીશ વર્ષમાં નાનાં મોટાં એકંદર ૩૦૦ પુસ્તકો લખ્યાં છે. જેમાંનાં કેટલાંક પુસ્તકો માટે એમને ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી પારિતોષિક

અને અભિનંદન પત્ર મળ્યાં છે તેઓ સંસ્કૃતના સારા અભ્યાસી હતા. તથા ન્યાયતીર્થ તથા તર્કભૂષણની પદવી ધરાવતા હતા એમનું આતિથ્ય અને ગૃહજીવન સંસ્કારથી હમેશાં સુવાસિત હતું અને તેની પાછળ એમનાં પત્ની જયાબહેનનાં પ્રેરણા અને પરિશ્રમ હતાં. ઘણા ઓછા જાણતા હશે કે જયભિખ્ખુનું તખલ્લુસ તેમના અને તેમનાં પત્નીના નામના સુમેળથી બન્યું છે. તેઓની વાર્તાઓ અને પ્રસંગો લોકભોગ્ય થયાં છે એમના સ્વર્ગવાસથી ગુજરાતને એક સમર્થ લેખકની ખોટ પડી છે. એમના ચિ. ભાઈશ્રી કુમારપાળ પણ સારા અને પ્રતિષ્ઠત લેખક છે. પરમાત્મા સ્વ. જયભિખ્ખુના આત્માને પરમશાંતિ અર્પે.

**' ભાવનગર સમાચાર '**

શ્રી જયભિખ્ખુ બાલાભાઈ વીરચંદ દેસાઈના તા. ૨૪મી એ થયેલા અવસાનથી ગુજરાતી સાહિત્યને એક પીઢ, તત્ત્વચિંતક સાહિત્યકારની ખોટ પડી છે.

શ્રી જયભિખ્ખુની પ્રતિભા સર્વદેશીય હતી. એમની ચિંતનશૈલી એમની આગવી હતી.

કલમજીવીઓ–કલમને ખોળે માથું મૂકી મા શારદાની ઉપાસના કરનાર સાહિત્યકારોમાંના, એ પણ એક કલમજીવી હતા. અને કલમની આરાધનાએ એમને યારી પણ આપી.

એમની કદારો ખૂબ જ લોકપ્રિય બની એનું કારણ એમની આગવી મૌલિકતા હતી. એ પોતે સ્વતંત્ર વિચારક હતા અને લેખો દ્વારા અનેકને માર્ગદર્શન આપતા.

નવલકથાક્ષેત્રે એમની ભગવાન ઋષભદેવ, ચક્રવર્તિ ભરતદેવ. નરકેસરી કે નર્કેસરી, કામવિજેતા સ્થૂલિભદ્ર, કવિ જયદેવ, આ બધી એમની સુવિખ્યાત નવલકથાઓ છે,

એમની નવલકથાઓ એટલી રોચક છે કે વાંચકો એક કરતાં વધુ વખત વાંચે છે. એ કોઈનું અનુકરણ કરતા નહિ. સ્થૂલિભદ્ર અને કોશા, ભક્ત કવિ જયદેવ એના પુરાવા પૂરા પાડે છે.

૨૧–૪–૧૯૬૮ના રોજ કલકત્તાના ગુજરાતી સાહિત્ય સભાએ એમની ષષ્ટિપૂર્તિ ઉજવી રૂ. ૨૫૦૦૦ ની થેલી એમને અર્પણ કરી જે તેમણે જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટને અર્પણ કરી દીધી.

એમના થયેલા એકાએક અવસાનથી ગુજરાતી સાહિત્યને ન પુરાય એવી ખોટ પડી છે. પણ જયભિખ્ખુ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અમર રહેશે.

**—રઘુનાથ બ્રહ્મભટ્ટ**

ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને અનેક જૈન કથા-વાર્તાઓના વિખ્યાત લેખક શ્રીયુત બાલાભાઈ વીરચંદ દેસાઈ શ્રી ' જયભિખ્ખુ 'નું તા. ૨૪–૧૨–૬૯ને બુધવારના રોજ હૃદયરોગના હુમલાથી ૬૨ વર્ષની વયે અમદાવાદમાં દુઃખદ અવસાન થયું છે.

શ્રી બાલાભાઈ દેસાઈનો જન્મ ૧૯૦૮ના ૨૬ મી જૂને તેમના મોસાળ વીંછિયા (સૌરાષ્ટ્ર)માં થયો હતો તેમનું બાળપણ તેમના મોસાળ વીંછિયા માં વીત્યું હતું. પ્રાથમિક અભ્યાસ વિજાપુર પાસે આવેલા વરસોડામાં કરેલો અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ અમદાવાદમાં કરેલો. પછી મુંબઈ ખાતે સ્વ. શાસ્ત્રવિશારદ આ. શ્રી વિજયધર્મસૂરિજીએ સ્થાપેલ સંસ્થા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં દાખલ થયા હતા. આ સંસ્થાએ સ્થાનફેર કર્યું ત્યારે તેઓ તેની સાથે સાથે અભ્યાસ કરવા ગયા. ત્યાંથી આગ્રા અને છેવટે શિવપુરીમાં સંસ્થા સ્થિર થતાં એ ગુરુકુળમાં રહી એમણે આઠ–નવ વર્ષ સુધી સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો

ત્યાં તેમણે જૈન દર્શનનો અભ્યાસ કરી કલકત્તા સંસ્કૃત એસો.ની ' ન્યાયતીર્થ 'ની અને ગુરુકુળની ' તર્કભૂષણ 'ની પદવીઓ પ્રાપ્ત કરી.

૨૪–૨૫ વર્ષની યુવાનવયે આજીવિકાના પંથે પ્રયાણ કરતા તેઓ અમદાવાદ ( સને ૧૯૩૩માં ) આવ્યા, તેઓએ કલમના ખોળે માથું મૂકી મા સરસ્વતી જે આપે તેમાં જીવનનિર્વાહ કરવાનો નિર્ણય કર્યો. આજીવિકાના સાધન તરીકે માત્ર લેખક તરીકેનો વ્યવસાય સ્વીકારવાથી જે કષ્ટ સહન કરવાનું આવે છે તેનો તેમને ઠીક અનુભવ થયો.

સતત ચાલીસ વર્ષની કલમની ઉપાસનાએ એમની ઉપાસનાએ એમની કીર્તિને ઉજાળી. તેઓએ સાહિત્યના ઘણા પ્રકારો ખેડ્યા કારકિર્દીનો આરંભ પત્રકાર તરીકે કરી એમણે ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ, સાહસકથાઓ તેમ જ મોટાં–નાનાં અનેક જીવન-ચરિત્રો લખ્યાં. આ આંકડો નાનાં–મોટાં થઈને ત્રણસો સુધી પહોંચ્યો છે.

તેમણે જૈન કથાઓના આધારે અનેક નવલ-કથાઓ, નવલિકાઓ અને નાટિકાઓ લખેલ છે. તેમના સાહિત્ય સર્જનમાં એમની આગવી લેખન-શૈલી અને વસ્તુનિરૂપણની વિરલ વિશેષતા દેખાઈ આવે છે.

આ ઉપરાંત અમદાવાદના પ્રસિદ્ધ દૈનિક 'ગુજ-રાત સમાચાર'માં તેમજ બાલ સાપ્તાહિક 'ઝગમગ', નડિયાદના 'ગુજરાત ટાઈમ્સ', 'અખંડ આનંદ', 'જન કલ્યાણ' વગેરે સામયિકોમાં પ્રગટ થતાં વાર્તા કે લેખ દ્વારા એમને જનતાની ખૂબ ચાહના મેળવી હતી.

શ્રી જયભિખ્ખુ પોતાની નાની મોટી કૃતિ-ઓમાં ભારત સરકાર કે ગુજરાત સરકારનું ઈનામ મેળવનાર કદાચ અગ્રગણ્ય લેખક હશે. તેમની તેરથી પંદર કૃતિઓ પુરસ્કારને પાત્ર ઠરી હતી.

તેમના અણધાર્યા દુઃખદ અવસાનથી સાહિત્ય-ક્ષેત્રે મોટી ખોટ પડી છે.

તેમના અવસાનના દુઃખદ સમાચાર સાંભળી શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ શોક-સભા ભરી હતી અને સ્વર્ગસ્થને અંજલિ આપી શોકનો ઠરાવ કર્યો હતો. અમે પણ દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને તેમના આત્માને શાસનદેવ ચિર-શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

**'શ્રી. આત્માનંદ પ્રકાશ'**

કલમને ખોળે જીવી નિર્વાહ કરવો એ સહેલ નથી. જેને વીતી હોય એ જ જાણે. તેમને અનેક મુશ્કેલીઓ સહન કરવી પડી.

સતત ચાલીસ વર્ષની એમની સાહિત્યઉપાસ-નાએ એમની કીર્તિ ઉજ્જવલ બનાવી.

ભાઈશ્રી જયભિખ્ખુ દૃઢ મનવાળા હતા. જો એમનું મન ચંચળ બન્યું હોત તો તેઓશ્રી આટલી સાહિત્ય ઉપાસના કરી ન શકયા હોત. અને મુશ્કેલીઓ વચ્ચે અડગ રહ્યા અને કલકત્તામાં મનમાં જીવનસંકલ્પ કર્યો હતો તેને પણ વળગી રહ્યા.

પ્રારંભિક શરૂઆત 'જૈન જ્યોતિ' તથા 'વિદ્યાર્થી' સામયિકોમાં કરી. શ્રી ઉષાકાન્ત-ભાઈ પંડયા 'રવિવાર' સાપ્તાહિક ચલાવતા હતા તેમાં તેમની વાર્તાઓ પ્રકટ થવા લાગી. વાંચકોને ગમી.

ગુજરાત સમાચારની કટાર 'ઈંટ અને ઇમારત' ખૂબ લોકાદર પામી.

ગુજરાતના તેમજ બૃહદ ગુજરાતના ગુજરાતી સામયિકોમાં ભાઈશ્રી જયભિખ્ખુની કૃતિઓ ચમ-કતી થઈ અને લોકપ્રિય બની.

તેમની કૃતિઓ અજબ રસથી ભરપૂર હતી અને લોકોને રુચિકર બની રહી હતી.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે ભાઈશ્રી જયભિખ્ખુને પ્રેમપૂર્વક અપનાવ્યા હતા, અને આ સંસ્થા તરફથી તેમનાં પુસ્તકો પ્રકટ થયાં.

ભાઈશ્રી જયભિખ્ખુ ડાયરો જમાવનારા પણ હતા. અનેક કવિઓ અને લેખકોને ભેગા કરી રસ-ભરપૂર ડાયરો જમાવતા હતા. આ ડાયરાનું અમોલું

પુષ્પ છે શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ. શ્રી લાલભાઈ મણિલાલભાઈના સુંદર સહકારથી આ ટ્રસ્ટ શરૂ થયું.

ભાઈશ્રી જયભિખ્ખુનું સાહિત્યસર્જન સાંપ્રદાયિકતા વગર રચાયું છે. ભાઈશ્રી જયભિખ્ખુની શૈલી સચોટ અને રસભર હતી.

શ્રી જયભિખ્ખુની વાર્તાઓનો અનુવાદ હિન્દી, કન્નડ, તેલુગુ ભાષાઓમાં પણ થયો છે.

આજના ફાઉન્ટનપેન યુગમાં પણ ભાઈશ્રી જય-ભિખ્ખુ ખડિયામાં કલમ બોળીને લેખો લખતા હતા.

ભાઈશ્રી જયભિખ્ખુ ભાવનગરની શ્રી યશોવિજયજી ગ્રંથમાળાના મંત્રી હતા અને આ સંસ્થાને શ્રી. કે. લાલના ખેલો દ્વારા રૂપિયા ચાલીશ હજાર જેટલી રકમ અપાવી. અને કે. લાલ પણ શ્રી જય-ભિખ્ખુના ચાહક હતા, પરમ મિત્ર હતા.

જીવનમાં કોઈવાર અજબ ચમત્કાર પણ બની જાય છે તેવો પ્રસંગ ભાઈશ્રી જયભિખ્ખુના જીવનમાં પણ બન્યો હતો.

ભાઈશ્રી જયભિખ્ખુભાઈની શારીરિક પ્રકૃતિ તો બરોબર રહેતી ન હતી. બ્લડ પ્રેશર, કીડનીની ટ્રબલ, ડાયાબીટીશ આવી બધી મુશ્કેલીઓ હતી.

ભાઈશ્રી જયભિખ્ખુને પૂ. શંખેશ્વર ભગવાન ઉપર પરમ શ્રદ્ધા હતી. શંખેશ્વરજી જવાનું નક્કી કર્યું. આવી તબિયત હોઈને ન જવા સ્નેહીઓએ સલાહ આપી પણ એ ઓલિયો જીવ કેમ રહે? ભાઈશ્રી જયભિખ્ખુએ તો દૃઢ નિશ્ચય કર્યો હતો અને શ્રી શંખેશ્વરજી ગયા.

ત્યાં પુનિત ધામમા એમનું મનોબળ ઓર બન્યુ અને શ્રી શંખેશ્વરજી અંગે પુસ્તક લખવા નિશ્ચય કર્યો.

એ પુનિતધામના મનોબળે એમને લાગ્યું કે તબિયત બરોબર થઈ છે. એ મનોબળે 'શ્રી શંખેશ્વર મહાતીર્થ' પુસ્તકનું કાર્ય શરૂ કર્યું.

કાર્ય પૂરું કર્યાનો સંતોષ થયો. આટલું જ કાર્ય બાકી હતું અને પછી પાછી તેમની તબિયત લથડી અને ભાઈશ્રી જયભિખ્ખુનો પુનિત આત્મા નશ્વર દેહનો ત્યાગ કરી ગયો.

જાણે કે શ્રી શંખેશ્વર ભગવાને તેમને આ પુસ્તકનું કાર્ય કરવા માટે જ નવશક્તિ આપી ન હોય એમ લાગ્યું.

ઈશ્વરમાં જેની શ્રદ્ધા હોય છે તે શ્રદ્ધાના બળે એ કાર્ય એના હાથે જ થયા વગર રહેતું નથી. એ હકીકત ભાઈશ્રી જયભિખ્ખુના જીવનપ્રસંગની આ ઘટનાથી સાબિત થાય છે. 'બાપ એવા બેટા અને વડ એવા ટેટા' આ કહેતી ભાઈશ્રી જયભિખ્ખુના સુપુત્ર ભાઈશ્રી કુમારપાળે સાચી ઠેરવી છે. તેઓ કૉલેજમાં પ્રાધ્યાપક છે. ભાઈશ્રી કુમારપાળે પણ લેખક તરીકે સારી ખ્યાતિ મેળવી છે. તેમની કૃતિ 'લાલ ગુલાબ' જેની ત્રીસ હજાર ઉપરાંત નકલો ખપી ગઈ છે. આવા પ્રકાશન બદલ ગુજરાત સરકારે તેમની કદર કરી ઈનામ આપેલ છે. ભાઈશ્રી જયભિખ્ખુ પાછળ તેમના પુત્ર ભાઈશ્રી કુમારપાળ તેમના પિતાએ શરૂ કરેલ સાહિત્ય આરાધના તૂટવા નહિં દે એ ખૂબ આનંદની વાત છે.

આજે ભાઈશ્રી જયભિખ્ખુ નશ્વર દેહે વિદ્યમાન નથી પરંતુ એમણે પ્રકટાવેલ માતા સરસ્વતીની પરમ જ્યોત તો આપણી વચ્ચે સદા જલતી રહે છે.

આ પુનિત જ્યોત પેટાવનાર આજે નથી પરંતુ એણે પ્રકટાવેલ એ પુનિત જ્યોત તો સદા જળહળતી રહી પ્રકાશ આપતી રહેશે.

એ પરમ પુનિત જ્યોત પ્રગટાવનારને ધન્યવાદ. એમના પુનિત નિર્મળ આત્માને વંદન,

'નિજાનંદ'



# એક વિદ્યાર્થી

એનો અભ્યાસ પૂરો થયો હતો.

છેલ્લી પરીક્ષા આપવા એ કલકત્તા ગયો હતો. પોતાના વતન ગુજરાતથી હજારો માઈલ છેટે, કલકત્તાની એક કોટડીમાં બેઠો બેઠો એ જુવાન વિચારે ચડ્યો હતો. ભણતર તો પૂરું થયું. હવે જીવન કેવી રીતે જીવવું એ નક્કી કરવાનું હતું.

ભાવનાશાળી હૃદયવાળો એ યુવક હતો. નક્કી કર્યું કે જિંદગીમાં કેટલાક નિયમો પાળવા જોઈએ, જીવનનો કશોક અર્થ રહે અને સમાજને માટે એ જીવન ઉપયોગી ને આદર્શરૂપ બની રહે તેવા નિયમો રાખવા જોઈએ.

એ જુવાને ત્રણ નિર્ણયો કર્યા :

૧. નોકરી કરવી નહીં.

૨. બાપદાદાની સંપત્તિ લેવી નહીં.

૩. કલમના આશરે જીવવું.

ગુજરાતના અમર લેખક ગોવર્ધનરામે પણ આવા જ નિર્ણયો અભ્યાસ પૂરો કર્યા પછી કરેલા.

આ ત્રણ નિર્ણયોએ શ્રી ગોવર્ધનરામની માફક જ આ જુવાનની પણ કસોટી કરી. બીજી પ્રતિજ્ઞા સાચવવા જતાં પહેલી પ્રતિજ્ઞાને સાતઆઠ વર્ષ ઢીલી કરવી પડી. આ નિર્ણયોએ તેના ખમીરની કસોટી કરી, સાથે સાથે એના જીવનમાં પ્રાણ પણ રેડ્યો. આ નિર્ણયોના પાલનમાં એણે કાયા ઘસી નાખી. પણ એ ચંદન જેવી પવિત્ર કાયાએ ઘસાઈ–ઘસાઈનેય આપી તો સુવાસ જ.

આગળ જતાં આ યુવાન ગુજરાતના એક પહેલી હરોળના લેખક બની ગયા. ગુજરાત આખું એમનાથી પરિચિત છે.

અને સૌથી વધુ પરિચિત તો તમે છો. કારણ કે 'ઝગમગ'ના પહેલા પાને છેલ્લા બારેક વરસથી એ લેખકની જ વાર્તાઓ છપાતી હતી.

ઓળખ્યા એમને ?

એ શ્રી. જયભિખ્ખુ.

ગઈ ૨૪મી ડિસેમ્બર ૧૯૬૯ ને બુધવારે એમનું અકાળ અવસાન થયું.

એમના જવાથી ગુજરાતને ભારે ખોટ પડી છે અને સૌથી ભારે ખોટ તો આપણા 'ઝગમગ' ને પડી છે. એમની પ્રેરક સંસ્કારકથાઓ હવે આપણને કદી વાંચવા નહિ મળે.

તો આવો, આજે ગુજરાતના આ પનોતા પુત્રની કથા જ વાંચી લઈએ અને એમને અંજલિ અર્પીએ.

ઝિંદાદિલીને જીવન માનનાર ને માનવતાનો મધુર સંદેશ આપતું સાહિત્ય સર્જનાર સ્વ. જયભિખ્ખુનો જન્મ ૨૬ મી જૂન ૧૯૦૮ ના દિવસે સૌરાષ્ટ્રના વીંછિયા ગામે પોતાના મોસાળે થયો હતો. તેમનું મૂળ નામ બાલાભાઈ વીરચંદ દેસાઈ હતું. માત્ર ચાર વર્ષની ઉંમરે માતા પાર્વતીબાઈનું અવસાન થયું હતું.

સ્વ. જયભિખ્ખુના ત્રણ નામ હતાં : કુટુંબમાં તેઓ ભીખાભાઈના હુલામણા નામે ઓળખાતા; સ્નેહીઓમાં જેઓ બાલાભાઈ તરીકે જાણીતા હતા અને સાહિત્યકાર તરીકે જનતા એમને 'જયભિખ્ખુ'ના તખલ્લુસથી ચાહતી હતી. આ 'જયભિખ્ખુ' નામમાં પહેલો શબ્દ 'જય' એમણે પત્નીના જયાબહેન નામમાંથી લીધો હતો અને 'ભિખ્ખુ' શબ્દ

પોતાના ભીખાભાઈ નામમાંથી લીધો હતો.

બાળપણમાં જ માતા ગુજરી જવાથી સ્વ. જય-ભિખ્ખુનું બાળપણ મોસાળમાં વીત્યું હતું. એમના પિતાશ્રી ઉત્તર ગુજરાતમાં આવેલા સાબરકાંઠાના વરસોડા રાજ્યના અને પાછલાં વર્ષોમાં નાનાભાયાતોના કારભારી હતા. સ્વ જયભિખ્ખુએ પ્રાથમિક અભ્યાસ પિતાની સાથે રહીને વરસોડામાં કરેલો. તે પછી અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો માધ્યમિક અભ્યાસ અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં કરેલો. આ પછી તેઓ મુંબઈમાં સ્વ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ સ્થાપેલી સંસ્થા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં દાખલ થયા.

આ સંસ્થા જૈન પદ્ધતિએ ધર્મનું શિક્ષણ આપતી હતી. એનું સ્થાન ઘણાં વર્ષો લગી સ્થિર થયું નહોતું એથી એ સંસ્થાની સાથે જ સ્વ. જય-ભિખ્ખુ કાશી અને આગ્રા, છેવટે ગ્વાલિયરમાં વન-પ્રદેશમાં આવેલ શિવપુરી ખાતે રહ્યા અને ત્યાં આઠ નવ વર્ષ સુધી સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો. એમણે જૈન ફિલસૂફીનો અભ્યાસ કરીને કલકત્તા સંસ્કૃત મંડળની 'ન્યાય-તીર્થ'ની તથા ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવીઓ મેળવી.

કથાવાર્તાઓ વાંચવાનો સ્વ. જયભિખ્ખુને બાળ-પણથી જ ભારે રસ. અભ્યાસનું પુસ્તક વાચવું ભલે પડયું રહે, પણ વાર્તાની કોઈ નવી ચોપડી હાથ પડી કે એને પૂરી કર્યે જ છૂટકો.

કેવળ આવું મનગમતું સાહિત્ય વાંચવાથી જ તેઓ સંતોષ માનતા એવું પણ નહિ. એ વાંચતાં, જે નોંધવા જેવું લાગે તેની નોંધ પણ કરી જ લે. આવી નોંધોની અનેક નોટો એમની પાસે પડી હતી. બાર–તેર વરસની ઉંમરે તો 'સરસ્વતીચંદ્ર' જેવી મોટી નવલકથા પણ એમણે અનેક વાર વાંચી લીધી હતી પણ તે પુસ્તકાલયમાંથી લાવવી પડતી હતી. એટલે એક વાર જ્યારે એક સાધુપુરુષનું જીવનચરિત્ર લખવાની હરીફાઈ આવી અને ઈનામમાં સરસ્વતી-ચંદ્ર મળવાની જાહેરાત થતાં જ એમણે સખત મહેનત કરીને જીવનચરિત્ર લખી નાખ્યું. એ પુસ્તક મેળવ્યું ત્યારે જ એમને સંતોષ થયો. સ્વ. જય-ભિખ્ખુનું સૌથી પહેલું નાનું સરખું લખાણ 'ભિક્ષુ સાયલાકર'ના તખલ્લુસથી ૧૯૨૯માં લખાયેલું. તેમાં એમણે પોતાના ગુરુ સ્વ. વિજયધર્મસૂરિનું ચરિત્ર આલેખ્યું હતું. ગુરુચરણે પહેલી કૃતિ અર્પણ કરીને એમણે શરૂ કરેલી આ સાહિત્યસાધના અવસાનથી અર્ધા કલાક અગાઉ સુધી ચાલુ રહી. એમણે ત્રણસો જેટલાં રસકસભર્યાં સાહિત્યપુસ્તકો સર્જીને ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી દીધું. અભ્યાસ ૧૯૩૩માં પૂરો થયો એ જ વર્ષે એમણે પેલી ત્રણ પ્રતિજ્ઞાઓ કરી, જે આપણે અગાઉ જોઈ ગયા છીએ. કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે કાંઈ ઓછું વત્તું આપે તેથી જીવનનિર્વાહ કરવાનો નિર્ણય કરીને તેઓ અમદાવાદ આવ્યા.

પણ આજીવિકાના સાધન તરીકે માત્ર લેખકનો વ્યવસાય સ્વીકારવો ઘણો કઠિન છે અનેક કષ્ટો ભોગવવાનાં આવે છે, તેનો અનુભવ પણ સ્વ. જયભિખ્ખુને તરત જ થઈ ગયો. શરૂઆતમાં તો એમનું લેખકજીવન કઠિન તપ જેવું આકરું નીવડયું એમ કહી શકાય.

પોતાનો અનુભવ કહેતાં સ્વ. જયભિખ્ખુ જણાવતા કે ઉખર જમીનમાં જે વૃક્ષ વાવ્યું તેને ઉછરતાં કાળી કસોટી થઈ. પણ અંતે તેના પર ફૂલ આવ્યાં, એની સુગંધથી મન મહેકી રહ્યું.

આ સુગંધ સમસ્ત ગુજરાતને પણ મહેંકાવી રહી છે.

સતત ચાળીસ વરસની કલમની ઉપાસનાએ એમની કીર્તિને ઉજ્જાળી અને એમના જીવનને વિકાસશીલ બનાવ્યું.

સ્વ. જયભિખ્ખુએ સાહિત્યના ઘણા પ્રકારો ખેડયા હતા. તેમણે વીસેક નવલકથાઓ, પચીસેક વાર્તાસંગ્રહો લખેલ છે. વીસેક પુસ્તકોનાં સંપાદર

કર્યો છે. પરંતુ એમનો સૌથી મોટો ફાળો તો બાલ-સાહિત્યમાં છે. 'ઝગમગ' માં દર અઠવાડિયે નિયમિત એક બાળવાર્તા આપનાર આ મહાન લેખકે ગુજરાતી બાળસાહિત્યને સવા બસો જેટલી નાની-મોટી ચોપડીઓ આપી છે. ગુજરાતના બાળસાહિત્યને સમૃદ્ધ કરવામાં એમનો ફાળો નાનો સૂનો નથી.

એમનાં પુસ્તકો હિંદી, અંગ્રેજી, કન્નડ અને તેલુગુ ભાષાઓમાં પણ ઊતર્યાં છે.

સ્વ. જયભિખ્ખુની લખવાની ઢબ અનોખી હતી. સાહિત્યકારો આ ઢબને શૈલી કહે છે. જયભિખ્ખુની શૈલી કોઈ ઝરણા જેવી સંગીતમય પ્રવાહી અને નિર્મળ હતી. આ મઝાની શૈલીથી તેઓ સાધારણ કથામાં પણ નવો પ્રાણ સંચાર કરી દેતા અને કથાને સુવાચ્ય બનાવી દેતા.

સ્વ. જયભિખ્ખુની ઉત્તમ સાહિત્યસેવાની કદર કરીને કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારે પંદરેક ઇનામો આપ્યાં હતાં. એમની 'ચક્રવર્તી ભરત દેવ,' નવલકથાને અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી સુવર્ણચંદ્રક અપાયો હતો.

સ્વ. જયભિખ્ખુ આપણે માટે બે અનોખા વારસા મૂકતા ગયા છેઃ બહોળું સાહિત્ય અને ગુણિયલ સુપુત્ર. એ પુત્ર તે આપણા 'ખેલકૂદ' વિભાગના લેખક શ્રી કુમારપાળ દેસાઈ. ભાઈ કુમારપાળ આપણા ખેલકૂદ સાહિત્યના અગ્રણી લેખક છે.

કુમારભાઈને પિતાના જવાથી પડેલી ખોટ તો પૂરાય એમ નથી. આપણી સૌની એમના તરફ સહાનુભૂતિ છે. પ્રભુ એમને આ વિપત્તિ ઝીલવાનું બળ આપે એવી પ્રાર્થના

આવા પ્રતિભાશાળી લેખક સ્વ. જયભિખ્ખુનું માત્ર ૬૨ વર્ષની વયે અવસાન થતાં આપણને સૌને અત્યન્ત દુઃખ થાય તે સ્વાભાવિક છે. આપણે સ્વર્ગીય શ્રી જયભિખ્ખુના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ અને તેમણે બોયેલા સુસંસ્કારો કેળવીને એમના લાયક વારસદારો બનવા કોશિશ કરીએ!

**'ઝગમગ'**

'સ્વર્ગસ્થ' શબ્દ વાપરતાં સંકોચ થાય છે. હજુ તેમનું સ્મરણ મારી આંખો સામે તરવરી રહ્યું છે, એ પ્રતિમા મારી દૃષ્ટિમાંથી કેમે ખસતી નથી! વિસરાતી નથી! તેને અત્યારે હું 'સ્વર્ગસ્થ' કેમ લખી શકું?

વિધિની વિચિત્રતાને કોણ પામી શક્યું છે? અવસાન પામવાના હતા તેના માત્ર ત્રણ કલાક અગાઉ સાથે બેસીને કોફી લીધી છે. પ્રેમથી પીધી છે–પીવડાવી છે. ત્યારે કોને ખબર હતી કે, આ મિલન–આ મધુરું પીણું છેલ્લું છે?

હે વિધિ!!

તને ક્રૂર કહેતાં સહેજે સંકોચ થતો નથી. ગુજરાતનાં કોડભર્યાં અને ઉત્સુક બાળકોના પ્રિય સાહિત્ય સર્જનકારને તેં અકાળે ખેંચી લઈને ક્રૂરતા નથી કરી તો બીજું શું કર્યું છે?

જેમની કલમમાંથી નીતરતો બાળસાહિત્યનો રસ ખોબલેને ખોબલે અને ઘૂંટડેને ઘૂંટડે પીનાર બાળદોસ્તો કોને ફરિયાદ કરે?

મને લાગે કે, તારે ત્યાં પણ આવા એક શ્રેષ્ઠ બાળસાહિત્યકાર માટે ત્યાંનાં બાળકોએ હઠ કરી હશે, એ હઠ પૂરી કરવા તેં આ બાળકોના પ્રિય લેખકને ખેંચી લીધા લાગે છે.

પણ ગુજરાતનાં બાળકોના દિલમાં અવિચળ સ્થાન પામનારને આ ભૂલકાંઓ-વાચકો કદી ભૂલશે નહિ.

ચાંદાપોળીનાં ભૂલકાં, બાળદોસ્તો અને વાંચકો તરફથી અશ્રુભીની શોકાંજલિ......

**આણુભાઈ જોષી**
સંપાદક
ચાંદાપોળી

મહાયોગી મુનીન્દ્રની આસપાસ સાધુમંડળી વીંટળાઈને બેઠી હતી.

યોગીરાજ ઇન્દ્ર પણ આજે સભામાં પધાર્યા હતા. આકાશમાંથી નર્યું દૂધ નીતરતું હતું.

અવનવા ગૂઢ અને રહસ્યમય અનુભવોની રસલ્હાણુ પીરસાતી હતી.

ઊંચે આસને બેઠેલા મુનીન્દ્રને એકાએક એક સાધુજને પ્રશ્ન પૂછ્યો, "યોગીરાજ, મોતને કળવું સદાય મુશ્કેલ રહ્યું છે, આમ છતાં કેટલીક વ્યક્તિઓ એને કળી શકે છે. તો શું માનવી એના મૃત્યુને જાણી શકે ખરો ? જો એને એના મૃત્યુની જાણ થાય તો કેટલું સારું ! તો તો મૃત્યુનો ભય ઓછો થઈ જાય."

યોગીરાજ મુનીન્દ્રે કહ્યું, "જગતમાં વિરલ પુરુષોને જ મૃત્યુનો સંકેત મળે છે."

હજી મુનીન્દ્ર પોતાની વાત સ્ફુટ કરે તે પહેલાં તો એક સાધુજન બોલી ઊઠયા, "યોગીરાજ, અગાઉના આ કટારના આલેખક સ્વ. જયભિખ્ખુએ પોતાનાં અવસાનના એક મહિના અગાઉ લખેલી નોંધમાં જાણે મૃત્યુને સાક્ષાત નીરખતા અને નિહાળતા હોય તેમ લખ્યું છે."

આ સમયે યોગીરાજ મુનીન્દ્રએ ધીરગંભીર અવાજે કહ્યું, "એ તો એક મહિના પહેલાંની વાત છે. પરંતુ બે દિવસ ઉપર જ એમણે એમના મિત્રને લખેલ પત્રમાં લખ્યું હતું કે હું તો તરીને બેઠો છું. હવે જીવન કે મૃત્યુ બન્નેમાં મને પ્રસન્નતા છે. આશ્ચર્યની વાત એ છે કે આ સમયે તેમની તબિયત ઘણી સારી હતી. એટલું જ નહીં પણ આ પત્ર પણ ખુશીખબરનો હતો. તેમ છતાં કોઈ સ્ફુરણાથી જ આવું લખાયું હોય."

વાતો આગળ ચાલી. વાતવાતમાંથી સ્વ. જયભિખ્ખુના અંતિમ કાળના સમયમાં બનેલા ચમત્કારની વાત ઊખેળી યોગીરાજ મુનીન્દ્રે તે સમયનાં સ્મરણોને યાદ કરતાં કહ્યું, "દિવાળી અગાઉ સ્વ. જયભિખ્ખુની તબિયત ઘણી બગડી હતી. શરીરમાં ઘણા રોગોએ વાસ કર્યો હતો. છેલ્લા પંદર વર્ષથી ડાયાબિટિસ હતો અને તેમ છતાં મોજથી મીઠાઈઓ ખાધી હતી. પિસ્તાલીસથી પણ વધુ વર્ષથી આંખો કાચી હતી. પાંચ વર્ષથી સહેજ બ્લડપ્રેશર રહેતું હતું. છેલ્લા બે વર્ષથી કીડની પર થોડી અસર હતી. પગે સોજા પણ રહેતા હતા. કબજિયાત અને કફની તકલીફ પણ ક્યારેય થઈ આવતી. આટઆટલા રોગ હોવા છતાં તેઓ ઇચ્છાશક્તિને બળે આનંદથી જીવન વ્યતીત કરતા હતા. પોતાના રોગોની રોજનીશીમાં લાંબી સૂચિ આપીને તેઓ લખે છે કે "મનમાં ખૂબ મોજ છે. જિંદગી જીવવાની રીતે જીવાય છે."

યોગીરાજ મુનીન્દ્રે વાત આગળ ધપાવતાં કહ્યું : "ગઈ દિવાળી પહેલાં આ સાક્ષરની તબિયત આટલી બધી નાદુરસ્ત હોવા છતાં એમણે ભાઈબીજને દિવસે શંખેશ્વર તીર્થની યાત્રાએ જવાનો વિચાર કર્યો. બેસતા વર્ષના દિવસની પોતાની રોજનીશીમાં તેઓ લખે છે:

"આવતી કાલે શંખેશ્વર જવું છે. પણ મારી તબિયત બહુ જ ઢીલી છે. જવું કે ન જવું તેનો વિચાર ચાલુ છે."

બીજના દિવસે વહેલી સવારે તેઓ અમદાવાદથી શંખેશ્વર જવા નીકળ્યા. એમની તબીયત જોઈને એમના નિકટનાં સ્નેહીજનોએ જવાની આનાકાની બતાવી હતી. પરંતુ તેમનો નિર્ણય અફર હતો.

અનેક રોગોથી ઘેરાયેલા આ સાક્ષર શંખેશ્વરમાં આવ્યા. જેમ આ તીર્થભૂમિ નજીક આવતી ગઈ તેમ એમની તબિયતમાં સુધારો થતો ગયો. શરીરમાં નવો જ થનગનાટ અનુભવાતો હતો. લાંબા સમયથી તેઓ ભોજન માટે બેસે ત્યારે ઉબકા આવતા હતા. આ તીર્થભૂમિ પર આવતાં જ એ ફરિયાદ દૂર થઈ. સાથે દવાની એક આખી બેગ હતી. પરંતુ અહીં આવ્યા પછી એને ખોલવી જ ન પડી. ડાયાબિટિસ અને બ્લડપ્રેશર જેવા રોગોની ગોળીઓ એમની એમ પડી રહી. કારતક સુદ ચોથના દિવસે પોતાની રોજનીશીમાં તેઓ આ ચમત્કારની નોંધ લખે છે :

"મારા માટે એક અદ્ભુત ચમત્કાર બન્યો. અહીં આવ્યો ત્યારે જર્જરિત તબિયત લઈને

આવ્યો હતો. શું થશે તેની ચિંતા હતી. તેના બદલે અહીં આવતાં જ શરીરની તાસીર બદલાઈ ગઈ. એક ડગલું ચાલી શકતો નહિ, તેને બદલે માઈલ–દોઢ માઈલ ચાલવા લાગ્યો. બે રોટલી જમતાં અધઘધ થતું. હવે સહુમાં હું વધુ જમતો થયો. તમામ દવાઓ પણ બંધ કરી હતી."

લાભ પાંચમના દિવસે શંખેશ્વરથી વિદાય લેતી વખતની એમની સ્થિતિને આલેખતા રોજનીશીના પાનામાં સ્વ. જયભિખ્ખુ લખે છે :

"અનેક જાતના રોગોની સંભાવના સાથે અહીં આવ્યો હતો. આજે થનગનતો પાછો ફર્યો. શરીરમાં સાવ નવા ચેતનનો અનુભવ થયો. મન 'અબ હમ અમર ભયે ન મરેંગે'નું ગીત ગાવા લાગ્યું. મારા જીવન સંચારવાળો તબક્કો મારે સારાં કામોમાં પરિપૂર્ણ કરવો જોઈએ."

ખૂબી તો એ છે કે આ તીર્થયાત્રાથી પાછા આવીને જયભિખ્ખુએ પોતાની તમામ ચોપડીઓનું પ્રકાશનકાર્ય અટકાવી દીધું. મનમાં એક જ તમન્ના જાગી કે 'શંખેશ્વર તીર્થ'નું અનુપમ પુસ્તક તૈયાર કરવું અને તે કલ્યાણક પર્વના શુભ પ્રસંગે પ્રગટ કરવું.

વચ્ચેના સમય દરમ્યાન એમની રોજનીશીમાં તીર્થયાત્રાથી પ્રગટેલા નવચેતનના ચિતાર મળે છે. દેવદિવાળીના સમયમાં તેઓ લખે છે:

"તબિયત ખૂબ સારી. સવારમાં એકાદ માઈલ ફરી આવું છું. લાકડા જેવા થતા પગો ચેતન અનુભવી રહ્યા છે. સર્વ પ્રતાપ ભગવાન શંખેશ્વરનો છે. લેખનનો ખૂબ ઉત્સાહ પ્રગટ્યો છે. ઠરી ગયેલી પ્રેરણા સળવળી રહી છે."

આ પછી તો તેઓએ અમદાવાદમાં પંદર–વીસ દહાડા ગાળવા અને બાકીના શંખેશ્વરમાં ગાળવા, તેવો વિચાર પણ કરી નાખ્યો. આ માટે એ તીર્થધામમાં એક મકાન ખરીદવાની સૂચના ય મોકલી દીધી.

'શંખેશ્વર મહાતીર્થ' પુસ્તકનું કામ પૂરા વેગથી શરૂ કર્યું.

ત્રેવીસમી ડિસેમ્બરની સાંજની આ વાત છે. તેઓનું શરીર ફ્લુથી પીડાઈ રહ્યું હતું. થોડો તાવ પણ હતો. પરંતુ આ તીર્થનું પુસ્તક કોઈ પણ સંજોગોમાં સમયસર પ્રગટ કરવાનો નિર્ધાર હતો. આ દિવસે માત્ર શંખેશ્વર તીર્થના મૂળનાયક ભગવાન શંખેશ્વર પાર્શ્વનાથની છબી છપાવવાની હતી. પોતાની છાપકામ વિશેની તમામ સૂઝ અને કુશળતા કામે લગાડી. શરીરમાં તાવ હતો પણ એની પરવા કર્યા વિના ચાર કલાક સુધી દીપક પ્રિન્ટરી નામના પ્રેસમાં જુદા જુદા રંગોમાં એ છબી કઢાવી. અંધારું થયું હોવાથી કાચી આંખોને કારણે બીજે દિવસે આમાંની તસવીર પસંદ કરીને મોકલાવીશ એમ કહ્યું. જતી વેળાએ કહેતા ગયા. 'હવે હું આવવાનો નથી.'

બીજે દિવસે ફ્લૂના કારણે શરીર બેચેન હતું. બપોરે તાવ ધખતો હોવા છતાં શંખેશ્વરા પાર્શ્વનાથની જુદી જુદી છબીઓ જોઈ પોતાને પસંદ હતી તે છબી સૂચના સાથે મોકલી.

કાર્ય પૂરું થવાના સંતોષ સાથે પલંગ પર સૂતા. કોફી પીવાની ઇચ્છા થઈ. કોફી આવી. પત્ની, પુત્ર, પુત્રવધૂ પાસે હોવા છતાં અને થોડો તાવ હોવા છતાં જાતે જ કોફી પીધી. જીવનમાં એમની એક ખ્વાહેશ હતી કે કોઈ પાણીનો પ્યાલો આપે અને પીવડાવે, તેટલી ય લાચારી મૃત્યુવેળા ન જોઈએ, તે સાચું જ પડ્યું.

એ પછી થોડા સમયમાં શંખેશ્વરા પાર્શ્વનાથમય બનેલા એમના આત્માએ સ્થૂલ શરીરની વિદાય લીધી.

યોગીરાજ મુનીન્દ્રે વાતનું સમાપન કરતાં કહ્યું : "જાણે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના પુસ્તકનું કાર્ય પૂર્ણ કરવા જ ઈશ્વરે તેમને નવશક્તિ પ્રદાન કરી હોય તેમ લાગે છે. જે વ્યક્તિનું ચિત્ત ધર્મ, અને ઈશ્વરમાં લીન હોય છે તેનું મૃત્યુ પણ પવિત્ર હોય છે."

**'જાણ્યું છતાં અજાણ્યું'**
**ગુજરાત સમાચાર.**

આજના માનવીનો મોટો ભાગ ઋણાનુબંધમાં ન માનવાનો દંભ કરતો હોય છે. પણ અંતે તો એને તે કબૂલવું પડે છે. જીવનનાં સંભારણાં એને તે માનવાની ફરજ પાડે છે.

શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ) સાથે અમારે આવો ઋણાનુબંધનો સંબંધ હતો. અને ૧૯૩૩ના 'રવિવારે' સાપ્તાહિકના પ્રથમ દિવાળી અંકમાં અમને શ્રી બાલાભાઈનો પ્રથમ લેખ મળ્યો અને સચિત્ર બનાવી એ લેખ અમે 'દિવાળી અંક'ના પ્રથમ લેખ તરીકે પ્રગટ કર્યો.

આ એમની સાથેની અક્ષરદેહે પ્રથમ પિછાન. અમને લાગે છે, કે 'જયભિખ્ખુ' તખલ્લુસ પણ કદાચ આ લેખથી શરૂ થયેલું, પરસ્પર કુદરતી આકર્ષણના સિદ્ધાંત અનુસાર. પછી તો એમની સાથે પત્રવ્યવહાર શરૂ થયો ને લગભગ નિયમિત લેખો એમણે મોકલવા માંડ્યા હતા.

પટેલનો માઢ, માદલપુરા, અમદાવાદના શ્રી જયભિખ્ખુના નિવાસ–સ્થાને અમારી પ્રથમ મુલાકાત થઈ, ને સમાન આદર્શ (ત્યાગ અને માનવતા) ને અંગે એ મિત્રતા પછી ગાઢ થતી ગઈ અને આત્મમિલનમાં પરિણમી.

આજે જ્યારે કાળભગવાને, અનધિકારપણે મને એમની 'સ્મરણાંજલિ' લખવાની ફરજ પાડી છે (કારણ મારી મૃત્યુનોંધ લખવાનો એમનો અધિકાર હતો) ત્યારે કુદરતના ન્યાયીપણામાં શંકા ઉપસ્થિત થયા જેવું લાગે તે છતાં લાચાર માણસ આવી શંકા સિવાય બીજું કંઈ કરી શકે તેમ નથી, એટલે જે અનિષ્ટ બન્યું છે એનાં રોદણાં રડવા કરતાં એ પુણ્યશાળી આત્માના જીવનમાંથી જે જડ્યું એને અહીં રજૂ કરીએ.

શ્રી 'જયભિખ્ખુ' આજના લેખકોથી જીવનમાં ઘણી રીતે જુદા પડતા હતા. એમાં અગત્યની 'રીત' એ હતી કે તેઓ જે લખતા, જે સિદ્ધાંતો અને આદર્શોનું પ્રતિપાદન કરતા તેને જીવનમાં પણ ઉતારી શક્યા હતા જ્યારે ઘણા લેખકો અને સાહિત્યકારો પોતાના લેખન તથા વાણી કરતાં વર્તનમાં મોટે ભાગે 'જુદા' પડતા હોય છે તે હકીકતનો ઇન્કાર થઈ શકે તેમ નથી. આજનું નવલકથા–સાહિત્ય કેવળ અર્થલાભ માટે જ લખાતું હોય એમ નથી લાગતું ? આજે તે હલકી કોટિનો વ્યવસાય બની ગયું છે– જ્યારે શ્રી જયભિખ્ખુ માનવતાનો આદર્શ સામે રાખીને પોતાનાં પાત્રોનું સર્જન કરતા. એમનાં પાત્રો 'સજીવ' ને 'આદર્શ' એટલા માટે જ હતાં. સર્વધર્મ–સમન્વયની માત્રા એમનાં પાત્રોમાં દેખાતી. સમાજ અને સંસારનાં શબ્દચિત્રો પણ શ્રી. બાલાભાઈ એવી સુરેખતાથી દોરતા કે એમની કલાનો કસબ વાચકના અંતરને સ્પર્શી જતો.

એમના પ્રત્યેનું મિત્ર, સંબંધીઓ, વાચકો ને શુભેચ્છકોનું આકર્ષણ એટલા માટે હોવાનું હું માનું છું કે એમના જીવનનું સત્ત્વ તેઓ 'કલમ' અને 'વર્તન' માં સુપેરે ઉતારી શકતા. ગમે તેવો વક્તા કે પ્રવક્તા હોય, પણ એની વાણી અને વર્તન જુદાં હશે તો એ શ્રોતાઓ પર કાયમી પ્રભાવ નહીં પાડી શકે. આજના ભાષણિયા લોકનેતાઓ ને પૂજ્ય ગાંધીજીની વાણીમાં આટલો જ ધરમૂળનો તફાવત છે. એટલે એમની દલીલો તથા બરાડાઓ જનતા પર સાચો પ્રભાવ પાડી શકતા નથી. એમની સફળતાનું આ મુખ્ય રહસ્ય હતું.

અમારો તો શ્રી જયભિખ્ખુ સાથે નિકટતમ આત્મીય સંબંધ છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. 'હતો' એમ પણ અમે કહી શકતા નથી; કારણ તે આજે ય છે.

આજનાં દૈનિકો અને સામયિકોમાં જેમના લેખો હોંશથી વંચાય છે એ ભાગ્યશાળી પુત્ર 'શ્રી કુમારપાળ દેસાઈ'ના જન્મની વધાઈ પ્રસંગે અમે 'પટેલના માઢ'માં ગયેલા ત્યારે જે શુભેચ્છાસૂચક વાતો થયેલી તે હજુય અમને યાદ છે. એમનાં પત્ની શ્રીમતી સૌ. જયાબહેન અને મારાં પત્ની સૌ કપિલાબહેનનાં બહેનપણાં પણ પૂર્વના ઋણાનુબંધની સાક્ષી પૂરે છે. પણ અમુક બાબતોમાં માનવી એવા સંજોગોમાં મુકાઈ જાય છે કે એ નિરુપાય બની

જાય છે. છતાં ચંદ્રનગર સોસાયટીના એમના બંગલાનાં અનેક સંભારણાં અમારી આંખ સામે તરતાં રહે છે.

શ્રી બાલાભાઈ જેવા પુણ્યાત્માને પોતાના દેહ વિલય–નિર્વાણની આગાહી થાય એમાં નવાઈ નથી. 'હું ૧૯૭૦નું વર્ષ જોવાનો નથી' એવા અમારા સંપાદક–ભાઈ ચંદ્રશેખર ઠક્કુર સમક્ષ સ્વ શ્રી જયભિખ્ખુએ ઉચ્ચારેલા શબ્દો સાચા હતા તે આજે સમજાય છે. 'સંપાદકીય'માં એમની જન્મકુંડળીના ગ્રહોની ચર્ચા કરતાં સામેનાં પાનાં પર તેઓ મહાન કયા ગ્રહયોગોને આધારે હતા તે બતાવાયું છે. તેઓશ્રી પોતાની લીલી વાડી, બહોળું કુટુમ્બ, સંખ્યાબંધ મિત્રો તથા શુભેચ્છકોનું મહામંડળ મૂકીને નિર્વાણપદ પામ્યા હોવાથી એમને માટે આંસુ સારવાને બદલે 'કબીર'નો દોહરો અહીં આપીએ.

'જબ તુમ આયે જગત મેં જગ હસે, તુમ રોય;
એસા મરણાં કર ચલો, તુમ હસો, જગ રોય.'

શ્રી જયભિખ્ખુને આવું જ મરણ મળ્યું હોવાથી તેઓ અમર છે.

'કિસ્મત'

જીવનને બગીચાનો છોડ બનાવનાર સાહિત્યસર્જકની બુદ્ધિથી આ ચમનમાં બહારો લાવી ખુશબુનાં મૂલ્યો ખીલવનાર શ્રી 'જયભિખ્ખુ'એ ગયા બુધવારે આ આલમને અલવિદા કરી.

ગુજરાતી સાહિત્યના સંગેમરમરને સુવાસથી શણગારનાર આ સમર્થ શબ્દશિલ્પીએ તેની કારકિર્દીનો આરંભ પત્રકાર તરીકે કર્યો હતો. તકદીરની તાસીર પણ કેવી છે કે વખ્તેરૂખસદના છેલ્લા સલામ સમું તેમનું આખરી સર્જન પણ એક પત્રકાર તરીકેનું જ છે. 'ગુજરાત સમાચાર'ની રવિવારની આવૃત્તિની તેમની લોકપ્રિય કટારનું લખાણ પૂર્ણ કર્યું અને કિરતારનું તેડું આવ્યું.

છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓ અમદાવાદના આગેવાન દૈનિક 'ગુજરાત સમાચાર' સાથે સંકળાયેલ હતા અને આ દૈનિકની ખૂબ ખ્યાતિ પામેલ અને બહોળો વાચક વર્ગ ધરાવનાર કટાર "ઈંટ અને ઇમારત" તેમજ "જાણ્યું છતાં અજાણ્યું" દ્વારા જનતાની ખૂબ જ ચાહના મેળવી હતી. આ ઉપરાંત 'ઝગમગ' અને 'શ્રી' સાપ્તાહિકોમાં પણ તેઓ છેલ્લા ઘણા સમયથી લખતા અને તેમનાં લખાણોએ અનેરી ચાહના મેળવી હતી.

સ્વ. શ્રી 'જયભિખ્ખુ'એ સાહિત્યના ઘણા પ્રકારો ખેડયા હતા તેમણે ઐતિહાસિક સામાજિક પૌરાણિક નવલકથાઓ, સાહસકથાઓ, નાટિકાઓ અને નાનાંમોટાં જીવનચરિત્રો લખ્યાં હતાં.

નવલકથાના ખેડાણે તેમનો સાહિત્યક્ષેત્રે વ્યવસ્થિત પ્રવેશ કરાવ્યો એમ કહી શકાય. તેમની નવલકથાઓ અપૂર્વ આદર પામી. તેમની કથાઓ હિંદીભાષી વિસ્તારોમાં પણ લોકપ્રિય અને આદર પ્રાપ્ત કરનાર બની. ભારત સરકાર કે ગુજરાત સરકારનાં ઇનામો અવારનવાર મેળવનાર આ સર્જકની લગભગ તેરથી પંદર કૃતિઓ પુરસ્કારને પાત્ર ઠરી હતી. તેમણે લખેલ 'દિલના દીવા' નામના ફક્ત અડતાલીસ પાનાના પુસ્તકને પ્રૌઢ શિક્ષણ, ભાષાંતર વગેરે એવી ત્રણ રીતે પારિતોષિકો પ્રાપ્ત થયાં હતાં.

સૌરાષ્ટ્રના એક નાનકડા ગામડાંમાં જન્મેલ અને શરૂઆતનું શિક્ષણ પામેલ સ્વ. શ્રી જયભિખ્ખુએ કેટલોક માધ્યમિક અભ્યાસ અમદાવાદમાં પણ કરેલ. મુંબઈના વીરતત્ત્વ પ્રકાશક મંડળ સાથેના તેમના સંપર્કે સંસ્થાના સ્થાન ફેર સાથે કાશીમાં પણ અભ્યાસ કરવાની તક મળેલી. શિવપુરીમાં સંસ્થા સ્થિર થતાં ત્યાનાં ગુરુકુળમાં રહી આઠનવ વર્ષ સુધી સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ પણ તેમણે કર્યો હતો. જૈન દર્શનશાસ્ત્રના આ પ્રખર અભ્યાસીએ કલકત્તા સંસ્કૃત એસોસીએશનની 'ન્યાયતીર્થ' અને ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવીઓ પણ પ્રાપ્ત કરી હતી.

સને ૧૯૩૩ની સાલમાં કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતીની આરાધનાની પ્રસાદી–રૂપે જે

કંઈ આછું પાતળું મળી રહે તે વડે જ જીવન-નિર્વાહ કરવાનો નિર્ણય કર્યો. હૈયાના હીરને કલમ વડે કાગળ પર કંડારનાર શ્રી 'જયભિખ્ખુ' એ તેજ પ્રમાણે જીવન જીવી બતાવ્યું. જિંદાદિલીને જીવન માનનાર અને માનવતાનો મધુર સંદેશ આપતું સાહિત્ય સર્જનાર આ સારસ્વતનું બાસઠ વર્ષની વયે ગયા બુધવારે દુઃખદ અવસાન થયું.

ચલા તો હું મૈં કાબે કો,
મગર એ બુતકદે વાલો.
કરેંગા યાદ મુઝકો,
બુતકદેકા હર સનમ બરસોં.

સુવાસના સર્જકની ચિર વિદાયથી ચમનની ચીલમન પર આંસુઓની શબનમ સરી રહી છે. માતમની ગમગીનીઓને ગળે લગાવી એકરાર બહાર જાણે કહી રહી છે–

સમઝ કર ઉનકા ઘર જીન્હે,
દોનોંકી ખીદમત ઉમ્રભરકી;
ઉસે રોયા કરેંગે દેખના,
દેરો હરમ બરસો.

**'સમી સાંજ'**

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નામાંકિત બનેલા શ્રી. જયભિખ્ખુ ઉર્ફે બાલાભાઈ દેસાઈના અકલ્પ્ય અને ઓચિંતા થયેલા દુઃખદ અવસાનની નોંધ લેતાં મને ખૂબ જ દિલગીરી થાય છે.

'પથિક'ના એઓ શરૂઆતથી જ લેખક હતા. 'પથિક'નો પહેલો અંક પ્રગટ થયો અને બીજો જ અંક દિવાળી પર્વનો હતો. આ અંક માટે હું એમની પાસે ખાસ કૃતિ લેવા ચંદ્રનગર સોસાયટીમાં આવેલા એમના આવાસે ગયો. સાહિત્યિક સામયિકોના ક્ષેત્રે હું અબોભિયો હતો અને પ્રેસ લાઈનમાં પણ અણસમજુ હતો. આ સમયે એઓ પોતાના લેખનકાર્ય સાથે 'ગુર્જર' ના પ્રેસની જવાબદારી પણ ઉઠાવી રહ્યા હતા, એટલે લખાણ મેળવવા સાથે એમની પાસે જવામાં અનુભવી સલાહ–સૂચના લેવાનો પણ મારો ઉદ્દેશ હતો. એમની સાથેની આ મારી પહેલી પ્રત્યક્ષ પિછાન અને મુલાકાત હતી.

એમણે મને સહૃદયી આવકાર આપ્યો અને પહેલી જ પિછાન છતાં જરાય સંકોચનો સંકેત ન આપ્યો. જાણે કે લાંબી પિછાન હોય એવા ભાવે એમણે મારી સાથે લગભગ એક કલાક સુધી વાતો કરી, મુલાકાતને અંતે એમણે મને જે શીખ આપી તેને એમના જ શબ્દોમાં ચોક્કસપણે રજૂ કરી શકું તેમ નથી પણ તેની મતલબ જે મને બરોબર યાદ છે તે આવી હતી :

"અનેક જાતની અડચણો આવશે, કલ્પનામાં નહિ હોય તેવી. ભલભલા આ ક્ષેત્રે ભાગી છૂટ્યા છે. સમજી વિચારીને ડગ ભરજો. આર્થિક નુકસાનીની વાત પહેલી વિચારજો. તમે ક્ષત્રિય છો. ક્ષત્રિયવટભરી હિંમતથી ટકી રહેશો તો પછી સમય જ તમને સાથ પુરાવતો બનશે."

અને પછી તો 'પથિક'ની વિકાસવાટમાં અનેક અવરોધો આવ્યા. આજ દિવસ સુધી જેના બોજાથી મુક્ત નથી બની શક્યો તે આર્થિક નુકસાની પણ ભોગવી. અનેક વખત એમને ઘેર અને પ્રેસમાં જઈ મળતો. હૈયાવરાળ ઠાલવતો અને દરેક વખતે એઓ મને પોતાની હસમુખ–વાણીથી ઉમંગને વધારી રહેતા.

મારે 'પથિક'માં એમની છબી પ્રગટ કરવી હતી. મારી માગણીને છેવટે મેં 'હઠભરી' બનાવી; પણ એમણે એવી 'હઠભરી' ના જ સુણાવી દીધી.

સાઠ વર્ષના પ્રવેશ ટાણે એમનું કલકત્તા મધ્યે ગુજરાતી સમાજે બહુમાન કરેલું અને ૨૫ હજારની થેલી તેમને અર્પણ કરવામાં આવી–જે એમણે શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટને સુપ્રત કરી દીધેલી.

એમણે મને જે પહેલો ખાસ લેખ આપ્યો તેનું શીર્ષક છે. "લોકશાહી – લોહીનાં આંધણ." જે 'પથિક' ના પહેલા દિવાળી અંકમાં પ્રગટ થયો છે. આ લેખને મથાળે મેં જે શબ્દોમાં એમની

પિછાન આપેલી તે જેમની તેમ અત્રે ઉતારું છું—

"જેઓ 'જયભિખ્ખુ'ના તખલ્લુસથી ખ્યાતનામ બન્યા છે તેમનું ખરું નામ છે : શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ મૂળ વતન સાયલા (સૌરાષ્ટ્ર) ઉ. વ. ૫૪. તેઓ અંગ્રેજી હિન્દી ઉર્દૂ અને સંસ્કૃત સાહિત્યના ઊંડા અભ્યાસી છે અને 'ન્યાયતીર્થ' તથા 'તર્કભૂષણ'ની ઉપાધિઓ તેમને પ્રાપ્ત થયેલી છે. ૧૯૩૩થી આજ સુધીમાં તેમનાં અનેક પુસ્તકો-પુસ્તિકાઓનું પ્રકાશન થયું છે–જેમાં બાલસાહિત્ય, નવલકથા, ચરિત્રો, નવલિકા, સાહસકથા વગેરેનો સમાવેશ થાય છે. અમુક કૃતિઓને અનેકવાર ભારત સરકારનું તથા ગુજરાત સરકારનું ઈનામ પણ પ્રાપ્ત થયું છે. મોહક શૈલીના આ સિદ્ધહસ્ત લેખક અને સર્જકની, ગુજરાત સમાચારમાં રજૂ થતી 'ઈંટ અને ઇમારત' ની કૉલમ વાચકો હોંશે હોંશે વાંચે છે. અહીં તેઓ આધુનિક લોકશાહીનાં ઊગમ, વહેણુ અને વળાંકોને નોંધે છે અને રાજકારણને જવલ્લેજ મળતી ગાંધીજીની નેતાગીરીને બિરદાવે છે"

'ટાઈટલ'ની છપાઈ ને કારણે 'દીપક પ્રિન્ટરી' સાથેનો મારો સંબંધ ચાલુ રહ્યો છે. શ્રી જયભિખ્ખુનો સંબંધ પણ તેમની સાથે 'ગાઢ' હોવાને કારણે એઓ અવારનવાર ત્યાં આવતા–જતા અને ત્યાં જ અમારો મેળાપ થતો. છેલ્લો મેળાપ તા. ૨૩–૧૨–૬૯ની સાંજે થયેલો. આ વખતે 'સાંઈબાબા' ની વાત નીકળતાં એમના વિષેનો મેં મારો જાતઅનુભવ જે મને મુંબઈના એક પ્રધાનના આવાસે, અન્ય મિત્રો સંગાથે નજદીકથી થયેલો તેની છાપ વર્ણવી અને તે સાથે 'કચ્છના મોના જાદુગર' ના મારા જાત અનુભવની વાત કરી. (એમણે પણ કચ્છના આ જાદુગરની વાતો સાંભળેલી હતી અને કાંઈક લખ્યું પણ છે.) ઉપરાંત માહિતી આપી કે એ 'મોના જાદુગર' પર કચ્છના એક લેખક પુસ્તક તૈયાર કરી રહ્યા છે અને તેનું તરતમાં જ પ્રકાશન થવાનું છે. આ વાતચીત દરમ્યાન પોતાની આંખો બરોબર કામ આપતી બની ગયેલ હોવા તથા તબિયત સારી હોવાનું એમણે મને જણાવ્યું હતું (એમની આંખો મોતિયાને કારણે ઝાંખી પડી ગયેલી હતી અને તે માટે એમને શસ્ત્રક્રિયા પણ કરાવવી પડી હતી).

તા. ૨૪–૧૨–૬૯ની રાત્રે જ્યાં હું...ના આવાસમાં પગ મૂકું છું ત્યાં જ મને કહેવામાં આવ્યું– તમને ખબર છે–જયભિખ્ખુ ચાલ્યા ગયા–હેં શું કહો છો ?–હા ! હમણાં જ મને ફોનથી ખબર મળ્યા છે. હૃદય પર થયેલા હુમલાના...

કલ્પનામાં નહિ એ રીતે અને આગલા દિવસના અમારા મિલનને પૂર્ણવિરામ બનાવી એક–પુત્ર, પુત્રવધૂ, વિધવા અને બહોળા કુટુંબને રડતાં મૂકી, અનેક સ્નેહીમિત્રોને આઘાત પહોંચાડી શ્રી જયભિખ્ખુ ચાલ્યા ગયા છે. ચિરનિદ્રામાં પોઢી ગયા છે.

માનવ–જીવનમાં કેટલાક અજબ પ્રસંગો સન્મુખ બને છે, અને તે એવા હોય છે કે ન તો તેને કોઈ ઇચ્છે છે કે આવકારે છે. મારા માટે પણ આ પ્રસંગ એવો લાગે છે. જે છબી માટે મેં હઠ કરેલી તે છબી એમની હયાતીમાં હું પ્રગટ ન કરી શક્યો, પણ મારી આ શ્રદ્ધાંજલિ સાથે તેને પ્રાપ્ત કરી રહ્યો છું. કુદરતની કેવી વિચિત્ર લીલા છે !

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપે.

**માનસંગજી બારડ**
તંત્રી **'પથિક'**

ચરિત્ર કથાઓ, બાળવાર્તાઓ, સમાજ, ઇતિહાસ અને સાહિત્યની વાર્તા–નવલકથાઓ વગેરેના સર્જક 'જયભિખ્ખુ'નું ગઈ તા. ૨૪મી ડિસેમ્બરના રોજ શોકજનક અવસાન થયું છે. સાહિત્યજગતને તો તેમની ખોટ અવશ્ય પડશે જ પરન્તુ હાલમાં ગુજરાતી ચિત્રઉદ્યોગ પણ હરણફાળ ભરવા કટિબદ્ધ થયો છે તે અરસામાં પણ તેમનું આ આકસ્મિક અવસાન શોકજનક જ નીવડવાનું. કારણ સ્વ. જયભિખ્ખુમાં સમાજ, ઇતિહાસ અને લોકસાહિત્ય એ ત્રણેનાં પારંગત તરવો હતાં. ગુજરાતી

ચિત્ર વાર્તાઓ માટે તેમની પાસે પૂરતો મસાલો હતો પણ કમનસીબે તેમના જીવિત કાળમાં કોઈ નિર્માતા કે દિગ્દર્શક આ કલમકારનો લાભ મેળવી શક્યો નહોતો તે હકીકત છે.

સ્વ. જયભિખ્ખુની કલમના પ્રખર પ્રશંસક અને મિત્ર શ્રી. કનુભાઈ દેસાઈ ચિત્રનિર્માણમાં પણ સંકળાયેલા હતાં તે વાતથી ઘણા અજાણ હશે. એમણે પોતાની 'શ્રી' સંસ્થા દ્વારા સાગરવાળા શ્રી ચુનીભાઈ દેસાઈના સહકારથી એક સુંદર સંગીત-ચિત્ર સર્જવાની તૈયારી કરી. વિષય પસંદ કર્યો 'ગીતગોવિંદ કવિ જયદેવ' નો. આ ચિત્રની વાર્તા કોની પાસે લખાવવી તે પ્રશ્ન જ્યારે ઉપસ્થિત થયો ત્યારે ચુનીલાલ દેસાઈ વગેરે અનુભવી માનવીઓએ કહ્યું કે આ માટે આપણે જુદા જુદા પાંચ–સાત લેખકોને વાર્તા લખવા માટે કહીએ. જેની વાર્તા પસંદ આવે તેને ચિત્ર માટેની પસંદગી આપવી. કનુભાઈ ને પણ આ વિચાર સ્પર્શી ગયો. ગુજરાતના કેટલાક નામી લેખકો આ વિષય પર વાર્તા લખવા બેઠા. એમાં એક સ્વ. જયભિખ્ખુ પણ હતા.

વાર્તાઓ પરીક્ષકસમિતિ આગળ આવી, એ સૌ વાર્તાઓમાંથી જે વાર્તા પસંદ થઈ તે નીકળી 'જયભિખ્ખુ'ની. કનુભાઈ ને 'જયભિખ્ખુ' પર શ્રદ્ધા હતી જ. અને અંતે તેમની જ વાર્તાને પસંદગી મળી. 'જયભિખ્ખુ' ની વાર્તા પરથી 'ગીત ગોવિંદ'નું ચિત્ર તૈયાર થયું. એનું નિર્માણ કર્યું ચુનીભાઈ દેસાઈ એ. કનુભાઈની સંસ્થા 'શ્રી' ના દિગ્દર્શક બન્યા શ્રી. રામચંદ્ર ઠાકર, સંવાદલેખક હતા સ્વ. પંડિત ઇન્દ્ર અને તેનું કલાનિર્દેશન કર્યું શ્રી. કનુભાઈ દેસાઈ એ. આ 'ગીતગોવિંદ' ચિત્રમાં સંવાદ કલા ભક્તિ અને અભિનયનો સંગમ હતો. ચિત્રને સારી ખ્યાતિ મળી. આમ સ્વ. જયભિખ્ખુની કૃતિએ ચિત્રઉદ્યોગમાં પ્રવેશ કર્યો.

પાછળથી આ કૃતિ 'કવિ જયદેવ–ગીત ગોવિંદ' નામથી નવલકથા રૂપમાં પ્રસિદ્ધ પણ થઈ. નવલકથા તરીકે પણ તેને સારી નામના મળી છે. એના ઉપરથી જ એક રેડિયો નાટ્ય રૂપક 'ગીતગોવિંદનો ગાયક' પણ તૈયાર થયેલું અને તે રેડિયો દ્વારા રજૂઆત પામેલું.

સ્વ. જયભિખ્ખુની કેટલીક સામાજિક અને ઐતિહાસિક વાર્તાઓ પ્રતિ શ્રી વિજુભાઈ ભટ્ટ, શ્રી. શંકરભાઈ ભટ્ટ, અને શ્રી. બાલચન્દ્ર શુક્લ વગેરેની કુંણી લાગણીઓ રહી હતી. નિર્માતા દિગ્દર્શક શ્રી. વિજુભાઈ ભટ્ટે કનુભાઈ દેસાઈની ભલામણ અને શ્રદ્ધાથી તેમની એક વાર્તાને પ્રકાશ પિક્ચર્સના ધ્વજ નીચે ઉતારવાની તૈયારી પણ કરેલી. પરન્તુ કેટલાક સંજોગોને અંગે તે વાતને મુલતવી રાખવી પડેલી.

સ્વ. જયભિખ્ખુમાં નાના પ્રસંગને પણ ઉપસાવવાની સુંદર કલા હતી. પાત્રોમાં તેઓ જીવ મૂકી દેતા હતા. શ્રી. બાલચંદ્ર શુક્લે મને આબુ પહાડના 'રસિયો વાલમ' પર વસ્તુના સંશોધન માટે કહ્યું ત્યારે મેં તેજ સમયે પ્રસિદ્ધ થયેલાં સ્વ. જયભિખ્ખુના 'રસિયો વાલમ' નામના નાટકની વાત તેમને કરી હતી. શ્રી. બાલચન્દ્ર શુક્લને આ નાટક સ્પર્શી ગયું હતું. પરન્તુ ચિત્રને માટે જેમ જેમ અનેક વાતો અને મતોની ગણના કરવી પડે છે તેવું એને માટે પણ થતાં તે વાત રહી ગઈ હતી.

એક અફસોસની વાત એ છે કે સ્વ. જયભિખ્ખુના જીવિતકાળમાં કોઈ ગુજરાતી નિર્માતા કે દિગ્દર્શક પોતાની સંસ્થા માટે તેમના સુયોગ્ય ઉપયોગ કરી શક્યો નહોતો. આ વાત દુઃખદ છે. તેટલીજ ગંભીર પણ છે. ગુજરાતી નિર્માતાઓની સંકુચિત દૃષ્ટિ અને ઈતર પ્રાન્તીય લેખકો પ્રતિની તેમની કુંણી ભાવના જ આ માટે કારણભૂત છે. આપણા સારાસારા લેખકો સ્વ. ધૂમકેતુ, શ્રી. મુનશીજી, સ્વ. જયભિખ્ખુ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, પન્નાલાલ પટેલ વગેરેની વાર્તાઓ નવલો પ્રતિ પણ આ વર્ગ ઉદાસીન જ રહ્યો છે. મુનશીજીની એકેક વાર્તાઓ, રમણલાલ દેસાઈની કોકિલા, પન્નાલાલની પટેલની મળેલા જીવ વગેરે પરથી ચિત્રો ઊતર્યા છે. તેનો સારો આદર પણ થયો છે. પરન્તુ આ પ્રયત્નો એકલદોકલ જ ગણી શકાય. સ્વ. ગુણવંતરાય આચાર્યને તો સાહિસક નિર્માતા ચંદુલાલ શાહે પોતાની

સંસ્થામાં વાર્તા વિભાગમાં રાખેલા અને એટલે જ તેમની કેટલીક વાર્તાઓને ચિત્રદેહ મળેલો. સ્વ. વજુ કોટકની વાર્તાઓ પણ ગુજરાતી ચિત્રદેહ પામી હતી. પરન્તુ આવા પ્રયત્નો વિસ્તૃત રીતે થવા જોઈએ. આપણા નિર્માતાઓ આ પ્રકારનું સ્વત્વ મમત્વ હવે કેળવતા થાય એ જરૂર છે. એવી સદ્બુદ્ધિ અને હિંમત તેમને પ્રાપ્ત થાય એજ ખેવના.

'ચિત્રલોક'

# एक दुःखद समाचार

यह समाचार लिखते हुए अत्यंत दुख होता है कि अहमदाबाद में दि० २४–१२–६९कीं संध्या को ५ बजे गुजरात के लोकप्रिय साहित्यकार श्री बालाभाई वीरचंद देसाई उर्फ 'जयभिक्खुजी 'का हार्टफेल हो जाने से स्वर्गवास होगया। आपके वियोग से जैन समाज को काफी आघात पहुंचा है। प्रभु से प्रार्थना है कि स्वर्गस्थ आत्मा को शांति एवं उनके भाई श्री रतिलाल दीपचंद देसाई आदि परिवारीजनों को धैर्य प्राप्त हो। देसाई परिवार पर आये हुए इस महान दुःख में हम भी समवेदना प्रकट करते हैं।

—श्वेतांबर जैन

# जयभिक्खु का निधन

अहमदाबाद।

गुजरात प्रांत के साहित्यिक व पत्रकार श्री बालाभाई वीरचन्द देसाई जो कि जयभिक्खु के नामसे सुप्रसिद्ध थे। जिन्होंने अपने जीवन में कई सुप्रसिद्ध पुस्तकों का नव निर्माण किया है, पत्रों के अन्दर कई वैचारिक, सामाजिक व धार्मिक लेखों को समय पर जनता के सामने प्रस्तुत किया है।

इनको अपनी साहित्यिक सेवा के सन्मान स्वरुप भारत सरकारने कई बार राष्ट्रपति पुरस्कार प्रदान किये हैं। इनकी लेखनी मधुर, सरल व चित्ताकर्षक थी।

जैन समाज ही नहीं गुजराती लेखकों में इनका एक अग्रणीय स्थान था। इनका अध्ययन श्री वीरसत्य प्रकाशक मन्डल शिवपुरी में हुआ था। शिवपुरी छोड़ने के बाद इन्होंने अपना कार्यक्षेत्र अहमदाबाद बना लिया था। अभी दो वर्ष पहेले इनका सम्मान के रूप में अहमदाबादमें षष्टि पूर्ति समारोह मनाया गया था। इनकी आयु ६२ वर्ष की थी। इनके अवसान से जैन समाज में एक अच्छे सुसंस्कारी, विद्वान, साहित्यिक व पत्रकार की बहुत बड़ी कमी हुई है जिसकी निकट भविष्य में क्षतिपूर्ति होना अत्यन्त कठिन है।

श्री शासन देवगत आत्मा को शांति व उनके परिवार को इस महान् दुःख को सहन करने कि शक्ति प्रदान करें।

—राजमल लोढ़ा

'शाश्वत धर्म'

हमें यह सूचित करते हुये अत्यन्त दुःख हो रहा है कि गुजरात के सुप्रसिद्ध साहित्यकार तथा जैन–कथा साहित्य के प्रख्यात लेखक श्री बालाभाई वीरचंद देसाई का दिल के दौरे से २४–१२–६९ बुधवार को अवसान हुआ। जो "जयभिक्खु" के नाम से प्रसिद्ध थे और जिन्होंने अबतक ३०० से अधिक पुस्तकें लिखी जिसमें से कई कृतियों पर सरकार की ओर से पुरस्कार भी मिला था।

भाई "जयभिक्खु" ने भले ही अपने साहित्य में प्राचीन जैन साहित्य के आधार पर कथाएं, उपन्यास तथा चरित्र लिखे हों पर वे गुजराती के गणमान्य साहित्यकार थे। उनके लेखनमें साम्प्रदायिकता या धर्म का विशिष्ट अभिनिवेश न होकर एसी व्यापकता थी कि उनका साहित्य जैनेतरों को भी प्रिय था।

उनकी उच्च शिक्षा स्व० शास्त्र विशारद विजय-धर्मसूरिजी की प्रेरणा से वीर तत्त्व प्रकाशक मण्डल में हुई और जब उस संस्था का स्थानान्तर बनारस, आगरा होकर शिवपुरी में हुआ तो उनका गुजराती के

साथ साथ हिन्दी और अंग्रेजी भाषा का भी अध्ययन हुआ। उन्होंने " न्यायतीर्थ वक्तृत्व भूषण " की गुरुकुल की उपाधियां प्राप्त की थी।

उनका बचपन का नाम श्री. भिखालाल था। उनका विवाह विजया बहिन सेठ के साथ हुआ था। जयभिक्खु नाम पत्नी का " जय " और भिखालाल का " भिक्खु " मिलकर उन्होंने प्रचलित किया।

शिक्षा पूर्ण होने पर उन्हें विदेशों मे जैन धर्म प्रचार के लिए भिजवाने की योजना थी, पर वह किसी कारण से पूरी नहीं हो सकी तो १९३३ में अहमदाबादमें आ बसे और लेखन का व्यवसाय शुरू किया। माँ सरस्वती की सेवा में ही अपनी सारी शक्ति और समय लगा दिया। उन्होंने यह निश्चय कर लिया था कि सरस्वती की सेवा के प्रसाद के रूप में जो प्राप्त होगा उसी से जीवन निर्वाह चलावेंगे। यह साधना कितनी कठिन थी पर माँ सरस्वती ने उन्हें कमी नहीं पडने दी। उन्होंने अपने साठ साल पूरे होने पर मनाये गये समारोह में कहा था कि, लोग कहते हैं कि सरस्वती और लक्ष्मीका झगडा है पर मुझे माँ सरस्वती की सेवा में कोई कमी नहीं पडी।

उनका लेखनक्षेत्र विशाल और व्यापक था। गुजरात के कई प्रतिष्ठित पत्रों में उनके नियमित लेख आते थे और वे बहुत लोकप्रिय लेखकों में से थे।

हमारा उनका सम्बन्ध बहुत ही स्नेहयुक्त था। जब मैं पर्युषण-व्याख्यानमाला के लिए अहमदाबाद में व्याख्यान के लिऐ जाता था तब मैंने उन्हें कुछ लोक-कथाएं कही थी उसके आधार पर उन्होंने कहानियां लिखी थी और उसका उल्लेख भी किया था।

जब वे दो साल पहेले उनकी हीरक जयन्ती के समय बम्बई आये थे और मैने फोन किया तो बताया कि आज ही " अखण्ड आनन्द " में मैंने ' प्यारे राजा बेटा ' के दो दोस्त की कहानी के आधार पर अेक कहानी लिखी है।

जैसे उनके जाने से गुजराती साहित्य की बहुत बडी क्षति हुई, जैन साहत्य के उत्तम कथाकार और चरित्र लेखक के रूप में हानि हुई वैसे ही अेक मित्र और समान विचारवाले साहित्यिक साथी की कमी अपूरणीय है।

हम अपने मित्र के प्रति आदरांजलि अर्पण कर परिवार के प्रति संवेदना प्रगट करते हैं। भगवान हम सबको उनकी कमी की पूर्ति करने की शक्ति दे।

—ऋषभदासजी रांका
' जैन जगत '

# Jaybhikhkhu :-A Popular Pen and pleasing personality

Mr. Balabhai Desai, the well known Gujarati writer who wrote under the penname of "Jai Bhikhkhu," died of heart attack in Ahmedabad on Wednesday evening. He was 61.

Jaj bhikhkhu wrote about 300 books including novels, short stories, essays and children's literature. He was also a popular newspaper columnist.

He leaves his wife and a son.

Times of India.

☆

Mr. Balabhai Desai Veteran Journalist and author died in Ahmedabad on Wednesday. He was 61.

He leaves his life and the only son Prof. Kumarpal Desai also a sports columnist.

'Popularly known as "Jaybhikhkhu' his pen name, Mr. Desai was an author of repute in Gujarati literature. He had several novels to his credit on social and religious topics. His knowledge of Jain literature was considered as an authority.

He had also published a series for students comprising life sketches and other informative material. His works were acknowledged by the Government and at least 15 of his books got State awards. One of his book was translated into English.

Mr. Desai's dedication to literature was so great that he presented a Purse of Rs. 25,000 given to him two years back for the use of a literary trust.

Indian Express

☆

Any one with a human heart will receive the news of demise of Balabhai-Jaybhikhkhu with a shock. I am by now hardened due to untimely deaths of many young and warm 'Cultural Spirits' that came here and have left us without any warning, only leaving their results of creative spirit enshrined in them.

Balabhai was a unique example of a sincere and perfect devotee of Jainism and yet totally a real nationalist of above caste, creeds, cults and sects. I have admired this Spirit of freedom of mind and culture always for his frank and out Spoken attitude to public life. But he never went up a rostrum to to receive ovations.

His pen did the miracle. He stood by the downtrodden, the vulgar, the vicious, the warmonger and the powermad men. His was a lucid pen. He wrote crisp Gujarati with assimilation of Jainism and urdu literature. He was a master of pen that was in a way always assimilating and sympathising.

He wrote stories, novels, essays Journalistic (columns) and plays for children and youth. He was a glosious associate colleague of the Gurjar Publication House owned by late brothers Mr. Shambhubhai and Govindbhai.

Balabhai worked in Gurjar's Press for years. I was at the evening tea of literary men at Gurjar's Press months after months when I edited my drama fortnightly

Natak and printed it at Gurjar Press.

His delicate cover he bestowed on my magazine made it looks good. He also suggested many a materials for the magazine. Balabhai always looked youthful, was never depressed, did not bend before difficulties, lived solely for his literary career and lived as saraswat with the dignity and sanctity of the great talent he possessecd.

Balabhai has left many beautiful works of his writings. His books become market hits but he never sank low to please his readers. May his rich tradition be carried forward by his son and several of his friends.

Jashwant Thaker
' Western Times.'

☆

Jaibhikhkhu enjoyed a place of pride in the world of letters in Gujarat. He was one of the few Gujarti writers who had a magnetic hold over a wide range of readers for more than three decades.

He was a prolific man of letters. He has contributed nearly 80 novels, 25 collections of short stories and about 300 books of children's literature. He was awarded more than a dozen awards by the State and Union Governments for writing excellent books for children.

He was a seasoned journalist also. His column entitled " Int ane Imarat " in Gujarat Samachar was eagerly awaited on every Thursday by a vast community of in and outside Gujarat.

He was a chip of the old block in the art of writing stories and novels. He did not believe in art for arts sake. He stood for lofty ideals of life and preached them in his works without hesitation. He wielded powerful literary style which charmed the reader of his novels, " Kamavijeta Sthulibhadra" and ' Bhagyavidhata ' based on the plot from the jain mythology and ' Premabhakta Kavi Jayadev ' based on the life of the welknown vaishnav poet will be remembered long. His contribution of children's books such as ' Ek Kadam Age ' ' Jivan Mard ', ' Pali Parvalan ', ' Muthi Manek ' etc. is invaluable indeed.

Jaibhikhkhu was the life of an author solely devoted to literary persuit. He had a warm heart and keen sense of service and sacrifice. He was a man of sterling qualities and pleasing manners.

He wiped the tears of the distressed and helped the poor. Hospitality of Mr. and Mrs. Balabhai was proverbial. All those who came in

his contact enjoyed the fervour of his pen and personaltty.

In him, Gujarat has lost a brilliant writer and Ahmedabad a benevolent citizen.

He is survived by his wife Smt. Jayaben, an illustrious lady, and the only son, Prof. Kumarpal Desai who has stepped in the foot steps of his father, as a writer.

He has a large number of friends and admirers throughout Gujarat.

May his soul rest in eternal peace.

—'Topic'

All of us were shocked and considerably distressed to read local press reports about the very and sudden demise of your dear and revered father Shri Balabhai Desai alias Jaybhikhkhu. I don't know how to express our feelings.

In the passing away of Shri Jaybhikhkhu, Gujarat and Gujarati literature have lost one of our talented, versatile and able writers. Yous father wielded the pen skilfully and artistieally and he was able to bring the message of good and meaningfull life to each and every person, who read his writings. Very few have the capacity to be both scholars and intelligible. Your father presented ideas and anecdotes in a pithy, direct and exceedingly interesting style. All of us therefore mourn the sudden departure of such an accomplished writer.

It is natural that all of you would feel very sad at the loss of the affectionate shelter.

May God give you and other members of the bereaved family the strength to bear this loss.

Yours Sincerely,
P. J. Mavalankar.
Harold Laski Institute
of Political Science.

'Jaybhikhkhu' as we all know him was a great writer, thinker and almost a philosopher and many a young boys have started taking interest in religion by reading his works for children. By religion we do not mean only by going to temples and perform puja, but to practise it in the right sense of the term. It was this reason which had tempted us to participate actively in felicitations of that function

This great man is now no longer with us for a very long time to come to teaeh good moral and religion to generations to come.

Junior's Divine Knowledge
Soeiety.
Bombay.



# શોક–ઠરાવો

શ્રી જયભિખ્ખુએ પોતાના વિપુલ વાર્તાસાહિત્ય દ્વારા તેમજ વૃત્તપત્રોની કટારો દ્વારા માંગલ્ય અને ધર્મનીતિનાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરી હતી અને પોતાના બહોળા વાચકવર્ગને ઉદાર જીવનકલા પ્રબોધી હતી. પોતાના વાચકો સાથે સંવાદ સાધનારા લેખકને આ સભા શ્રદ્ધાંજલિ સમર્પે છે અને તેમનાં કુટુંબી-જનોના દુઃખમાં ભાગ પડાવે છે.

—ગુજરાતી સાહિત્ય પરિષદ.

**શ્રી. ઉમાશંકર જોશી**

(સભાના પ્રમુખ)

જૂનાગઢને આંગણે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૫મું અધિવેશન મળી રહ્યું હોઈને અમે બધા એની તડામાર તૈયારીમાં હતા. એ જ વખતે શ્રીયુત બાલાભાઈ ('જયભિખ્ખુ') ના શોકજનક અવસાનના સમાચાર સાંભળવા મળ્યા. શોકની છાયા સર્વત્ર ફરી વળી.

એમના અચાનક નીપજેલા શોકજનક અવસાનથી કેવળ સાહિત્યની દુનિયામાં જ નહીં, પણ એમની કલમમાંથી નીતરતા સાહિત્યનો જેમણે લહાવો માણ્યો છે એવા વિશાળ સમુદાયને આઘાત લાગ્યો છે. પરંતુ ઈશ્વરઇચ્છા બળવાન છે. સદ્‌ગતના આત્માને પ્રભુ શાન્તિ અર્પો અને એમનાં સૌ સ્નેહી-કુટુંબીજનોને આ આઘાત જીરવવાની શક્તિ અર્પો એ જ પ્રાર્થના.

એમની ખોટ કદી પુરાશે નહીં. એમણે એમનું જીવનકાર્ય છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખ્યું. એમને કદી ભૂલી શકાશે નહીં.

**—રતુભાઈ અદાણી**

ગુજરાતી સાહિત્ય પરિષદ: સ્વાગત સમિતિ.

સાહિત્યસ્વામી શ્રી જયભિખ્ખુના અવસાનથી આપણું સંસ્કારધન લૂંટાયું છે અને ગુજરાત એ દૃષ્ટિએ ગરીબ બન્યું છે. નેકદિલ, નિખાલસ, સદાય આનંદી, માનવતાવાદી સજ્જન આપણી વચ્ચેથી એકાએક ચાલી ગયા છે તે ખરેખર દુઃખદ છે. પરતું તેમના ખુશનસીબ અને આનંદસભર જીવન તરફ દૃષ્ટિ નાખતાં આપણને જરૂર લાગે કે એમની પાછળ ઢીલા થઈ આપણે શોક કરીએ તે તેમને બિલકુલ ન ગમે. તે ખરેખર અ–શોક હતા, તેમને શોક ન જ ગમે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિરઃ શાન્તિ બક્ષે.

**લા. દ. વિદ્યામંદિર**

શ્રી 'જયભિખ્ખુ' ના અણધાર્યા અને અકાળ અવસાનના દુઃખદ સમાચાર સાંભળીને અમારા મંડળના અનેક ભાઈઓએ ભારે આઘાત અનુભવ્યો છે. શારદા મુદ્રણાલય સાથેના તમારા પિતાશ્રીના ગાઢ નાતાને કારણે તેઓ અમારા વ્યવસાયની દરેક પ્રવૃત્તિ સાથે પરોક્ષ રીતે સંકળાઈ જ જતા અને અમારા મંડળના સભ્ય હોય તે રીતે અમારાં અનેક નાનાં–મોટાં કાર્યોમાં સાથ અને સલાહ આપતા. નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઇન્ડિયાએ દિલ્હી પછી પ્રથમ રાષ્ટ્રીય પુસ્તક પ્રદર્શન ભરવા માટે અમદાવાદને પસંદ કર્યું ત્યારે ટૂંકા સમયમાં અમે તે માટે તૈયારીઓ કરી. ત્યારે તે પ્રદર્શન અને સાથેનો પુસ્તક પરિસંવાદ યશસ્વી રીતે પાર પાડવામાં તેમનો હિસ્સો ઘણો મોટો હતો. આવા સર્જક અને હિતેશ્રી શ્રી. બાલાભાઈ જતાં અમને આંચકો લાગે તે સ્વાભાવિક છે.

શ્રી. બાલાભાઈએ તેમની કલમ અને સૌજન્યથી જ્યાં જ્યાં પગ મૂક્યો ત્યાં સુવાસ ફેલાવી છે.

ગુજરાતી સાહિત્યમાં નવસર્જનને નામે આપણી સંસ્કૃતિ અને સંસ્કારવિમુખ સર્જનનાં ઘોડાપૂર ઊલટવા લાગ્યાં છે ત્યારે શ્રી બાલાભાઈની કલમે એક પ્રજ્વલિત દીવાદાંડીરૂપ પ્રજાઘડતરનું સાહિત્ય સર્જ્યું છે. એમની કલમપ્રસાદીએ એમને અમર બનાવ્યા છે.

**અમદાવાદ પુસ્તક પ્રકાશક અને વિક્રેતા મંડળ**

ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને નવગુજરાત પરિવારના સભ્ય ભાઈશ્રી કુમારપાળના પિતાશ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ ' જયભિખ્ખુ 'ના દુઃખદ અવસાનથી નવગુજરાત પરિવારની આ સભા આઘાત અને શોકની ભીની લાગણી વ્યક્ત કરે છે.

તંદુરસ્ત, નીતિપ્રેરક અને રસપ્રચુર ત્રણસોથીયે વધુ સાહિત્યકૃતિઓનું સર્જન કરી ધર્મ, સમાજ અને રાષ્ટ્રની અનુપમ સેવા કરનાર સદ્દગતના અવસાનથી ગુજરાતી સાહિત્યક્ષેત્રે કયારે ય ન પુરાય એવી ખોટ પડી છે. જિંદાદિલીને જીવન માનનાર ને માનવતાના મધુર સંદેશ અર્પતું સાહિત્ય સર્જીને તેમણે કેવળ સાહિત્યને જ સમૃદ્ધ નથી કર્યું, બલકે સારાયે માનવસમાજમાં ઉચ્ચ સંસ્કારો સીંચી માનવજાતની સેવા બજાવી છે. ભડવીર નર્મદને પંથે ચાલી કલમને ખોળે માથું મૂકી તેઓ જિંદગી જાત્રા જેવી, રાજામહારાજા જેવી જીવ્યા છે. મૃત્યુ પછી યે હસતે મોંએ રહેવાની શીખ આપતા ગયા છે. ભારત સરકાર અને ગુજરાત સરકારે તેમની કૃતિઓને પારિતોષિકોથી નવાજી છે.

આવા માનવસભર, માનવતાભર્યા સાહિત્યના સર્જક, આબાલવૃદ્ધ સ્ત્રી–પુરુષોની ચાહના સંપાદિત કરનાર અને નવગુજરાત પરિવારના પરમ શુભેચ્છક એવા આ પરમ માનવીના અવસાનથી આપણે એક ઉમદા માનવી ગુમાવ્યો છે.

**—નવગુજરાત કૉલેજ પરિવાર**

શ્રી જયભિખ્ખુએ બાળસાહિત્યથી માંડીને ચારિત્ર્ય સાહિત્ય સુધી લગભગ એકસરખી સફળતાથી કલમ ચલાવી હતી. " ઈંટ ઇમારત "ના એમના દર અઠવાડિયે પ્રગટ થતા લેખો વિશાળ અને ભિન્નરુચિ વાચકવર્ગ રસપૂર્વક વાંચતો અને કંઈક પ્રેરણા પામતો. ' મુનીન્દ્ર 'ના ઉપનામથી તેમણે અગમ-નિગમની ઘટનાઓનું નિરૂપણ કરેલું. તેમનું મોટા ભાગનું સાહિત્ય " જીવન ખાતર કલા "ના સિદ્ધાંતને અનુસરતું છે. છતાં તેમાં સરસતા અને સચોટતાનો ભોગ અપાયો નથી.

પરમાત્મા સદ્દગતના આત્માને પરમ શાંતિ અર્પે અને એમનાં કુટુંબીજનોને આ આઘાત સહન કરવાનું બળ આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

**—ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અને એમ. પી. લૉ કૉલેજ રાજકોટ**

આપણા પ્રસિદ્ધ નવલકથાકાર અને નવલિકાકાર તેમજ " ઈંટ અને ઇમારત " ના લોકલાડીલા લેખક શ્રી " જયભિખ્ખુ " બાલાભાઈ દેસાઈના આકસ્મિક અવસાનના સમાચારથી સારાયે ગુજરાતને એક પ્રતિભાશાળી સર્જક ગુમાવ્યાનું દુઃખ થયું છે. આયુષ્યની અંતિમ પળો સુધી સાહિત્યને જ પોતાનું જીવન બનાવી લેનાર શ્રી જયભિખ્ખુ એક સંનિષ્ઠ સાહિત્યકાર હોવા ઉપરાંત નિર્મળ વ્યક્તિત્વની સુવાસ પ્રસરાવનાર સૌજન્યશીલ નાગરિક પણ હતા.

**—તલોદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ.**

શ્રી " જયભિખ્ખુ " (બાલાભાઈ દેસાઈ) ના અવસાનના સમાચાર જાણી ખૂબ દુઃખ થયું. જેની સતત પ્રેરણાદાયી વાણી આજ પણ યાદ આવતાં ગમગીની પથરાઈ જાય છે.

શોકસંદેશ પણ શું પાઠવું ? કોણે શું ગુમાવ્યું ? એક ગુજરાતી સપૂત જેણે સારાયે હિંદમાં ગુજરાતી અસ્મિતા પ્રગટાવી, જેની સતત પ્રેરણાએ સારાએ

સૌરાષ્ટ્ર માટે ઉન્નત મસ્તક રખાવ્યું, જેની કલમના જાદુએ નવચેતન રેડયાં–કંઈકના રાહબર બન્યા. આવા કલમશિલ્પી, ખ્યાતનામ, લબ્ધપ્રતિષ્ઠિત મહામાનવ ગુમાવી અમે પણ ઘણું ગુમાવ્યું છે.

**શ્રી ધોલેરા કેળવણી મંડળ,** ધોલેરા.

બુદ્ધિપ્રતિભાનાં તેજ પાથરનારા સ્વ. શ્રી. બાલાભાઈ " જયભિખ્ખુ " ના મૃત્યુથી ગુજરાતી સાહિત્યની આલમે એક મહાન આંચકો અનુભવ્યો. અને તેઓશ્રીએ લીધેલ અચાનક વિદાયથી ગુજરાતી સાહિત્યમાં કદીયે ન પુરાય તેવી ખોટ પડી છે.

ચાલીસ વર્ષ સુધી સાહિત્યજગતની જેઓએ સેવા કરી, તેઓને કુદરતે આપણી વચ્ચેથી ઝૂંટવી લઈને ખરે જ આપણી ક્રૂર મશ્કરી જ કરી છે તેવું લાગ્યા વિના રહેતું નથી.

હૈયું હલાવતી કથાઓના લેખનકાર સ્વ શ્રી. જયભિખ્ખુના અવસાનના સમાચાર સાંભળી અમારા મંડળના દરેકે દરેક સભ્ય ભારે ગ્લાનિની લાગણી અનુભવે છે.

ખરે જ ગુજરાતી સાહિત્યની આલમનો આવો તેજસ્વી સિતારો આવી રીતે કલમને ખોળે પોઢી જશે તે તો કોઈને કલ્પના પણ નહીં હોય.

**પંચશીલ મંડળ,** મુંબઈ.

સ્વ. જયભિખ્ખુએ ગુજરાતી સાહિત્યની ઉપાસના કરી સાહિત્યસર્જન દ્વારા ગુજરાતની ન ભુલાય તેવી સંસ્કારસેવા કરી છે. સ્વર્ગસ્થના હજારો વાચકો અને સ્નેહી–મિત્રો માટે જે વિષમ ક્ષણ આવી પડી છે અને આઘાત અનુભવે છે તેવી જ લાગણી આજની આ સભા પણ અનુભવે છે.

પ્રમુખ : **ધ્રાંગધ્રા સાંસ્કૃતિક સમાજ**

સ્વ. શ્રી જયભિખ્ખુના અવસાનથી ગુજરાતના સાહિત્યક્ષેત્રને, ગુજરાતની પત્રકારઆલમને મોટી ખોટ પડી છે. પોતાની વિશિષ્ટ શૈલીથી, જીવન પ્રત્યેના એક વિશિષ્ટ અભિગમથી ગુજરાતનાં સાહિત્ય–સંસ્કારનાં ને ધર્મનાં ક્ષેત્ર સમૃદ્ધ થવામાં એમણે અર્પેલું પ્રદાન ગુજરાતને જેટલું યાદ રહેશે તેટલો બલકે તેથી વધુ સ્મરણીય બની રહેશે તેમનો મીઠો, મમતાળુ અને આતિથ્યપ્રેમી સ્વભાવ.

**—કડી વાર્તાવર્તુળ.**

ગુજરાતી સાહિત્યમાં સર્વભોગ્ય શૈલીના સર્જક શ્રી જયભિખ્ખુના તખલ્લુસથી પ્રકાશી રહેલા એક તેજસ્વી અને પ્રતિભાશાળી લેખક ૨૪–૧૨–૬૯ ના રોજ ગુજરાતની સાહિત્યરસિક જનતાએ ગુમાવ્યા છે. તેમની માર્મિક અને સચોટ શૈલી દરેકને ગમતી એટલું જ નહિ પરંતુ તે ખરેખર અસર પણ કરતી.

તેમના જવાથી આપ સર્વને જે ખોટ પડી છે તે કરતાં વધારે તો ગુજરાતની સાહિત્યરસિક જનતાને તેમજ વાંચતા શીખેલાં બાળકોથી લઈ ને જીવન–સંધ્યાના વિરામ–ઘાટે પહોંચેલા વૃદ્ધો સુધી સર્વને પડી છે.

તેમની નોંધપોથીમાંથી ટાંકેલ વિચારો તેમના ઉન્નત જીવનના ઉદાહરણ રૂપ છે. અને આ જગતમાં જીવન જીવ્યાનો તેમનો સંતોષ વ્યક્ત કરે છે.

તેમની ઇચ્છા અને આદેશો પ્રમાણે જીવન જીવવાનું આપ સર્વને બળ મળો અને સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ] મળો તે અર્થે શ્રી હિતેચ્છુ મંડળ સાર્વજનિક પુસ્તકાલય બાલસિનોરની આજની આ સભા અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરે છે.

મંત્રી, **હિતેચ્છુ મંડળ સાર્વજનિક પુસ્તકાલય.**

ગુજરાતના પ્રથમ પંક્તિના અગ્રણી સાહિત્યકાર અને મહિલામંડળના હિતચિંતક શ્રી. બાલાભાઈ દેસાઈ ' જયભિખ્ખુ'ના અકાળ દુઃખદ અવસાનથી

મહિલા મંડળની બહેનો ઊંડા આઘાત અને શોકની લાગણી અનુભવે છે.

શ્રી. જયભિખ્ખુએ સાહિત્ય જગતમાં માતા ગુર્જરીની જે અપૂર્વ સેવા કરી છે તે અમર રહેશે.

તેઓશ્રી સાહિત્યકાર હોવાની સાથે જીવનના ઉપાસક હતા અને સંસ્કૃત, હિન્દી અને અર્ધમાગધીના વિદ્વાન હતા. તેમની માનવતાવાદી સાહિત્યિક પ્રતિભા ગુજરાતનું ગૌરવ સદાય વધારતી રહેશે.

**જાસુદબેન મહેતા**
પ્રમુખ
મહિલા મંડળ પાલનપુર.

શ્રી જયભિખ્ખુ જૈન સંસ્કૃતિનાં વિવિધ અંગોના જાણકાર કથા સર્જક હોવા ઉપરાંત ભારતીય સંસ્કૃતિની પ્રાચીન કથાઓને આધારે તેઓએ સંખ્યાબંધ નવલકથાઓ, વાર્તાઓ અને નાટિકાઓ મધુર અને સંસ્કારવર્ધક શૈલીમાં ગુજરાતને ભેટ આપી હતી, જે તેઓના ગુજરાતી સાહિત્યના ચિરંજીવી અર્પણ રૂપે યાદગાર બની રહેશે. નાનાંમોટાં સેંકડો પુસ્તકો લખવા ઉપરાંત તેઓએ ગુજરાતનાં અનેક પત્રોના એક કુશળ અને અંતરસ્પર્શી કટારલેખક તરીકે પણ ખૂબ સફળતા મેળવી હતી. અને તેથી તેઓ ગુજરાતી ભાષાના વિશાળ વાચકવર્ગમાં ઘણા લોકપ્રિય બન્યા હતા. વાચકના જીવનમાં તેજ, સાહસ અને પરાક્રમને જાગૃત કરે એવી સમર્થ અને બળપ્રેરક એમની કળા હતી અને એવું જ મસ્તીભર્યું અને પ્રભાવશાળી એમનું વ્યક્તિત્વ હતું. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ, ઓછું ભણેલાઓ અને સુશિક્ષિતો —એમ પ્રજાના દરેક વર્ગમાં એમની કૃતિઓએ એકસરખો લોકચાહના મેળવી હતી. તેઓ આ સંસ્થા પ્રત્યે ખૂબ મમતા ધરાવતા હતા, અને સંસ્થાની સાહિત્ય—પ્રવૃત્તિને વિકસાવવામાં સદા જોઈતો સહકાર આપતા હતા તેથી તેઓના અવસાનથી સંસ્થાને પણ એક હિતચિંતક મહાનુભાવની ખોટ પડી છે.

**મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ.**

સદ્‌ગતે માનવજીવનને ઉન્નત બનાવે તેવા સાહિત્યનું લાંબા સમય સુધી સતત અને એકધારું સર્જન કરીને જૈનસાહિત્યને જ નહીં, પરંતુ સમસ્ત ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. તેમણે આશરે ત્રણસો જેટલાં પુસ્તકો લખ્યાં હોવાનો અંદાજ છે. આટલી મોટી સંખ્યામાં સાહિત્યનાં વિવિધ ક્ષેત્રે કરેલા સર્જનમાં એક પણ કૃતિ એવી નથી જે માનવહૃદયના ઉચ્ચભાવોને જાગૃત કર્યા વિના રહી શકે. જૈન કથાસાહિત્યને તેમણે જે આધુનિકતાનો ઓપ આપીને રજૂ કર્યું છે તેથી બૃહદ સમાજને જૈન શ્રમણ સંસ્કૃતિનો સહજમાં આછો ખ્યાલ આપવામાં સહાય થઈ છે. હજુ બે-વર્ષ પહેલાં જ કલકત્તા, મુંબઈ અને અમદાવાદમાં તેમની ષષ્ટિપૂર્તિના સમારંભો થયા હતા, અને તેવો સમારંભ આપણે ત્યાં કરવાનો આપણે વિચાર કરતાં હતાં, ત્યાં આવા દુઃખદ સમાચાર આવ્યા તેથી આપણો શોક વિશેષ ઘેરો બન્યો છે.

તેમના અવસાનથી આપણી સંસ્થાઓને, જૈન સમાજને અને ગુજરાતી સાહિત્ય સૃષ્ટિને ન પુરાય તેવી ખોટ પડી છે. જૈન સમાજની તેમણે કરેલી સેવાની આ સભા સાભાર નોંધ લે છે.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
શ્રી જૈન આત્માનંદ સભા
શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

**ભાવનગર.**

સદ્‌ગત શ્રી જૈન—સાહિત્યના પ્રખર અભ્યાસી અને વિદ્વાન હતા. જૈન—દર્શનના ઉમદા સિદ્ધાંતોને તેઓશ્રીએ સાહિત્યકૃતિઓ દ્વારા પ્રસારિત કરી નવી પેઢીના ચારિત્ર—ઘડતર માટે સુંદર પ્રયાસો કર્યા હતા. તેઓશ્રીએ સાહિત્યના બધા જ પ્રકારોને સફળતાપૂર્વક ખેડીને ગુજરાતી ભાષાની તથા જૈન શાસનની મોટી સેવા બજાવેલી છે.

**ડૉ. ભાઇલાલભાઈ એમ બાવીસી**
પ્રમુખ
પાલીતાણાની દશ સંસ્થાઓ વતી.



# પત્રો

**ભાઈશ્રી** બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ) આ લોકને છોડી ગયા તે જાણી દુઃખ થયું. એમની વય ખાસ મોટી નહોતી તેથી, તથા તેમની કુટુંબવત્સલતાની હવે ખોટ પડવાથી તમને સર્વેને આઘાત અને દુઃખ થાય જ. તમે આ આપત્તિમાં ધૃતિ રાખી શકો એવી અમારી આશા અને પ્રાર્થના છે.

સાહિત્યકાર તરીકે લોકોના આદર–શિષ્ટોનો આદર અને બાળકોનો આદર પણ–શ્રી. જયભિખ્ખુ પામ્યા હતા. એ એક ધીરજ આપનારું તત્ત્વ છે. સ્વર્ગસ્થે પોતાના આ જીવનનો ઉપયોગ લોકહિત-વર્ધક કાર્યમાં ઉદાર સંસ્કાર શોધન-વર્ધનના કાર્યમાં કર્યો, એ હકીકત સૌને પ્રેરણાદાયી બનો.

**વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**
**સૂરત**

મારી નજર આગળ તેમની પ્રગતિ અને ઉત્કર્ષ થયાં જોયાં છે અને તેમની લોકપ્રિય લેખનશૈલી અને ભાવનાનો હું પ્રશંસક રહ્યો હતો. જ્યારે મળતા ત્યારે મારા તરફ બહુ સ્નેહ અને મમતાથી વાત કરતા એ હું ભૂલ્યો નથી.

મર્હુમના અકાળ અવસાનથી દેશની ઊગતી પ્રજાને પણ મોટી ખોટ પડી છે.

**રવિશંકર રાવળ**
**અમદાવાદ**

આપ તો જાણો છો કે મારે અને તેમને કેટલો સ્નેહ હતો. આજે સ્નેહનું દોરડું તૂટી ગયું છે તેથી મારા આઘાતનો કોઈ પાર નથી. અમારી નાવના રાજા ગયા છે.

**—કવિ કાગ, અમરગઢ**

ખરી રીતે આ સમાચારથી આખા ગુજરાતની પ્રજાને દુઃખ થાય તેવી બાબત છે ગુજરાતમાં એક પ્રખર સાહિત્યકારની ખોટ પડી છે, જે આખા સાહિત્ય જગતને ખટકે તેવી બીના છે.

**—મુનિ પુણ્યવિજયજી, મુંબઈ**

સાહિત્યિક ગુજરાતને મોટી ખોટ પડી. મારું આખું કુટુંબ જયભિખ્ખુનું ઉત્સુક વાચક-વૃન્દ છે.

**—ભોગીલાલ સાંડેસરા, વડોદરા**

જીવનના અંત સુધી એમણે સતત સાહિત્ય-સાધના ચાલુ રાખી પોતાના જીવનને ઉજ્જવળ તેમજ આપણા સાહિત્યને ઉજ્જવલ બનાવ્યું. એમની ખોટ તમને તો સાલશે જ, પણ બીજા અનેકને સાલશે.

**—જ્યોતીન્દ્ર હ. દવે, મુંબઈ**

ગુજરાતને એમણે ખૂબ મહત્ત્વનું પ્રદાન કર્યું છે અને વધુ પરિપક્વ પ્રદાન આપે જાય છે તેવું અનુભવતા હતા, ત્યાં આ ઘા આવ્યો છે. ભારે ખોટ પડી છે.

**—કેશવરામ કા. શાસ્ત્રી, અમદાવાદ**

જૈન સમાજને તેમ જ ગુજરાતી ભાષાભાષી વિશાળ સમાજને આથી ઘણી ખોટ પડી છે.

**—પરમાનંદ કાપડિયા, મુંબઈ**

એમનું સૌજન્ય દાયકાઓ સુધી મેં અનુભવ્યું છે. થોડો સમય તો હું પાડોશમાં રહ્યો છું અને એમનો પ્રેમાળ સ્વભાવ હું ક્યારેય ભૂલી શકું નહિ.

લેખક તરીકે એમને હું જનતાના સાચા લેખક કહું. કેટલા બધા લોકો એમના 'ગુજરાત સમાચાર'-માંના વિભાગની રાહ જોતા

ગુજરાત સદાયે એમને ઉષ્માપૂર્ણ હૃદયે યાદ કરશે.

**—ધનવન્ત ઓઝા, અમદાવાદ**

અમારી મહેફિલમાંથી ઊઠીને બાલાભાઈ આમ ચાલ્યા જશે એવી કલ્પના સરખી ક્યાંથી હોય! હજી તો કાનમાં તેમનો મીઠો, તીણો પ્રેમાળ અવાજ ગુંજ્યા કરે છે. હું હમણાં અમદાવાદ નથી આવી શકતો, તેથી મને સૌથી વધારે દુઃખ થયું હોય તો તે વાતનું હતું કે બાલાભાઈને મળાતું નહોતું. હજી હમણાં તો હું તેમના ષષ્ટિપૂર્તિના અંકની રસિકભાઈ પાસે ઉઘરાણી કરતો હતો...પણ ઈશ્વર જેમને આવો ગુલાબી સ્વભાવ આપે છે તેમને આવરદા ઓછી દે છે એ મોટી કરુણતા છે. બાલાભાઈ સાહિત્યસર્જક તો હતા જ. પણ તેથી વિશેષ પણ એ ઘણું હતા. માણસ જોઈને તેમને આફરડું હેત ઊભરાતું, પોતાની મરતીમાં જીવતા, છતાં બધા જ મિત્રોની ખૂબ સંભાળ રાખતા.

બાલાભાઈ જે અનેરી સુવાસ મૂકતા ગયા છે અને મા ગુર્જરીના ચરણે તેમણે મઘમઘતાં સાહિત્ય-પુષ્પોની જે છાબ ધરી છે તેથી તેઓ તો જીવતા જ છે.

શ્રી બાલાભાઈએ ગુર્જરગિરાની સેવા કરતાં પોતાની જાત નિચોવી નાખી, પણ ગુજરાતે તેમને પ્રેમ પણ એટલો જ આપ્યો છે.

શ્રી બાલાભાઈ ગયા, જયભિખ્ખુ તેમના શબ્દ-દેહ દ્વારા જીવે છે.

**—બાબુભાઇ વૈદ્ય, રાજકોટ**

તેઓશ્રીનું જીવન ભાગ્યવંત હતું.

**—મોહનલાલ ચુનીલાલ ધામી, રાજકોટ**

'મમ લેખચિત્રથી જીવતો છઉં હું દમથી,' એવા ઉદ્‌ગારો જયભિખ્ખુ આધુનિકોમાં કાઢી શકે.

**—તખ્તસિંહ પરમાર, ભાવનગર**

બાપુ તો એક સ્વાભિમાની કલાકાર હતા. કલાને તેમણે અંતરના તાર સાથે મેળવીને આતમનૂરથી ઝંકૃત કરી હતી. એ કળા શાશ્વત છે. કાળ તેને મટાડી શકતો નથી. બાપુએ તો અમર પ્રીતનાં ઓઢણાં ઓઢ્યાં છે, એમને મોત ક્યાં? મોત તો આભડીને ચાલ્યું જાય પણ પેલું દિવ્ય જીવન! એ જીવનનો ઉપાસક સદા અમર છે. વીર નર્મદ પછી ગુજરાતના સાહિત્યકારોમાં કલમના ખોળે માથું મૂકનાર બાપુ એક હતા, છે અને રહેશે.

માનવી માનવી વચ્ચે તે લક્ષ્મણરેખા ઓળંગીને બાપુએ સાહિત્યનું સર્જન કર્યું... અને સનાતન ઓઢણાં ઓઢાડ્યાં ને તેમાંથી નિર્ઝર્યાં કંકુવરણુ પુષ્પો —બાપુના કંકુવરણા જીવન જેવાં.

**—કાનજી માલધારી, રાયપુર**

એમની ચોટદાર પ્રાસાદિક અને બોધક લેખિનીનો હું પણ એક ચાહક હતો ને છું. આજના જમાનામાં જ્યારે શૈલી ને પ્રસંગનિરૂપણમાંથી સંસ્કારિતા ઓસરતી જાય છે ત્યારે એમની શિષ્ટ કલમની ખોટ વધારે લાગતી જાય છે. નાના પણ લોકદૃષ્ટિથી વીસરાયેલા પ્રસંગને યુગાનુસાર નવો ઓપ આપવાની એમની શક્તિ અજોડ હતી.

એમનો મેળાપ મિષ્ટ હતો. એમની સજ્જનતા પણ તેવી જ. બહોળા મિત્રમંડળને, અનેકગણા મોટા વાચકવૃન્દને તેમજ તમારા પરિવારાદિને આ ખોટ સાલ્યા કરશે.

એ આસ્થાવાદી કલમબાજને વંદના.

**—વલ્લભદાસ અક્કડ, સૂરત**

તેમનો સાહિત્યક્ષેત્રે ચિરંજીવી ફાળો છે. તેમના લોકપ્રિય સાહિત્યને કારણે અને સુવાસમય પ્રફુલ્લ વ્યક્તિત્વને કારણે ગુજરાતના અસંખ્ય હૃદયમાં તેમનું નામ સદાય ગુંજતું રહેશે.

**—જતીન્દ્ર આચાર્ય, વિસનગર**

સાહિત્ય-ક્ષેત્રનો તેજસ્વી સિતારો જાણે સ્થાન બદલી વધુ પ્રકાશિત બનવા વસમી વિદાય લઈ ગયો, એ તપસ્વી તારક સદા માટે ધ્રુવની માફક અમર જ રહ્યો.

**—નરભેરામ ઠક્કર, જામનગર**

અમે થોડી વાર માટે પણ મળ્યા છીએ ત્યારે મને તેમની સર્વાંગસુંદર જીવનદષ્ટિનાં દર્શન થયાં છે તેમની લેખિનીએ સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે અને વાચકોને પ્રેરણા ને પ્રોત્સાહન મળ્યાં છે.

**—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, ઉમરેઠ**

એમને ખૂબ મળવાનું નથી થયું, પણ જે એ ત્રણ મુલાકાત થઈ તેમાં તેમના વ્હાલસોયા વ્યક્તિત્વનો નિકટ સ્પર્શ અનુભવ્યો હતો. 'જયભિખ્ખુ' તો ગુજરાતે એ એક જ હતા !

**—ભાઇલાલ કોઠારી, ધોળકા**

ગુજરાતી સાહિત્યના નભમંડળનો એક તેજસ્વી સિતારો ખરી પડયો ખેર, ઈશ્વરેચ્છા ! સદ્દગતની સત્યનિષ્ઠા, કર્તવ્યપરાણુતા, બીજાના દુઃખે દુઃખી થવાની ભાવના, પ્રસન્નતા વગેરે ગુણો આપણા સૌને માટે ધ્રુવતારક સમા બની રહે છે.

**—ચંદનભાઇ ધોળકિયા, રાજકોટ.**

બાલાભાઈ અનેક માટે વહાલા ભાઈ જેવા માર્ગદર્શક, પ્રોત્સાહક અને આશ્વાસક હતા.

એમના હૃદયમાં સંસ્કાર, સદ્દવિચાર, અને સદાચારની તેમજ દીનદુઃખીની આંખનાં આંસુ લૂછવાની પ્રવૃત્તિઓ જાણી ઊંડી સદ્દભાવનાની સરવાણી વહેતી હતી.

એ જે કંઈ લખતા તે હૃદયની શાહીમાં ઝબોળીને લખતા, તેથી જ તેમનું હરકોઈ લખાણ હૃદયને સ્પર્શી જતું. વાંચનારને ભીતરમાં નજર કરવા પ્રેરતું અને અનેકનાં જીવનને જીવન–પરિવર્તનની નવી દિશા ભણી દોરી રહેતું.

એમની કલમપ્રસાદીએ અનેકને જીવન–શુદ્ધિના રાહે ચઢાવ્યાં હશે, અનેક સત્યપ્રવૃત્તિઓને વેગવાન બનાવી હશે.

એમની વિદાય કેવળ આપના કુટુંબને માટે જ નહિ, સમસ્ત ગુજરાતના સાહિત્યને માટે વસમી થઈ પડી છે.

**શ્રી. હરિભાઇ પંચાલ, સદ્દવિચાર પરિવાર**
**અમદાવાદ**

જયભિખ્ખુના અવસાનથી ગુજરાતે પોતાના વહાલસોયા માનવપ્રેમી અને શીલ અને સૌંદર્યના ઉપાસક એક પ્રથમ પંક્તિના ઝિંદાદિલ સાહિત્યકાર ગુમાવ્યા છે, તેમ મારા જેવા અનેકો માટે આ એક સ્વજનની વિદાય જેવી વેદનાનો પ્રસંગ છે. જયભિખ્ખુ તેમના જીવન અને કવનથી ગુર્જર સાહિત્યમાં અમર થઈ ગયા છે.

**—દુલભજી શામજી વીરાણી, રાજકોટ**

પોતાની સર્વ શક્તિ નિચોવીને તેમણે સાહિત્યનો સ્રોત પ્રજા સમક્ષ ધરાય તેટલો ધરી દીધો. સાહિત્યના ક્ષેત્રે તેમણે જાત હોમી દીધી. આખરે સૌને તે માર્ગે જવાનું છે. પણ તેમની સુવાસ સદા અમર રહેશે. પરગજુ અને મીઠા સ્વભાવથી તેમણે અનેકને મિત્રો બનાવ્યા છે. એક પરિવારની જેમ સૌને તમારા જેટલું જ દુઃખ થયું છે, તેજ તમારું મોટામાં મોટું આશ્વાસન છે.

**—બાપાલાલ દોશી. મુંબઇ**
**તંત્રીઃ 'જન્મભૂમિ'**

સમાજને એક મહાન શાસનસેવક આત્માની ખોટ પડી છે.

તેઓશ્રી સાહિત્યઉપાસના દ્વારા શાસનની સેવામાં રત હતા. વિવિધક્ષેત્રે રચનાઓ અને લેખો દ્વારા જનતામાં પ્રશંસનીય અને આદરણીય બન્યા હતા.

પાર્થિવદેહે આજ તેઓ આપણી વચ્ચે નથી છતાં પણ સાહિત્યરૂપ સૂક્ષ્મદેહ દ્વારા, તેઓ આપણી વચ્ચે છે અને અમર છે.

**—સા. નિર્મળાશ્રી આદિ. અમદાવાદ**

મારા માટે તો સ્નેહની એક દિશા જ બંધ થઈ ગઈ. ગુજરાતના મારા લાંબા પ્રવાસી જીવનમાં આવો નિષ્કપટ સ્નેહ અને આડંબરરહિત સૌજન્ય બીજે કયાંય મેળવી શકયો નથી. પૂર્ણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હોવા છતાં તેમનામાં બાળસુલભ સરળતા હતી. એમના પ્રત્યેક શ્વાસમાં કરુણા વરસતી હતી. હવે એવો સ્નેહ કયાં મળશે ?

**શ્રી મુગુટલાલજી મહારાજ**

તેઓશ્રી શ્રેષ્ઠ નવલકથાકાર અને વાર્તાલેખક હતા અને ઉચ્ચ પંક્તિના લેખકો પૈકીના એક શ્રેષ્ઠ લેખક હતા.

તેઓશ્રીએ જૈન ધર્મની પુરાણી કથાઓને નવી શૈલીનો ઓપ આપી તેને સૌમ્ય–સુરમ્ય–સુવાચ્ય અને પ્રેરકપણે મઢી હતી.

તેઓશ્રીની શૈલી એ તેમની પોતાની જ આગવી વિશિષ્ટ શૈલી હતી.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી જૈન સંઘ–સમાજને, મા ગુર્જરીને અને રાષ્ટ્રને એક ઉત્તમ પંક્તિના શ્રેષ્ઠ લેખકની ખોટ પડી છે.

**—હીરાલાલ સંઘવી**

**શ્રી યશોવિજય જૈન ગુરુકુલ, પાલીતાણા**

સરસ્વતીજીના જેના ઉપર ચાર હાથ હતા અને લક્ષ્મીજીની જેના ઉપર મહેર હતી અને બાળકોના, સાહિત્યના જેઓ બેતાજ બાદશાહ હતા, એવા શ્રી 'જયભિખ્ખુ' નો જીવનપંથ આપણને છેતરીને આટલી ટૂંકી અને ઝડપથી કપાઈ જશે, તે કલ્પનાથી પણ વિચારવું અસહ્ય થઈ પડે છે. તેઓ પોતાની જિન્દગી ધન્ય કરી ગયા. નિઃસ્વાર્થમય અને સાદાઈ ભર્યું જીવન જીવીને તેઓ સૌનાં મન જીતી ગયા અને સૌને એકલા અટૂલા મૂકીને પોતાનું કામ અને ધ્યેય સંપૂર્ણ કરીને જીવન–બાજી એકાએક સંકેલી લીધી. તેમની સેવા કરવાની ભાવના ઉંમર વધતાં વૃદ્ધિ પામતી હતી અને તે જ કારણે પોતે કષ્ટ ઉઠાવીને પોતાની આંખનો મોતિયો ઉતરાવીને હજુ પણ જનસેવા અને બાળ–સાહિત્ય આપી શકાય તેટલું આપવું તેવી એમની તીવ્ર અને દઢ ભાવના હતી.

તેમના સ્વભાવની સુંવાળપ, મોઢા ઉપરનું હસતું સ્મિત અને સૌને પોતાના કરી લેવાની મીઠાશ ભૂલી ભૂલી શકાય તેમ નથી. તેમના પરિચયમાં જેઓ આવતા, તે બધા તેમના, સ્વજન અને કુટુંબી થઈ જતા. શ્રી કે. લાલ, સીતાપુરના આંખના ડૉક્ટર તથા જામનગરના મહારાજ વગેરે પણ તેઓશ્રીના પરિચયમાં આવતાં જ જીતાઈ ગયા હતા. અને એક બીજા એકબીજાને અનહદ સ્નેહ અને વડીલ માટેની ઉચ્ચ ભાવનાથી માન આપતા. આજ તમોએ જ ફક્ત તમારા પૂ. પિતાશ્રી ગુમાવ્યા છે એવું નથી. બાળકોએ પોતાના પિતા તુલ્ય સરસ અને બોધદાયક વાર્તાઓ આપનાર વડીલ તથા અમે સર્વએ આદર્શમય વડીલ ગુમાવ્યા છે.

**—શાંતિલાલ એમ. શાહ, મુંબઈ**

તેઓ ચાલ્યા ગયા, પ્રેમભરી યાદી, સંભારણાં' આનંદની ઘડીઓની યાદદાસ્તો–બધું આપણી પાસે મૂકી ગયા. સાહિત્યનો વિપુલ ખજાનો આપણી પાસે મૂકી ગયા. પોતાના સંસર્ગમાં આવનાર દરેક માટે કાંઈ તેઓ મૂકી ગયા છે. આ બધું તેમની ગેરહાજરીમાં યાદ આવશે અને આપણને ખૂબ જ દુઃખ તથા રંજ થશે. પણ તેમની પ્રેરણા તથા જીવનની સાથે ઝઝૂમવાનો સંદેશો સદાય આપણી પાસે રહેશે. અને તેનાથી આપણને જીવન જીવવાનું બળ, શક્તિ તથા તાકાત મળશે. જયભિખ્ખુભાઈ સદાય આપણી વચ્ચે જ હૃદયમાં પ્રેરણારૂપ રહેવાના છે.

**—નરેન્દ્રભાઇ શેઠ, કલકત્તા**

મુ. બાલાભાઈ એ અમારા જીવનમાં શું શું હતા તે કેમ કરી વર્ણવું?

યહ જિંદગીમેં ફીર ન મુલાકાત હોગી આપકી.
ન શામ કી મહેફિલ–નહિ વો બાત રંગદારકી
અભી જીવનમેં વો બહાર ફીર કભી ન આયગી
(ફીરભી)ન ખુશ્બુ મુસ્કે હિનાકી, હમારે દિલસે જાયગી.
ઈશ્વિર કૃપાળુ છે. તેમની સુગંધ શાશ્વત છે.

**—ચિનુભાઇ ભટ્ટ, અમદાવાદ**

પ્રેરણા અને બળ આપનાર એક મહાન વ્યક્તિ આજે ચાલી ગઈ છે. એમના માટે આજે શું લખું અને શું ન લખું તે સૂઝતું નથી. આપણે એમના વિયોગથી દુઃખી થઈ ગયા છીએ. એમનો સદા પ્રસન્ન ચહેરો નજર સામે તરે છે. તેઓ તો સિંહની જેમ જીવન જીવ્યા અને સિંહની જેમ મૃત્યુને વર્યા છે. આદર્શ ગૃહસ્થ જીવન જીવીને આપણી વચ્ચેથી ચાલી ગયા છે. આપણને અત્યંત દુઃખ થાય તે સ્વાભાવિક

છે. બાકી તેઓ તો ખુમારી સાથે ગયા છે.

**—બેચરદાસ શાહ, ભાવનગર**

શ્રી બાલાભાઈ દેસાઈ ( જયભિખ્ખુ ) ના અવસાનના સમાચાર જાણી અકળામણ અનુભવી. આમ સૌને હાથતાળી દઈ એકલપંથના માર્ગી બનશે તેવું કલ્પી ના શકાય. હજી ત્રણ દિવસ પહેલાં જ તેમના સર્જનની અનેક કૃતિઓ વિશે વિચાર–વિનિમય થયેલો. હજી તો કેટલાંય નવાં સર્જનો કરવાની તેમને આશા હતી તે અધૂરી રહી ગઈ. આજે ચિ. કુમારપાળભાઈએ તેમના કુટુંબને ઉદ્દેશીને લખેલ પત્ર વંચાવ્યો ત્યારે લાગ્યું કે, શ્રી બાલાભાઈનું જીવન કર્મયોગી જીવન હતું. ચાર દાયકા સુધી ગુજરાતને સંસ્કારનું સાહિત્ય પીરસી, ધર્મ, નીતિ, અને ન્યાયનો અહાલેક જગાવનાર બાલાભાઈ સામાન્ય માણસમાંથી ઉત્તમ ગુણ મેળવી પોતાના જીવનમાં ઉતારનાર તપસ્વી હતા. જૈન સાહિત્યનાં અનેક નવાં પાસાં એમણે આલેખ્યાં. જ્યારે બીજી બાજુ "ઈંટ અને ઇમારત" ના સંસ્કાર સીંચનનું ભાથું વર્ષો સુધી પીરસી ગયા. એમની "પ્રસંગ કથા" સદાયની સત્યની વાતો બની રહેતી. અણઉકલ્યા પાસામાં ખોવાયેલી બાજુ ઉપર પ્રકાશ પાડી જગાડનાર દીવાદાંડી જેવું જીવન જીવી ગયા.

મોટા સાથે મોટા અને બાળકો સાથે સહજ નિખાલસ ભાવે વાતો કરતા જોઈએ ત્યારે શ્રી બાલાભાઈમાં મહાન સાહિત્યકારની પ્રતિભાનો આડંબર કે ડોળ ક્યાંય ન દેખાય. બાળકસહજ નિખાલસપણું અને પારકાને પોતીકા કરવાની હથોટી એમણે કેળવી લીધી હતી અને જીવનમાં ઉતારી હતી.

શ્રી જયભિખ્ખુએ ખુમારીથી જીવી, કોઈના ઓશિયાળા ન બનતાં કલમને ખોળે માથું મૂકી દુઃખને સુખ માનીને પ્રમાણિક જીવન જીવી, સ્વાભિમાની લેખકોને દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

શ્રી જયભિખ્ખુની વિદાયથી સાહિત્યક્ષેત્રે ના પુરાય તેવી ખોટ પડી છે, પણ ધાર્મિક વૃત્તિવાળા માણસોને શ્રી જયભિખ્ખુ જેવા સંતની ખોટ પડી છે,



બાળકોનાં દિલ જીતનાર એન્ડરસન જતાં બાળકોએ ઘણું ગુમાવ્યું છે. મિત્રોએ તેમના આશ્રયનું સ્થાન ગુમાવ્યું છે અને કે. લાલ. જેવા અનેક મહાન પ્રતિભાશાળી કલાકારોએ પ્રણેતા ગુમાવ્યા છે.

ખરેખર જયભિખ્ખુ જવાથી ન પુરાય તેવી ખોટ સૌ મિત્રોને પડી છે.

**—ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા**
ભૂતપૂર્વ નાયબ શિક્ષણ પ્રધાન

તમે જાણો છો તેમ છેલ્લાં દસેક વર્ષથી હું તેમના સારા સંપર્કમાં આવ્યો હતો. એ એક સિદ્ધ–હસ્ત લેખક હતા અને મારા ઉપર ઘણો પ્રેમ રાખતા હતા.

**—કસ્તુરભાઈના પ્રણામ.**

અમને સૌને ખરેખર ઊંડો આઘાત થયો છે. એમની ખોટ ઘણી મોટી છે. માત્ર ગુજરાતને જ નહીં, પણ આખા ભારતને એમની ખોટ સાલશે.

**—ડૉ. જે. એમ. પાહવા, સીતાપુર**

તે દિવસે. શ્રી પંડિતજીની જન્મતિથિ નિમિત્તે કેટલા ઉલ્લાસ અને આનંદથી એ આવેલા અને મળેલા. ઘણા દિવસે મળવાનું થયું હતું તેથી મને ખૂબ જ આહ્લાદ થઈ રહ્યો હતો. કોને ખબર હતી કે ૧૫ દિવસની ભીતર જ એ વિરાટ સાહિત્ય-સર્જક આમ અચાનક પોતાની સર્જનશક્તિને, સૃષ્ટિના સર્જનહાર મહાન સર્જકની જ્યોતમાં લઈ જઈને અન્તર્ધાન થઈ જશે. એમની દિવ્ય જ્યોતિને નમસ્કાર કરવા સિવાય આપણી પાસે બીજું કોઈ સાધન નથી.

**—મુનિ શ્રી જિનવિજયજી**

ગુજરાતને અને ગુજરાતી વાચક સમાજને તેમની ખોટ સાલશે. સદ્‌ગતે જીવનમાં વિપુલ સાહિત્યસેવા બજાવી હતી. પોતાની બુદ્ધિશક્તિનો, તાર્કિક પ્રતિભાનો જીવન પર્યંત સદુપયોગ કર્યો હતો. એ કલમ અકાળે અટકી ગઈ. એથી સહુ કોઈ લેખક અને સાક્ષરસમાજ દુઃખ અનુભવશે.

**—પં. લાલચન્દ્ર ગાંધી, વડોદરા**

એમના જવાથી જૈન ધર્મે એક સર્જક ગુમાવ્યા છે, ગુજરાતે કલાસ્વામી ગુમાવ્યા છે. તમારા કુટુંબે હૂંફાળા સ્વજન ગુમાવ્યા છે અને મેં એક સહૃદયી મિત્ર ગુમાવ્યા છે.

**—શ્રી ચંદ્રપ્રભસાગરજી, મુંબઈ**

તેઓએ સાહિત્યક્ષેત્રે અમૂલ્ય સેવાઓ આપેલી છે. 'ગુજરાત સમાચાર' માં 'ઈંટ અને ઇમારત' તેમજ 'જાણ્યું છતાં અજાણ્યું' માં આવતા તેમના કટાર લેખો ભૂલી શકાય તેમ નથી. તેમના અવસાનથી સાહિત્યના ક્ષેત્રમાં ન પુરાય તેવી ખોટ પડેલી છે.

**—ચીનુભાઇ ચીમનલાલ, અમદાવાદ**

શ્રી જયભિખ્ખુ સાથે મારે પચ્ચીસ વર્ષનો સંબંધ હતો અને 'અખંડ આનંદ' માં તેમના લેખો આવતા હતા. તેમની વિદ્વત્તા, સહૃદયતા લેખોમાં તરી આવતી હતી. તેમના અવસાનથી ગુજરાતને પડેલી ખોટ પૂરી થઈ શકશે નહિ.

**—મનુ સૂબેદાર, મુંબઈ**

તેઓએ સાહિત્યની ખૂબ જ સેવા કરી છે અને તેઓનું આખું જીવન સાહિત્ય-સેવામાં જ વિતાવેલું હતું તેમ કહીએ તો એમાં બિલકુલ અતિશયોક્તિ નથી. બાલ સાહિત્યમાં તેઓએ દાખલ કરેલ વૈવિધ્યથી બાળકો તેઓનાં લખાણ વાંચવા હરહંમેશ આતુર રહેતાં હતાં. તેઓના અવસાનથી ગુજરાતે સાહિત્યકાર અને લેખક ગુમાવ્યો છે.

તેઓએ પોતાના જીવનમાં ખૂબ જ સુવાસ ફેલાવેલી, જેની મહેંક હજુ પણ વર્ષો સુધી ચાલ્યા કરશે.

**—પ્રતાપ શાહ, ભાવનગર**

શ્રી. જયભિખ્ખુજી જૈનકથાસાહિત્યના મહાન શિલ્પી હતા. તેમની લેખિનીનો સ્પર્શ પામીને અનેક જૈન કથાઓ, જે અતીતની ધૂળની નીચે દબાઈ ગઈ હતી અને પોતાનો પ્રાણ ખોઈ બેઠી હતી તે ફરી નવો પ્રાણ જ તો શું પણ સ્પન્દન મેળવી શકી, જૈન સાહિત્ય તેમનું ચિરઋણી રહેશે. અમે તેમને કેવી રીતે ભૂલી શકીએ?

**—અમર મુનિ, આગ્રા**

સ્વ. બાલાભાઈ તો એમણે જ આ જગતમાંથી જતાં પહેલાં લખેલું તેમ કૃતાર્થ થવાય તેવું જીવી ગયા, જીતી ગયા.

"સાગર સખે, મુજ કાનમાં એવું કંઈ તો ગા,
જીવ્યું જીત્યું લાગે મને એવું કંઈ તો ગા."—

એ મુજબ ભારે ગૌરવથી સરસ્વતી ને શ્રીથી સભર જીવન જીવી ગયા. તમે સૌ પણ એ જ જીવન-માળી દ્વારા એવી રીતે રોપાયા છો ને પ્રેરણા-પોષણ પામ્યા છો કે એ તો પ્રસન્ન થયા જ, પણ આજે અન્ય સૌએ પ્રસન્ન થાય.

**—ઉપેન્દ્ર પંડ્યા, રાજકોટ**

ગુજરાતે એનો એક માનીતો સાહિત્યસ્વામી ગુમાવ્યો છે. સ્વજનોએ એક પરમ સ્વજન ખોયો છે. છતાં સ્વર્ગસ્થ પોતાના વિપુલ સાહિત્યસર્જન-દ્વારા સંસારમાં અજર છે, અમર છે. 'જયભિખ્ખુ' નામ સદાકાળ માટે લોકજીભે રમતું રહેશે એવી મારી શ્રદ્ધા છે.

**—ડૉ. મૂળજીભાઇ પી. શાહ, અમદાવાદ**

સાહિત્યના તેઓ ભેખધારી હતા. અહીં છેલ્લા મુંબઈના સમારંભમાં તેમણે જે કહ્યું હતું તે અવશ્ય સાચું જ હતું. મા શારદાને ખોળે તેમણે પોતાનું શિર મૂક્યું હતું અને માત્ર કલમની તાકાતથી જ તેમણે પોતાનો જીવનનિર્વાહ નક્કી કર્યો હતો અને આજ સુધી તે સંકલ્પ પાળ્યો જ. કલમની તાકાત પર જીવીને સંસારયાત્રાને સફળ બનાવનારા બહુ જ ઓછા લેખકોના દાખલા મળી આવે છે. સ્વ. જયભિખ્ખુ એક બુદ્ધિજીવી અને ખુમારીવાળા લેખક હતા.

**—અરવિંદ ન. શાસ્ત્રી, મુંબઇ**

ખરી રીતે જોતાં એમના અક્ષરદેહથી એ ચિરંજીવ જ રહેશે. ગુજરાતી સાહિત્યને એમણે આપેલી

ખોટ નાનીસૂની નથી. એમની સંસ્કારપ્રેરક, સાહસિક ને ઉદાત્ત ગુણોથી ભરપૂર વાતો હંમેશાને માટે પ્રેરણાદાયી નીવડશે.

આપણે એમના મૃત્યુથી રડવાનું નથી, શીખવાનું છે કે એમની જેમ આપણું જીવન પણ સુંદર –સભર બનાવી શકીએ.

**—કંચનબેન, ચંચળબેન શાહ, મુંબઈ**

મુ. શ્રી. જયભિખ્ખુનાં પુસ્તકો અને લખાણો સાહિત્યની દૃષ્ટિએ જ નહિ પણ આધ્યાત્મિક તેમજ નૈતિક દૃષ્ટિએ અજોડ હતાં અને ખૂબ જ પ્રેરણા આપનારાં હતાં. સીતાપુરમાં મને તેમનો અંગત પરિચય થયો ત્યારે આટલા મહાન લેખક આટલી સહૃદયતા અને સરળતાથી બધાંની સાથે મળતા જોઈ તેમના તરફ ઘણું માન થયું. તેમના જવાથી ગુજરાતની પ્રજાએ એક નિષ્ણાત સાહિત્યકાર, આધ્યાત્મિક તેમજ નૈતિક માર્ગદર્શક ગુમાવ્યો છે.

**—છોટાલાલ. ડી. ઠક્કર, કલકત્તા**

આજનું છાપું વાંચ્યું. ઇમારત પડી ગઈ. ઈંટો રહી ગઈ. શ્રી. જયભિખ્ખુનું અવસાન થયું, તેમની કલમની સુવાસ રહી ગઈ.

**—એક વાચક**

ડૉકટરીના જડ અને નીરસ વ્યવસાયમાંથી સાહિત્ય તરફ રુચિ પેદા કરવા માટે મારા જીવનમાં કોઈની પણ પ્રેરણા થઈ હોય તો તેનો બાલાભાઈને યશ મળે. અંગત લાગણી અને મમતાથી થોડું થોડું લખતો કર્યો. **—ડૉ. રાણા, પાવાગઢ**

આપના પત્રની 'ઈંટ અને ઇમારત' તથા 'જાણ્યું છતાં અજાણ્યું' કટારો દ્વારા બહોળા વાચકવર્ગની ચાહના મેળવનારને હવે અસહાય વાચકો ક્યાંથી વાંચશે ? એ વાચકોમાંનો હું પણ એક છું. મને શબ્દોમાં અંજલિ આપવાનું મન થતાં આ 'શબ્દાંજલિ' પાઠવું છું. ગુરુવારના 'ઈંટ અને ઇમારત'ના વાચકો અથવા રવિવારના 'જાણ્યું છતાં અજાણ્યું'ના ચાહકો એમાં પોતાના જ મનની વાત છે એમ અનુભવશે.

## સ્વ. શ્રી જયભિખ્ખુને...

મૃત્યુની મહેફિલમાં જઈ અચાનક ચર્ચાયા તમે;
મરણની મહેમાની કરતાં આછેરું મલકાયા તમે !
ફૂલો વિનાનું વન થયું; ચેતન વિનાનું જીવન;
જિંદગીના હાથથી સરકી ક્યાં જઈ ખોવાયા તમે !
મીઠા મરણને દીધું, મોંઘા જીવનનું નઝરાણું;
અમરતાના છે સોગંદ ! અમને સઘળે દેખાયા તમે !
તિમિરના પંથે પડયાં તમારા કદમનાં નિશાન;
હાર્યા નહિ પ્રયાસોથી; લગીરે ના મૂંઝાયા તમે !
છોડી જુનવાણી તાન; ગઈ નવતર જબાનમાં;
જાણ્યાં છતાં અજાણ્યાં થઈ ગીતોમાં ગવાયા તમે !
શબ્દોનાં ચીર ઓઢી નવલાં ગીત ગાયાં તમે;
ઈંટ અને ઇમારત મહીં ઢાળી દીધી કાયા તમે !

**—'એઆર'**

સાહિત્યક્ષેત્રે-જૈન ઇતિહાસોના ભૂગર્ભમાં દબાયેલી કથાઓને જીવંત બનાવી જનતાની વચ્ચે રજૂ કરનાર, વીરવાણીને સરળ ભાષામાં લેખિની દ્વારા હૈયાનું હીર નીચોવી જૈન સમાજનું કપરું કામ સરળતાથી લોકોને સ્પર્શે તેવી નિરાળી શૈલીમાં લોકોની સમક્ષ રજૂ કરી પોતાની જાતને તેઓએ જીવંત બનાવી છે.

હજારો લાખો લોકોનાં ચક્ષુઓ અશ્રુભીનાં કરી તેમણે તેમની જાતને જીવ્યા ત્યાં સુધી સાહિત્યની સેવા–સૌરભ પ્રસરાવી ધન્ય જીવન જીવી પોતે ધન્ય બની ગયા છે.

મઘમઘતાં પુષ્પોના પમરાટ જેવી સુવાસ તેમના સાહિત્યમાંથી તેમણે પીરસેલા રસથાળગીના થાળમાંથી સદાય પ્રસર્યા કરશે અને જૈન સમાજ તથા સાહિત્યપ્રેમી–સામાન્ય કક્ષાથી ઉચ્ચ કક્ષાનો માનવ 'જયભિખ્ખુ' ને કદી વિસરી શકશે નહિ.

**—મનુભાઈ શેઠ, ભાવનગર**

એમના જવાથી આપણને, જૈનસંઘને અને સંસ્થાઓને મોટી ખોટ પડી જ છે. સૌનું હાર્દ પારખવાની જે તેમની પદ્ધતિ હતી તેથી સૌ સાથે ખૂબ

આત્મીયતા કેળવાયેલી હતી એટલે સૌને ધક્કો વાગ્યો હશે. પાડોશી હોય કે પગી, ટપાલી હોય કે લેખક હોય–સહુ એમના મિત્ર!

**—ચીમનલાલ ટી. શાહ, સુરેન્દ્રનગર**

દિવ્ય વાણી વરસાવનાર, દિવ્યતાને પામી ગયા!
પરમ સત્ય! પરમ તેજ!
મનુષ્ય જન્મ પામી જે ધ્યેય કરતાં કાંઈ જ વિશેષ નથી એવી માન સિદ્ધિ–
જેના માટે વર્ષોની તપશ્ચર્યા પણ ઓછી પડે–
જન્મ જન્માંતરે પણ કદાચ મળે નહિ—
છતાં વિરલા સિદ્ધિને વરે છે!
એવી સિદ્ધિને પામ્યા "પૂ. બાલાભાઈ"
મા સરસ્વતીની નિશ્રામાં માનવજીવન મ્હેકાવી દીધું!
એવા વિરલા મુક્તિપંથે વિચર્યા, તેમાં શોક શેનો?

નવ કરશો કોઈ શોક રસિકડાં.........
સમજદારી-સભાનતાના ઘૂંટ જેમણે સૌને પાયા છે.
આધ્યાત્મિક તત્ત્વ–સભર જીવન રહ્યું છે જેમનું–
તેમના અણુઓ જ આપણને ધૈર્ય-બળ આપે છે.

કેવું અદ્‌ભુત તેજ પ્રસારી રહ્યા હતા આપણા સૌની વચ્ચે!

તે પરમ પ્રકાશ આપણી સાથે નથી તેથી દુઃખ, રંજ!

પરિણામે હિંમત ધૈર્ય રાખવા મનને સમજાવવું પડે છે.

**—મણિલાલ મોતીચંદ દોશી, રાણપુર**

ઉચ્ચ ભાવના સાથે સેંકડો બલકે હજારો આંખો એકી નજરે 'ઈંટ અને ઇમારત'ના કલમના જાદુગરને નિહાળી રહી હોય અને અચાનક એ ઇમારત શબ્દોની ઈંટોના કારણે અધૂરી રહી ગયાના સમાચાર સાંભળીએ એ કેટલી દુઃખદ ઘટના કહેવાય.

વિચારો આવે છે અને પસાર થાય છે. એ કલમમાં જે ચેતન હતું, પ્રેરણા હતી, મુઝાએલા માનવી માટે એ શબ્દો સાચો રાહ બતાવતા હતા. અંધકારમાં ભૂલા પડેલા માનવીને માટે એ કલમના શબ્દોમાં પ્રકાશના પુંજ પથરાયેલા હતા. હતાશ માનવી અને સમાજના વિચારોનું સ્પષ્ટ પ્રતિબિંબ અને સાચું માર્ગદર્શન તેમાં હતું. સાચો માર્ગદર્શક આજે આપણી સાથે નથી.

અધૂરી રહેલી એ ઇમારતને પૂરી કરવાનું કામ સમગ્ર સમાજનું છે. ધૂપ સુગંધીએ મહેકતા માનવીએ સમાજમાં જે નવા વિચારો અને નવો પ્રવાહ વહેતો કરેલો છે તે માનવીનું સર્જન ઇમારત કોઈ સંજોગોમા અધૂરી રહે નહિ તે જ સાચી અંજલિ.

**—ચાલચંદ શાહ, અમદાવાદ**

ગુણજ્ઞ એવા અને 'જયભિખ્ખુ'ના ઉપનામથી પ્રસિદ્ધ થયેલા એ સાક્ષર પુરુષ આપના એકના ન હતા, પણ સારાએ સમાજના માનનીય પુરુષ હતા.

જન્મની પાછળ મરણ છે જ એ હકીકત એમણે પોતે જ પોતાની કૃતિઓમાં મૂકેલી છે પણ ઉત્તમ પુરુષોનો વિરહ આપણને આંચકો આપે જ છે.

તેઓશ્રીનું અવસાન નથી થયું, ફક્ત દેહપલટો જ થયો છે. તેઓ જ્ઞાનનો બગીચો મૂકી ગયા છે. તે બગીચાની સુગંધ સાથે પોતે પણ અમર છે. તીર્થંકર દેવથી માંડીને સામાન્ય પુરુષ સુધી દરેકને મૃત્યુ તો છે જ, તેઓની કરણી અને કૃતિ તેમને જીવંત બનાવે છે. જૈનસમાજને એક સાક્ષર અને ચિંતક પુરુષની ખોટ પડી છે.

**—મોહનલાલ શાહ, બોટાદ.**

મૃત્યુ અનિવાર્ય છે પરંતુ તેમના સ્નેહ–ઉષ્મા-ભર્યા જીવનની ગેરહાજરી ખૂબ જ સાલે. ખૂબ ખૂબ યાદ આવે, પરંતુ આપણું શું ચાલે? એમણે ઘણું બધું આપ્યું છે તેમાંથી એકાદ પાંખડીનો સહારો લઈએ. ઈશ્વરઇચ્છા જ બળવાન છે. તેઓશ્રી જીવન યથાર્થ કરી ગયા.

**—મનસુખલાલ લક્ષ્મીચંદ, રાણપુર**

સમસ્ત સાહિત્ય જગતનો એક તેજસ્વી સિતારો આથમ્યો ગયો.

જૈનસાહિત્યમાં તો તેઓશ્રીએ અનોખી ભાત પાડી હતી. તેમનું સાહિત્ય ખરેખર અમર બની ગયું છે.

એક આપ્ત સ્નેહી તરીકે તેઓશ્રી સાથે અમે જે આનંદ કર્યો છે તે જીવનભર ભૂલી શકાય તેમ નથી.

તેમનો સદાય હસતો ચહેરો હજુ નજર સામે તરવરે છે.

તેઓશ્રીના અવસાનથી સાહિત્યજગતે એક બાહોશ સાહિત્યકાર ગુમાવ્યો છે અને જૈનસમાજે નૂતન દૃષ્ટિનો સાહિત્યસર્જક ગુમાવ્યો. આજે જૈન સાહિત્યને યુગદૃષ્ટિએ લોકભોગ્ય ઓપ આપવાની જરૂર છે, ત્યારે યુગદૃષ્ટિ ઓળખાને સાહિત્યનો નવો યુગ સર્જનાર–યુગદૃષ્ટિની કદી ન પુરાય તેવી ખોટ પડી.

**—હરિલાલ દેવચંદ, ભાવનગર**

એમના જવાથી આપણને જ નહિ પણ સમસ્ત ગુજરાતને એક ભારે ખોટ પડી છે. ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરતી રહેલી એમની કલમ, સદાયને માટે અટકી ગઈ. એ ખોટ ગુજરાતી પ્રજા લાંબા સમય સુધી ભૂલી નહિ શકે. સાદું અને સુંદર ઉન્નત જીવન તેઓ આપણી વચ્ચે જીવી પ્રત્યક્ષ બોધપાઠ આપતા ગયા છે. એમના જીવનમાંથી સદાય પ્રેરણા મળતી રહો. તેમના સદ્ગુણોનાં સંસ્મરણોથી તેઓ સદાય આપણી વચ્ચે જ હશે એમ માનજો.

**—પુરુષોત્તમ ના. ગાંધી, રાજકોટ**

તેમનું સમગ્ર જીવન, અભ્યાસ અને લેખન–કાર્યમાં પસાર થયું. આમ તો તેમણે અનેક ગ્રંથો લખ્યા છે પરંતુ નવા યુગની રસવૃત્તિ અને આવશ્યકતાને સંતોષે એ રીતે જૈન કથાસાહિત્યની કેટલીક કથાઓ જે ગ્રંથ આકારે તેમણે આપી છે તે તો સાહિત્ય જગતમાં અમર બની રહે તેવી છે. તેમની કેટલીક કથાઓના વસ્તુઓથી આપણે પરિચિત હોવા છતાં એ એવી અનોખી શૈલી અને રસભરી રીતે લખાયેલી છે કે એ વાંચતાં આપણને નવી જ દૃષ્ટિ મળે અને ચિત્ત આનંદ–વિભોર બની જાય. એમની ભાષા અને લખવાની શૈલીમાં એક અજબ જાદુ અને ચમત્કાર હતો કે એ ગ્રંથો વાંચતાં ગ્રંથને પકડી રાખવાને બદલે ગ્રંથ જ આપણને પકડી રાખે છે એવું લાગ્યા વિના ન રહે. શ્રી બાલાભાઈ સ્થૂલ દેહદૃષ્ટિએ જો કે મૃત્યુ પામ્યા પણ હજારો વાચકોનાં હૃદયમાં તો તેઓ જીવન્ત રૂપે જ રહેશે. બીજી રીતે કહીએ તો તેમના દિવ્ય આત્માએ તેમના નાનકડા દેહમાંથી ચાલી જઈ સમાજના વ્યાપક દેહમાં પ્રવેશ કર્યો છે.

જે પ્રમાણે જીવન ગાળવાથી જગતનું ઓછામાં ઓછું અકલ્યાણ થાય અને વધારેમાં વધારે કલ્યાણ સધાય તે જ ઉત્તમ જીવનશાસ્ત્ર છે અને આવા ઉત્તમ જીવનશાસ્ત્રને હરહંમેશ પોતાની દૃષ્ટિ સામે રાખી શ્રી બાલાભાઈ જીવન જીવી ગયા. સમાજ પાસેથી તેમણે જે લીધું તે કરતાં અનેકગણું સમાજને આપી તેઓ વિદાય થયા. આપણને તો સદા માટે તેમની ખોટ પડી, પણ તેઓ તો જીવનનું અમૃત પામી ગયા.

**—મનસુખ મહેતા, મુંબઈ**

કદાચ હું એમનું મૂલ્યાંકન એક હૃદયસેતુ તરીકે કરું–જેમણે જૈનત્વને કલાના માધ્યમ દ્વારા અન્યજનોના હૃદય સુધી પહોંચતું કર્યું. સાહિત્યની પ્રયોગખોરીના યુગમાં પ્રજાજીવનના ઘડતરનો સંદેશો ઓછો સંભળાય છે ત્યારે આ ખોટ વિશેષ સાલે છે.

**—જવાહર શાહ, ધોરાજી**

સ્વ. જયભિખ્ખુનો રૂબરૂ પરિચય નહીં થયેલો, પણ તેમની કલમથી પ્રગટ થતાં દેશોન્નતિનાં પ્રેરણાદાયી લખાણોનો હું નિયમિત વાચક હતો.

જયભિખ્ખુની નવલકથાઓ ઐતિહાસિક, ધાર્મિક કથાઓ તેમજ 'ઈંટ અને ઇમારત'નાં લખાણો માનવીને સેવાભાવ, રાષ્ટ્રીયતા અને ઝિંદાદિલી તરફ પ્રેરે તેવાં હતાં. પ્રસંગકથામાં ચોટદાર કટાક્ષ મૂકતા હતા. તેમના દુઃખદ અવસાનથી ગુજરાતી સાહિત્યક્ષેત્રે એક ઊંડી મોટી ખોટ પડી છે તે કદી પુરાશે નહિ. ૬૨ વર્ષની વયે પણ યુવાનને શરમાવે તેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓથી તેઓશ્રીનું જીવન ધમધમતું હતું. તેમણે અર્પેલી બહુમૂલ્ય સેવા અને કાર્ય અમૂલ્ય છે. આપણે સૌ તેમના ઋણી છીએ. ભારતીય સંસ્કૃતિ ને દેશદાઝ પ્રત્યે ખૂબ પ્રેમ હતો.

દર ગુરુવારે ગુજરાત સમાચારનું પાનું 'ઈંટ ને ઇમારત' તેમજ 'પ્રસંગકથા' કૉલમ તેમના વગર સૂનાં પડીને મૂક આંસુ વહાવશે.

**—હર્ષદ શુક્લ, આંતરસૂબા**

તેઓએ જીવન જીવી જાણ્યું છે. તેમનો પ્રેમાળ અને હસમુખો સ્વભાવ મિત્રસમુદાયને ખેંચતો હતો. તે હમેશા કહેતા કે 'હું તો બધા જ રોગોથી ભરપૂર છું; છતાં પણ આનંદથી જીવું છું. માણસે એવું જીવન જીવવું જોઈએ કે મર્યા પછી લોકો "વાહ વાહ" કરે.' આ શબ્દો આજે પણ મારા કાનમાં ગુંજી ઊઠે છે. એ કેવા સરળ અને નિર્દોષ હતા. બસ બોલ્યા જ કરે અને આપણે સાંભળ્યા જ કરીએ.

તેમની નિખાલસતા અને સદ્‌ગુણોનાં સંસ્મરણોથી એમ નથી લાગતું કે તેઓ આપણી વચ્ચે નથી. તેઓ તો હમેશાં આપણી વચ્ચે છે. કહે છે કે અમુક માણસ અમર થઈ ગયો. તેનો ભાવાર્થ એ જ છે કે શરીરથી તો કોઈ અમર થતું નથી. તેને વહેલા કે મોડા છોડવાનું જ છે. પરંતુ તેના શુભકર્તવ્યનાં સંસ્મરણો તેને અમર બનાવે છે.

**—હસમુખભાઈ પરીખ, અમદાવાદ**

અંગત પરિચય ન હતો, પણ તેઓનાં લખાણોથી તેઓનો સારો એવો પરિચય છે અને એ રીતે કોઈ આપ્તજનનું અવસાન થાય તેવું દુઃખ થયું માનું છું કે મારા જેવા અનેક–જેને તેમના સાહિત્ય દ્વારા જ પરિચય છે તેવા અનેકે—આજે આ સમાચારથી દુઃખ અનુભવ્યું હશે.

**—ડૉ. પી. સી. શાહ, સુરેન્દ્રનગર**

તેઓના અવસાનથી અમને જ નહીં પણ દેશની દરેક વ્યક્તિને એક સાહિત્યકારની ખોટ પડી છે, તેમના લેખો વાંચી અમે અમારાં દુઃખ ભૂલી જઈ નવું જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. પણ હવે તેઓ અમારી વચ્ચે નથી.

**બિપિનચંદ્ર ડી સોની, અમદાવાદ**

[ સાબરમતી સેન્ટ્રલ જેલના એક કેદીનો પત્ર ]

ઘરવાલોંકો મેરા આદાબ ઔર સલામ,

જનાબ જયભિખ્ખુ સાહબકી અચાનક મૌતકી ખબર પઢકર દિલકો નિહાયત હી અફસોસ ઔર મલાલ ( દુઃખ ) હુઆ.

મર્હૂમને અપની ઝિંદગી બકૌલ શાઈરકે (કવિના શબ્દોમાં કહીએ તો )—

"આજીઝી શીખી ગરીબોંકી હિમાયત શીખી,
ઝેરદસ્તોકે મસાઈલકો સમજના શીખા."

[ ગરીબોનું દુઃખ શીખ્યા–જાણ્યું–અને એમનો પક્ષ પણ લીધો, પીડિતોના પ્રશ્નોને સમજવાનું પણ શીખ્યા. ]

"કુછ નહીં માંગતે હમલોગ બજુઝ ઈઝતે કલામ,
હમ તો ઇન્સાનકા બેસાખ્તાપન માંગતે હૈ."

[ અમને કોઈપણ વસ્તુની અભિલાષા નથી. અમે તો માનવની નિખાલસ પ્રેમાળ ભાષા માગીએ છીએ. ]

મૈં ઇન્સાનિયતકે ઇસ દેવતાકો ખીરાજે અકીદત ( શ્રદ્ધાંજલિ ) પેશ કરતે હુએ અલ્લાહસે દુવા કરતા હૂં કે ઉનકો જન્નતમેં જગા અતા ફરમાયેં ઔર તમામ ઘરવાલોંકો સબ્ર કરનેકી તૌફીક અતા ફરમાયેં.

'અલ્લાહ મગફરત કરેં અજબ આઝાદ મર્દ થા.'

[ ઈશ્વર મારી આ લાગણી કબૂલ કરશે કે તે વિરલ પ્રકારના આઝાદ મર્દ હતા. ]

ફક્ત આપકા ગમગુસાર

**એચ. બલજી.** [ એક કેદી. ]



# શ્રી જયભિખ્ખુની કૃતિઓ

## નવલકથાઓ

૧ ભાગ્યવિધાતા
૨ કામવિજેતા
(પ્રસ્તાવ : શ્રી રવિશંકર જોશી)
૩ ભગવાન ઋષભદેવ
(પ્રસ્તાવ : શ્રી સુશીલ)
૪. ચક્રવર્તી ભરતદેવ
(પ્રસ્તાવ : શ્રી અમરચંદ્રજી મુનિ)
૫ ભરત-બાહુબલી (રાજવિદ્રોહ)
૬ પ્રેમભક્ત કવિ જયદેવ
૭ વિક્રમાદિત્ય હેમુ
૮ ભાગ્યનિર્માણ
૯ દિલ્હીશ્વર
૧૦ પ્રેમનું મંદિર (મત્સ્યગલાગલ)
(પ્રસ્તાવ : પંડિત સુખલાલજી)
૧૧–૧૨ પ્રેમાવતાર ભા. ૧–૨
૧૩–૧૪ લોખંડી ખાખનાં ફૂલ ભા. ૧–૨
૧૫ નરકેસરી
૧૬ સંસારસેતુ (મહર્ષિ મેતારજ)
(પ્રસ્તાવ : કવિ શ્રી સુન્દરમ્)
૧૭–૧૮ શત્રુ કે અજાતશત્રુ ભા. ૧–૨
૧૯ બૂરો દેવળ
૨૦ દાસી જનમજનમની (બેઠો બળવો)

## નવલિકાસંગ્રહ

૨૧ માદરે વતન
૨૨ યાદવાસ્થળી
(પ્રસ્તાવ : શ્રી અનંતરાય મ. રાવળ)
૨૩ માટીનું અત્તર
૨૪ ગુલાબ ને કંટક
૨૫ સતની બાંધી પૃથ્વી
૨૬ ઉપવન
૨૭ પારકા ઘરની લક્ષ્મી
(પ્રસ્તાવ : દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી)
૨૮ કંચન અને કામિની
(પ્રસ્તાવ : શ્રી મધુસૂદન મોદી)
૨૯ અંગના
૩૦ કાજલ અને અરીસો
૩૧ કન્યાદાન
૩૨ કર લે સિંગાર (પ્રેમપંથ પાવકની જવાલા)
૩૩ સૂલી પર સેજ હમારી
(પ્રસ્તાવ : ડૉ. ધીરુભાઈ ઠાકર)
૩૪ મનવાની ટેકરી
૩૫ કામનું ઔષધ
૩૬ લીલો સાંઠો
૩૭ પગનું ઝાંઝર
૩૮ મનઝરૂખો
૩૯ સિંહપુરુષ
૪૦ દેવદૂષ્ય
(પ્રસ્તાવ : ડૉ. ધીરુભાઇ ઠાકર)
૪૧ ભગવાન મલ્લીનાથ
૪૨ વીરધર્મની વાતો
(પ્રસ્તાવઃ મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી]
૪૩ જયભિખ્ખુ વાર્તાસૌરભ ૧
(સં. ડૉ. ધીરુભાઈ ઠાકર)
૪૪ ,, ૨
૪૫ પાપ અને પુણ્ય
(શ્રી. સત્યમ્ સાથે)

## બાલસાહિત્ય

૪૬ રત્નનો દાબડો
૪૭ હીરાની ખાણ
૪૮ મૂઠી માણેક

૪૯ પાલી પરવાળાં
૫૦ નીલમનો બાગ
(પ્રસ્તાવ: શ્રી કલ્યાણજી વી. મહેતા)
૫૧ માણ્યુ મોતી
૫૨ આંબે આવ્યો મોર
૫૩ ચપટી બોર
૫૪ બૌદ્ધ ધર્મની પ્રાણીકથાઓ
૫૫ હિંદુધર્મની પ્રાણીકથાઓ
૫૬ જૈનધર્મની પ્રાણીકથાઓ
(પ્રસ્તાવ: મુનિ કલ્યાણચંદ્રજી)
૫૭ સર જાવે તો જાવે
૫૮ જવાંમર્દ
૫૯ એક કદમ આગે
૬૦ નીતિકથાઓ ભા. ૧
૬૧ નીતિકથાઓ ભા. ૨
૬૨ નીતિકથાઓ ભા. ૩
૬૩ નીતિકથાઓ ભા ૪
૬૪ દિલના દીવા
૬૫ દેવના દીવા
૬૬ દેરીના દીવા
૬૭ દેશના દીવા
૬૮ દીવે દીવા
૬૯ બાર હાથનું ચીભડું–૧
૭૦ બાર હાથનું ચીભડું–૨
૭૧ તેર હાથનું બી–૧
૭૨ તેર હાથનું બી–૨
૭૩ છૂમંતર
૭૪ બકરીબાઈની જે
૭૫ નાનો પણ રાઈનો દાણો
૭૬ શૂરાને પહેલી સલામ
૭૭ ફૂલપરી
૭૮ ગરુડજીના કાકા
૭૯ ગજમોતીનો મહેલ
૮૦ '૯' માંથી ધૂરંધર
૮૧ મા કડાનું મંદિર
૮૨ ભારતના ભાગ્યવિધાતાઓ
(શ્રી. સોમાભાઇ પટેલ સાથે)
૮૩ મહાકાવ્યોની રસિક વાતો
૮૪ આત્મકથાનાં અમૃતબિંદુઓ
૮૫ રૂપાનો ઘડો–સોના ઈંઢોણી
૮૬ હિંમતેમર્દાં
૮૭ ગઈ ગુજરી
૮૮ માઈનો લાલ
૮૯ રાષ્ટ્રીય મહાસભાનાં પચાસ પગલાં
૯૦ જાદુકલા અને શ્રી કે. લાલ
૯૧ પલ્લવ
૯૨ લાખેણી વાતો
૯૩ અક્ષય તૃતીયા
૯૪ રાજા શ્રીપાલ
૯૫ The Temple of Ma-kada

## ચરિત્રો

૯૬ નિર્ગ્રંથ ભગવાન મહાવીર
૯૭ ભગવાન મહાવીર (સચિત્ર)
૯૮ યજ્ઞ અને ઈંધન
૯૯ સિદ્ધરાજ જયસિંહ
૧૦૦ શ્રી સોમનાથ ભગવાન
૧૦૧ ઉદા મહેતા
૧૦૨ શ્રી ચારિત્રવિજય
૧૦૩ યોગનિષ્ઠ આચાર્ય
૧૦૪ મંત્રીશ્વર વિમલ
૧૦૫ દહીંની વાટકી
૧૦૬ ફૂલની ખુશબો
(પ્રસ્તાવ : ડૉ. ધીરુભાઈ ઠાકર)
૧૦૭ મોસમનાં ફૂલ
(પ્રસ્તાવ : શ્રી શાંતિલાલ ગાંધી)
૧૦૮ ફૂલ વિલાયતી
૧૦૯ ફૂલ નવરંગ
૧૧૦ પ્રતાપી પૂર્વજો (વીર નરનારીઓ)
(સ્વ. શ્રી ધૂમકેતુ સાથે)
૧૧૧ પ્રતાપી પૂર્વજો (નરોત્તમો)
૧૧૨ પ્રતાપી પૂર્વજો (સંત મહંતો)
૧૧૩ પ્રતાપી પૂર્વજો (ધર્મસંસ્થાપકો)
૧૧૪ ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી

૧૧૫ ધર્મજીવન
૧૧૬ હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠની જીવનઝરમર
૧૧૭ મહાન આચાર્ય આર્ય કાલક
૧૧૮ હંસમયૂર નાટક કે કર્તા
શ્રી વર્માજી કે પ્રત્યુત્તરકા પ્રતિવાદ
૧૧૯ મંગલ જીવનકથા

**નાટકો**

૧૨૦ રસિયો વાલમ
૧૨૧ આ ધૂળ, આ માટી
૧૨૨ પતિતપાવન
૧૨૩ બહુરૂપી
૧૨૪ પન્ના દાઈ
૧૨૫ ગીતગોવિંદનો ગાયક

**હિન્દી**

૧૨૬ વીરધર્મકી કહાનિયાં
( પ્રસ્તાવ : ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ )
૧૨૭ ,, પ્રાણીકથાયેં
૧૨૮ ભગવાન મહાવીર
૧૨૯ જાગે તભી સબેરા

**પ્રકીર્ણ**

૧૩૦ અંતરાયકર્મની પૂજા
૧૩૧ બાર વ્રતની પૂજા
૧૩૨ દેવદાસ (અનુવાદ) (શ્રી રતિલાલ દેસાઈ સાથે)
૧૩૩ સોવેનિયર શ્રી. યશોવિજય ગ્રંથમાળા
૧૩૪ મહારાજા સયાજીરાવ

**સદ્‌વાચનમાળા શ્રેણી ૧**

૧૩૫ દીવો ને પતંગિયું
૧૩૬ રાધા અને કહાન
૧૩૭ કામનું ઔષધ કામ
૧૩૮ અમર કૂંપો
૧૩૯ સૌભાગ્યસુંદરી
૧૪૦ નારી તું નારાયણી
૧૪૧ અઢાર નાતરાં
૧૪૨ નિર્વંશનું વરદાન
૧૪૩ દેરાણી–જેઠાનીના ગોખ
૧૪૪ અણમાનીતી
૧૪૫ રૂપજ્યોતિ

**સદ્‌વાચનમાળા શ્રેણી ૨**

૧૪૬ માણસ ! તું મોટો
૧૪૭ માનવી ! તું ખોટો
૧૪૮ ઘરથી સારી ધર્મશાળા
૧૪૯ લેખા અને ઈલાચી
૧૫૦ ધર્મ, અર્થ કામ ને મોક્ષ
૧૫૧ માયામંદિર
૧૫૨ કળજુગ
૧૫૩ અવગતિયો આત્મા
૧૫૪ લોકધર્મની ધજા
૧૫૫ જીવણરામ
૧૫૬ ભવની ભવાઈ

**સદ્‌વાચનમાળા શ્રેણી ૩**

૧૫૭ જળમાં કમળ
૧૫૮ કાચી માટીનાં ભીતડાં
૧૫૯ દીકરા કે દિ ફર્યાં
૧૬૦ ગંગાવતરણ
૧૬૧ કવિનું મન
૧૬૨ શંકા અને શ્રદ્ધા
૧૬૩ કઠિનમાં કઠિન કામ
૧૬૪ સ્વર્ગ અને નરક
૧૬૫ સોનાની મેડી
૧૬૬ મૂઠી રાઈ
૧૬૭ દેવતાઈ વસ્ત્ર

**સદ્‌વાચમમાળા શ્રેણી ૪**

૧૬૮ અઢી અક્ષરની સાધના
૧૬૯ જીવો અને જીવવા દો
૧૭૦ હું શું માગું
૧૭૧ ૯૮ ની છત, ૨ ની અછત
૧૭૨ વિનયરત્ન
૧૭૩ વાદિવૈતાલ
૧૭૪ સાગરસફરી
૧૭૫ શણગટ સસરો, અણઘડ વહુ
૧૭૬ ઉત્તર સાધક
૧૭૭ છેલ્લો પ્યાલો
૧૭૮ સંતોનો સંઘ

### સદ્દવાચનમાળા શ્રેણી ૫

૧૭૯ ભાભી
૧૮૦ જીવનની જાતર
૧૮૧ કાળી પત્ની
૧૮૨ અહો રાયજી
૧૮૩ ધરમદાસ
૧૮૪ ઈસ તન–ધનકી કૌન બડાઈ
૧૮૫ પોપાબાઈનું રાજ
૧૮૬ કાકીમાનું સરગ
૧૮૭ કાળો પહાડ
૧૮૮ તિલકમણિ
૧૮૯ નારાયણનો નમૂનો

### સદ્દવાચનમાળા શ્રેણી ૬

૧૯૦ દેહ મલ્લનો, દિલ ફૂલનું
૧૯૧ રઈદાસ
૧૯૨ દેવાનંદા
૧૯૩ લાખેણાં હાડ
૧૯૪ વ્યક્તિ ને સમષ્ટિ
૧૯૫ ઈશ્વિર જડચા
૧૯૬ પંજૂ ભટ્ટજી
૧૯૭ આનંદ ! આનંદ આજ
૧૯૮ ખરબચડા પથ્થર
૧૯૯ હાથનો મેલ
૨૦૦ રંગમાં રંગ તાળી

### વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૧

૨૦૧ શ્રીકૃષ્ણ
૨૦૨ ભગવાન બુદ્ધ
૨૦૩ વીર હનુમાન
૨૦૪ ભડવીર ભીષ્મ
૨૦૫ ચક્રવર્તી ચંદ્રગુપ્ત
૨૦૬ રાજા ભરથરી
૨૦૭ ભક્ત સૂરદાસ
૨૦૮ નરસિંહ મહેતા
૨૦૯ મીરાંબાઈ
૨૧૦ લોકમાન્ય તિલક

### વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૨

૨૧૧ આદ્યકવિ વાલ્મીકિ
૨૧૨ મુનિરાજ અગસ્ત્ય
૨૧૩ શકુન્તલા
૨૧૪ દાનેશ્વરી કર્ણ
૨૧૫ સ્વામી વિવેકાનંદ
૨૧૬ પંડિત મદનમોહન માલવીય

### વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૩

૨૧૭ વીર દુર્ગાદાસ
૨૧૮ મહારાણા પ્રતાપ
૨૧૯ સિક્કીમનો સપૂત
૨૨૦ દાનવીર જગડુ
૨૨૧ સિદ્ધરાજ જયસિંહ
૨૨૨ જગતશેઠ
૨૨૩ વીર વિઠ્ઠલભાઈ
૨૨૪ પ્રો. કર્વે
૨૨૫ એની બેસંટ

### વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૪

૨૨૬ રસકવિ જગન્નાથ
૨૨૭ છત્રપતિ શિવાજી
૨૨૮ સમર્થ સ્વામી રામદાસ
૨૨૯ ચાંદબીબી
૨૩૦ મહાત્મા કબીર
૨૩૧ શ્રી ત્રિભોવનદાસ ગજ્જર
૨૩૨ બાબુ રાજેન્દ્રપ્રસાદ

### વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૫

૨૩૩ મહારાજા કુમારપાળ
૨૩૪ રાજા રણજિતસિંહ
૨૩૫ લક્ષ્મીબાઈ
૨૩૬ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર
૨૩૭ શ્રી મહાદેવ ગોવિંદ રાનડે
૨૩૮ શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે
૨૩૯ શ્રી ગોવર્ધનરામ
૨૪૦ શ્રી જવાહરલાલ નેહરુ
૨૪૧ શ્રી સુભાષચંદ્ર બોઝ
૨૪૨ તારામંડળ

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૬

૨૪૩ કર્મદેવી અને મેવાડની વીરાંગનાઓ
૨૪૪ સર ટી. માધવરાવ
૨૪૫ ઝંડુ ભટ્ટજી
૨૪૬ શિલ્પી કરમારકર
૨૪૭ સ્વ. હાજીમહમદ
૨૪૮ વીર લધાભા
૨૪૯ દ્વારકા

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૭

૨૫૦ વીર કુણાલ
૨૫૧ મહામંત્રી મુંજાલ
૨૫૨ જયકૃષ્ણ ઇન્દ્રજિત
૨૫૩ સયાજીરાવ ગાયકવાડ
૨૫૪ મહાવીરપ્રસાદ દ્વિવેદી
૨૫૫ મહાકવિ નાનાલાલ
૨૫૬ પ્રો. રામમૂર્તિ
૨૫૭ અબ્દુલ ગફારખાન

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૮

૨૫૮ કવિ નર્મદ
૨૫૯ કસ્તૂરબા

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૯

૨૬૦ વીર બાલાજી
૨૬૧ પંડિત વિષ્ણુ દિગંબર

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૧૦

૨૬૨ પઢિયારજી
૨૬૩ રાજા રવિવર્મા
૨૬૪ શરદબાબુ
૨૬૫ શ્રી. મોતીભાઈ અમીન
૨૬૬ અહમદાબાદ

## જૈન બાલ ગ્રંથાવલી શ્રેણી ૧

૨૬૭ રાજા શ્રીપાલ
૨૬૮ વિમલશા
૨૬૯ શત્રુંજય

## જૈન બાલ ગ્રંથાવલી શ્રેણી ૨

૨૭૦ ભગવાન શાંતિનાથ
૨૭૧ સ્થૂલિભદ્ર
૨૭૨ અક્ષયતૃતીયા કથા
૨૭૩ મહામંત્રી ઉદયન

## પરિશિષ્ટ
### સંપાદન કરેલ પુસ્તકો

૨૭૪ સર્વોદય વાચનમાળા બાળપોથી
(ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે)
૨૭૫ ,, ૧ લી ચોપડી
૨૭૬ ,, ૨ જી ચોપડી
૨૭૭ ,, ૩ જી ચોપડી
૨૭૮ ,, ૪ થી ચોપડી
૨૭૯ સાહિત્ય કિરણાવલી ભા. ૧
૨૮૦ ,, ભા. ૨
૨૮૧ ,, ભા. ૩
૨૮૨ વિશ્વવિજ્ઞાન : ભારત તીર્થકથા વિશેષાંક
૨૮૩ ,, : નરનારાયણ વિશેષાંક
૨૮૪ ,, : અમર દાંપત્ય અંક
૨૮૫ વિશ્વવિજ્ઞાન : વાર્તા અંક
૨૮૬ વિશ્વવિજ્ઞાન : શ્રીકૃષ્ણ વાસુદેવ વિશેષાંક
૨૮૭ વિશ્વમંગલ : (વિદેશીય નીતિકથા અંક)
૨૮૮ વિશ્વવિજ્ઞાન : પર્વકથા વિશેષાંક
૨૮૯ સવિતા : ધર્મકથા અંક
૨૯૦ રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રંથ
૨૯૧ નકલંક મોતી
૨૯૨ દર્શન અને ચિંતન ભા. ૧–૨
૨૯૩–૪ જાણ્યું છતાં અજાણ્યું ભા. ૧–૨

## પરિશિષ્ટ

| | | |
|---|---|---|
| ૧ | મહાવીર જૈનવિદ્યાલય સુવર્ણમહોત્સવ ગ્રંથ ભા. ૨ | સંપાદન |
| ૩૫ | જૈન બાળ ગ્રંથાવલી પુસ્તિકાઓ | ,, |
| ૧૩૫ | વિદ્યાર્થી વાચનમાળા પુસ્તિકાઓ | ,, |
| ૧ | સાત ફૂલ સોનાનાં | (લેખન) |

## ભારત સરકાર અને ગુજરાત સરકાર
## તરફથી
## ઈનામને પાત્ર થયેલાં જયભિખ્ખુનાં પુસ્તકો

*

બહુરૂપી ( નાટક )

*

બૌદ્ધ ધર્મની પ્રાણીકથાઓ

*

દિલના દીવા

(બાલ સાહિત્ય, પ્રૌઢ સાહિત્ય ને
અંગ્રેજી–એમ ૩ ઈનામ )

*

મા કડાનું મંદિર

*

ફૂલની ખુશબો

*

મોસમનાં ફૂલ

*

સિદ્ધરાજ જયસિંહ

*

પાલી પરવાળાં

*

મૂઠી માણેક

*

હીરાની ખાણ

*

નીલમનો બાગ

*

સાત ફૂલ સોનાનાં

*

સર જાવે તો જાવે

*

અધ્યાત્મ જ્ઞાન પ્રસારક
મંડળ તરફથી સુવર્ણચંદ્રક

ચક્રવર્તી ભરતદેવ

# ઉપકાર

વારાણસીમાં ગંગાઘાટ પર એક વૃદ્ધ સ્નાન કરવા ઉતર્યા, પણ પગ સરકી ગયો અને ડૂબવા લાગ્યા. એક યુવક તરત અંદર કૂદી પડ્યો અને વૃદ્ધને બચાવી બહાર લાવ્યો. વૃદ્ધે કહ્યું: 'મારે લાયક કંઈ કામ હોય તો કલકત્તા આવજો, હું તમને મદદ કરીશ.' અને યુવકને પોતાનું સરનામું આપ્યું, કેટલાક મહિના બાદ યુવક પેલા વૃદ્ધને મળ્યો અને થોડીક કવિતાઓને આપના 'પ્રવાસી'માં છાપો તો સારું.

કવિતા વાંચી વૃદ્ધે કહ્યું: 'એક વાત કહું?' યુવકે ઉત્તર આપ્યો, 'કહો.' વૃદ્ધે કહ્યું: 'હું આ કવિતાઓ છાપી નહી શકું. તમે ચાહે તો પેલા ઉપકાર બદલ મને ફરી પાછો ગંગામાં ધકેલી શકો છો.'

એ વૃદ્ધ હતા બંગાળી માસિક 'પ્રવાસી'ના સુપ્રસિદ્ધ સંપાદક સ્વ. રામાનંદ ચટ્ટોપાધ્યાય.

સૃષ્ટિ, વ્યષ્ટિ અને સમષ્ટિ
ભૂત, વર્તમાન અને ભવિષ્ય
આ બધાનો
એક સાથે,
અનેક રૂપ,
અનોખા સ્વરૂપે
પરિચય
એટલે જ

ગુજરાત સમાચાર

# Life Sketch of Commodore His late Highness Maharaja Roal Shri Sir Krishnakumarsinghji Saheb K. S. I. of Bhavnagar.



**Bhavnagar** : Commodore His Highness Maharaja Raol Shri Sir Krishnakumarsinghji Bhavsinhji, K. C. S. I (1938), Maharaja Saheb of Bhavnagar. First Class Ruling Prince in Kathiawar.

**Born** : On May 19, 1912. Son of Lt-Col. His Highness Maharaja Shri Sir Bhavsinhji Takhtsinhji, K. C. S. I. of Bhavnagar.

**Married** : in April, 1931 To Maharani Shri Vijayaba, daughter of His Highness Maharaja Shri Bhojrajji of Gondal, has two sons and three daughters.

**Education** : At home under Major Lentaingne and A.P Pattani; joined the Rajkumar College, Rajkot, 1922; proceeded to England for further studies in 1925 and joined the Rev. Brayer's School in Essex and then was admitted to Harrow, returned from England in 1928 & attended lectures in History, Politics, English etc., at the Samaldas College, Bhavnagar.

**General** :

**Lieutenant** : In 1937.

**Colonel** : In 1945.

**Hon. Commodore** : In the Indian Navy in 1947.

**Attended Meetings of the Round Table Conference.**

**Toured** : Various parts of India, England and America.

**Invested with Ruling Powers** : on 18th April, 1931.

**Granted responsible government to his state** : January, 1948.

**Uprajpramukh of Saurashtra Union** : February, 1948.

**Acting Rajpramukh** : June 1948.

**Governor of Madras** : 1948-52.

**Recreations** : Riding, Hunting, Requets, Tennis, Polo, Golf, Rowing, Fishing and Cricket.

**Expired** : on 2nd April, 1965.

# Life Sketch of His Highness Maharaja Dr. Virbhadra Sinhji-Ph. D.



**Born. 14th March 1932**

**Education** : Took Primary education at 'Kumar Shala' Bhavnagar opened by His late Highness Commodore Maharaja Shri Sir Krishnakumarsinhji K. C. S. I. under the care and Guardianship of late Col Zorawarsinhji Gohil. Then went to Dehradun and was admitted at the Welham's Preparatory School and then in the Doon School and passed his Senior Cambridge from there. Joined Samaldas College, Bhavnagar and passed his B. A. exam with honours. Then got his Ph D. Degree from the Bombay University in 1969.

**Marriage** : Married to Princess Brijrajnandini Devi, Daughter of His Highness the Maharajadhiraj Ganeshpalji of Karauli, (Rajasthan) in 1955.

**Installation** : Succeded his father His late Highness Maharaja Sir Krishnakumarsinhji on 2-4-'65 and Raj Tilak ceremony took place on 29th November 1965 at Nilambag Palace, Bhavnagar.

**Children** : Son. Yuvaraj Shri Vijayarajsinhji born on 29-4-'68.

**Director** : The Industrial Jewellers Pvt. Ltd.

**Hobby** : Music, Painting, Fine Arts, Photography & Literature.

**Travelled** : Europe and U. S. A.

# સાધના

એકદા મગધરાજ શ્રેણિકે ભગવાન મહાવીરને
પ્રશ્ન કર્યો: 'પ્રભુ! આપના પ્રતિસ્પર્ધી
ગોશાલકની મૃત્યુ પછી શી ગતિ થશે?'
પ્રભુએ માલકોષ રાગની અજબ
સૂરાવલિમાં જવાબ આપ્યો:
'ગોશાલક સ્વર્ગમાં જશે.'
મગધનાથે ફરી પ્રશ્ન કર્યો:
'પ્રભુ! હું, આપનો પરમ ભક્ત,
કઈ ગતિને પામીશ?'
પ્રભુનું પૂનમના ચાંદ જેવું મુખડું મરક્યું.
પોતાની ભક્તિનો રાજાને ગર્વ હતો.
પ્રભુએ કહ્યું: 'રાજન્! તારી ગતિ નરકમાં છે!'
મગધરાજની તો કાપો તો લોહી ન
નીકળે એવી દશા થઈ.
તેમણે કહ્યું: 'શું પારસમણિના સ્પર્શે લોઢું સુવર્ણ
નહિ બને? આપના ભક્તની આ દશા?'
પ્રભુ બંસીના સૂરે બોલ્યા: 'રાજન્! સંસારમાં સ્નેહ
કરતાં સાધના મોટી વસ્તુ છે. મારા તરફના
તારા સ્નેહ કરતાં મારાં તત્ત્વોની સાધના તને તારશે.'

## સંઘ સમિતિ

રાજકોટ

# સાત ભૂલ

સાતવાર, બરાબર સાતવાર મેં મારા અંતરાત્માને નિંદ્યો છે.
એકવાર મોટાઈ હાંસલ કરવા માટે મેં એને જેનેતેને ઝૂકતો જોયો ત્યારે નિંદ્યો.
બીજીવાર મેં એને કમજોરો પાસે પોતાની કમજોરી પ્રગટ કરતો જોયો ત્યારે નિંદ્યો.
ત્રીજીવાર જ્યારે સુગમ અને કઠિનમાંથી સુગમને સ્વીકારતો જોયો ત્યારે તિરસ્કાર્યો.
ચોથીવાર જ્યારે પોતે ગુનેગાર બની, દુનિયામાં એમ જ ચાલે છે, એમ વિચારી મનને સાંત્વન આપ્યું ત્યારે ઠપકો આપ્યો.
પાંચમીવાર કાયરતાને લીધે નમતું જોખી એને નમ્રતામાં ને વીરતામાં ખપાવવા બેઠો ત્યારે નિંદ્યો.
છઠ્ઠીવાર જ્યારે એણે કોઈના દોષને તુચ્છકારી કાઢ્યા, પણ એ દુનિયાના દોષમાંય પોતાનો આછોપાતળો હિસ્સો છે, તેમ ન સ્વીકાર્યું ત્યારે મેં નિંદ્યો.
સાતમીવાર એણે આત્મપ્રશંસાને આત્માના સદ્‌ગુણ તરીકે ઓળખાવી ત્યારે નિંદ્યો.

—જિબ્રાન

ઇકોનોમી એંજિનિયરિંગ વર્ક્સ ભાવનગર

# મન ચંગા તો કથરોટમાં ગંગા

મહાભારતના યુદ્ધ પછી પાંડવો ગોત્રમર્દનના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે તીર્થમાં જવાનો વિચાર કરવા લાગ્યા. તેમણે શ્રીકૃષ્ણમહારાજ પાસે તીર્થાટનમાં જવાની આજ્ઞા માગી અને તેમને પણ તીર્થાટનમાં સાથે આવવાની પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણે કહ્યું :

'મારી આ તુંબડીને તમે મારા વતી તીર્થાટનમાં નવરાવજો; હું હમણાં નીકળી શકું તેમ નથી.'

પાંડવો જે જે તીર્થમાં ગયા ત્યાં ત્યાં તુંબડીને નવરાવતા રહ્યા. છેલ્લે દ્વારકામાં આવીને એ તુંબડી શ્રીકૃષ્ણને આપી. શ્રીકૃષ્ણે સભાના દેખતાં એ તુંબડીના ટુકડા કરીને વાટીને ચૂર્ણ બનાવરાવ્યું અને સભાજનોને એક એક ચપટી આપતાં કહ્યું :

'આ તુંબડી અડસઠ તીર્થ કરીને આવી છે, માટે એનો પ્રસાદ લેવો જોઈએ.'

સભાજનોએ તેને મોંમાં નાખ્યું તો બધાને ચૂર્ણ કડવું લાગ્યું. બધાની સિકલ બદલાઈ ગયેલી જોઈને હસતાં હસતાં શ્રીકૃષ્ણે કહ્યું :

'હવે એ ચૂર્ણને થૂંકી નાખો. મેં તો પાંડવોને સમજાવવા માટે આ યુક્તિ રચી હતી. જેમ આ તુંબડીએ તમામ તીર્થોમાં સ્નાન કર્યું છતાં કડવાશ ગઈ નહિ, તેમ બાહ્ય તીર્થોની યાત્રાથી અંતરાત્મા શુદ્ધ થતો નથી. આત્માની પવિત્રતા માટે 'ધર્મ છે જળનો કુંડ, બ્રહ્મચર્ય સુતીર્થ છે.'

શ્રી રામભાઈ શંકરભાઈ દેસાઈના સૌજન્યથી

# એકને જીતો

કેશીકુમાર શ્રવણે એક દહાડો ગૌતમ ગણધરને પ્રશ્ન કર્યો:

'તમે હજારો શત્રુઓની વચ્ચે રહો છો; તેઓ તમારા પર હુમલો પણ કરે છે; છતાં તમે કેવી રીતે વિજયી થાઓ છો?'

ગૌતમ ગણધરે કહ્યું: 'પહેલાં હું મારા એક શત્રુને જીતું છું; પછી સહેલાઈથી ચારને જીતી લઉં છું. ચાર તાબે થઈ જાય એટલે દશ પર હલ્લો કરું છું ને વિજય મેળવું છું, પછી તો હજારોને ક્ષણભરમાં હરાવી દઉં છું.'

કુમાર શ્રમણે પૂછ્યું: 'એ શત્રુઓ કયા કયા?'

ગૌતમ બોલ્યા: પહેલાં તો સહુથી મોટો મારો અહંકારી આત્મા. એને જીતું એટલે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય શત્રુ તરત જ જિતાય છે. એ ચારને જીતી લઉં એટલે કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ એ પાંચ ઇંદ્રિયના પાંચ સારા અને પાંચ ખોટા વિષયો જીતી શકાય છે. આ દશ શત્રુઓને જીત્યા એટલે પછી હજારોની પરવા રહેતી નથી; હું પછી શાંતિથી ભ્રમણ કરી શકું છું.'

'હે ગૌતમ! માણસના હૃદયમાં એક વિષવેલી ઊગે છે, ફૂલે છે, ફળે છે. એને તમે કેવી રીતે કાપી? એનું નામ શું?'

'પહેલાં એ વેલને કાપી, પછી મૂળથી ઉખાડીને ફેંકી. પછી એનાં વિષફળ મારે ચાખવાનાં જ ન રહ્યાં. આ વિષવેલનું નામ ભવતૃષ્ણા!'

**શ્રી પ્રકાશ ટ્રેડીંગ કું.** જામનગર

---

# પહેલો મારો દેશ

અઢીસો વરસ પહેલાંની વાત. બાદશાહ ફરૂખશિયર રાજ કરે.

બાદશાહનાં લગ્ન લેવાયાં. લીધે લગ્ને બાદશાહ માંદો પડ્યો.

કંઈ કેટલા ઉપચાર કર્યા તોય સાજો થાય નહિ.

એક ગોરો દાક્તર. વાઢકાપનો જાણકાર

એણે બાદશાહને ઓપરેશન કર્યું. બાદશાહ સાજો થઈ ગયો.

બાદશાહ ખુશ ખુશ થઈ ગયો. એણે દરબાર ભર્યો ને કહ્યું: 'માગ, માગ, માગે તે આપું.'

ગોરો દાક્તર બોલ્યો: 'અમારા પર ઈશ્વરની દયા છે. અમે સાત સમુદ્ર પાર કરીને અહીં આવ્યા છીએ. અમે વેપારી છીએ. અમને વેપાર કરવાની છૂટ આપો. અમારી પાસેથી કોઈ દાણ ન લે, વેપારમાં અમને કોઈ ન રોકે, ન ટોકે.'

બાદશાહ કહે: 'એ બધું તો તારા દેશ માટે છે, પણ તારા માટે તું કાંઈ માગ.'

દાક્તર કહે: 'આ જ મારા માટે મોટું ઇનામ છે. મારો દેશ સુખી તો હું સુખી.'

**યુનાઇટેડ કોમર્સિયલ બેંક** ભાવનગર

# યાત્રા

સંત એકનાથ

પ્રયાગથી ગંગાજળની કાવડ લઈને આવે.

આ પવિત્ર જળથી રામેશ્વર મહાદેવને અભિષેક કરવાનો સંકલ્પ.

ન જોયાં ટાઢ–તડકો.

ન જોઈ ભૂખ–તરસ.

ઘણો મારગ કાપી નાખ્યો.

મારગમાં એક હહાડો ગધેડો મળ્યો.

ગધેડો તે કેવો–તરત મરવાની અણીપર, ધૂળમાં આળોટે.

એકનાથ પાસે ગયા, ગંગાજળની કાવડ ઉતારી, પાણી કાઢીને ગધેડાને પાયું.

ગધેડો ગજબનો તરસ્યો, ધીરે ધીરે આખી કાવડનું પાણી પી ગયો.

આખરે તૃપ્ત થઈ, બેઠો થઈને ભૂંકતો ભૂંકતો ચાલ્યો ગયો.

એકનાથ સાથે યાત્રિકો હતા, એ બોલ્યા :

'ત્રિવેણીનું પાણી નકામું ગયું, ને યાત્રા અફળ થઈ ?'

સંત એકનાથે કહ્યું :

'તમે પોથી–પુરાણ સાંભળો છો. એમાં સાંભળો છો કે પ્રભુ સર્વ પ્રાણીઓમાં વસે છે છતાં આમ કેમ બોલો છો ? મારી પૂજા તો રામેશ્વરને પહોંચી ગઈ. અહીંથી મહાદેવને અભિષેક થઈ ગયો.'


શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટને શુભેચ્છાઓ સાથે

**શ્રી રમણીકલાલ મનોરદાસ**

ભાવનગર

## SPEAK TO ME

Speak to me from the stormy sky !
The wind is loud in holt and hill,
It is not kind to be so still;
Speak to me, dearest, lest I die.

Speak to me, let me hear or see !
Alas, my life is frail and weak;
Seest thou my faults and wilt not speak ?
They are not want of love for thee.

**—Tenneyson**
" In Memoriam "